અર્પણપત્રિકા.

સ્વર્ગવાસી પૂજ્ય

પિતાશ્રી ૫ વસનજી પરમાનંદની સેવામાં.

મારૂં બાર વર્ષની વય સુધી લાલન પાલન કરી આપ સ્વર્ગપુરીમાં સીધાવ્યા, તેને આજ અગીઆર વર્ષ પુરાં થયાં છે. તે દરમિયાન આપના આ બાલકથી આપના ઋણમાંથી મુકત થવા માટે કાંઈપણ થઇ શકયું નથી; પરંતુ આજેજ તેવો પ્રસંગ પ્રાપ્ત થયોછે તેથી આપના બાળકને અત્યંત આનંદ થાય છે; અને તેના સ્મરણાર્થે આ "દર્પણ" નામનું પુસ્તક હુ આપના ચરણ કમલમાં અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

આપનો સદાનો ઋણી બાલક

વલ્લભદાસ

ના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

મનુષ્ય પ્રકૃતિ સર્વદા ભિન્ન ભિન્ન નૂતન નૂતન પ્રસાદોની અપેક્ષા રાખે છે. આધુનિક સમયે નાટયકથા કરતા નવલકથા પ્રતિ વાંચકવૃંદની અભિરુચિ વધારે જણાય છે, તેથી તેને યથેચ્છ નવલકથા રૂપ ભોજન પીરસવુ તે લેખકનો મુખ્ય ધર્મ છે.

દેશી રજવાડામાના પ્રપંચ, ખટપટ, ખુનામરકી, રાજયયુદ્ધ કન્યાહરણ અને સ્વયવર વગેરેનો સમય વ્યતિત થઈ ગયો છે એટલે હાલની પ્રજાને તે વિષય તદ્દન નિરૂપયોગી લાગે છે. ઐતિહાસિક કથાઓ પૂરતી છે, પણ સાંસારિક નવલકથા ગુર્જર સાહિત્યમા ગણીગાઠીજ છે. રાત્રિ દિવસ જે વિષય દ્રષ્ટી સમિપ રમતો હોય તેનુ બારિકીથી અવલોકન કરવા મનુષ્યનુ મન વિશેષ રહે છે, એટલે સાસારિક નવલકથા પ્રતિ તેની સપૂર્ણ અને પ્રથમ પસદગી હોઈાય છે. ઈંગ્રેજી કથા ઉપરથી ભાષાતર કરેલી કે ઉપજાવી કાઢેલી નવલકથા વાચકવર્ગને નિર્માલ્ય અને નિરસ લાગે છે, પણ દેશકાલાનુસારિણી સ્વકલ્પિત નવલકથા અવશ્ય મોહક અને પ્રિયકર થઇ પડયા વિના રહેતી નથી

હાલમા સ્ત્રી-કેળવણીની જરૂરીઆત વિષે સર્વ સ્થિતિના લોકનો ઉત્સાહ ખીલેલો છે. કેળવણીની ખામીને લીધે સ્ત્રી વર્ગ અધમ અવસ્થા ભોગવે છે. પુરુષ કરતા સ્ત્રીનુ મન વધારે ચચળ હોય છે; હરેક બાબતની સ્ત્રી ઉપર સત્વર અને સજડ અસર થાય છે; માટે સ્ત્રી-વાચન-માળા તેના ઉપયોગની અને લાયકની હોવી જોઇએ. પુરુષ વર્ગને વાચવાને ગૂજરાતી, સસ્કૃત અને ઈંગ્રેજી વિશાળ સાહિત્ય પડેલા છે, પણ અલ્પ કેળવાયલા સ્ત્રી વર્ગ માટે તેની ઘણી તાણ છે, તેથી આર્ય સંસારનુ આધુનિક કુદરતી ચિત્ર તે સ્ત્રી વર્ગને આવકારદાયક થઇ પડશેજ અને તેથી તે વર્ગની

ઘણીજ ઉન્નતિ થશે. મોળું દુધ પીતાં મનુષ્યને કંટાળો આવે છે અને તે ઉપર અરચિ ઉત્પન્ન થાય છે, પણ જો તે દુધને તેજાના સાકરથી મિશ્રિત બનાવી આપવામા આવેછે તો તે પૂર્ણ ઉત્સાહ-થી પી જાય છે, તે માટે હમેશા અપેક્ષા રાખે છે અને પરિણામે તેથી મોટો લાભ થાય છે; તેવીજ રીતે એકલાં નીતિ ધર્મના મોળાં તત્વો સાભળવાથી કે વાચવાથી કનિષ્ઠ અને મધ્યમ વર્ગનાં સ્ત્રી પુરુષ ઉપર કઇ પણ અસર થતી નથી, પણ જો તે તત્વોને પ્રત્યક્ષ દાખલા દલીલ અને વિવિધ પ્રકારના રસથી રસિક અને મિષ્ટ બનાવી તેમને આપવામાં આવે તોજ તેનુ સાર્થક થાય.

આધુનિક સમયે સંસાર સુધારકો સંસાર સુધારાનો વાવટો લઇ ચોતરફ ધુમી રહ્યા છે; જનરુચિ સુધારાની સીમ તરફ વળવા લાગી છે; સર્વ સુધારાના પવનમાં ઘસડાવા લાગ્યા છે, પણ ક્યા પ્રકારના સુધારાની આવશ્યકતા છે, અને તે આપણા દેશ, કાળ અને પ્રાચીન પવિત્ર આર્ય ધર્મને અનુસરતો છે કે નહિ, તેની તેઓ મુદ્દલ સ્પૃહા કરતા નથી. જનમંડળ ગાડરીઓ પ્રવાહ છે. એકે પોતાની પુત્રીને લુખી ઇંગ્રેજી કેળવણી અપાવી એટલે બીજો પણ તેમ કરવા પ્રવર્તે છે, પણ પુત્રીની કેળવણીમાં નીતિ ધર્મની મેળવણીની કેટલી અગત્ય છે, અને તે મેળવણી વગર તેનો સંસાર કેવો દુઃખદ થઈ જાય છે, અને તે કેવા અધમ માર્ગની અનુ-સારિણી થાય છે, તેનો પુખ્ત વિચાર તેઓ કરતા નથી. "પઢો પોપટજી સીતા રામ," એમ કરવાથી સ્ત્રી-કેળવણીની કંઇકજ સાફલ્યતા નથી; એથી તો ઉલટું **अल्प विद्यो महा गर्वी** જેવું થાય છે. આ કારણ પરત્વે આ નવલકથાનું ચિત્ર આધુનિક સમયનું આલેખ-

વામાં આવ્યું છે. વાર્તાની નાયિકા **સુશીલા** અને **લીલાવતી** સાવકી બ્હેનો છે. મોટી સુશીલાએ ધર્મમિશ્રિત ગૂજરાતી, સંસ્કૃત અને ઇંગ્રેજી કેળવણી લીધેલી છે અને કેળવણીને કેળવીને કણક સરખી સુંવાળી બનાવી છે; જ્યારે નાની લીલાવતીએ ગૂજરાતી અને ઇંગ્રેજી ભાષાનું જરૂર પુરતું પોપટીઆ જ્ઞાન મેળવ્યું છે, અને ભણ્યાની સાથે તે ગણી નથી. બન્ને બ્હેનોએ પોતાનામા સુધારો દાખલ કર્યો છે, પણ તે ભિન્ન ભિન્ન પ્રકારે. સુશીલાનો સુધારો આર્યધર્મ પ્રનાલિકાને અનુ-સરતો અને પોતાની સ્થિતિ તેમજ સમાજને યોગ્ય છે; જ્યારે લીલાવતીએ પોતાના સુધારામાં પાશ્ચાત્ય દેશની સ્વછંદી સ્રીઓનું અનુકરણ કર્યું છે બન્ને બ્હેનો પોતાના ગુણ દોષથી સંસાર કેવી રીતે ચલાવે છે, અને નકલી સુધારાનાં નવાં કૌતુક ગૃહ–સંસારમાં કેવી અસર કરે છે, તેનું આ નવલકથા દ્વારા યથામતિ દિગ્દર્શન કરાવવાનો પ્રયત્ન કરેલો છે. પણ તે કેટલે અંશે સફળ થયો છે તે જોવાનું કાર્ય બહુશ્રુત, રસિક અને વિદ્વાન વાંચકગણનું છે. આ પ્રકારની નવલકથા મ્હારા સ્વહસ્તે લખાયલી જોવાની મ્હારી મૃત ભાર્યાની ઘણીજ અભિલાષા હતી પણ ભાવિબળે ઋણાનુબંધની અવધિ આવતાં–પ્રેમતંત્ર તુટી જતાં તે ઇચ્છા પૂર્ણ ન થઇ શકી, યદ્યાપિ તે પ્રત્યેની મમતાથી આકર્ષાઇ મેં મ્હારી ફરજ બજાવી છે તેથી કંઇક સંતોષ રહે છે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મ્હારા ઉદયાભિલાષી ગૃહસ્થો તરફ મને જે ઉદાર આશ્રય મળ્યો છે તે માટે તેઓનો હું સહર્ષ અત્યંત આભાર માનું છુ.

સૃષ્ટિમાં તદ્દન શુદ્ધ વસ્તુ કંઇ છેજ નહિ. દરેક વસ્તુમાં ગુણ અને દોષ રહેલા છે; માણુસ પણ દોષને પાત્ર છે. શેક્સપિયર જેવો પ્રખ્યાત નાટયકાર પણ લખે છે કે.—'To err is human'

(ભૂલ માનવ પ્રકૃતિનું લક્ષણ છે) માટે મ્હારા તેમજ મુદ્રાલય તરફથી થયેલા દોષો માટે હંસક્ષીરન્યાયથી તત્વ ગૃહણ કરી સરિતારૂપી આ ઉછરતા લેખકને મહાસાગરરૂપી વાંચકવૃંદ ક્ષમા કરશે એવી વિજ્ઞપ્તિ છે.

दृष्टं किमपि लोकेस्मिन्न निर्दोषं न निर्गुणं ।

आवृणुध्वमतो दोषान् विवृणध्वं गुणान् बुधाः ॥

"નિર્ગુણ અને નિર્દોષ વસ્તુ આ જગતમાં મુદ્દલ જણાતી નથી માટે સુપાત્રે દોષને ત્યાગી ગુણને ગૃહણ કરવો જોઇએ."

પુસ્તકમાં રહેલા દોષ માટે ઘટતી સૂચના વાંચકવર્ગ તરફથી થશે તો તે માટે હું ઘણોજ ઉપકૃત થઇશ અને બીજી આવૃત્તિના પ્રસંગે તે સૂચનાનો યોગ્ય રીતે અમલ કરીશ. વિશેષ લંબાણ થઇ જવાથી આ કથાને બીજા ભાગ માટે અધૂરી મૂકવામાં આવી છે, પણ જો વાંચકની ઇચ્છા અને દૈવ અનુકૂળ હશે તો બીજો ભાગ ઘણીજ ટુંક મુદતમાં બહાર પડશે.

કાચના દર્પણ વડે જેમ ખામીઓથી ભરપૂર આપણા શરીરનું પ્રતિબિમ્બ જોઇ શકીએ છીએ, તેવીજ રીતે આ દર્પણ વડે સંસારની ભિન્ન ભિન્ન લીલાના પ્રતિબિમ્બ જોઇ શકાશે, માટે આ નવલકથાને આપેલુ "દર્પણ" નામ લાયકજ કહેવાશે.

વિષયનું પ્રતિપાદન કરવા તથા કથાને રસિક બનાવવા કેટલેક પ્રસંગે અતિશયોક્તિ દાખવવામાં આવી છે જે માટે ક્ષમા યાચું છું.

આ નવલકથા સુજ્ઞ વાંચકવૃંદના હૃદયમાં યત્કિંચિત્ પણ રસ અને મમતા ઉત્પન્ન કરશે તો મ્હારા ક્ષુલ્લક પ્રયાસની સફળતા થયેલી હું ગણીશ.

શ્રાવણ કૃષ્ણજયંતિ.
વિક્રમાર્ક—૧૯૬૨.
ગોકુળ-ગલી; ભૂલેશ્વર-મુંબાઈ. } **ભાઇલાલ જ. ઉપાધ્યાય.**

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

ઘણા લાંબા સમયથી બીજી આવૃત્તિ માટે ચેતરફથી માગણી ચાલુ હતી પરંતુ કેટલીક વિઘ્નરૂપ સસરી પ્રવૃત્તિઓથી આ કાર્ય ઢીલમાં પડી રહ્યું હતું. આ પછી મુબાઈના પ્રસિદ્ધ બુકસેલર વસનજી પરમાનંદ ચાહેવાળાએ આ કાર્ય માથે લીધુ જેથી આ પ્રસ્તાવનાના બે શબ્દ લખવાનો શુભ પ્રસંગ લેખકને મળ્યો છે.

મુબાઇ તેમજ બહારગામના ગુજરાતી ઘણાંખરાં દૈનિક, સાપ્તાહિક અને માસિક પત્રકારો તેમજ સ્વતંત્ર સાક્ષર ટીકાકારોના પ્રથમાવૃત્તિના સંબંધમાં નિષ્પક્ષી અવલોકન માટે ઉપકાર માની મળેલી સૂચનાનો યોગ્ય અમલ આ પ્રસંગે કર્યો છે.

કેટલાંક જાણીતાં દેશી રાજ્યોમાં આ પુસ્તક ઇનામ તેમજ શાળા લાયબ્રેરી માટે મંજુર થયું અને "ગુજરાત વર્નાકયુલર સોસાઇટી" તરફથી સારા ઉત્તેજનને પાત્ર ઠર્યુ તેજ આ પુસ્તકની યોગ્યતા દર્શાવે છે.

તોપણ મ્હારા લેખક મિત્ર મી. નારાયણ વિસનજી ઠક્કુર પોતાની "આજ કાલનો સુધારો કે રમણીય ભયંકરતા" નામક નવલકથાની પ્રસ્તાવનામાં આ પુસ્તકને તેમની "રમણીય ભયંકરતા" નું અનુકરણ ઠરાવે છે. મોટા આશ્ચર્યની વાત! "દર્પણ" ઇ. સ. ૧૯૦૬ના સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડીઆમાં પ્રસિદ્ધ થયેલું છે, જ્યારે મી. ઠક્કુરની "ભયંકરતા" તેમનાજ શબ્દોમાં કહીએ તો

"ગુજરાતી" પત્રમાં તેજ માસની તા. ૧૬મીથી શરૂ થઇને કટકે કટકે આશરે પંદર માસમાં પૂર્ણ થઈ. જ્યારે મી. ઠકર "દર્પણ"ને તેમની "ભયંકરતાનું" અનુકરણ ઠરાવે છે ત્યારે તો આ ઉપરથી ભયંકરતા ઉલટું "દર્પણનું" અનુકરણ ઠરેછે. ગુજરાતીમાં પણ આ બાબતનો ખુલાસો મી. ઠક્કુર પાસેથી માગ્યો હતો પણ તે કરવા તેઓ સાહેબ બહાદુર અશકત નીવડયા છે.

આશા છે કે પ્રથમાવૃત્તિના જેટલીજ આ આવૃત્તિ પણ વાંચક વૃંદના સત્કારને પાત્ર થઇ ત્રીજી આવૃત્તિનો પ્રસંગ વહેલો-ખડો કરશે.

સોલાપુર.
વસંતપંચમી.

ભાઈલાલ જ. ઉપાધ્યાય.

અનુક્રમણિકા.

વાર્તાઓનાં રસિક પુસ્તકો.

દર્પણ અથવા શુશિલા અને લીલા

આ ચાલુ વાર્તા પછીનો પ્લોટ વાચો.

ભાગ ૨-૩ તૈયાર છે.

કિં. રૂ. ૧—૮—૦

અયોધ્યા અને અંગ્રેજ

લોર્ડ ડેલહૌસીની જાણવા લાયક રાજનીતિ ૨૬ પરિચ્છેદોથી ભરપુર ઇતિહાસિક નૉવેલ. નવાબોની ભોળપણમાં ગુમાવેલું રાજ કારભાર, ખેદાનમેદાન થયેલું અયોધ્યા, સીતાની ટેક, પતિવ્રતાનો પ્રતાપ, વીગેરે વીગેરે વિષયો દરેક જ્ઞાન આપે તેવા છે. રૂ. ૧-૮-૦

વાર્તાઓનાં રસિક પુસ્તકો.

સુરતની સુંદરી યાને રમણસુંદરી	૦-૧૨-૦
સુરતી લાલ (બાપની કમાઇની બલીહારી.)	૦-૧૨-૦
સ્નેહમાં સંકટ (સંસારની વીચિત્રતા)	૦-૧૨-૦
વણીક વિદ્યાની વાર્તા (૨૫ કીમતી વાર્તા)	૦-૧૦-૦
કૌતકમાળા અને બોધવચનો (વાર્તાઓ)	૦-૧૨-૦
હાજીબાબાના સાહસ કર્મો (રમુજી)	૧—૦-૦
કાળી બીજય બાલામંજીની વાર્તા	૦-૧૨-૦
(ભાગ ૧ લો) ભાગ બીજો. સોનેરી નામ	૧—૦-૦
વસંતસેના અને ચારૂદત્ત ફેન્સી પુઠાના	૧—૦-૦
ભોજ અને કાલીદાસ સમ્પુર્ણ	૧—૦-૦
હીતોપદેશ બચ્ચાને માટે ખાસ	૧—૦-૦
શ્રી ચંદ્રકાન્ત ભાગ ૧-૨-૩ દરેક	૨—૮-૦
વેદાંતના અમુલ્ય દ્રષ્ટાંતો સાથે મ્હોટા ગ્રંથ	
શ્રી સુર્યકાન્ત ,,	૨—૮-૦
સતી ધર્મ પતિ સેવા અને સતિ સમાજ	૧—૮-૦
વીગેરે વીગેરે પુસ્તકોનો મ્હોટો સ્ટોક	
નીલમ અને માણેક બએ ભાગ સચિત્ર	૨—૦—૦
ભાગ ૧ થી ૮ ભાગ સંમ્પુર્ણ ગ્રંથ	
એમ. એ. બનાકે કયો મેરી મીટ્ટી ખરાબ કી ?	૧—૮—૦
આ દર્પણની બુક પછી બહાર પડેલી	
આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા	૧—૮—૦
શયતાન કે બલા	૧—૮—૦

આર્યભિષક યાને હિંદુસ્થાનનો વૈદ્યરાજ

ભાગ ૧ લો ૨ જો સંપુર્ણ.

વનૌષધી ગુણાદર્શ પ્રથમ ભાગમા ૬૦૦ પ્રકારની વનસ્પતિઓનો ગુણ દોષ કયા રોગોપર તે ચીજ લાગુ પડે છે. તેની ઉત્પત્તીના સ્થળો વીગેરે પુરી સમજુતી સાથે છે. છુટક રૂા. ૪)

સુબોધ વૈદક દરેક રોગોની ઉત્પત્તિ કયાથી થઇ તેના અકસિર ઉપાયોની દવાઓ સાથે	રૂા. ૨–૪–૦
રસવૈદ્ય–રસાયણ ખનિજ પદાર્થો વીગેરે....	૦–૧૨–૦
બ્રહત પાક સંગ્રહ	૦–૧૨–૦
ગો વૈદક, પ્રાણીજ ઔષધી.	૦—૫–૦

ઉપરના છુટક પુસ્તકોની કીંમત ઘટાડીને રૂા. ૮) થાય છે. પણ સાથે બાંધેલા કમ્પલેટ સટ લેનારને તો ફક્ત રૂા ૭–૦–૦ આપવાને ઠરાવ કરેલ છે.

૯૫૦ પાનાઓથી ભરપુર મ્હોટા ગ્રંથની જુજ પ્રતો હવે શીલક છે.

દર્પણ.

ભાગ ૧ લો.

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानंद माधवम् ॥

પ્રકરણ ૧ લું.

હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.

શાર્દૂલવિક્રીડિત છંદ.

લોભે બૂડતી બુદ્ધ શુદ્ધ મનડું પાપી થઇ રે જતુ,
ત્યાગી ધર્મ વિવેક ટેક મમતા સ્વાર્થે સદા ખેલતુ,
ગુમાવે નિજ ગર્થ અર્થ સરતો આખીર કાઇ નહી,
લેવામાં ધન પારકું મન ઠરે વિશ્વાસઘાતી થઇ

—.(૦).—

That which is won ill, will never were well, for there is a curse attends it, which will

waste it; and the same corrupt dispositions which incline men to the sinful ways of getting, will incline them to the like sinful ways of spending. (Mathew Heerory).

મુંબાઇ હાલના સમયે એક મોહપુરીના રૂપમાં ફેરવાયલી દૃષ્ટિગોચર થાય છે અહીં લોભી ને કાચા દિલના મનુષ્યને ક્ષણિક લાલચમાં ફસી પાયમાલ યા બદનામ થવાના ઘણા પ્રસંગ મળવાના સંભવ છે મુંબાઇપુરી ચારે તરફથી જીવલેણ લાલચથી વીંટળાયલી છે કોઇ સટ્ટામા એકના સો કરવાની તો કોઇ વિશ્વાસઘાત કરી હાથમા સોંપેલુ દ્રવ્ય ઉચાપત કરવાની લાલચે પોતાની પાસેનુ દ્રવ્ય ગુમાવી હાથ ચોળતા થાય છે. અ તે તો ધર્મે જય ને પાપે ક્ષય છે. "ચોરને પોટલે સદા ધૂળની ધૂળ જ રહે છે." મનુષ્ય પ્રકૃતિમા લોભ એ મોટો દુર્ગુણ છે. લાખની કિમ્મતના મનુષ્યને લોભ એક ક્ષણમા કોડી કિમ્મતનો બનાવી મૂકે છે. ભૂખ્યાને ભોજન, જારને જારી, બાળકને માતા, સ્ત્રીને પતિ, સાધુને સત્સંગ, ચકોરીને ચદ્ર ને ભ્રમરને કમળ જેમ પ્રિય છે તેમ લોભીને ધન પ્રિય છે. ધન આગળ લોભી માન, મમતા, ધર્મ, નીતિ, ન્યાય, મિત્રના સગપણ, વિશ્વાસ સર્વને એક તૃણવત્ જાણી પોતાની જીંદગીનુ મોટું સુખ ધનમા સમાયલું સમજે છે.

લોભ દેખતાને અંધ, વિદ્વાનને મૂર્ખ, દાતાને સુમ, શાહુકારને ચોર ને પવિત્રને અપવિત્ર બનાવતા વિલંબ કરતો નથી. લોભે એક વખત માણસના શરીરમાં વાસો કર્યો કે પછી તે પોતાના સોબતી

જૂઠ, જારી, વિશ્વાસઘાત, ક્રૂરતા, કૃતઘ્નતા, પાપ, અન્યાય, અધર્મ અને અશાંતિ વિગેરેને બોલાવે છે, તે સર્વ સાથે મળી પોતાનું પરાક્રમ દેખાડે છે.

> लोभेन बुद्धिश्चलति लोभो जनयते तृषाम् ।
> तृषार्तो दुःखमाप्नोति परत्रेह च मानव ॥
> लोभात्क्रोधः प्रभवति लोभात्कामः प्रजायते ।
> लोभान्मोहश्च नाशश्च लोभः पापस्य कारणम् ॥

દરિદ્રતામાં નબળા મનના મનુષ્યો જ લોભી બની અપ્રમાણિક થાય છે. તેમની વિચારશક્તિ તદ્દન શિથિલ થઇ જાય છે, લોભ-બળથી સારાસાર પારખવાની શક્તિ દબાઇ જાય છે ને ચર્મચક્ષુપર લોભનુંજ આવરણુ થઇ રહે છે. પાકટ મનના ધીર પુરૂષો ગમે તેવી કઠિન સ્થિતિમા પોતાનો ટેક અંત સુધી નભાવી શકે છે. કેટલેક પ્રસંગે પ્રમાણિક માણસ દુર્જનની સોબતથી અપ્રમાણિક થાય છે, તેના દમામ આગળ પોતે એક બાળક જેવો રાંક બની જાય છે. કાજળની કોઠી પાસે બેઠાથી ઉજ્વલ કપડે કાળા ડાઘ પડવાનાજ, કૌવચને ધરવાથી હાથમાં ખુજળી થવાનીજ, સ્વચ્છ પાણીને કીચડનો સંગ થતાં પાણી તો કાળું થવાનુંજ. લોભીનો ગુરૂ દુર્જન છે. જો બે સાથે મળ્યા તો પછી ગમે તેવી ઉથલ પાથલ-કાળાં ધોળાં એક પળમાં કરી નાંખે છે. જ્યારે સર્વ જન કામથી પરવારી નિવૃત્તિ શોધે છે ત્યારે તેઓ પ્રવૃત્તિમાં પડે છે.

આજે પોષ શુક્લ પક્ષની ચોથી રાત્રિ છે. ટાઢ હિમ પડ્યુ હોય તેવી અંગ ચચણાવતી કકડે છે. પવન જોશમાં આ કાળ રાત્રિએ ફુંફવાડા મારી રહ્યો છે. રાત્રિના અગીઆરનો અમલ થયો છે, કાલકા દેવીનો લતો ઠંડીને લીધે હાલ તદ્દન શાંતિમાં સુતો છે, શશિ

પણુ નભમાં ટાઢને લીધે વાદળીમાં લપાઇ ગયો છે. ફક્ત વૃક્ષોની ઘટાવાળા મોટા કમ્પાઉન્ડવાળા એક વાદળી રંગના ચાર મજલાના રોનકદાર માળાના ત્રિજે મજલે દિવાનખાનામાં ટેબલ પાસે એક વૃદ્ધ અને જુવાન બે જણુ ધીમેથી પણુ મુદ્દાભરી વાત કરતા જણુાય છે. ટેબલપર મૂકેલો દીપક (સ્ટેન્ડ) મંદમંદ બળે છે ને પ્રસંગે પવનના સુસવાટાથી ઉગ્ર રૂપ ધારણુ કરી તેમને ચોકાવે છે.

શરીરપર ઝીણુી ફ્લેનલનું બદન પહેરી તે ઉપર તપકીરીઆ રંગની શાલ ઓઢી તાલ પડેલા બોડે માથે વૃદ્ધ બેઠો છે. સામે બેઠેલો યુવક સંપૂર્ણુ પોશાકમાં સજ થયેલો છે. વાંકી સેંથી સ્પષ્ટ દેખાય તેમ માથે બેંગલોર કેપ પહેરી છે. જેકીટના ખીસામાંના સોનેરી છેડાએ લટકાવેલા ઘડીઆળની ગવાહી આપતો ઉઘાડાં બટન રાખી કાળો કોટ પહેર્યો છે, ને હાથમાંની રૂપેરી મુઠની બારીક લાકડી આમતેમ અફાળ્યાં કરે છે. બન્ને જણુ અત્યારે નિર્ભયતાથી વાત કરે છે.

"પણુ મુરબ્બિ, તેમાં કંઈ વધારે કરવાનુ નથી. એ પાંચ દસ મિનીટની રમત છે." જુવાન બોલ્યો.

"તેટલી પાંચ દસ મિનીટ એક પવિત્ર મનુષ્યને અપવિત્ર બનાવવાને પૂરતી છે." વૃદ્ધે પ્રત્યુત્તર વાળ્યો.

" એ બધી ડહાપણુની વાત છોડી મારૂ કહ્યું હવે માનો તો સારૂં. તમને બે પાંચ પૈસાની પ્રાપ્તિ થશે ને તેમનો આત્મા પ્રસન્ન થશે."

"મને પૈસાની કંઇજ દરકાર નથી. સાચી કમાણુીથી મેળવેલો પૈસો જરશે ને રહે પુરશે; ખોટી રીતે મેળવેલો નહિ જરતાં પારા માફક ફૂટી નીકળશે."

વૃદ્ધના બોલવા ઉપરથી કામ પાર પડવું જુવાનને ઘણુંજ કઠણુ જણાયુ. પણ જુવાન હિમ્મત હારે તેમ નહોતો. તેને પોતાની દલિલ રજુ કરી સામાનો પક્ષ નબળો પાડવાના આત્મબળ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો, તે પોતાની વકતૃત્વ શકિતના પ્રહારે ગમે તેવાને પણ મહાત કરી દેતો હતો. ક્ષણભર વિચાર કરી તે બોલ્યો — "માફ કરજો શેઠ, માઠું ન લગાડતા, જે કામ હું તમને કરવા કહુ છું તે તમે ધારો છો તેટલું ને તેવું વિકટ કે ખરાબ નથી. તમારા સ્વર્ગવાસી શેઠે જે બે વિલ–નવું ને જુનું–કર્યાં છે તે હાલ તમારી પાસે છે. નવું થવાથી જુનું તો રદ થયું છે. નવામાં તમારા નામ ઉપર રૂ. ૧૦૦૦ એક હજાર લખેલા છે. "૧" ની પૂર્વે "૩" ને અંકેમાં "એક" ને "હજાર" શબ્દની વચ્ચે 'ત્રિસ" એટલુંજ ઉમેરી દેવાનું છે. વિલ તો તમારા હાથે લખેલું છે એટલે હરકત આવવાની નથી."

"તમે મને કેવું ખરાબ કર્મ કરવા સમજાવો છો ? કેટલું પાપિષ્ટ ? અધધધ ! મારાથી નહિ થાય હુ બદ્દનામ થવા નથી માગતો."

"એમાં બદ્દનામ થવા જેવું કંઈજ નથી. કામ પણ પાપિષ્ટ કે ખરાબ નથી. તમને એકત્રિસ હજાર રૂપિયા મળશે ને વારસો તેમને સોંપી દેજો. તેઓ હવે પ્રથમનાથી સુધરી ગયાં છે."

"માફ કરજો મહેરબાન !" વૃદ્ધ જરી આંખ ફેરવી ગુસ્સામાં બોલ્યો, "મને એકત્રિસ હજાર નથી જોઈતા. પૈસાના લોભે મ્હારા સ્વર્ગવાસી અન્નદાતાના વિશ્વાસનો ભંગ કરી એક ઉડાઉ તોફાની વાંદરાના હાથમાં મશાલ આપવા નથી ઇચ્છતો."

"શેઠજી ! ધીરા પડો, શાંત થાઓ. વિચાર કરો, આકળા થવું સારૂં નહિ. તમારા શેઠની તમે કેવી ભુખ તરસ, ઉંઘ

ઉજાગરા વેઠી વિકટ નોકરી બજાવી છે ? તેના બદલામાં દસ લાખની દોલત જીવના જોખમે સાચવવાનો શીરપાવ અને મહેનતાણુ તો ફક્ત એક હજારે જ રૂપરડીના ઉચકાનુ ? કેવું અયોગ્ય ? મને તમારા માટે બહુ જ લાગે છે.” જુવાન સ્હેજ ગળગળો થઇ નમ્રતાથી બોલ્યો.

“ગમે તેમ હો પણ મ્હારો ધર્મ મ્હારાથી તજાવાનો નથી. મિલકત સોંપવા હાલ મારો વિચાર નથી. આગળ તે સુધર્યા પછી વાત.”

“હવે હું તમને શું કહું ? તમારી બારીક સ્થિતિનો તો જરી વિચાર કરો. હાલ બીજી કોઇ સારી આવક તો છે નહિ, તો પછી તમારા ઘરખરચનુ રગશીઉં ગાડુ કયાં સુધી ચાલશે ? દીવામાં જ્યા સુધી જરી પણ તેલ હશે ત્યાં સુધી તો તે બળશે પણ તે ખુટતાં તદન અંધારૂં થઇ જશે ને આખર અથડાઈ મરવાનો સમય આવશે. એકત્રિસ હજારમાંથી મ્હારા ભાગના ફક્ત દસ હજાર મને આપી બાકીના તમે લેજો. સમજ્યા ?”

“મને હવે વધારે ન કહો.”

“જુવો મુરબ્બિ, મારા કરતાં તમે દસ વિસ દીવાળી વધારે જોઇ હશે. તમે જગતની લીલી સુકીના પૂર્ણ અનુભવી છો એટલે પંડિત પાસે પુરાણનાં પાનાં ઉકેલવાં પડે તેમ નથી. મ્હારે મન તો દસ હજાર આવ્યા ન આવ્યા સૌ સરખુંજ છે પણ તમને એકવિસ હજાર આ દુર્બળ અવસ્થામાં ઘણા જ કામ આવશે ને મીઠા મધ જેવા લાગશે.”

“પણ મ્હારાથી એવો હડહડતો અધર્મ કેમ થાય ? નરકનો અધિકારી થાઉં.”

"અધર્મ ! નરક ! એ શું ? છટ છટ ! એતો બધી જુના જમાનાની ફીલોસોફી, ઓલ હંમબગ ! એવું કશું છે જ નહિ. કોણ જઈ સ્વર્ગ નરક જોઈ આવ્યું છે કે તે બાબતના આપણને કાગળ કે નકશા મોકલ્યા છે ? દુનિયામાં પ્રત્યક્ષ પ્રમાણ વગરની સર્વ વસ્તુઓ ફક્ત ઢોંગીના બ્હેકેલા મનની કલ્પના જ છે." જુવાને જુસ્સાથી જણાવ્યું.

"પ–પણ મને મા–માફ કરો." દીન મુખે વૃદ્ધ અચકાતા બોલ્યો.

"હવે પણ–પણ મૂકી દો. કાઢો વિલ ને કરો કંકુના, તમારે ક્યાં ખાત્તર પાડવા જવું છે કે હરકત છે ! તમારા હકનું તમારે લેવાનું છે."

"ભાઈ બહુ જ માઠું થાય છે. મારો વિચાર" ... .

"હવે ડહાપણ ઢાંકી જ રાખો. 'વશુ વિના નર પશુ.' આજ કાલ તો પૈસાવાળાને જ માન છે. બાકી એફ. એ, બી. એ. ને એમ એ. થયેલા કંઇએ ટ્રામના ઘોડાના પુંછડા આમળી ખાય છે કે પત્તો એ નથી લાગતો. બ્રાહ્મણ બહુ ધર્મ પાળે ને અર્ધો દિવસ લોઘો તાણી સ્નાન સંધ્યા પાઠ પૂજા કરે તો રોજ ઝોળી લઇ બારણે બારણે ભીખ માગે અને વાણીઓ વ્યાપારમાં ડગલે ડગલે જુઠું બોલી આટાગોટા વાળી ગજ કહી પોણો ગજ ને સારો કહી હલકો માલ આપે તો ગાડી ઘોડા ફેરવે, માટે આ કલિ કાળમા ધર્મ અધર્મનું કઇ ગણવું જ નહિ. સત્યયુગના વખત ગયા 'સાપ ગયા ને લીસોટા રહ્યા.' આ પ્રારબ્ધવાદનો જમાનો નથી પણ કર્મવાદનો છે. કોઇ પણ રીતે પુરૂષાર્થ કરવાનુંજ કલિયુગમાં મહાત્મ છે ને તે કરનારની જ સદા જય છે." જુવાને રૂવાબથી પોતાની દલિલો જણાવી ને વૃદ્ધના જવાબની રાહ જોતો તથા પોતાના બોલવાની

તેના મન ઉપર શુ અસર થઇ છે તે બારીકીથી તપાસતો તેની સામે એકી નજરે, જાણે યોગબળે તેને પોતાના કબજામાં લેવા ધારતો હોય તેમ જોઇ રહ્યો. તેના બોલવાની અસર જાદુ જેવી થઇ વૃદ્ધ પીગળ્યો તેને પોતાની વર્તમાન સ્થિતિનું ભાન થયુ. શુ જવાબ દેવો તેના વિચારમાં તે પડી ગયો એક બાજુ પવિત્ર નિમકહલાલી, માન, આબરૂ, ધર્મ ને સત્ય તેને પોતાની ભણી ખેચતા હતાં ને પાપી લોભને તાબે નહિ થવા વિનવતાં હતા, જ્યારે બીજી બાજુ હાથમાં પોતાનો રૂા. ૨૧૦૦૦ નો વિજય-વાવટો લઇ રાક્ષસી લોભ ડોસાના દિલને પોતાની તરફ લોહચુંબક માફક આકર્ષતો હતો, ને દ્રવ્ય વિના ભવિષ્યમાં થનારી કફોડી સ્થિતિનુ સૂચન કરાવતો હતો—પૈસાનો પ્રતાપ સૂચવતો હતો. કઇ બાજુ લેવી તેના વિચારમાં વૃદ્ધ મુઝાવા લાગ્યો. મન આમ તેમ ડોલવા લાગ્યુ.

"કેમ શેઠ ! એટલા બધા શુ વિચારના વમળમાં વિંટળાયા ?"

"કંઇ જ નહિ. હાલ હુ ચોકસ નિર્ણય ઉપર આવી શકું તેમ નથી માટે આ વાત હવે કાલ ઉપર મુલ્તવી રાખો તો ઉપકાર."

"એમાં ઉપકાર શાનો ?" જુવાને હસતે મુખડે જણાવ્યું. 'પણ મ્હારા વિચાર પ્રમાણે જે તે ચોકસ નિર્ણય ઉપર આજે જ આવી જાઓ તો સારૂં, કારણ "કોડી ધોતાં તો કાદવ જ નીકળે." "અણી ચૂકયો સો વર્ષ જીવે."

"ઉંહુ ! ઉહુ ! મને હજી વિચાર કરવાને પુરતો વખત જોઇએ." વૃદ્ધ ડોકું ધુણાવીને બોલ્યો, "પણ તમારા મળતા જ ઠરાવ ઉપર ઘણુ ખરૂ તો આવી જઇશ." "

"તો વિવાહથી રૂડું શું? વારૂ ત્યારે ત્રિકમદાસ શેઠ, હાલ તો રજા લઉં છું." જુવાન ઉઠતાં બોલ્યો.

"હા, સુખે સિધારો ને કાલે રાત્રે નવ દસ વાગે મને મળજો"

જુવાન સુંદરદાસ ડોકું હલાવી ગયો. બ્હારના દેખાવે સુદર પણ અંદરથી ઝેરી નાગ, બ્હારથી ઉમરાવ પણ દિલમા પાપી, નિર્દય રાક્ષસ, સાક્ષાત્ પાપનો જ અવતાર ગયો ને પોતાના અપવિત્ર પગલાંથી પવિત્ર ઘરને અપવિત્ર કરતો ગયો, પોતાના દુષ્ટ પડછાયાથી પડછાયા નીચે આવનારને દુષ્ટ બનાવતો ગયો, અધર્મે અભડાવતો ગયો ને નીતિથી ન્યારો કરનો ગયો, પોતાની દગાબાજ કુનેહથી બીજાને દબાવતો ગયો, પોતાની સ્વાર્થી જાળમા ગરીબ નિર્દોષી પણ લોભી પક્ષીને ફસાવતો ગયો ને પોતાના ગુણનો ભાગ બરોબર ભજવતો ગયો.

પા કલાક પણ દુર્જનની સંગથી કેવુ ખરાબ પરિણામ આવે છે, પૂર્વનું પવિત્ર મન કેવું અપવિત્ર થઈ જાય છે, ને હૃદયમાં ઉંડા મૂળ નાંખી ઉગેલો ધર્મ કેવી રીતે ઉખડી જાય છે તેનો આ પૂરનો પુરાવો છે. કહ્યું છે કે.—

* दुर्जनः परिहर्तव्यो विद्ययालंकृतोऽपि सन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयंकरः ॥

એ તદન ખરૂજ છે. જેટલો વખત દુર્જન સુંદરદાસનો વૃદ્ધે સંગ કર્યો તેટલોજ વખત જો તેણે સત્સંગ કર્યો હોત, ગીતામૃત પીધુ હોત તો તેથી તેની બુદ્ધિ કેટલી પવિત્ર થાત? કારણકે—

---

* વિદ્વાન પણ દુર્જન હોય તો તેનો ત્યાગ કરવો. નાગને મસ્તકે મણી છે પણ શુ તે ભયંકર નથી?

संसार विषवृक्षस्य द्वे एव रसवत्फले ।
काव्यामृत रसास्वादः सङ्गश्च सुजनैः सह ॥

" સંસાર વિષરૂપી વૃક્ષ છે તેનાં બે રસવત્ ફલ છે એક કાવ્યરૂપી અમૃત રસનો સ્વાદ અને બીજું સારા માણસની સંગત." પણ તેમા તેનો શો ઉપાય? પૈસો એક એવી ચીજ છે કે, ગમે તેવાને ફસાવી મૂકે છે લક્ષ્મી એક મોહીની–જાદુગરણ છે " પૈસો દેખી મુનિવર ચળે " વૃદ્ધનુ મન લોભની ભરતીના વમળમા ગોથા ખાવા લાગ્યુ. અધર્મ કરવા જતા પવિત્ર આત્મામાં ધ્વંસ થવા લાગ્યો પોતે મહાભારત ભૂલ કરતો હતો તે માટે તેનો આત્મા તેને ઠપકો દેવા લાગ્યો પણ લોભપવનના ઝપાટે બુદ્ધિ દીપ બુઝાવા માંડયો. બુદ્ધિદીપથી ઝળકતો ધર્મ નષ્ટ થવા લાગ્યો ને સર્વત્ર લોભ રૂપી તોફાની પવનના સુસવાટા થવા લાગ્યા. લોભના ભારે બોજા તળે સર્વ સદ્‌ગુણ દબાવા લાગ્યા ધર્મયોદ્ધો લોભ જાસુસને હડસેલવા લાગ્યો ને પોતાના માલિકને તે રાક્ષસથી દૂર રાખવા મહેનત કરવા લાગ્યો. લોભ ને ધર્મનુ પરસ્પર દ્વંદ્વ યુદ્ધ ચાલ્યુ તેનુ અતઃકરણ તેને ડંખવા લાગ્યુ અને તેમાથી કોઇ ગુપ્ત શક્તિ પોકાર કરવા લાગી—

' જીસ રાહમે હય ઠોકરે વોહ રાહ અય ઇનસાન ન ચલ,
જુર્મો ગુન્હાકે બોઝસે વર્ના ગીરેગા મુહકો બલ;
તારીકીયા હય હર તરફ–અંધા ન બન આંખી સંભલ,
ઇમાનકા ફાનુસ લે ઉસમેં જલા શમએ અમલ. "

વૃદ્ધને વફાદારીની કિમ્મત વધારે જણાતા તે બબડવા લાગ્યો, "હવે શુ કરૂ ! એકવિસ હજાર રૂપરડી માટે મારો ધર્મ મૂકુ ? જેનું મેં આજ સુધી લુણ ખાધુ તેનાજ પુત્રને દગો દઉં ? ધણીને અવસાન સમયે આપલો કોલ તોડુ ?

ના, ના, કદી નહિ. કદી હું ભુખે મરીશ તો શુ થયું ? અનીતિથી મેળવેલા પકવાન કરતાં સાચી મહેનતે મેળવેલી ત્રણ દિવસની લુખી કડકો રોટલી હજાર યા લાખ દરજ્જે ઉત્તમ છે. લક્ષ્મી ચળિત છે. તો તેવી માટે શું કરવા આટલુ મોટુ પાપ કરવુ જોઈએ ? શાને વાસ્તે તે કરવું જોઇએ ? એક આ પાપી પેટને વાસ્તે ને ? તે વળી ક્યારે ભરાયું છે તે એકવિસ હજાર મળ્યેથી ભરાવાનું છે ? એકવિસ હજારને બદલે એકવિસ લાખ મળે તોપણ તે તો સદા ઉણુંજ રહેશે. તે પેટનો ખાડો કદી પૂરાયો નથી ને પૂરવાનો નથી સુન્દર, કપટી ને દગાબાજ છેં ને તેના જેવો મને કરવા ઇચ્છે છે. ગધેડા પાસે ઘોડો રહે તો ભૂંકતાં શીખે તેવુ મને પણ થયું " સોબત તેવી અસર." કાલે તેને ના જ પાડીશ." ડોસો જરા સ્થિર થઇ વિચાર કરતો બેઠો. વળી ધર્મ યોદ્ધાનુ બળ નબળુ પડવાથી પાછો બબડી ઉઠયોઃ—" પણ હુ તેના કહેવા પ્રમાણે ના કરૂ તો મ્હારૂ શુ થાય ? મારૂં ખરચ કેવી રીતે ચાલે ? હવે શુ કરવુ ? એકવિસ હજાર હાથમાં આવે તો કેવા કામ લાગે ? એ છે તો યુક્તિ ઠીક હા, એમ જ કરવુ. એ વિના સિદ્ધિ નથી શેઠ જ્યારે કંજુસ ત્યારે મ્હારે આ ગરબડ કરવાનો સમય આવ્યો ને ? તેમણે જો સમજીને મ્હારી પ્રમાણિક લાંબી ચાકરીની કદર બૂઝી હોત તો દસ લાખમાં શુ તોટો આવવાનો હતો ? હવે હુ મારા નામ ઉપર રકમ ચઢાવ તો તેમા મ્હારો શો દોષ ? એ જ ઠરાવ એ જ કાયમ, પણ કાલે કરૂ તે કરતા આજે જ આ કાળ રાત્રિએ કરી નાંખુ તો ? તો ઘણુજ ઉત્તમ. ભટકતુ મન ઘડી પછી ભમી જાય તો રખડી જાઉં, માટે એ તો "વીંધ્યું તે મોતી." અત્યારે સર્વ સુતું છે. હરકત જેવુ તો કંઇ જ નથી. એતો 'લખાણું તે વંચાણું.' કાલનો કોને ભરોસો

છે ?" ડોસો થોડી વાર વિચાર કરી ઉઠયો ને ખીંટીપર ટાંગેલા બદનના ખીસામાંથી કુંચીઓનો જુમખો કાઢયો. હાથમાં લેમ્પ લઇ ખુણામાં પડેલી ત્રિજોરી આસ્તેથી ઉઘાડી આમ તેમ તપાસી વિલ વાળું કવર લઇ ટેબલ પાસે ખુરસીપર ગોઠવાઇ ગયો. ચસ્માં આંખે ચઢાવી કવરમાંથી બે વિલ કાઢી તપાસી જોયાં, જુનુ વિલ બાજુ મૂકયુ ને નવુ વિલ હાથમાં પકડી તપાસી ગયો. વૃદ્ધનું અંગ ધ્રૂજવા લાગ્યુ. મનમાં મુંઝવણ થવા લાગી. તેનો આત્મા તેને ડખવા લાગ્યો. પણ હિમ્મતથી જેવુ તેણે હોલ્ડર શાહીમાં બોળ્યુ કે બાજુએ મરણ પોક પડી. વૃદ્ધ કંપ્યો. અપશુકન થયાનું ભાન થયુ પણ તેને વ્હેમ ગણી કાઢયો. જરી થોભી જેવું લખવાનુ શરૂ કરે છે કે પાસેનુ બારણું મોટા ધડાકાની સાથે ઉઘડી ગયુ ને એક નવયૌવના સાક્ષાત્ પવિત્ર ધર્મમૂર્ત મહાદેવી ઉગ્ર રૂપ ધારણ કરી આવી ને વૃદ્ધના હાથમાંથી વિલ ઝુંટવા મંડી. ખેચ-તાણમાં વિલનો છેડો સરી જતા દીવાની ઝોળ લાગતાં આખુ વિલ એક પળમાં આગનો ભોગ થઇ ગયુ. એક જ પળમા હવાઇ કિલ્લો તૂટી પડયો. ગભરાયેલે ચ્હેરે વૃદ્ધ પોકારી ઉઠયે –"કોણ ? નખ્ખોદ !"

પ્રકરણ ૨ જું.

પૈસાનો પ્રતાપ–પથ્થરપર પાણી.

" Base, grov'lling souls ne'er know true honour's worth,
" But weigh it out in mercenary scales.
" The secret pleasure of a generous act
" Is the great mind's great bribe. (*Dryden*).

"ચંદ દિન હ્ય શાનો શોકતકા ખુમાર,
મૌતકી તુર્શી નશા દેગી ઉતાર;
જબ ઉઠાયેંગા જનાજા મીલકે યાર,
હાથ મલ મલ કહેગા બાર બાર—
કિસ લીયે આયેથે, હમ કયા કર ચલે ?
જો યહા આયા, યહીં પર ઘર ચલે."

પ્રાતઃકાલ થયો છે. ઉદ્યાગી જન નિત્યનિયમથી પરવારી ઉદ્યમપર સ્વારી કરવાની તૈયારી કરી રહ્યા છે આકાશ મેઘાડંબરથી આચ્છાદ થયેલુ છે. ઋતુ કફોડી છે. શીતળ પવન વાય છે ને તેથી પડતી ટાઢથી શરીર કપે છે. સવિતાનારાયણ ભગવાને દર્શન દઇ પોતાનો અમલ હજી પ્રસાર્યો નથી. વિદ્યાર્થીઓ ઉઠી સરસ્વતીની ઉપાસના કરવા મચી પડયા છે. ભક્તજનો દેવ-દર્શને જવાની દોડધામમાં પડયા છે; જ્યારે કેટલાક શાક ભાજીની ઝોળીઓ ભરીને દોડતા એક બીજાપર અથડાય છે.

પતિવ્રતા સ્ત્રી પ્રાતઃકાલના સમયને પવિત્ર સમજીને પતિનું ચરણોદક લઇ મનમાં મગ્ન થતી ભોજન સામગ્રી કરવાની શરૂ કરે છે, પણ કુભાર્યા પતિ સાથે બબડતી આંખો ચોળતી ઉઠી છોકરાંને માર પીટ કરી ઘરમાં કોઈ મરણ પામ્યાનો ભાસ કરાવતી કકળાટ મચાવી મૂકે છે. સુજ્ઞ ગૃહિણીના ઘરમાં અત્યારનો સમય વિવાહ જેવો માગલિક લાગે છે.

ગયા પ્રકરણવાળા દિવાનખાનામાં વૃદ્ધ ત્રિકમદાસ અત્યારે ક-

પાળમાં રકત ઉભું તિલક તાણી શરીરપર શાલ ઓઢી તકીએ સ્હેજ અઢેલીને લમણે હાથ દઇ ઉંડા વિચારમાં બેઠેલો છે. તેની આંખો ઉજાગરાથી લાલ ઉંડી ગયેલી જણાય છે, આંખનાં પોપચા સ્હેજ ભારે થયા છે. મુખકમળપરથી આનંદની ઉજ્વલતા ઉડી જઇ ચિન્તા ને દિલગીરીની શ્યામતા પથરાઈ રહી છે. રાત્રિના બનવાથી તે અત્યારે અસ્વસ્થ બેઠેલો છે. મ્હોપર મૂકી પીવા માડેલો લક્ષ્મીનો પ્યાલો કોઇએ ઢોળી નાંખવાથી તેનું મન ખિન્ન થઈ ગયું છે. કુલ–વધૂની સમક્ષ એક દગાબાજ ચોર તરીકે પોતે પ્રત્યક્ષ થવાની વાતે તેનુ મન ચાકડે ચઢાવી દીધુ છે. આખી રાત્રિ તેણે અશાંતિમાં પસાર કરી હતી આદ્યશક્તિ પવિત્ર ધર્મમૂર્તિની સાથના વિલના ખેચતાણના ને તેના આગમા બળી જવાના બનાવે તેને આખી રાત બ્હીવરાવ્યો હતો "મે શુ કર્યું ? આ શુ થઇ ગયું ? મ્હારી વાત જનમડળમાં પ્રગટ થશે ? મને સજા થશે ?" આ વિચારે તેનુ મસ્તક ફેરવી નાંખ્યુ તે હાલ લજ્જાથી દીન બની ગયો છે. ઘડીકમાં વળી કંઈ બબડયા કરે છે. એટલામાં બ્હીતી, લજવાતી તે મદ ગતિએ નીચાં દૃષ્ટિ રાખી સોડીઉં વાળી હાથમાં ચાહનો પ્યાલો રકાબી લઇ આવતી તેની પુત્ર–વધૂ સુશીલાને જોઇ તે ચમકયો ને ટટાર બેઠો થયો. સુશીલા વધારે ગભરાવા લાગી. હાથમાંથી પ્યાલો રકાબી પડી જવાની ધાસ્તી લાગી તોપણ બહુજ સંભાળ ને સંકોચથી પ્યાલો રકાબી નીચે મૂકી જેવી જવા લાગી કે ત્રિકમદાસ બોલ્યો, "સુશીલા" ?

"સસરાજી, આજ્ઞા?" સુશીલાએ ખમચાઇને નીચી દૃષ્ટે પૂછ્યું.

"શુ કહુ ? તેં બહુ જ માઠું કર્યું."

"વડિલ ! માફ કરો, હું નાદાન છું, મારી કસુર થઈ છે."

"શુ માફ કરૂં ? તેં મને બૂડાડી દીધો તેં કેવી ઉદ્ધતાઇ વાપરી?'

"મુરબ્બિ! આપને કહેવાને હું લાયક નથી પણ નિરૂપાયે જણાવવુ પડે છે કે આપ બૂડયા નથી પણ તર્યા છો. ઇશ્વરનો પાડ માનો કે આપ મોટા અધર્મ કૂપમાંથી બૂડતા બચ્યા."

"પણ વિલ બળી ગયું તે ?"

"વડિલ! તેમાં મ્હારો શો દોષ ? પ્રભુની જેવી મરજી. મે જાતે કરી તે બાળી નથી નાખ્યુ."

"પણ હુ સુન્દરદાસને શો જવાબ દઇશ ?"

"આપને યોગ્ય લાગે તે દેજો. આપ મ્હારા કરતાં બહુ અનુભવી ને સમજુ છો. સાર અસાર, ધર્મ અધર્મ પારખનાર છો, એટલે હુ નાદાન તમને શો જવાબ બતાવવાની હતી ?" ચતુરાએ ચતુરાઈ વાપરી.

"સુદરનું તો જાણે ફોડી લેવાશે પણ નવા વિલમા મારા નામપર જે હજાર રૂપિયા હતા તે ગયા ને જુનામાં લખેલા અઢીસો જ મળવાના થયા તેનુ કેમ ?"

"તેમાં દોષ આપણા ભાગ્યનો જ. અરે ભાગ્યનો નહિ પણ કર્મનો જ. જે દુધથી નથી તૃપ્ત થતા તેને છાશ પીવાનો સમય આવે છે. પરમાત્માની પૂર્ણ કૃપા સમજો કે સૂળીનો ઘા સોયે સર્યો ને એટલેથી જ અધર્મ થતો અટકયો."

"એમાં કંઈ ધર્મ અધર્મ હતો જ નહિ. જે મારા હકનું હતું તે મેળવવાનુ હતુ. સમજી ?"

"હકનું કંઇ જ નહિ. તમારા હકનું છે તે તમને ગમે તે પ્રકારે મળે છે ને મળશે જ, પણ જે તમારા હકનું નહોતુ તે મે-

બચવા તમે પ્રયત્ન કરતા હતા."

"તું તો હવે બહુ ડાહી થઇને શું ? આતુ બધુ ડહાપણ ક્યાંથી શીખી લાવી? ત્હારી રીતભાતથી મને બહુ જ ક્રોધ આવે છે. હાય ! શુ કરૂ ?" વૃદ્ધ દાત કચકચાવીને બોલ્યો.

"સસરાજી, આપની નજરમાં હુ દોષિત ઠરતી હોઉં તો બે લાશક આપ મરજી પ્રમાણે વર્તવા મુખત્યાર છો."

"ઠીક છે, ઠીક છે, પણ એમ ના સમજતી કે આ ડોસો હાથમા આવેલી બાજી ગુમાવી દેશે. એક બળી ગયું તો બીજું ક્યા"–

પોતે જે બોલવા જતો હતો તેનું ભાન થવાથી પોતાની જીભ પાછી ડોસે ખેંચી લીધી. સુશીલા સસરાનો ભાવ કળી ગઇ. સસરાની ફરેલી બુદ્ધિ માટે હાય નાખવા લાગી જ્યાસુધી સસરાના હાથમા દસ લાખની દોલતનો વહીવટ છે ત્યાંસુધી તે કાળા ધોળાં કરશે એમ શકા થવા લાગી. તે શંકા ખરી પડે તો થનારા અનિષ્ટ પરિણામના ભયથી તે કપવા લાગી. શંકા ને ભય દૃઢ થયા બુરાઇમાંથી સસરાને બચાવવાનો ફકત એક જ રસ્તો તેને જણાયો. જે તમામ વારસો તેના હકદારને સોંપી દેવાનો હતો. જ્યાસુધી લાલચનુ મૂળ તેની પાસે છે ત્યા સુધી તે કોઇ પણ રીતે પોતાનો હેતુ સિદ્ધ કરશે એમ સુદરીને શંકા થઇ.

બન્ને એક બીજાની સામે થોડીવાર જોઇ રહ્યાં. થોડી વારે સુશીલા નમ્રપણે બોલી; "વડિલ ! આ બાલકીની એક વિનતી સ્વીકારશો ?"

"યોગ્ય હશે તો સ્વીકારીશ, પણ તે માટે હું અગાઉથી બંધાતો નથી."

"તમામ મિલ્કત રંગીલદાસ અને લીલાને સોંપી દઇ આપ તે

જંજાળમાંથી નિવૃત્ત થાઓ તો કેવુ સારૂ ? " સુશીલાએ દયામણે મુખે શરૂ કર્યું. " પરધન સાચવવુ તે સાપનો ભારો સાચવવા જેવુ છે. તમારે વૃદ્ધાવસ્થામાં નકામી દુગ્ધા શાને જોઇએ ? "

" તુ કહે છે તેવો ભય પરધન સાચવવામા મને નથી લાગતો."

" લોભી દૃષ્ટિએ જોતાં કદાચિત નહિ લાગતો હશે પણ સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ કરશો તો જણાશે. પરધન ને પરનાર માણસને એક પળમા બુદ્ધિથી ભ્રષ્ટ કરી નાંખે છે. જ્યાં સુધી તમારી પાસે એ લાલચ છે ત્યાસુધી હજારો તર્ક વિતર્ક અને કાવાદાવા કરવાનુ તમને સુઝશે, કારણ હાલમાં તમારી મનશક્તિ ઉપર તમે કાબુ ધરાવતા નથી, તમારૂ મન પરતંત્ર થઇ ગયુ છે પ્રથમ તમારૂ મન દર્પણ જેવુ કેવુ નિર્મળ હતુ ? "

"ત્હારૂ કહેવુ ખરૂં છે પણ તે હાલ કંઇ કામ આવે તેમ નથી. મ્હારી સ્થિતિ હાલ બહુજ નબળી છે. પૈસા વિના ઘરખરચ કેવી રીતે ચાલે ? મરે તો સર્વ બાબતની કાળજી રાખવી જોઈએ. જા, કામે લાગ પણ વિલ સબંધિ ઘરમા કોઇને કંઇ પણ કહેતી નહિ. "

"પૂજ્ય સસરાજી, મ્હારૂ ગરીબનુ કહ્યુ જરી માનો તો સારૂ. આપણે ગરીબ છીએ તેથી શુ અધર્મે ધન મેળવવુ ? અનીતિને રસ્તે ધન મેળવી લાલસાહેબ થઇ ફરવા કરતા ટાઢ તડકો વેઠી રાત દિવસ મજુરી કરવી કે ભુખે દેહ પાડવી ઉત્તમ છે. લક્ષ્મી ચલિત છે તે કોઇની થઇ નથી ને થવાની નથી આજે તે એકની ગુલામ થશે તો કાલે બીજાની થશે તો તેવી ભટકતી ગુલામડી માટે આટલી નીચ ખટપટ શાને કરવી ? પૈસો, પૈસો શુ કરો છે ? તે શુ છે ? ચોરથી ચોરાયલો, લુટારાથી લુંટાયલો, કૃપણથી કટાયલો, લોખંડે ટીપાયલો, ટંકશાળમાં દબાયલો ને જમીનમા છૂપાયલો

સફેત ચળકતી માટીનો કટકો છે. તે કંઇજ નથી. તે દાનાના હાથ-નો મેલ છે, જાદુનો ખેલ છે, લોભીનો પ્રાણ છે, ધર્મીની હાણ છે ને વેશ્યાનો વિનોદ છે. તે રંકને રાય કરનારો, રાયને રંક કરનારો ને પ્રમાણિકને અપ્રમાણિક કરનારો છે.

જેવુ જેટલું જયમ જે કાળે, તેને તે કર ઠરે,
રાખ ભરોસો રાધાવરનો, શીદ કુટાઇ મરે (દયારામ.)

તે બરાબર યાદ રાખજો. ધનનુ સુખ ઝાંઝવાના નીર જેવું છે. તે ક્ષણિક છે. ફક્ત કલંક રહિત કીર્તિ જ અમર છે. ગમે તેટલાં કાળા ધોળા કરી, કોઇનો વિશ્વાસ તોડી પૈસો મેળવશો પણ તે અંતકાળે તો અહીં જ રહેવાનો. ખોટી રીતે ફગાયો પૈસો મેળવતાં કેટલા જુઠા સાચા કરવાં પડે છે તોપણ અ તે તો ધણીનુ ધાર્યુ જ થાય છે, નફામાં લોભી માણસ બદનામ થઈ ખુવારી સાથ પાપના પોટલા બાંધે છે આપણને અધર્મે મેળવેલા સોનાના ઝાઝર ઝુમણા નથી જોઇતા, પ્રમાણિકપણું તેજ માણસનુ પ્રત્યક્ષ ઘરેણુ છે"

निन्दन्तु नीति निपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात् पथ· प्रविचलन्ति पदं न धीरा ॥

"ઓ પંડિતા ! ત્હારૂ ભાષણ હવે બંધ કર. મ્હારૂં માથું દુખવા આવ્યુ. ત્હારી વાતમા આ ચાહ પણ ઠંડી પડી." ચાહનો પ્યાલો ઉઠાવી ત્રિકમદાસે ગટગટાવા માંડયો સુશીલા હવે સસરાને કેવી રીતે સમજાવવો તેનો વિચાર કરતી ત્યા જ ઉભી રહી. પોતાના બોલવ ની અસર તેને પથ્થર ઉપર પાણી જેવી જણાઇ. પણ કોઇ રીતે વડિલને પાપમાથી બચાવવાના દઢ ઠરાવપર આવી, આખર

હિમ્મત પકડી બોલી:–"મ્હારૂ માનો વડિલ! હું તમારે પગે પડું છું."
તે નમીને બોલી:–"લોભી લાલચને પાસેથી દૂર કરો. કાલની કોને ખબર છે? મન મગતરૂં મ્હારૂં મ્હારૂં કરી ફોગટ ફાંફાં મારે છે પણ કાળ ઝપાટે પળમાં ખુંદાઇ જાય છે. આ દેહ પાણીનો પરપોટો છે, કાચી માટીનો કુંભ છે, કાચની શીશી છે, તેને વણસતાં કાંઈ પણ વાર નથી લાગતી. એક પળમાં જેમ અગ્નિના સપાટે દારૂ બળી ભસ્મ થઇ જાય છે તેમ કાળસપાટે આ દેહ પણ બળી ભસ્મ થઇ જશે ને મનની મનમાં આખર રહી જશે. સાથે કુટુમ્બ કબીલો, વાડી વજીફા, ધન દોલત ને સર્વ સાહ્યબી આવશે નહિ. સાથે તો ફક્ત સારાં યા નરસાં કર્મજ આવશે, સારાં કર્મનો બદલો ધણીને ત્યાંથી સારો ને નઠારાં કર્મનો બદલો નઠારો મળશે જેવી કરણી તેવી પાર ઉતરણી. જેવુ કરવુ તેવુ પામવુ ને વાવવુ તેવુ લણવુ છે. કાંદાના વાવનારને કસ્તુરી નહિ મળશે. ગોટાના દેનારને ગુલાબ નહિ મળશે. કાકરા જમે કરાવી મણિ નહિ મળશે.

धनानि भूमौ पशवश्च गोष्टे भार्या गृहद्वारे जनः स्मशाने ।
देहश्चितायां परलोकमार्गे कर्मानुगो गच्छति जीव एकः ॥
चला लक्ष्मीश्चला· प्राणाश्चले जीवित यौवने ।
चलाचले च संसारे धर्म एको हि निश्चलः ॥

આ શુ વિસ્મૃત થઇ ગયા? માણસ ગમે તેટલુ કરે પણ તેના અધિકારનું જ તેને મળવાનું, વધારે લેવા જતાં કુતરો ને પડછાયા-ની વાત માફક પાસેનું પણ ગુમાઇ જવાનું. રાતનો તાજો જ દાખલો જુવોને? તમારા નામપર એક હજાર રૂપિયા હતા તેના એકત્રિસ હજાર કરવા જતાં નવું વિલ બળી ગયું, હજાર રૂપિયા ગયા ને જુના વિલમાં લખેલા ફકત અઢીસો જ મળવાના થયા,

હજી પણ સંતોષે રહેશો તો સુખી થશો. જે માણસ ગમે તેવી સ્થિતિની સાથે પોતાનો સ્વભાવ અનુકુળ કરી દે છે તે સર્વથી વધારે સુખી છે. શાંતિ રાખો. શાંતિ સુખનુ મૂળ છે, અશાંતિ એ પાપનું મૂળ છે."

"હવે શાનો સંતોષ ને શાંતિ રખાવવા નીકળી છે! મ્હારી બધી બાજી બગાડી દીધી ને! પણ હજાર રૂપિયા ગયા તેથી શુ થયું? મ્હારા ધારેલા રૂપિયા કોણ ખોટા કરનાર છે?"

"જે કિસમતે હજાર ખોટા કર્યા તે તે પણ કરશે. વડિલ! અભિમાન છોડી દો. રાજા રાવણનો અભિમાન નથી છાજ્યો તો આપણે કોણ? માનવનું ધાર્યું કંઈજ થતુ નથી.

કિરતારની કરુણા વિના કર્મો અકર્મો થાય છે,
અભિમાન રાણા રંકનો પળમા છૂટાઈ જાય છે.

આખર સત્ય તરે છે ને પાપ ડૂબે છે. પ્રભુથી ડરો ને ચેતીને ચાલો. જન્મ્યુ તે સર્વ જવાનુ કો આજ કો કાલ, કો માસે કો છ માસે. જીવવાનો ઉધારો છે પણ મરવાનુ તો નક્કી છે મુવા પછી પ્રભુને શો જવાબ દેશો? તમે મનુષ્ય દેહ ધારણ કરી તેનુ શુ સાર્થક કરો છો તેનો વિચાર કરો. મનુષ્યને કિરતારે ખોટી રીતે ધન સંપાદન કરી કાળા હાથ કરવા નથી પેદા કર્યા; પણ સુકૃત્ય કરી, નીતિ ધર્મને પગલે ચાલી તેની ઉજ્જવલ કીર્ત્તિનો મહિમા વધારવાને પેદા કર્યા છે. ધણીની આજ્ઞાનુ ઉલંઘન તે પડતીનો પહેલો પાયો છે."

"બસ કર બાપ, મહેરબાની કરી હવે જા." ત્રિકમદાસ હાથે માથુ ખંજવાળતાં બોલ્યો.

"હવે વધારે નહિ કહું, એક બે જ મિનિટ પિતાજી! અમારા ઉપર એક મહેરબાની કરી તમારા માંડા વિચાર છોડી દો. અમારે

મોહનદાસની મિલ્કતમાંની એક પાઇ પણ હરામ છે. જેણે દાંત આપ્યા છે તે મહેનત કરીશું તો જરૂર ચાવણું આપશે જ. મરણ પછી આવાં અઘોર પાપની સજા ખમતાં કેટલી કંપારી છૂટશે, કે ટલું કષ્ટ પડશે, તેનો વિચાર કરો. ફરી ફરી મનુષ્ય દેહ મળવાનો નથી. થયેલું ખોટું કર્મ ભૂસાશે નહિ. લાખ મળશે પણ ગયેલી સાખ નહિ મળશે. પટોળીએ ભાત પડી તે પડીજ. અન્નદાતાને મરણ સમયે પ્રભુ સમક્ષ આપેલો કોલ તોડી તે બન્નેને તમે ઠગો છો. પાપ રૂપી કીડો તમારા અંતઃકરણને ડંખશે ને કોરી કોરીને ખાશે તમેજ પ્રથમ અમને કેવો બોધ આપતા હતા તે બધું મનમાં તાજુ કરો. તમારી બુદ્ધિ આવી મલિન થયેલી જોઇ હું અજબ થાઉં છુ પણ તેમાં તમે થોડા દોષને પાત્ર છો. મુખ્ય દોષ તે સુંદરદાસની સોબતનો છે. હોય, માણસ માત્ર ભૂલને પાત્ર છે. વધારે ઓછુ ધર્મના આવેશમાં બોલાયું હોય તો આ નાદાન બાલકીને ક્ષમા કરજો."

"સાબાશ ! સાબાશ ! મ્હારી સુજ્ઞ તારક." ત્રિકમદાસ સહર્ષે પોકારી ઉઠયો; " ધન્ય છે ત્હારી જનેતાને ને ત્હારી વિદ્યાને કે જેણે ત્હારામાં આવા ઉચ્ચ પ્રતિના ગુણો ભરી તને ધર્મ સંસ્કારી બનાવી છે. ખરેખર તું મ્હારા ઘરનુ નાક છે, ત્હારા બોલવાની મ્હારાપર સખત અસર થઇ છે. હુ હવે કંઇ પણ કરવા નથી માગતો. સુંદરને કંઇ પણ જવાબ નથી દેવાનો."

" ત્યારે મિલ્કતનુ શુ કરશો ? "

" તે તો મ્હારા કબજામાંજ રહેશે. "

" પણ તે તમને સહિસલામત નહિ રાખશે. "

" તું શું મને કાચા દિલનો સમજે છે ? માણસ એકાદ વખત ભૂલ કરે. વારેવારે ભૂલ કરે તે તો ગધેડો જ કહેવાય. "

" તમે નથી માનતા ત્યારે લાચાર છું. કહેનાર કહી છૂટે, વહેનાર વહી છૂટે. હજી સમજો તો સારૂં."

" હું બધું સમજ્યો ને સુધર્યો, શાણી સુશીલા! પણ મિલ્કત સોંપતાં મન પાછું પડે છે. ઠીક છે. આગળ જોવાશે, હાલ તો જા." સુશીલા નમી પ્યાલો રકાબી ઉચકી ચાલી ગઇ; તેના મનમાં હવે કંઇક શાંતિ થઈ. મિલ્કતનો કબજો હાલ ત્રિકમદાસ સોંપવા ના કહેતો હતો તે વાતનોજ ફક્ત મનમાં ખટકો રહ્યો, પણ સમયના વહેવાની સાથે પુનઃ યોગ્ય પ્રસંગ મળ્યે તે ખટકો સ્હેજ દૂર થઇ શકશે એમ સમજી તરત માટે મનનું સમાધાન કરી લીધુ વડિલની સામે હિમ્મતભરી રીતે બોલવામાં આર્ય મર્યાદાનું પોતે જે ઉલ્લંઘન કર્યું હતુ તેનું કંઇક સાર્થક થયેલુ જાણી પ્રસન્ન વદને હરિવદની ગૃહકાર્યમાં પ્રવૃત્ત થઇ.

પ્રિય વાંચક ! ઉપરના વૃત્તાંતથી તુ જાણી ચૂકયો હશે કે ગઇ રાત્રિએ પ્રગટ થયેલી ધર્મમૂર્ત્તિ, જેણે વૃદ્ધને અધમ કૃત્યમાંથી બચાવ્યો હતો, તે તેની પુત્રવધૂ સુશીલા જ હતી. તેને વૃદ્ધના વિચારની કેમ ખબર પડી તે જાણવાની ત્હારી જીજ્ઞાસા હોય તો સુખે તૃપ્ત કર—

દિવાનખાનાની જોડેની ઓરડીમાં પતિ વિનાની સુની સેજડીમા પડેલી સુશીલાને નિદ્રા દેવીએ પોતાની સત્તામાં લીધી નહોતી. બ્હારગામ ગયેલા પતિની ચિન્તાએ, તેની નોકરી ગયાની ચિન્તાએ, ને ઘરની હાલની રંક સ્થિતિની ચિન્તાએ સુજ્ઞ ગૃહિણી વિચારના વમળમાં ગુંચવાતી હતી. વગર પૈસે ખાનદાન કુટુમ્બની આબરૂ જાળવી ઘરખરચ કરકસરથી કેમ ચલાવવો તે માટે હજારો મનતરંગ દોડાવતી હતી. પતિ તરફથી, કામને લીધે વધારે રોકાણ થવાથી

તેનાથી તરત આવી શકાય તેમ નથી, તે મનસુખનો તે દિવસે આ-વેલો તાર સસરાને આપવો ભૂલી જવાનું યાદ આવવાથી સસરા જાગતા હોય તો તે તેમને આપવા માટે તાર લઈ ધીરાં પગલાંએ બારણા પાસે ગઈ. સ્ટોપર ઉઘાડી જેવું બારણું સ્હેજ ઉઘાડયું કે ચમકી. અત્યાર સુધી સસરાજી કેમ જાગે છે ને સુંદરદાસ સાથે શું મસલત ચલાવે છે તે જાણવાની જીજ્ઞાસાએ ત્યાં જ સ્થંભી ગઈ, ભાગ્યા તૂટયા પણ ભેદી શબ્દ કર્ણેંદ્રિયપર અથડાવાથી વધારે જાણવા મન લલચાયું. આખર યોગ્ય સમય આવતાં વૃદ્ધ સસરાને અનીતિના ખાડામાંથી ઉગારવા દોડી ગઈ.

સુશીલા ગયા પછી ત્રિકમદાસ તર્કોએ પડી તેના જેવી શાણી, વિદ્વાન ને ધર્મજ્ઞ પુત્રવધૂના લાભથી મલકાવા લાગ્યો. સુશીલા જેવી દરેક ઘરમા કુળદીપક પુત્રવધૂ હોય તો આર્યસંસાર ઉગતા સૂર્યની માફક કેવો જળહળી રહે તેનો વિચાર કરવા લાગ્યો; એટલામા પાછા એકવિસ હજાર યાદ આવ્યા, તે હાથમાં આવેલા ગયા માટે મનમાં કંઇક ખેદ થવા લાગ્યો.

ધર્મમૂર્તિના પ્રતાપે એક વખત દૂર જઇ બેઠેલો લોભ આવી વૃદ્ધના મનમાં ભરાવા લાગ્યો ને પોતાની જાદુઈ અસર કરવા લાગ્યો. હવે સુશીલાના બોલો વ્યવહારોપયોગી તેને ન લાગ્યા મિલ્કતનો વહિવટ રંગીલદાસ ને લીલાને સોંપવાનું સુશીલા કહે છે કે તે ફકત પોતાની બહેનને સરળતા ને સ્વતંત્રતા કરી આપવાને માટે જ છે. પાછો એબાકળો બની ગયો, ને પડયો પડયો મનમાં બબડવા લાગ્યો:—

" સુશીલાની સઘળી યુક્તિ હું સમજી ગયો. હા ! હા ! પોતાની બહેનને દસ લાખની દોલત અપાવી પોતે વ્હાલી થવા માગે છે, પણ સાથે હું ભીખારી થઉં તેનું તેને ક્યાં ભાન બળ્યું છે ! ઘર

ફાડી તીર્થ કરાવનાર તેના જેવી કોઈ ના જોઈ. સુંદર ને મ્હારી વચ્ચેની વાતચિત તેણે છૂપાઈને સાંભળી ને પ્રત્યક્ષ થઈ વિલ ચુ- ટાવી બળી જવા દીધુ, ને બહેનને ફાયદો કરી આપ્યો. તેટલેથી વળી તૃપ્તી ના થઈ તે પાછો મિલ્કતનો વહિવટ પણ મ્હારા હાથ- માથી કઢાવવા માગે છે. તે મને કાચો સમજતી હશે પણ તેના કરતા મેં કંઈક બે ત્રણુ દસકા વધારે દીઠા હશે' વળી મ્હારા આગળ કેવુ ભાગવત ઉકેલ્યુ ? અહા ! સુશીલા ! તુ પણ મને માથાની મળી ! ને તે પણ મીઠી છરી પણ નહિ ! કદી નહિ! હુ વહિવટ તો છોડનાર નથી સુદરને પણ અદ્ધર ઉડાવીશ. જો તેને વિલ બળ્યાની વાત કહીશ તો તે વળી છાપરે ચઢશે માટે હાલ તો હાએ હા કહી વાત ઉડાવવી જ. આગળ જેવા પડશે તેવા દે- વાશે " પાછો ડોસો ઉડા વિચારમા પડી ગયો. વળી ઉઠયો ને દિ- વાનખાનામા આમ તેમ લટાર મારતો ગણગણવા લાગ્યોઃ—" હેં એ શુ થઈ ગયુ ? સર્વ એક પળમા જ બની ગયુ ! તેના આવ- વાની ખબર પણ ના પડી, નહિતો હુ સાવચેત ના રહેત ? અહા! એક પળે મને આશાના શીખરપરથી નિરાશાના ખાડામા ફેંકી દીધો! એક જ પળ માણુસના ભાગ્યનો પાસો કેવી રીતે ફેરવી નાંખે છે! એક જ પળ વસ્તુનુ અસ્તિત્વ નષ્ટ કરવાને પૂરતી છે! એક જ પળ રાયને રંક બનાવવાને સમર્થ છે! ખેર! જે થયું તે ખરૂ!"

ત્રિકમદાસ બબડતો આમતેમ લટાર મારતોજ રહ્યો.

" તકદીર જબ બૂરી હો તો તદબીર કયા કરે,
બીમારકી કજા હો તો ઇકસીર કયા કરે!"

પ્રકરણ ૩ જું.

વસિયતનામું.

What evil cannot corrupt, fate seldom spares.

(Lord Lyton)

ગિરગામ એક રોડપર આવેલા એક કુશાદે બંગલાના દિવાનખાનામા અત્યારે ગ્રીષ્મઋતુની કૃષ્ણપક્ષની રાત્રિએ આઠ વાગે કેટલાંક સ્ત્રી પુરુષો આનંદથી હાસ્ય વિનોદ કરી રહ્યા છે. કોઈ ઇઝીચેરપર પડી આમ તેમ ચીનાઇ ફેન્સી પંખો ઝુલાવી પવન ખાય છે તો કોઈ હિંડોળાખાટપર બેસી કુચુડ કુચુડ કરી યુવાનીનો મદ જણાવે છે. મધ્ય ભાગમા કાળા સફેત છાટવાળા અષ્ટકોણ સંગેમરમરના મોટા ટેબલની આસપાસ એક સ્ત્રી ને ત્રણ પુરૂષ બેઠેલા છે મધ્ય ભાગમા ગેસની ભભુકાદાર રોશની જગદ્દળી રહી છે. દિવાનખાનાનુ સર્વ ફરનીચર છેલ્લી ઢબનુ ને ઇંગ્રેજી બનાવટનુ ઉત્તમ પ્રકારનું છે. ટેબલ પાસે બેઠેલા પુરૂષમા એક ઘરનો માલિક છે જેનું નામ રંગીલદાસ છે. તેનું વય અત્યારે પચીસ વર્ષનું છે. તેનો ચહેરો સોહામણો ને મોઢું ગોળમટોળ, ભરાવાદાર ને નાજુક વાંકડી મુછોથી સુશોભિત થયેલુ છે. આંખો કાળી પણ સ્હેજ ઝીણી છે, નાક અણીઆળું પણ મોહક છે. હોઠ રાતા પણ જરી જાડા છે. શરીરનો રંગ ચંપક વર્ણો ને બાંધો મધ્યમ

ઘાટમદાર ને મજબૂત, ને કપાળ વિશાળ છે. બંગાળી ઝીણી રેશમી કીનારનું બારીક પોતનું ધોતિયું પહેરી ઉપર ઝીણી મલમલનું ખમીસ પહેરેલું છે પણ સેંથી પાડેલા માથાના વાળ ઉઘાડા જ રહેવા દીધા છે. તેની જમણી બાજુ તેનો પરમ પ્રિય બાળ સ્નેહી સુંદરદાસ બેઠેલો છે ને ડાબી બાજુ ગૌરવર્ણી મનોહર ગોરી હસની બેઠેલી છે. તે રંગીલદાસની પત્ની લીલાવતી છે; તે અત્યારે કંઈ જુદા જ રંગમા ખીલી રહી છે. તેનું વય ઓગણીસ વર્ષનુ છે. શરીરનો બાંધો રહેજ ભરાવદાર છે. તે ઊંચાઇમાં મધ્યમ કદની છે. ગૌરીનું મુખકમળ શશાંકને પણ ક્ષોભ પમાડે તેવુ છે, લોહીની ટસરો બાઝેલા ગુલાબી ભરાવદાર ગાલપર મોહક લાલી પ્રસરી રહી છે. ચીબુકપરનુ રસીલું લીલું છુદણુ મનને મોહ ઉપજાવે છે. કપાળ ચળકતું, વિશાળ, ને ભ્રકુટી ધનુષ્ય જેવી વક્ર ને શાહી જેવી કાળી છે. આંખો મૃગલીના જેવી અણીઆળી ને ચપળ છે. બોલતા ને હસતા સ્પષ્ટ દીસતી ચળકતી બારીક હીરાકણી રૂપ દંતપંક્તિ કુદરતની નાદર કારીગરીનુ ભાન કરાવે છે. તેનો કેશકલાપ કાળો રેશમ જેવો સુંદર ને ભરાવાદાર છે, તેના ભારથી તે કોમળાંગી દબાઇ જતી જણાય છે. કમળની દાંડી સરખી હાથની કાંડી તેની કોમળતાનુ સૂચન કરાવે છે. ગરદન રહેજ ઉંચી ને નાજુક હોવાથી તે હંસણી સરખી દેખાય છે. પોયણુ સરખા પેટ ઉપરથી વાયુ વેગે ચીર પટ ખસી જવાથી તસતસતી ચોળીની અંદર કેદ પૂરાયલાં હ્રદયાબુજો બહાર નીકળવાને ડોકીઆં કરતાં જણાય છે. માથાના મોટા અંબોડાપર જુઇની વેણી બાંધી દીધી છે ને માથામાં સુરતી ઢબની ગુચ્છા પાડી વાંકી સેંથી સેંટ નાંખી પાડેલી છે. પહેરેલા કથ્થઇ રંગના મોળીઆની કોરના વણાટના સાળુનો છેડો શિરપરથી

ખસી જવાથી તેનો વિશાળ વેણી પ્રદેશ સ્પષ્ટ દેખાય છે. અંગપર ગુલાબી રંગનું ઝીક ટપકીથી ભરેલું આખી બાંયનું ફુલકાવાળું તસતસતું પોલકું પહેરી દીધું છે. હાથપર મશીન પાલીસની ગીની ગોલ્ડની બે બે બંગડી અડાવી દીધી છે, તેના દાંતની હરીફાઇ કરતા દુધ જેવા સફેત પાણીદાર મોતીની બે સેરની માળા હસબીવાપર ઠસાવી દઇ લટકાળી લટકા કરી રહી છે. લટકાળીના પડના બોલો દરેક માનથી વધાવી લે છે ત્રિયારાજની રાણી પ્રમાણે સર્વે તેના મનોભાવને અનુમોદન આપે છે. લીલાવતીની સામે બેઠેલો પુરૂષ પારસી છે, તેનું નામ સાવકશા છે, ને તે સાવકશા-એન્ડ ટોમસન નામની ધીકતી સોલીસીટરની પેઢીનો ભાગીઓ છે, તે પણ ઘરના માણસ માફક છુટથી વાત કરે છે. હિંદોળે ને ઇઝીચેર ઉપર બેઠેલાં પણ રસથી વાતચિતમાં ભાગ લે છે. દિવાનખાનાના એક ખુણામાં ખુરસીપર સાવકશાનો કલાર્ક વિનાયક હાથમાં પોર્ટમેન્ટો લઇ મુગે મોંયે સર્વ ચેષ્ટા નિહાળતો ને પોતાના રંક ભાગ્યને હજારો શાપ આપતો બેઠો છે.

લટકાળી લીલાવતી હસીને બોલી, " મી. સાવકશા ! હજી સુધી તે મહેતો કેમ નહિ આવ્યો હોય ? લેટર તો એને ટાઇમસર પહોચ્યોછે ને ? "

" મીસીસ લીલાવતી, લેટર તો એવણને પરમ દિને પુગ્યાની સહી પણ ડીલીવરી બુકમાં આવી ગઇ છે. હવે તે વાનીઓ પાચ દસ મિનીટમાં આવવો જોઇએ." સાવકશાએ ઉત્તર વાળ્યો.

"તે નહિ આવે તો ક્યાં જશે ? સોલીસીટરના કાગળથી બીચારો ગભરાઇ ગયો હશે !" રંગીલદાસ બોલ્યો.

" અત્યારે આવશે તો ઠીક છે, " સુંદર વચમાં ઉમેરાયો,

"નહિ તો કાલે તેના ઉપર રીતસર નોટીસ મોકલી કેસ માંડશું ને વારંટથી શૃંખલાબંધન કરાવી વગર ભાડાની કોટડીમા મોકલાવશું, પણ જ્યારે પેલું નજરે જોશે ત્યારે તેના મનની સ્થિતિ કેવી થશે?"

"કેવી શું ? દસ લાખની દોલતથી લુંટાઇ જઇ રંક બનેલાના જેવી દયામણી ને વાદરા જેવી સોહામણી. તે વખતનો તે બુઢીઆનો ફેસ જોઇ મને તો હસવુંજ આવશે." લીલાવતી બોલી

"બ્હેન, મને તો કંઇ રહેજ હસવાનુ એક વખત બહાનું મળ્યુ તો તે પછી રોકયુ રહેવાનું જ નહિ; જ્યારે તે હાય, હાય, કરતો બળાપા કરી અછાડા પછાડા કરી કુદાકુદ કરશે ત્યારે કોણ જાણે પાસળાં કેટલાએ હાલી જશે !" હિંદોળાખાટપર બેઠેલી લીલાવતીની સખી પદ્મા બોલી.

સુંદરદાસ બોલ્યો, "પણ પદ્મા ભાભી, ત્યાં બેઠાં બેઠાં કેમ બોલો છો? અહીં આવોને અમારી પંક્તિમા; ત્યાં તો મ્હારા ભાઇ પાસે બેઠા હશો કેમ ?"

"મ્હારા જેઠને કોઇ લઇ જવાનું નથી, સમજ્યાંને મારા શાણા જેઠાણી ! બ્હીક લાગતી હોય તો તમે બન્ને અહીં આવી જાઓ" લીલાવતીએ ટકોર કરી

"લીલાવતી ભાભી, તમે પણ ઠીક તમારાં દેરાણીને ઉડાવવા મંડયા હો !" પદ્માનો પતિ ને રંગીલદાસનો મિત્ર ગોરધન બોલ્યો

"જુઓ, લીલાવતી ! પદ્માનુ ગોરધન કેવું ઉપરાણુ તાણે છે? તેમનુ પાસુ જરી પણ નમવા દે છે? એટલું તો રંગીલદાસ તમારૂ પણ નથી લેતા." સુંદરે જણાવ્યું.

"પાસુ નમવા શાના દે ! મ્હારા જેઠનું જેઠાણીપર કંઇ ઓછુ

હેત છે કે શું?" લીલાવતી હસતા હસતાં બોલી.

"ત્યારે મી. રંગીલદાસનો તમારા ઉપર લવ નથી શું!" સાવકશાએ આતુરતાથી પૂછ્યું.

"લવ નથી એમ કેમ કહેવાય! તેમનો તો મ્હારાપર ઘણોજ છે."

સુંદરદાસ હાથના ચાળા કરતાં બોલ્યો: "ને તમારો તેમના ઉપર પણ—"

"તેવો જ છે." રંગીલદાસે પૂરું કર્યું.

"ત્યારે હવે એતો એ જ. આવી જાઓ તમે બન્ને અહીં ભાઈ ગોરધનદાસ!" સુંદરદાસ બોલ્યો.

"હવે કંઈ ના કહેવાશે? ચાલો." ગોરધન પથા પ્રતિ જોઇ બોલ્યો.

રંગીલદાસ બોલ્યો: "પણ ઘરડાં જો અત્યારે હાજર હોય તો?"

"તો શું? તેમણે જુવાની નહિ ભોગવી હશે? થાભલા જેવા ડોકરા જુવાનીઓમાં ભેગા આવીને ભરાય તેથી શું આપણે હસતાં રમતા બીલાડીની માફક ચૂપાચૂપ થઈ જઇએ? આપણો ઉછળતો ઉમળકો તેમને માટે મારી મચડી દાબી દઇએ? છટ નોન્સન્સ!" લીલાવતીએ રોફમા હાથના ચાળા કરી જણાવ્યુ.

"એવા ડોકરાંને તો દોજખમા જ રવાના કરવાના છે, તેમના જેવાં અદેખાં કોઈ જ હોતા નથી. ઘરમા છોકરો ને વહુ જરી પ્રાઇવેતમાં બેસી ગમત કરે તો આખો દિવસ રમખાન મચાવી મૂકે. એ સું! એ ક્યાંનો જસ્તીસ? કેટલુ અંધાર?" સાવકશા છછણી ઉઠયો.

"અમારા હિંદુ સંસારમાં એવા તો નવસો નવાણું ઠેકાણે અંધારાં બળ્યાં છે, જેની લખવા બેસીએ તો એક મોટી ચોપડી

થાય, પણ આપણે તો અજવાળામાં જ ચાલવાના સોગન ખાધેલ છે" રંગીલદાસ બોલ્યો.

"લ્યો, આ આવ્યા. મહેતાજી! તમારો આવરદા તો બહુ છે હો. આ અમારા સાવકશા વકીલ આવ્યા છે ત્યારના તમારે માટે મોંમા જીભ નથી ઘાલતા" સુંદર બોલ્યો.

"કોણ? શેઠ સાવકશા સોલીસીટર પોતેજ કે? વાહ મહેરબાન, હું આપની તહેનાતમા હાજર થયોછુ, ફરમાવો હુકમ." ત્રિકમદાસે ખુરશીપર બેસતાં નમ્રતાથી જણાવ્યું.

સર્વ થોડી પળ સુધી એક બીજાની સામે જોઇ રહ્યાં. આખર લીલાવતી ઉઠી ટેબલના ખાનામાથી કુંચીઓનો જુડો લઈ કબાટમાથી નાની કેશબોક્સ કાઢી ટેબલપર ઉઘાડીને મૂકતાં તે બોલી, "મી. સાવકશા આ પેલુ વિલ."

વિલ શબ્દ સાભળતાં જ ત્રિકમદાસના મોઢાનો રંગ બદલાઇ ગયો, વિલ માટે હજારો તર્કવિતર્ક કરવા લાગ્યો ને ઉડા વિચારમા ઉતરી ગયો.

કાબેલ સાવકશા તેની મુખમુદ્રાપર થતો ફેરફાર કળી ગયો ને વિલ હાથમાં લઇ બોલ્યો.—" જુઓ મી. ત્રિકમદાસ, આ એ વિલ અમારા કલાએન્ટ (કુળ) આ શેઠ રંગીલદાસના બેહસ્તી બાવા મોહનદાસનું કરેલું છે. તે વિલ તેમણે કેઠે એવી જગાએ મૂકેલુ કે વિલની ઘની સોધ ખોલ કીધી પન એવણના હાથમાં આયું નહિ. સેવટે એક વખત જુના ડોકયુમેન્ટસની પેટીમાંથી કંઈ કાગજ કાઢવા જતા તે અચાનક મલી આયું." ત્રિકમદાસ વધારે વધારે ગભરાવા લાગ્યો. વકીલે આગળ વધાર્યું; " તમે આજ સુધી બેરકાયદે મરનારની પ્રોપરટીનો કબજો રાખી મરનારના એક પૂરા

બેટા મી. રગીલદાસને અગવડમાં મૂકીઆ છે જે માટે તમે પૂરે-પૂરા જવાબદાર છો. તમને મિલ્કતનો વહિવટ કરવાની કોઇ પણ પ્રકારની સત્તા હતી જ નહિ ને છે પન નહિ મિલ્કત તમારા કબજામા રાખવામા તમારો અદરનો હેતુ સો હોસે તેનો અત્યારે ખુલાસો કરવાની જરૂર નથી, કારણ તે સ્હેજ સમજી શકાય તેમ છે, પન તમે મરનારની જે સરવીસ કીધીચ તે ધ્યાનમા લઈ, તમે જો અત્યારથી તમામ મિલ્કત ઉપરનો તમારો કબજો ઉઠાવી લેઓ ને તે મિલ્કત અમારા કલાએન્ટ મી. રગીલદાસને સોપી દઈ ફારગતી લખી આપો તો પછી એવન તમારા જેવા બુઢ્ઢાને વધારે અગવડમાં ઉતારવા નથી માગતા, ને તે કારણથી તમુને તેડીઆ છ"

ત્રિકમદાસ તો તદન ફીકો જ પડી ગયો મોંનો રગ સફેત પૂણી જેવો થઇ ગયો શરીરમા ધ્રુજારો ઉત્પન્ન થયો ને ટડો પેસવા લાગી

સુંદરદાસ બોલ્યો, " શેઠ ત્રિકમદાસ ! તેમા તમારે ગભરાવા જેવું કાંઈ જ નથી. કદાચિત મરનાર શેઠે તમને બીજું વિલ કરી આપ્યું હશે ને તેના આધારે તમે મિલ્કતનો વહિવટ કરતા હશો એમ હું સમજુ છુ. જો મ્હારૂં સમજવું ખરૂં હોય તો તમારી પાસેનું બીજું વિલ રજુ કરો એટલે તમે દરેક જવાબદારીમાથી મુક્ત થશો. તમારા પ્રમાણિકપણા માટે સંપૂર્ણ ભરોંસો છે."

" હા, જો તમારી પાસે વહિવટ કરવા માટે કંઈ પણ ડાકયુ-મેન્ટ હોય તો દેખાડો. હું બી સુંદરદાસને મળતો જ તમારે માટે ઓપિનીઅન ધરાવું છઉં." સાવકશાએ સફાઇ વાપરી જણાવ્યું

ત્રિકમદાસ શે। જવાબ દેવે। તેના વિચારમાં પડી ગયો. તેની જીભ જકડાઇ ગઇ.

સુંદરદાસે ઇશારત કરી વકીલ તરફ જોઈ જણાવ્યું–"પણ મેહેરબાન ! વિલમાં શું લખ્યુ છે તે તો જણાવો, પછી ત્રિકમદાસ શેઠને તે સંબંધિ ખુલાસો કરવો હશે તો કરશે. કેમ, ગોરધનભાઇ ?"

"હા ભાઈ, તમારૂં કહેવું સત્તર આના છે." ગોરધન ડોકું ધૂણાવીને બોલ્યો.

"વિલમા શુ લખ્યુ છે તે જાણવાની મ્હારે ખાસ જરૂર છે." ત્રિકમદાસે ખોખરે અવાજે જણાવ્યું.

"ત્યારે કમ ઓન મી. વિનાયક વાંચો વિલ." સાવકશાએ પોતાના કલાર્કને બોલાવતા કહ્યુ વિનાયકે ત્યા આવીને વિલ વાચવાનુ શરૂ કર્યું —

"હું નીચે સહી કરનાર મોદી મોહનદાસ પ્રાણજીવનદાસ રહેવાશી મુંબાઈના ઠે. ગિરગામ બેકરોડ–મોહન વિલામા, ઉમ્મર વર્ષ પચાસ, ગ્નાતે વાણીઆ, મ્હારી રાજીખુશી ને અક્કલ હોશિઆરીથી આ મ્હારૂ છેલ્લું વસિયતનામું કરૂ છુ તે નીચે પ્રમાણે —

"મ્હારી તમામ સ્થાવર જંગમ મિલ્કતના કુલ વારસ મ્હારા પુત્ર રંગીલદાસને હું ઠરાવુ છુ, તેણે તેમાથી મારી મરણ ક્રિયાને ખર્ચ નાતના રીવાજ તથા મ્હારી સ્થિતિ ને આબરૂ પ્રમાણે પોતાની મરજીમા આવે તેવી રૂડી રીતે કરવો અને મારી પૂઠે યોગ્ય લાગે તે ધર્મદાન કરવુ.

"મ્હારા મરણ બાદ મ્હારા મુનિમ ત્રિકમદાસને રૂ. ૨૫૦ અંકે રૂપિયા અઢીસો મ્હારી પ્રમાણિકપણે તેણે બજાવેલી નોકરીના

બદલામાં ઉચકા તરીકે આપવા; બાકી જે રહે તેનો મ્હારા વારસ રંગીલદાસ પોતાની મરજી મુજબ ઉપભોગ કરે તેમા કોઇનો વર વાંધો ચાલે નહિ. એ લખ્યું તે સહી. દા. મુનિમ ત્રિકમદાસ ગોપાલદાસ. ધણીના કહેવાથી આ વિલ લખ્યું છે. મિતિ સવંત ૧૯૪—ના મહા વદ ૪ ને વાર ગરેઉ તા૦........... ....

" પ-પ-ણ, મહેરબાન મ-મને જરી તે-તે-તે જોવા દેશો!" ત્રિકમદાસે તોતડી જીભે ગભરાટમાં પૂછ્યું.

" હા સુખેથી આપો મો. વિનાયક તેમને." સાવકશાએ પોતાના કલાર્કને આજ્ઞા કરી.

વિલ તપાસતાં જ તેની આંખો ચકળ વકળ થઇ ગઇ. પોતાની ત્રિજોરીમાથી આ વિલ અહી કેવી રીતે આવી ગયું ને આ શો ભેદ છે તે તે સમજી શકયો નહિ તે એકદમ ઉશ્કેરાયલી હાલતમા પોકારી ઉઠયો " પણ-પણ આતો મ્હારી પાસે હતું ને અહી તમારા પાસે કેમ આવવા પામ્યું ?"

રંગીલદાસ બોલ્યો, " શું આ વિલ તમારી પાસે હતું ? જો તમે આ અત્યાર સુધી દબાવી રાખ્યું હોય ને મધપુડાપરનું મધ ચુસી લીધા પછી આ વિલ નિરૂપયોગી લાગવાથી ગુપચુપ મ્હારા ઘરમા કોઈ પ્રપંચથી લાવી મૂકયું હોય તો બમણા ગુન્હેગાર છો. પણ હું ધારૂંછું કે તમારી ત્રિજોરીમાથી વિલ મ્હારી ત્રિજોરીમાં તમારી કોઇ પણ યુકિતના ભોગે આવવું તદન અશકય છે. મને તો એમ લાગે છે કે તમારા મનની હાલત અત્યારે સારી નથી."

" ત્યારે શુ હું ગાડો બન્યો છુ ?"

"માફ કરજો મહેરબાન ! પણ જરી લાગે છે તો તેવુ જ. વિલને કંઈ પગ છે કે તમારી ત્રિજોરીમાથી અહીં ચાલી આવે ?

કદાચિત ૫ગ હોય તોપણુ એક ત્રિજોરીમાં કેદ પડેલુ વિલ કેવી રીતે તેમાંથી છૂટી અહીં આવી રંગીલદાસની ત્રિજોરીમા છૂપાઈ જાય ને બન્ને ત્રિજોરીઓને મૂળ હાલતમાં બંધ કરી દે ? મહેરબાન શેઠ, ફરીથી આ વાત કોઈની પાસે કરતા નહિ, નહિ તો કોલાબે ગાંડાની ઇસ્પિ-તાલમાં જવાનો પ્રસંગ આવશે" ગોરધને સ્હજ હસતાં જણાવ્યું. તેના છેલ્લા શબ્દથી સર્વ ખડખડીને હસી પડયા ત્રિકમદાસ ગુસ્સાથી રાતો પીળો બની ગયો. સર્વ મઝા પોતાને બનાવે છે તેનું તેને ભાન થયું. વિલના ભેદનું ગુંથાયલું કોકડું ઉકેલવાને ઘણાએ ફાફા માર્યા પણુ કોકડું તો બમણું ગુંથાવા લાગ્યું. તે આખર બોલ્યો, "ગમે તેમ હો, પણુ જે વિલ મ્હારી પાસે હતું તે જ આ છે. કોઇએ ચોરીથી અહીં આણ્યું છે. પૂછો આ સુંદરદાસને કે મ્હારી પાસે આ વિલ હતું કે નહિ ? બોલો સુદરદાસ, જવાબ દો."

સુંદરદાસ કૃત્રિમ ગંભીરતાથી બોલ્યો, "તમે આને મળતી મતલબનું વિલ તમારી પાસે હોવાનુ જણાવતા હતા ખરા, પણુ તે વિલ તમે મને જોવા કે વાચવા આપ્યુ નહોતુ."

"અરે આને મળતું નહિ પણુ આ જ વિલ." ત્રિકમદાસ હાથ અફાળતાં ગુસ્સામા બોલ્યો.

'અરે શેઠ તે જ. પછી કંઇ ? પણુ મે નજરે જોયું કે વાચ્યુ નથી, હું તો કોઇનો પણ પક્ષ લેવાનો નહિ. આપણી પાસે તો સાચે સાચી વાત છે."

"મી. સુંદરદાસના કહેવા પરથી તમારી વાતને સ્હેજબી ટેકો મળતો નથી, સમજીયા શેઠ." સાવકશા બોલ્યો.

"અરે ઓ સુદરદાસ, તું પણુ શું બધાના ભેગો મ્હારાં વરસ વેચવા તૈયાર થયો છે ? શું તેં વિલ નથી જોયું ? બોલ, બોલ, તે રાતની વાત શું ભૂલી ગયો ?"

"તે રાતની વાતને અહીં શું લાગે વળગે છે ? તમે મને તે રાત્રે કંઇ ત્રિજોરીમાંથી વિલ કાઢી નહોતું બતાવ્યું તમારા ભેગો મને પણ ફસાવવાની ઠીક યુકિત તમે ચલાવી ! વાહવા ! ધન્ય તમને !"

"જો દગા દેગા કિસીકો, આપ ધોકા ખાયેગા,
ખોદનેવાલા કુવેંકા ખુદ કુવેમેં જાયેગા."

"હા, તું પણ ચાલતી ગાડીમાં બેશી ગયો. હું સર્વ સમજ્યો."

"હું તો સાચી વાત કહેવાનો. માઠું લાગે તો વધારે ખાજો, જૂઠું બોલવાના મેં સોગન ખાધા છે."

"ત્યારે શું વિલને પાંખો આવી ? તે જાતે ઉડીને અહીં આવી ગયું ? "

"અલબત, તેમ જ થયેલું સમજી લેવું." રંગીલદાસ બોલ્યો.

"બસ, બધુ સમજાયું. સર્વ પ્રપંચ છે. તેણે વહાલી થઇ વિષ દીધુ, મીઠી બની મૂળ કાઢયું; પેટમાં પેશી પાળી મારી; મને પાયમાલ કર્યો; મ્હારા ઉગતા આશાના મોરને ક્ષણમાં કચડી નાંખ્યો. ઓ કાળી નાગણ ! તુ મને ડખી ! હા ડખી જ ! "

"તમને કોણ ડખ્યું ?" લીલાવતીએ હસતાં હસતાં પૂછયું. " તમને કોણ ડખ્યું ? કાળી નાગણ ? એ શું બોલો છો ? "

"તમને બધાંને હસવું થાય છે ને મ્હારો જીવ જાય છે. ". ત્રિકમદાસ ગુસ્સાથી ચીડાઇને બોલ્યો.

"મી. વિનાયક પેલું એગ્રીમેન્ટ લખેલું છે તે લાવોને. " સાવકશાએ પોતાના ક્લાર્કને કહ્યુ.

વિનાયકે પોર્ટમેન્ટોમાંથી એગ્રીમેન્ટ લાવી પોતાના શેઠને આપી સાથે લખવાનાં સાધન પણ રજુ કર્યાં.

"લો મહેરબાન, તમારા કબજામાંની મરનારની તમામ મિલ્કત

આ વિલના આધારે રંગીલદાસને ત્રણુ દિવસમાં સોંપી દેવાનું ને હવે તે મિલ્કત ઉપર તમારૂં કંઈ પણુ લાગતુ વળગતું નથી તેનુ આએ **એગ્રીમેન્ટ** છે તે ઉપર તમારો સહી કરો. વિલમા લખેલા રૂપિયા કાલે સવારે **રીસીટ** આપી લઇ જજો." વકીલે ત્રિકમદાસના હાથમાં **એગ્રીમેન્ટ** મૂકતાં રૂવાબથી જણાવ્યું. ત્રિકમદાસ તો તદન વિચારમાં જ પડી ગયો.

" એમાં કઈ વિચાર કરવાનો છે જ નહિ. લો હું તમને હોલ્ડર બોળી આપુ લો ધરો હોલ્ડર હાથમા ને સહી કરો. " લીલાવતી હોલ્ડર બોળીને તેના હાથમા આપતાં બોલી.

" પ-પણુ- મારાથી સ-સહી કેમ થાય ? મને ઠીક નથી, હું-હું ઘેર જાઉ-જાઉ છું."

" અહી વાળુ કરીને જજો. આપણે સૌ આજે સાથે જમીશું." રંગીલદાસે જણાવ્યુ.

"મને તો કાંઇએ વાળુ કરવું નથી. મે તો ધરાઇને ખાધું, હવે મને જવા દો. હું જાઉ છુ" ત્રિકમદાસ ઉઠતાં બોલ્યો. સાવકશાએ ઉઠી તેનું કાંડું પકડયું ને બોલ્યો, "સાહેબ એમ દિવાના ના બનો. આનાપર તમારે સહી કરવી જ પડશે, ને મિલ્કત સોંપવી જ પડશે. નહી તો તમે આજ દિન સુધી ગેરકાયદે વિલની વિરૂદ્ધ વર્ત્યા છો તે માટે તમને જવાબદાર ગણુવામાં આવશે ને **ક્રીમીનલ ચાર્જ** મૂકશું તો સાત વરસ ઠોકાઈ જશો. હજી એટલો ખોદાનો પાડ માનો કે રંગીલદાસ તમારા કામ તરફ નહિ જોતા તમારાપર રહમ કરે છે. ચાલો બેસો ને સહી કરો. તમુને નહિ જમવું હોસે તો કોઇ તમુને બ્હોંસ નહિ કરસે."

"ઠીક ભાઈ ઠીક સર્વ મળી મ્હારૂં રાયતું કરો છો તો સુખેથી

કરો. કાલે પેલીએ તો કર્યું, હવે બાકી છે તે તમે કરો. કાલે તમારા વાવચરીઆં ને મિલ્કત હીસાબ સાથે સોંપી દઇશ." એમ બોલી ધ્રુજતે હાથે સહી કરી ને ઉઠી ચાલવા માંડ્યું.

"ત્રિકમદાસભાઇ, પધારજો." રંગીલદાસ બોલ્યો.

"એ મહેતાજી, કોઇ કોઈ વખત આ તરફ આવજો ને તમારા નવા શેઠને તમારી કિંમતી મદદનો લાભ આપતા રહેજો." લીલાવતી હસતા હસતાં બોલી.

"આવજો મુરબ્બી શેઠ." સાવકશા બોલ્યો. ત્રિકમદાસ એક અક્ષર પણ બોલ્યા વિના ચાલી ગયો ને સર્વ તે સાંભળે તેમ તેની પુઠે તાળીઓ પાડી મોટેથી ખડખડ હસવા મંડી ગયાં. લગભગ પાંચ મિનીટ સુધી તેમનું હસવું ચાલ્યું. આખર સાવકશાએ શરૂઆત કરી, " ભલો બીચારો વાનીઓ મહેતો ! વિલ દેખતાં જ કેવો ફુલગાઇ નખાઈ ગીયો ! "

" હા ! બહુ જ ભલો ! આજ સુધી અમને હેરાન કરી પોતાનું ઘર ભર્યું ! પણ હવે તેના હાથ પગ બંધાઇ ગયા છે. કાલે દસ લાખનો વારસો હાથમાં આવશે એટલે પછી લ્હેર ! " લીલાવતીએ મલકાને મુખડે જણાવ્યું.

" ત્યારે લીલાવતી ! તમારો પ્રેમ હાલના જેવો કાયમ રહેશે કે ?" સુંદરદાસ લીલાવતી પ્રતિ આંખ મારી બોલી ઉઠ્યો.

" જાઓ, જાઓ, ગાંડું શું બોલો છો ? રૂપિયા મળ્યેથી શુ પ્રેમમાં વિઘ્ન આવશે કે ? વધારે પૈસા હાથમાં આવ્યાથી તો પ્રેમવૃદ્ધિનાં સાધનો વધારે મળી આવશે, ને તે બહાને તમને વારંવાર રમત ગમતમાં ભાગ લેવા આમંત્રણ કરીશું, સમજ્યા શાણા સુંદરદાસ." લીલાવતીએ સાનમાં સમજાવ્યું.

" પણ પણા ભાભી ! તમે કેમ કંઇ બોલતાં નથી ? તમે અમારે ત્યાં આવશો કે નહિ ? મને તમારા જેવી ભોજાઇના હેતના ઘુંટડા પીવા બહુ જ ગમે છે." રંગીલદાસે હસતાં પદ્માને કહ્યું.

"અમે તો રોજ આવીએ પણ નાના દીયરજી પૈસાદાર બનવાથી પોતાને હીણપદ લાગવાની ધાસ્તીથી મોઢું મચકોડી આડા ફંટાય ને અમને વિસરી જાય ત્યારે કંઇ અમારો ઉપાય છે ? કેમ વકીલ સાહેબ શું ધાર્યું ? "

"ધારવાનું સું ? એરતો, પન તમે હિંદુ લોકો છૂટથી મરદ ઓરત સાથે બેસી આનંદ કરો છો તે જોઇ મને તો ઘનો જ આનંદ થાય છે. ઘરમાં ઓરતને એક ગુલામડીની કાની ગનવામા આવે છે ને બાહેરના મરદ સાથે જાહેર કે ખાનગીમાં છૂટથી વાતચિત કરવા નહિ દેતાં એક બ્લેક હોલમાં (કાળી કોટડીમાં) ગોંધી રાખવામાં આવે છે તે ઘરને ને તેના માનસોને હું બહુજ ધીક્કારૂં છુ. મરદ ઓરતના હક એક સરખા જ છે"

"સરટનલી યુ આર રાઈટ, મી० સાવકશા ! હવે આજના આનંદમાં સર્વેને અત્યારે અહીં જ જમવાનું છે ને તે માટે અગાઉથી ગોઠવણ કરાવી છે" લીલાવતી બોલી.

" પન ઘેર બૈરી છોકરાં મારે વરે ખોટી રહેસે તેનુ ? "

" ગમે તેમ હોય પણ લીલાવતીના બોલને આજે તો માન આપવું જ પડશે. " સુંદરદાસ બોલ્યો

" ઠીક જેમ સર્વની મરજી મી વિનાયક તમે જાઓ, આએ મોટરમાં ઘટતું કાલે ઓફીસમાં કરીશું. " વિનાયક પોર્ટમેન્ટો લઇ નસીને ચાલી ગયો. સર્વ એક બીજાની સાથે છૂટથી હસતાં રમતાં આનંદમાં આમ તેમ ફરવા લાગ્યાં. સુંદરદાસ લીલાવતીની સાથે

એક બારી પાસે ઉભો રહી ગુસપુસ કરવા લાગ્યો જ્યારે સામેની બારીપર પદ્માનો હાથ પકડી રંગીલદાસ આનંદમાં ઝુલવા લાગ્યો.

પદ્મા લીલાવતીથી રૂપ રંગમાં ઉતરે તેમ નહોતી. તેનું વય બાવિસ વર્ષનું હતું. લીલાથી તે સ્હેજ શરીરે કૃષ હતી; શરીરનો વર્ણ શ્યામ પણ ચળકતો ને મોહક હતો. શરીરના દરેક અવયવ એવી તો સુંદર ને સરખી રીતે કોરી કાઢેલા હતા કે ગમે તેવા પુરૂષને તે પહેલે સપાટે મહાત કરી લેતી હતી. તેની કાળી કીકીમાં કામણ ભરેલું હતું; તેનો કંઠ ઝીણો પણ મીઠો હતો. તે શ્યામા કાળી સાડી ને કાળી ચોળીમાં અત્યારે પૂર્ણ વિકસી રહી હતી. પદ્માની પોતાના પતિ સાથની રીત ભાત માટે કેટલીક વખત લીલા મનમાં બળાપો કરતી હતી પણ પાછું મન વાળતી હતી, કારણ પોતાના જેવા સ્વતંત્ર ને સુધરેલા વિચારવાળી પોતાની પ્રિય સખી પદ્માની મિત્રતા, તેને અપમાન લાગવાથી કદાચીત તૂટી જાય એમ તેને ધાસ્તી લાગતી હતી.

હિંદોળાખાટપર સાવકશા ને ગોરધનદાસ ગામ ગપાટા મારવ: લાગ્યા. હિંદુ સંસારમા પાશ્ચાત્ય રૂઢીઓ દાખલ કરવાથી, ને જુની વ્હેમી ને કેટલીક અગવડભરેલી રૂઢીઓનું નિકંદન કરવાથી થતા ફાયદા વિષે તેઓ વિવાદમા ઉતરી પડયા.

જમવાનો સમય થતાં સર્વ અંદર જમવા ગયાં. વકીલ પણ સાથે જ ગયો. જમણ કોરૂ પણ ઉત્તમ, લ્હેજતદાર ને ઘણી વાનીનું બનેલું હતું. સર્વેએ સાથે બેસી પ્રીતિભોજન લીધું. જમતાં જમતા ઘરધણિયાણી સર્વને આગ્રહથી જમાડવા પ્રયત્ન કરતી. સર્વ જમીને-ધર્મથી ભ્રષ્ટ થઇને બાહેરના દિવાનખાનામાં આવ્યાં. સુધરેલી મંડળીએ પોતાનો ધર્મ એક બાજુપર ટાંગી દીધો-પવિત્ર

પુરાણા આર્ય ધર્મને હડસેલી દીધો, વર્ણાશ્રમ ધર્મને દાટી દીધો, પાશ્ચાત્ય ધર્મનો રસ્તો લીધો, ને વહાલામાં વટાળ નથી એ સિદ્ધાતને ગ્રહણ કર્યો. પ્રાચીન સમયથી પોતાના બાપદાદા જે ધર્મ પાળતા આવ્યા હતા ને જે સાત્વિક પીણાં પીતા આવ્યા હતા તે ઉપર ધૂળ નાંખી ઘરમાં નકલી સુધારો દાખલ કર્યો. જે પવિત્ર પ્રાચીન આર્ય ધર્મ ને તેના વર્ણાશ્રમ ધર્મ તરફ યુરોપ અમેરિકાના વિદ્વજ્જનો માનની નજરથી જુવે છે તે જ ધર્મ તરફ તેના અનુયાઇઓ ધિક્કારથી જોવા લાગ્યા. ધર્મ મનુષ્યનુ જીવન છે. આ દેહ ધર્મથી જ ટકેલો છે ને ધર્મથી જ લંબાય છે. ધર્મ માટે પ્રસિદ્ધ ઇગ્રેજ કવિના કેવા ઉત્તમ વિચાર છે —

Religion ! what tre sure unt ld
Resides in that heavenly word !
More precious than silver and gold,
Or all that this earth can afford.

(Wm Cowper).

અસ્તુ ! તેમને યોગ્ય લાગ્યુ તેમ કર્યું, તેમા આપણે કઇ પણ કરી શકીએ તેમ નથી પણ તેનુ પરિણામ તો વહેલુ મોડું જોઇ શકીશુ.

મુખવાસ અત્તર ગુલાબ લેવાયા, સેટ છંટાયા ને સીગારેટના ધુમાડાના ગોટે ગોટ, ઘરમાં આગ લાગતી હોય તેમ, બારીમાથી ગુકારા બધ નીકળવા લાગ્યા.

“ હવે સર્વ રીતે લીલાવતીને હાથે સંતુષ્ટ થયા, પણુ એક રીતે હજી અસતુષ્ટ છીએ.” સુદરદાસ બોલ્યો.

“વળી એવુ હજી શુ રહ્યું છે ?” પદ્માએ પૂછયુ.

"લીલાવતીના સુંદર કંઠનુ વીણાના સરોદ સાથનુ રસિક ગાયન"

"હવે વધારે થશે તો ઓતરાઇ જશો." લીલાવતી હસતે મુખડે બોલી

"અમીરસથી કોણ ધરાય ?" ગોરધનદાસ બોલ્યો.

"આનંદની કંઇ અવધી નથી !" સુદરદાસે જણાવ્યું.

"ત્યારે મીસીસ લીલાવતી ! ગો ઓન, પરોણાને તમારાથી નાખુશ થાય ?" સાવકશા બોલ્યો

"સર્વની તેમ મરજી છે તો હુ તૈયાર છુ." લીલાવતી સારંગી લેવા જતાં મલકાતે મુખડે બોલી "પણ પદ્મા બેહેન ! તમારે મ્હારી સાથે ગાવુ પડશે, હો ?"

"એ, ના મ્હારી ચોખ્ખી ના છે. મને કંઇ નથી આવડતુ મને ખાસી થઈ છે." પદ્મા બોલી.

"પન તમારા બોલવામાં જ તમે બદાઈ ગીયાં. એક વખત બોલ્યાં કે નથી આવડતુ ને ફરી બેલ્યા કે ખાસી થઇ છે માટે બન્ને વાત બનાવતી થરે છે. તમારે સાથે સામેલ થવુ જ પરસે '

"ચાલો બેહેન ! આપણે પેલી ઠુમરી ગાઇએ." લીલાવતી પદ્માનુ કાંડુ પકડી પોતાની પાસે બેસાડતાં બોલી લીલાવતીએ સારગીના તાર મેળવ્યા ને બન્ને સખીઓએ ઠુમરી લલકારવા માંડી —

ઠુમરી.

કાના છોડો ચુંદરીના અમારી રે,
રે અમારી, હુ દુખીઆરી રે. કાના.
સાસુ નઠારી નાની નણુદી અનાડી,
જાણશે ફજેતી થાય મારી રે કાના.
પ્રીત રીત તારી શ્યામ સમજી ગઇ ખરી,
ભોળી નાર ભરમાવા, મોહિની ધરી,

છોડો છોડો છબીલા, કાના છોડો ચુંદરીમાં
અમારી રે, છુ હુ હારી રે. કાના.
બનારસી આ ચુંદરી, જો ફાટશે જરી;
મૂલ લક્ષ રૂપિયા હુ લઇશ રે ભરી.
હટો હટો, હા હાં રે છોડો છોડો;
સામળીયા અમારી રે. કાના.

ગાયનની ધુન ચાલની જ રહી, વચમાં 'વાહવા' ને 'શાબાશ'-ના પોકારોથી ગાયનને શ્રોતાઓ વધાવવા લાગ્યા, સુર તાલ ને તાનની જમાવટથી આખું દિવાનખાનુ ગાજી રહ્યુ અગીયાર વાગ્યા, બાર વાગ્યા, પણ કોઇને ઉઠવાનુ મન થયું નહિ. ભલે, છો સર્વ બેસી ગાયન સાભળ્યા કરે

પ્રિય વાંચક ! આ બનાવોથી ત્હારી ભ્રમણા વધી પડી હશે, અધિરાઇની અવધિ નહિ રહી હશે, તો ચાલ, ને વાર્તાની પૂર્વ કથા તરફ નજર દોડાવ, એટલે સર્વ ભ્રમણા આપો આપ ટળી જશે. સુશીલા, લીલા, રંગીલદાસ, ત્રિકમદાસ, સુદરદાસ વિગેરે પાત્રોની પૂર્વકથા તને ઘણી જ રસિલી, મિષ્ટ ને બોધક થઇ પડશે તુ તેમાંથી જે પ્રકારનો રસ મેળવવા ઇચ્છીશ તે તને મળશે વિલની ભેદી ચોરી માટે ત્રિકમદાસના મનને સળનો થઞ, તુ સુશીલા ઉપર આક્ષેપ મૂકે તે પહેલા પૂર્ણ વિચાર કરજે. બીજા પ્રકરણમા સુશીલાએ પોતના સસરાને બોધ દઇ મિલ્કત રગીલદાસને સોંપી દેવા જણવ્યુ તે બનાવ, ને આ પ્રકરણમાંના વિલની ચોરીના બેઞ બનાવ વચ્ચે ઘણા માસ વહી ગયા છે, ને તે દરમીઆન ઘણા બનાવ બની ગયા છે. તે સર્વ જાણવા માટે મ્હારી પુઠે ચાલ્યો આવ.

પ્રકરણ ૪ થું.

સરસ્વતીની પૂર્વ કથા.

कार्येषु मन्त्री करणेषु दासी ।
भोजेषु माता शयनेषु रम्भा॥
मनोनु कूला क्षमया धरित्री ।
गुणैश्च भार्या कुलमुद्धरन्ती ॥ [1]

A good wife is Heaven's last best gift to man—his angel and minister of graces innumerable—his gem of many virtues—his casket of jewels: her voice is sweet music—her smiles, his brightest day—her kiss, the guardian of his innocence—her arms, the pale of his safety, the balm of his wealth, the balsam of his life—her industry his surest wealth—her economy, his safest steward—her lips, his faithful councillors—her bosom,

---

૧ કાર્ય સાધનામા રાજાનો મંત્રી, કામમા મદદ કરવામા દાસી, ભોજન સમયે માતા ને શયન સમયે જાણે રંભા, પતિના મનને અનુકુળ થનારી, પૃથ્વી જેવી ક્ષમાવાન ને પોતાના ગુણવડે ભાર ઉપાડનારી ને કુળનો ઉદ્ધાર કરનારી તેજ ખરી ઉત્તમ પત્ની છે.

the softest pillow of his cares-and her prayers, the ablest advocates of Heaven's blessings on his ha .

(Jeremy Taylor)

ખરેખર ! પ્રભુના તરફની માણુસને છેલ્લામાં છેલ્લી ને ઉત્તમમાં ઉત્તમ બક્ષિસ એક ગુણીઅલ ભાર્યા જ છે. તેની ભાર્યાના પતિ જેવો દુનિયામા બીજો સુખી કોઇ જ નથી. " જે ઘેર નાર સુલક્ષણી તે તે સુખમાં સુનાર."

ગુલાબદાસ નામનો મુંબઈમાં લક્ષાધિપતિ ગૃહસ્થ રહેતો હતો તે સુતરની બે મિલમા સેક્રેટરી તરીકે કામ કરતો હતો પોતાની મિલના ઘણા શેર પોતાના નામ ઉપર લઇ તેણે સર્વ નાણુ શેરમા જ રોકયુ હતુ. શહેરમા તે આગેવાની ભર્યો ભાગ ભજવતો, ઘણાક ધર્મકાર્યોને તન મન ને ધનથી ઉત્તેજન આપી જન મંડળમાં પોતાનો દાખલો બેસાડતો હતો, કેટલીક મંડળીનો તે પ્રમુખ હતો, તેની ઉદારતા જગ જાણીતી હતી પરમાર્થ વૃત્તિની સાથે માન પ્રતિષ્ઠાનો તે વધારે ઉત્સુક હતો, એટલે જે કઇ તે કરતો તેથી પોતાની કીર્તિમા વૃદ્ધિ થાય છે કે નહિ તે તે બરાબર તપાસતો હતો દેશી તેમજ ઇગ્રેજી વર્ગ વચ્ચે પ્રિય થઇ ગયો હતો. તેના સખાવતમા નાત જાત, દેશી કે પરદેશી કશાનો ભિન્નભાવ નહોતો. કોઇ ગરીબ ઇગ્રેજ ભલામણપત્ર લઇને મદદ લેવા આવતો તો તેને પણ બનતી રીતે સતુષ્ટ કરી પોતાની વાહવા બોલાવતો. ઘણીખરી સભામા તે નિયમિત હાજરી આપતો ને ઘણા પ્રસગે, વધારે નહિ તો સ્હેજ પણ સભામા બોલવાને ચૂકતો નહોતો. ઇગ્રેજીનો મેટ્રીકયુલેશન સુધી અભ્યાસ કર્યો હતો પણ તેને ઘણી તીવ્ર બુદ્ધિનો હોવાથી તેમ જ અવાર નવાર ભાષણ

દેશી ને ઇંગ્રેજ ગૃહસ્થના પરિચયમાં આવવાથી એક ગ્રેજ્યુએટને ટકોર મારે તેવુ ઇંગ્રેજી લખી બોલી શકતો હતો. સસ્કૃત સાહિત્ય-પર તેને વિશેષ શોખ નહોતો તેમજ તેનું વધારે અધ્યયન કરવાનો તેને કોઇ વ્યવહાર પ્રસગ પણ મળ્યો નહોતો; તોપણ તેને તે સ-હિત્યપર વધારે પ્રીતિ હતી ને તેની તરફ મોટા માનની નજરે જોતો ધર્મ ઉપર તેને વધારે શ્રદ્ધા હતી. જો કે, કેટલાક ચુસ્ત વૈષ્ણવની માફક વગર સમજથી દેખાદેખી કે લોભી અજ્ઞાન ધર્મગુરૂના વચન-થી એક ડાળ પકડયુ તે પકડી રાખે તેવો નહોતો. પોતે જે કઇ કરતો, તે ધર્મના નિયમોને અનુસરતું ને લાભકર્ત્તા છે કે હાનિ કર્ત્તા છે તે તપાસવાની બરોબર સંભાળ લેતો. ધર્મને બ્હાને અનીતિ—અધર્મનું પાખડી પ્રબળ ના વધી પડે ને કાર્ય વ્યવહારમા વિઘ્ન ના આવે તે માટે દીર્ઘ દૃષ્ટિ દોડાવતો હતો. પવિત્ર પ્રાચીન આર્ય ધર્મપર તેને અસત વિશ્વાસ હતો ને સર્વ ધર્મથી તેને શ્રેષ્ઠ ગણતો હતો. કામમાથી નિવૃત્ત થતા કોઇ વિદ્વાન પુરાણી કે પડિતને બોલાવી તેનુ યથાશક્તિ સન્માન કરી તેના મુખથી ધર્મ-તત્વો જાણતો હતો ને શંકા સમાધાન કરતો હતો. પોતાને કોઇ ગહન બાબત પ્રથમ પ્રયાસે ન સમજાય તે ઉપરથી શાસ્ત્રી કે શા-સ્ત્રને હડધુત કરતો નહિ, પણ પોતાની જ સમજશક્તિ કમી સમ-જતો હતો.

ગુલાબદાસનું કપાળ તેજસ્વી ને ભાગ્યશાળીના ચિન્હ તરીકે વિશાળ હતુ. અવાજ પણ ઘણો ગભીર ને બીહામણો હતો. જ્ઞા-તિમા ગુલાબદાસ એક શેઠીયાની સફમા નોધાયો હતો. નાતની દરેક સભામાં તેની હાજરીની ખાસ જરૂર પડતી હતી. જો કોઇ વખત રોકાણથી નાતની સભામા તે હાજર થઇ શકતો નહિ તો સભા

કંઇ પણ કાર્ય કર્યા વિના મુકતવી રહેતી. તેના કાર્યમા સર્વને વિશ્વાસનુ સ્થાન મળતું હતુ. તેનુ મન જાગ્રુ જોઇને કોઇનું બગાડવા તરફ નહોતુ થતું. તેનામાં ન્યાય ને દયાનો વાસ હતો; નાતના સર્વ તેના પ્રત્યે મનથી જોતા હતા. સ્વજાતિમા કેળવણીનો બ્હોળો પ્રચાર કરવાને તેણે ઘણો જ શ્રમ લીધો હતો ને પોતાના કિંમતી વખતનો ભોગ આપ્યો હતો. પોતાની નાતનાં કેટલાક નવરસ બુઢ્ઢાને સમજાવી કેળવણી ફડમા મોટી મોટી રકમો ભરાવી હતી, ને પોતે પોતાની શકિત મુજબ રકમ ભગી પડેલ કરી હતી. તેના પ્રયાસથી ઘણા જ્ઞાતિબધુઓ કેળવણી લઇ રળી રોટલો ખાતા હતા ને તેને આશિષ આપતા હતા.

ગુલાબદાસ આમ પૈસે ટકે, ઇજત આબરૂ સર્વ વાતે સુખી હતો પણ તેની ઉમ્મર બેતાળીસ વર્ષની ને તેની સ્ત્રી પ્રેમકુંવરની ઉમ્મર છત્રીસ વર્ષની થઇ તોપણ તેમને સતાનનું મો જોવા વખત આવ્યો નહોતો. ગુલાબદાસના મનમા તે માટે કઇ લાગતું નહોતું પણ પ્રેમકુંવર મનમા તે માટે બળ્યાં કરતી હતી ને પોતાના દુર્ભાગ્ય માટે વિસામણ કરતી હતી. પ્રેમકુવર ગુલાબદાસના ઘરનુ એક રત્ન—નાક હતુ; તે પતિપરાયણ હતી. પતિને પરમેશ્વર સમજી પૂજતી હતી પુત્ર પ્રાપ્તિ માટે જોશી, જતી, જત્રી, મંત્રી કે મેલી વિદ્યાની સગત નહોતી કરતી, પતિના ઉપદેશથી ને પોતે સ્હેજસાજ વાચેલુ હોવાથી તે વ્હેમી વાત પર તેને તદન અશ્રદ્ધા જ હતી, ને તે સર્વ ભોળી બેવકુફ ને મૂર્ખ સ્ત્રીઓને ઠગવાની યુક્તિ સિવાય બીજુ કંઇ જ તેને જણાતું નહોતુ. સતાન થતુ કર્માધિન છે એમ તેના મનમાં દઢ હતુ, આથી પતિને તે માટે કંઇ પણ કહી તેનું મન દુખવતી નહોતી.

પોતાને મોટી ઉમર સુધી સીમંત નહિ આવવાથી તેં દરેન પ્રમદાએ એક બે વખત પતિને બીજી પત્ની કરવા કહ્યું હતુ પણ ગુલાબદાસે નશીબમાં હશે તો તેનાથી જ સંતાન થશે એમ જણાવી સંતોષ પકડ્યો હતો

પ્રેમકુંવરનુ શરીર પ્રચંડ ને નિરોગી હતુ સતતી નહિ થવાથી યુવાવસ્થાનો બાધો જળવાઇ રહ્યો હતો. પુત્ર વચ્ચના ધર્મ કાર્યથી પૂર્ણ થશે એમ તે ધારતી હતી, કારણ પુત્ર પ્રાપ્તિમા વિઘ્નરૂપે નડતા ગયા જન્મનાં અઘોર પાપો પણ ધર્મ-દેવ કાર્યથી નિવારણ થઈ શકે છે એમ તે બુદ્ધિશાળી સમજતી હતી આથી પતિસેવામા તથા દેવસેવામાં સદૈવ મચી રહેતી હતી.

પ્રાતકાળે ચારના ટકોરે તે ઉઠી પતિદર્શન કરી હરિના ગુણ ગાતી ન્હાઈ ધોઇને દેવસેવા તથા ગીતાનો પાઠ કરવા બેસતી, તેમાંથી લગભગ સાત વાગે નિવૃત્ત થતી હતી. પછી જાગેલા પતિ માટે દાતણ પાણી નાવણ ધોવણની સામગ્રી તૈયાર કરી દેતી. ચાહ પણ પોતે જ તૈયાર કરી પતિને આપતી હતી, જો કે ઘરમાં ચાકર હતા પણ પતિસેવાનુ કાર્ય ભાડુતી નોકરોના હાથમાં સોપતી નહિ. સાધુ સત સન્યાસિ બ્રાહ્મણનુ આતિથ્ય કર્યા પછી અને પતિને જમાડયા પાછી પોતે ભોજન કરતી. ભોજન પછી બે કલાક સ્હેજ આરામ લઈ ઘરમાં ભરવા ગુંથવા વીણવા ચુંટવા વિગેરે કામ હોય, અગર કાંઇ સળતુ ડળતું હોય તે ઉપર લક્ષ દઇ ગૃહરાજ ઉત્તમ પ્રકારે કરકસરથી ચલાવતી હતી.

સાંજના દેવ દર્શનેથી આવી રાતના વાળુની તજવીજ કરતી ને તેમાંથી પરવાર્યા પછી પતિ પાસે અગર શાસ્ત્રી પંડિત પધાર્યા હોય તો તેમની પાસે બેસી ધર્મ તત્વો એક ચિત્તે શ્રવણ કરતી.

તે પતિને સદા પ્રસન્ન રાખવા માટે પ્રાણુ સમર્પણુ કરવા ઇચ્છતી નહોતી આ પ્રમાણે દમ્પતી સુખ ચેનમા કાળ નિર્ગમન કરતા હતા. કદી કલેશ કે મનસનુ ઉભયને સ્વપ્ન સરખુએ આવતુ નહોતુ

પવિત્ર પ્રેમકુંવરની સ્તુતિ આખર દીનબંધુએ સાભળી પ્રેમ કુંવરને સાડત્રિસ વર્ષે પુત્રરત્ન પ્રસવ્યુ ઉતરાવસ્થામા વાઝિયામ્હેણુ ટળવાથી પતિ પત્ની હરખથી ઉભરાઇ ગયા ને પ્રભુનો પાડ માનવા લાગ્યા શુકલ પક્ષના શશિ માફક પુત્ર સોળે કળામા ખીલવા લાગ્યો પુત્રનુ નામ રાશિ પ્રમાણે રણછોડદાસ પાડ્યુ. રણછોડદાસ શરીરે ઘણો જ સોહામણો ને રૂપાળો હતો, કાલા કાલા બોલથી માતા પિતાને ઘણો જ પ્રિય થઇ પડ્યો હતો, તે આધળાની આરસી ને બહેરાનો કાન હતો. પુત્ર ચાર વર્ષનો થતાં પ્રેમકુવરે તેને જેમાઇ મહેતાજીની નિશાળમા મૂકવા પતિને જણાવ્યુ, પણ ગુલાબદાસનો વિચાર ચાર વર્ષના બાળકને મહેતાજીના કેદખાનામા મૂકવાનો નહોતો, કારણ તે સારી રીતે સમજતો હતો કે બાળકને ઘણી જ કુમળી વયમા શાળામા મૂકવાથી તેની માનસિક શક્તિ તદન બહેર મારી જાય છે.

નાનપણમાં બાળકને કોઈ પણ પ્રકારની ચિન્તાથી મોકળું રાખવાથી તેના મન અને તનની શક્તિ વધારે ખીલે છે—મજબૂત થાય છે. બાળક છૂટથી પોતાના બાળસ્નેહીની સાથે રમવા કૂદવા ને હરવા ફરવાથી ઘણા જ ઉત્તમ બાંધાનુ સશક્ત ને બુદ્ધિમાં ચઢીઆતુ થાય છે. કુમળા બાળકને જેભાઇ પંડ્યાના હવા અજવાળા વિનાના ગંદા કેદખાનામા દિવસના છ કલાક ગોંધી રાખવાથી તે સોરીને કેવુ સોસાઇ જાય તે સર્વનું ગુલાબદાસને પૂરતું જ્ઞાન હતુ ને તે તેણે પ્રેમકુંવરના મગજમાં ઘણો જ સભાળથી ઉતાર્યું. આખર રણછોડદાસ છ વર્ષનો પૂરો થતાં તેને મ્યુનિસીપાલ સ્કૂલમાં ભણવા

મૂકયો. રણછોડદાસ દરેક પરીક્ષામાં ઉપલે નંબરે ફતેહમંદ થવા લાગ્યો ગુજરાતી પાચ ચોપડી પૂરી થતાં તેને ઇંગ્રેજી સ્કુલમાં મૂકયો ત્યાં પણ પોતાની પ્રથમની કીર્તિ તેણે જાળવી રાખી, એમ કરતા ભાઇ સોળ વર્ષના થયા.

ગુલાબદાસના શરીરમા હવે ચિન્તાએ પ્રવેશ કર્યો. પોતાની એક મિલ તો ફડચામાં ગઇ, ને હજારના શેરના દોઢસો જ રૂપિયા હાથમા આવ્યા. બીજીનો ભાવ બારસો ઉપરથી ઉતરીને નવસો બોલાયો, કારણ પરદેશમાં પોતાની મિલના માલનુ પોષણ બંધ પડ્યુ તથા ભાવ મોં માગ્યો ઉપજતો નહોતો. આગળ શેરના ભાવ કેટલા ઘટી જશે તેની તેને વિમાસણ થવા લાગી ને મુખપર દિલગીરી છવાઇ ગઇ; ઘરમાં પ્રથમના જેવો જીવ રહેવા લાગ્યો નહિ મિલની સ્થિતિ કેવી રીતે સુધારવી ને માલ કેવી રીતે ઉત્તમ કાઢવો તે જ વાત રાત દિવસ તેના મનમા રમતી હતી. પ્રેમકુવર પતિની મુખકળા ઉપરથી પતિ હાલ કોઇ ઉંડા વિચારમા રહે છે એમ સમજી ગઇ. પતિને તે માટે બે ત્રણ વખત પૂછ્યુ પણ પુરૂષ કરતાં સ્ત્રીને હર્ષ શોકની અસર જલ્દી ને વધારે થાય છે એમ સમજી ગુલાબદાસે ખરી વાત છૂપાવીને ભળતો જવાબ આપી પત્નીના મનનુ સમાધાન કર્યું.

તેની જ્ઞાતિમાં તે વખતે પૈસે ટકે ને આબરૂમાં ગુલાબદાસનો એક પ્રતિસ્પર્ધી માધવદાસ હતો, તેને એક કન્યા ને એક પુત્ર હતા. કન્યાનું નામ સરસ્વતી હતુ સરસ્વતી ને રણછોડદાસની ઉમ્મર વચ્ચે ચાર વર્ષનો ફેર હતો બાર વર્ષની સરસ્વતી ગુજરાતી સાતમી ચોપડી ને સાથે ઇંગ્રેજી ત્રીજી ચોપડી શીખતી હતી. સરસ્વતીમાં નામ પ્રમાણે સર્વ ગુણ હતા. સરસ્વતી ઉપર પ્રેમકુંવરની નજર ઠરી હતી

ને તેની સાથે પુત્રનો વિવાહ કરવા પતિને વારંવાર કહેતી હતી. પણ ગુલાબદાસ તે વાત ઉડાવ્યા જ કરતો હતો. માધવદાસની પત્ની પણ સરસ્વતીનો વિવાહ રણછોડદાસ સાથે કરવાને પતિને ઉશ્કેરતી હતી પણ માધવદાસની ઉંઘ ઉડતી નહોતી. એમ કરતા આખર બન્નેના માતાઓએ જ વિવાહ નક્કી કરી પતિને જણાવ્યું, માધવદાસ ને ગુલાબદાસ વચ્ચે મિત્રતાનો સબંધ હતો તેથી તેઓએ પણ તે વાત માન્ય કરી ને નાતમાં વાત ઉઘાડી પાડી પેંડા વહેચ્યા.

વિવાહ પછી બીજે વર્ષે મોટી ધામધુમથી રણછોડદાસના સરસ્વતી સાથે લગ્ન થયાં. ગુલાબદાસને ત્યા નાચપાર્ટી વિગેરેમા હિંદુ, ઇંગ્રેજ, પારસી ને મહોમેડન ગૃહસ્થો, ને મોટા અધિકારીઓને આમંત્રણ કર્યાં. લગ્નમા ગુલાબદાસે સારો ખર્ચ કર્યો જો કે આ વખતે તેની સ્થિતિ ઘણી જ બારીક થઇ પડી હતી પણ પૂર્વની માન પ્રતિષ્ઠામા ખલેલ ન આવે ને પોતાનો ભરમ ખુલ્લો ન પડે તેની તેણે બહુ જ સભાળ રાખી હતી. આખી ઉમ્મરમા પોતાને ત્યા કોઇ પણ ટાણું નહિ આવેલું હોવાથી તેમ જ આ પોતાની જીંદગીમાં ઘેર છેલ્લો અવસર હોવાથી ગુલાબદાસે જીવ ઘણો જ બહોળો મૂકયો હતો. લખલૂટ ખર્ચ કરતાં તેનુ મન બહુ જ કચવાતુ હતુ પણ લપડાક મારી મોં રાતુ રાખ્યા સિવાય છૂટકો નહોતો. કારભારી પણ સાથે ખીસાભરૂ ને ઉદાર હતો એટલે જયાં એક જોઇએ ત્યાં દોઢ રૂપિયો વપરાતો ને ખર્ચમા બે લખાતા. ગુલાબદાસની નાતમાં ને ગામમાં વાહવા બોલાઇ, લગ્ન પૂર્ણ થયાં ને માંડવો છૂટયો. લગ્નમાં રૂપિયા વિસ હજારનો ધુમાડો થઇ ગયો ને ખોટમાં ખોટ વધી.

કુદરતની ગતિ અકળ છે. કોઇની એક સરખી સ્થિતિ કદી નભી નથી ને નભતી નથી આજે રંક હોય તે કાલે રાજા થાય છે દશાને ફરતા વિલંબ લાગતો નથી, મેઘધનુષ્યના રંગ પ્રમાણે દશા વિવિધ પ્રકારના રગ ધારણ કરે છે. દશાનુ કમળ પ્રભાતે ખીલે છે ને સંધ્યા સમયે કરમાય છે શ્રાવણની ભરેલી વાદળી માફક દશાવાદળી ભરાય છે ને ઠલવાય છે, દશાચક્ર પૃથ્વીના પડ માફક સદૈવ ફર્યા જ કરેછે, તેનાં વાજાં ગુપ્ત છે. તે કયા સ્વરૂપમાં પ્રત્યક્ષ થશે તેની અગાઉથી ખબર પડતી નથી. અસ્તોદયને સૂર્ય સરખા મહા બળવાન ને તેજસ્વી યોદ્ધાને આધિન થવું પડે છે તો મનુષ્ય કોણ માત્ર ?

" સહુ નાચે દશા કેરે દાવે,
ચઢતી પડતીના વારા ફરતા રગો,
એ દુનિયા બધીને બતાવે રે, સહુ—
મૂર્ખ ધરે અભિમાન પણ,, અજબ દશાનું કામ,
કાબે અર્જુન લુટીઓ, એહી ધનુષ્ય એહી બાણ;
એ મેડકને હાથે ભૂજંગને દબાવે, સહુ. "

ગુલાબદાસને પણ દશાને આધિન હવે થવુ પડયુ. શેરના ભાવ તદન બેસી ગયા. પોતાની વૃદ્ધાવસ્થા થવાથી કામમાં બરોબર લક્ષ દેવાતુ નહોતુ તેમજ વચમા વળી લગ્નની ગરબડ આવી તેથી માણસો બેફીકરાઇથી કામ કરવા લાગ્યાં. મેનચેસ્ટરની મીલમાંથી આણેલો પ્રથમનો પોતાનો કાબેલ મિલ મેનેજર ગુજરી ગયો ને તેની જગાપર બીજો મેનેજર આવ્યો પણ તે વગર અનુભવી હતો. માલ તદન હલકા પ્રકારનો નીકળવા લાગ્યો રંગ માસ્તર પણ બદલાઇ ગયો. પડતી આવે છે ત્યારે સર્વ બાજુથી સામટી આવે

છે. તેની મિલના જેવો જ માલ કાઢનાર બીજા હરીફો પણ જાગ્યા ને તેઓ ઘણા જ સસ્તા ભાવે માલ વેચવા લાગ્યા એટલે તેની મિલની ખપત બંધ પડી, તેની અસર એટલે સુધી થઇ કે બે વરસમાં ભાવ સાડી ત્રણુસો થઇ ગયો ને હજી પણ ભાવમાં મંદી થવાનો સંભવ લાગવા માંડયો. મિલની સ્થિતિ તદન ખરાબ થઇ ગઇ. આખર ગુલાબદાસે કંટાળી પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું ને કંપની ફડચામાં ગઇ, તેમાં તે તદન પાયમાલ થઈ ગયો, હજાર-ના ફક્ત બસોજ હાથમાં આવ્યા. લાગેલી નુકશાની માટે દમ્પતી ઘણોજ પસ્તાવો કરવા લાગ્યા, લગ્નમાં આંખ મીચી વગર વિચારે કરેલા ખર્ચ માટે અફસોસ કરવા લાગ્યાં, પણ તે પસ્તાવો હવે વ્યર્થ હતો.

ગુલાબદાસ કરતાં ખોટની અસર પ્રેમકુવર ઉપર ઘણી જ વધારે થઇ, તેનું શરીર દુર્બલ થતુ ગયુ.

રણછોડદાસ સત્તર વર્ષનો થતા મેટ્રીકયુલેશનની પરીક્ષામા પસાર થયો હતો ને ગૃહસંસારની વીકટ પરીક્ષાનો અભ્યાસ તેણે શરૂ કર્યો હતો.

સરસ્વતીના શરીરનો વર્ણ ફૂલ ગુલાબી હતો, તે શરીરે એ-વડા બાંધાની હતી. તે કદમાં બીજી સ્ત્રીઓના જેવી વામણી નહોતી તેથી વધારે સોહામણી જણાતી હતી. તેની આંખો ચંચળ ને ચકોર હતી; કંઠ રહેજ જાડો પણ મીઠાશથી ભરેલો હતો. તે સ્વભાવે સદા આનંદી હતી.

સરસ્વતીએ કેળવણીને સાસરામાં આવી એક બે વર્ષમાં બરોબર કેળવી ને તેને વ્યવહારૂપયોગમાં લઇ સફળ કરી. સાસરામાં જતાંવાર જ વૃદ્ધ સાસુનુ શરીર જોઇ મનમાં સુજ્ઞ ચતુર

બાળા મુઝાવા લાગી ને ગૃહકાર્યનો સર્વ બેજો પોતાના શીરપર ઉપાડી લેવા માંડયો.

સાસુની શારીરિક દુર્બલતાને લીધે સરસ્વતીએ નાની વયમાં ગૃહમંત્રિનું ગહન કાર્ય બજાવવા માંડયું. સર્વના જુદા જુદા સ્વભાવને અનુકુળ પોતાનો સ્વભાવ કરવામાં તથા તેમને પ્રિય કામ પોતે એકલે હાથે કરવામાં ગુણીઅલ સરસ્વતીને યુવાનીમાં ભોગવિલાસનો ત્યાગ કરવો પડયો. તેણે સહનશીલતા ને સુશીલતાની સારી સોબત શોધી હતી.

સાસુ સસરાને સગાં માબાપ જેવાં ગણી મોટા માનથી તેમના પ્રતિ તે જોતી હતી. શ્વશુર ગૃહના સુખ દુઃખમાં પોતાનું સુખ દુ.ખ સમાયલુ તે શાણી સમજતી હતી.

રાજતંત્રના જેટલુ જ ગૃહતંત્રનુ કાર્ય વિકટ છે, રાજમંત્રિના જેટલી જ ગૃહિણીની બુદ્ધિ ગૃહતંત્ર ચલાવવામાં વિશાળ જોઈએ છીએ રાજમંત્રિની માફક ગૃહિણીમાં દીર્ઘદૃષ્ટિ, સહનશીલતા, પરમાર્થવૃત્તિ, આત્મભોગ ને ઉદ્યોગની જરૂર છે, માટે જે કામ ઘરની સ્ત્રીનુ છે તે ભાડુતી નોકરોથી થવાનું નથી.

ઘરના માણસના મનમાં પોતાને માટે કદી ખોટો અભિપ્રાય ના બેસે તે માટે સરસ્વતી બહુ જ સાવચેત રહેતી હતી; પોતાનામાં સર્વ પ્રકારની આવડ છે ને પોતે ગૃહકાર્ય ચલાવવાને લાયક નીવડી છે તે ફાંકાથી ફૂલાઇ જઈ, સાસુ સસરાને તુચ્છ ગણતી નહોતી. 'હુ આ કરૂછુ કે ફલાણીથી મે આ સારૂં કર્યું છે' એવું ગુમાન તેના મનમાં કદી નહોતુ ભરાતુ. પોતે જે કાંઇ કરતી તેમાં વૃદ્ધની સંમતી પહેલી લેતી, કોઇ બાબતમાં મતભેદ પડતો ને સામાનો વિચાર ખોટો

કે હાનીકારક જણાય તો યુક્તિ પ્રયુક્તિ ને જીભની મીઠાશથી સામાના વિચારને પ્રથમ પોતાના વિચાર તરફ વાળી, સામાનું મન પ્રસન્ન કરી, પછી તે કામ પોતે કરતી. " તમે શું સમજો ? તમને આ નથી આવડતું, તમારૂં તદન ખોટું છે, તમારામાં અક્કલ નથી " એવાં હલકાં વેણ તે ઉચ્ચ ગૃહિણીના મુખમાંથી કદી પણ ખરતાં નહોતાં.

સર્વ જાગ્યા પહેલાં સવારમાં પોતે જાગી પતિ-મુખ દર્શન કરી નિદ્રાધીન પતિને નહિ જગાડતા ગુપચુપ મોટા ખંડમા આવતી. બંબામા કોલસા નાંખી પાણી ગરમ મુકી દાતણ પાણી વગેરે કરી ન્હાઇ ધોઇ શુદ્ધ થઇ પાઠ પૂજા કરવા બેસતી. એક કલાકમા એક ચિત્તે શુદ્ધ વૃત્તિથી પોતાનું દેવકાર્ય પરવારી ભોજન કાર્યમા પ્રવૃત્ત થતી હતી.

ગુલાબદાસના ઘરની પૂર્વની જાહોજલાલી બદલાઇ ગઇ હતી. પ્રથમનો દોર દમામ તથા સાહ્યબી વહી ગયાં હતાં. પૈસે ઘર ખાલી થઇ ગયુ હતું પણ થોડા વખતથી ઉત્તમ પુત્ર-વધુના પુણ્ય બળે ઘર સતેજ થવા લાગ્યુ હતું.

સરસ્વતી કામમાંથી આખો દિવસ નિવૃત્ત થતી નહિ. રાત્રે સર્વને સુવાડી પોતાને સાડા દસ વાગ્યે સુવાનો સમય આવતો પણ તે માટે મોટા મનની મનહર મેના લેશ માત્ર મનમા લાવતી નહિ. રાત્રે પતિસેવામાં હસ્તે વદને જઇ પતિને પ્રસન્ન રાખવા તથા તેનો પ્રેમ જીતવા તે બનતું કરતી. પતિ પાસે પોતાને કરવા પડતા ગદ્ધાવૈતરાનુ ભાગવત ઉકેલી પતિને કંટાળો કદી આપતી નહોતી. રણછોડદાસ કેટલીક વખત પોતાની પ્રિય પત્નીને કરવા પડતા હદ ઉપરાંત કામ માટે બળાપો કરતો પણ તે ચતુરા તે વાતનો પ્રસગ

કોઈ રીતે ફેરવી નાંખવા ચુકતી નહિ. પોતે જે કાંઈ કરે છે તે પોતાની ફરજથી વધારે નથી એવો જ પતિને જવાબ તે આપતી. પતિ પત્ની ઉભય કેળવણીનાં સંસ્કારી હોવાથી હાસ્યવિનોદ ટોળ ટપ્પા ને શૃંગારીક તથા નીતિની કાવ્ય પ્રસાદી એક બીજાને ચખાડી પૂર્ણ આનંદમાં રજની ગુજારતાં હતાં, પતિથી પોતે અક્કલ હોશિયારીમાં ચઢતી છે એવું કોઇ પણ પ્રસંગે દેખાડવા સરસ્વતી પ્રયત્ન નહોતી કરતી. રણછોડદાસ કેટલીક વખતે ભૂલ કરતો હતો પણ તે ભૂલ પતિને હસતાં રમતા સમજાવી પતિનો ખરા અંતકરણનો પ્રેમ તેણે જીતી લીધો હતો.

રણછોડદાસને ધર્મક્રિયા ઉપર વિશેષ શ્રદ્ધા નહોતી, તેનામા સુધારાના સંસ્કારોએ મૂળ નાંખ્યાં હતાં. હાઇ સ્કુલમાથી પોતાના પરધર્મી ગોઠીઆનુ ધર્મની બાબતમા અનુકરણ કરતાં તે શીખ્યો હતો. પથ્થર કે ધાતુની પ્રતિમાને દેવ માની તેની સેવા કરવી તે વાતને તદન હસી કાઢતો હતો પાઠ પૂજાનુ ધતિગ તેને મુદ્દલ પસંદ નહોતુ; પણ પોતાનો સુધારો વ્યવહારમાં મૂકવા માટે હજી તે સ્વતંત્ર નહોતો. ઘરમાં માબાપની વાઘ જેવી તેને બ્હીક હતી. તેમના એક હોકારાની સાથે તે થથરી જતો ને શીયાળ સરખો બની જતો ઘરમાં માતપિતા જાગતા જોરાવર હોવાથી તેનો રોફ નહોતો પડતો, પણ સરસ્વતી પતિના દરેક બોલને મોટા માનથી ઉચકી લેતી હતી ને પતિને માથાના મુગટ તરીકે ગણી તેનાથી સદા ડૂબતી રહેતી હતી. પતિથી પોતે ડાહી દેખાડવાનો ડોળ નહોતી રાખતી. પોતાના સાસુ સસરા પાસે પતિની ભૂલો જણાવી તેને હલકો પાડી પોતાની

મહત્તા વધારવા ઇચ્છતી નહોતી. ટુંકમાં સરસ્વતી સાસુ સસરા તથા પતિની માનીતી થઇ પડી.

સારાંનાં પગલાંથી સદા સારૂં જ થાય છે. સારાં નઠારાંનાં પગલાંનો જુનો વહેમ સરસ્વતીની બાબતમાં ખરો નીવડયો.

સરસ્વતી સાસરે આવ્યા પછી બીજે વર્ષે ગુલાબદાસ લક્ષ્મી મિલમાં રૂનો મુકાદમ થયો. તે વખતે લક્ષ્મી મિલનુ કામ ધમધોકાર ચાલતુ હતુ. જુનો મુકાદમ અસતાન ગુજરી ગયો પણ મરતાં તેણે કરેલી ભલામણથી ગુલાબદાસને મુકાદમી મળી ગઈ. ગુલાબદાસ રૂની ખરીદી ને પરીક્ષામાં ઘણુજ ઉત્તમ પ્રતિનુ જ્ઞાન ધરાવતો હતો જેથી પોતાના નવા ધંધામાં તરત દીપી ઉઠયો. મિલના માલેકોને તેની ખરીદી સસ્તી ને સારી જણાઈ ને તેની અસર મિલના શેર ઉપર થઇ. સર્વ મિલો કરતા લક્ષ્મી મિલ રૂની ખરીદીમા ફાયદો કરવા લાગી. વર્ષ દોઢ વર્ષમા ગુલાબદાસ લક્ષ્મી મિલનો જમણો હાથ થઇ પડયો. દરેક બાબતમાં તેની સંમતી લેવાવા માંડી ને ગુલાબદાસની રંક સ્થિતિ તદન ટુક મુદ્દામા ફરી ગઇ.

ગુલાબદાસ તથા પ્રેમકુવર આ બનાવ સરસ્વતીનાં પગલાને જ આભારી સમજતાં હતા ને તેથી તેના પગલા ઘરમાં કુમકુમથી પુજાવા લાગ્યાં. બાળક સરસ્વતી વૃદ્ધ સાસુ સસરાના સુખનુ પાન થઇ ગઇ. હવે સરસ્વતીને સુખનો સમય આવ્યો. સુખ દેખી ફુલઇ જાય તેવી તે નહોતી. પહેલા તે જેટલુ કામ કરતી તેમા તેણે કાંઇ પણ ફેરફાર કરવા યોગ્ય ધાર્યુ નહિ. સુખનો દિવસ દુ ખમાં વૃથા ગાળવા માટે પ્રેમકુવર તેને બહુ બહુ કહેવા લાગી પણ સરસ્વતીએ પોતાનું કાર્ય જડ બુદ્ધિના નોકરોના હાથમા સોપ્યુ નહિ, ફક્ત ભટ

ચાકરથી થાય તેવું સખત મહેનતનું વૈતરૂં જ સાસુના અત્યાગ્રહથી નોકરોના હાથમાં સોંપ્યુ, પણ તે ઉપર પોતાની દેખરેખ રાખવાનું લાકડું તો સાથે ખોસી જ દીધુ, એટલે ઘરમાં થતુ નાનું યા મોટું દરેક કામ તેની સંમતી ને જાણ બહાર થતું નહિ.

ગુલાબદાસના ભાગ્યનો ભાનુ લક્ષ્મી મિલમાં મધ્યાન્હ સમયે હવે પૂર્ણ તપતો હતો. જમાનાનો ખાધેલો વૃદ્ધ આવી અણુમોલી તક પાણીના રેલા માફક વૃથા ગુમાવે તેવો નહતો. રણછોડદાસ પ્રિવીયસમાં બીજું વર્ષ હતો તેને પોતાને જ હાથે પોતાના ધંધામા માહિતગાર કરવા યોગ્ય વિચાર્યું. રણછોડદાસને કોલેજમાથી ઉઠાડી લીધો ને રોજ પોતાની સાથે મિલમાં તથા કોલાબે ખરીદી ઉપર લઇ જવા લાગ્યો. રણછોડદાસ પિતાના જેટલી જ તીવ્ર બુદ્ધિનો હતો પણ સામાની દૃષ્ટિમાં તેનો સ્વભાવ ઉછાછળો લાગતો હતો. ઉંડો વિચાર કર્યા વિના ચોક્કસ ઠરાવ ઉપર તે આવી જતો પણ ગુલાબદાસના દાબ, શીખામણ તથા પરિચયથી બાપીકા ધધામા તે થોડા વખતમાં પ્રવિણ થઇ ગયો.

રાત્રે ઘેર આવ્યા પછી પત્ની પાસે રણછોડદાસ પોતાના કામની વારંવાર બડાઇ મારતો હતો ને પોતાને હાથે થયેલી ખરીદીથી મિલને થતા લાભ વિષે આનંદમાં છલકાતો પોતાના ગુણની પ્રશસા કરતો હતો. સરસ્વતિને પતિની આ કુટેવ માટે અણગમો લાગતો પણ પતિને માઠું લાગે અગર તેનુ માન પોતાની પાસે ખંડિત થાય તેવું કદી પણ બોલતી નહિ. કેટલેક પ્રસગે વૃદ્ધ વડિલની હુશિયારી તથા બુદ્ધિનું પતિ પાસે પુખ્તુ વિવેચન કરી પતિને મોઢે જ વડિલ કરતા ગુણ આવડત, અકલ હોશિયારી ને

અનુભવમાં પોને હજી ઘણો જ ઉતરનો હોવાનું કબૂલ કરાવતી હતી.

રણછોડદાસ બાપીકા ધંધામા સ્વતંત્રપણે સરળ રીતે કામ કરવાને નિપૂણ થયો ગુલાબદાસનુ શરીર હવે ચાલતું નહોતું તેથી પોતાની જગાપર મિલના ડાયરેકટર, મેનેજર વિગેરેને ભલામણ કરી પોતાના જીવતા જ પુત્રને કાયમ કરાવી દીધો ને પોતે ઇશ્વિર ભજનમાં કાળ નિર્ગમન કરવા લાગ્યો. રણછોડદાસ ચીલે પડેલુ ગાડું બરોબર ચલાવવા લાગ્યો. પિતાને પુત્રના કામથી વૃદ્ધાવસ્થામા સતોષ થયો. ગુલાબદાસ હવે પોતાના દેહનુ સાર્થક કરવા લાગ્યો. આખો દિવસ રામાયણ, મહાભારત, વિગેરે ગ્રથો પોતાની પ્રેમાળ પત્ની પાસે બેસી વાચવા લાગ્યો; સાંજે પાંચના સુમારે શાસ્ત્રી મહારાજ પાસેથી ગીતારહસ્ય સમજવા લાગ્યો ને સંસારની મોહજાળમાથી મન ભગવદ્ ભજનમા પરોવ્યુ. સરસ્વતી ઉપર ગુલાબદાસને સપૂર્ણ વિશ્વાસ હતો ને તેની બેડીમાં પડેલો પોતાનો પુત્ર કદી પણ અનીતિને રસ્તે ચાલનાર નથી એમ તેની પકી ખાતરી હોવાથી પુત્રના કાર્યમા તેણે લક્ષ દેવુ હવે નદન છોડી દીધુ. રણછોડદાસને થોડો ઘણો પાશ્ચાત્ય સુધારાનો પવન લાગ્યો હતો ને તે વાત ગુલાબદાસ જાણતો હતો પણ ધીમે ધીમે ઉત્તમ કુળવધૂના પ્રભાવથી પુત્ર પ્રાચીન આર્ય રૂઢીને અનુસરશે એમ મનમા દૃઢ આસ્થા હતી.

ઇશ્વિરની કળા અકળિત છે. મનુષ્યને તે જે બુદ્ધિ સૂઝાડે છે તે તેને સદા લાભકર્ત્તા જ હોય છે. ગુલાબદાસે વાનપ્રસ્થ ધમ ગૃહણ કર્યો તે સારૂજ થયુ. ગુલાબદાસ મિલમાંથી મુક્ત થયા પછી દસ મહિને તાવના રોગથી આજારી પડયો. તાવની સાથે ઉધરસનું

જોર પણ વધી પડયું. ઘણા ઘણા ઇંગ્રેજ ને દેશી દાક્તરો, વૈદ્યો ને હકીમોના ઉપચાર કર્યા પણ કોઇના ઔષધની ટાકી લાગી નહિ. જ્યાં કાળ આવી પહોંચ્યો ત્યાં કોઇનુ કશું ચાલતું નથી. જીવ ટકાવવાના નવાણું ઉપાય છે પણ સોમો ઉપાય માણસ પામે નથી. જીવનદોરીની અવધી આવી રહી ત્યારે તે લંબાવવા કોઇ પણ સમર્થ નથી. જો એમ હોય તો વૈદ્ય દાક્તરનાં રાંડત મરત નહિ. ગુલાબદાસના બચવાની સર્વેએ આશા મૂકી. સરસ્વતી સાસુની સાથે રહી સસરાની ખરા ભાવે સારવાર કરવા લાગી. શરીર જીર્ણ થવાથી પ્રેમકુંવરથી ઘરમાં ઝટ ફરી વળાતું નહિ, પણ સરસ્વતીની હોશિયારીથી સર્વ નિયમાનુસાર ઘરમાં ચાલતુ હતું. દાક્તરના કહેવા પ્રમાણે સસરાને દવા ને ખાવાપીવાનું વખતસર આપવાનું કામ ઘરના ચાલુ કામની સાથે સ્હેજ પણ મોડું વહેલું થયા વિના તે કરી નાંખતી હતી. ગુલાબદાસને જોવા આવનાર નાતના લોકોને યોગ્ય સત્કાર આપવાનું કામ પણ પોતે બજાવવાને ચૂકતી નહિ. અંગ મહેનતનું કામ પોતે કરી વગર મહેનતે મોટાઈ લેવાનું કામ સાસુ માટે તે રહેવા દેતી, ને ઘરની કળા ન પડે તે માટે બહુજ સંભાળ રાખતી હતી.

મોટાના ઘરનો મંદવાડ એટલે જોવા આવનારની ધમાલ આખો દિવસ ચાલુ રહેતી હતી. પ્રેમકુંવર સદા પતિની પથારી પાસે જ બેસી રહેતી ને તેને જોયતુ કરતું સરસ્વતી લાવી હાજર કરી આપતી હતી. બહારનાં માણસો સાથે ઘરનો ધંધો મૂકી ગામ ગપાટા કે પરનિંદા કરવા કદી પણ તે બેસતી નહિ. પણ સામાના મનમાં પોતે

અતડી દરે એવું કદી બનવા દેતી નહિ. પોતાની ઉત્તમ પ્રકારની થતી સારવાર માટે ગુલાબદાસ સરસ્વતીને બહુ બહુ આશિષ દેતો હતો. રણછોડદાસ તો ધંધાર્થી માણસ એટલે તેને રાતના આઠ વાગ્યા સિવાય પાણી પીવાની મુદ્દલ ફુરસદ મળતી નહોતી. આખર ગુલાબદાસની ઘડીઓ ગણાવા લાગી. મરતાં મરતાં ગુલાબદાસે પુત્રને સરસ્વતીની સલાહ પ્રમાણે સદા ચાલવાને સમજાવ્યો ને પુત્રવધૂને પોતાના પુત્રની સંભાળ લેવા મરતા મરતાં કહ્યું. પોતાનો સંસાર સફળ કર્યા માટે પ્રેમકુંવરનો આભાર માની, રામ નામનું રટણ કરતો, મોહ માયાથી ભરેલો આ અસાર સંસાર સદાને માટે છોડી, બીજા, અલૌકિક ને વધારે સુખી ધામમાં ચાલી ગયો, એક ક્ષણમાં હતો નહતો થઇ ગયો, એક ક્ષણમાં સૌભાગ્ય કંકણથી શોભતી પ્રેમકુંવરને વિધવા બનાવતો ગયો ને એક જ ક્ષણમાં આનંદથી ઉભરાતા સુખી ઘરમાં શોક તિમિર નાંખતો ગયો. ગયો! ગયો! તે જમાનાનો ખાધેલ દરેલ ધર્મિષ્ટ મહાત્મા ગયો! માટીમાં માટી મળી ગઈ, પરમાણુમાં પરમાણું ભળી ગયું, ને સ્મશાન ભૂમી રાખથી છવાઇ ગઇ!!

"અજીજો આમ ગયે, અહલે ઇહતિશામ ગયે,
જો આયે આલમે ઇમ્કાંમે, સૌ તમામ ગયે;
મગર જહાંનમેં આના ઉન્હીકા ખુબ હુવા,
જો નેક નામ રહે ઔર નેક નામ ગયે."

—.(o):—

પ્રકરણ ૫ મું.

સરસ્વતીનો સ્વર્ગવાસ.

कस्यै कान्तं सुखमुगतं दुःख मेकान्ततोवा ॥
नीचै र्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥ [१]

મનુષ્ય જીવનમાં સુખ દુઃખનાં દોરડાં આડાં અવળાં ગુંથાયલાં જ છે. દુ.ખ આવે છે ત્યારે એકલું નથી આવતુ પણ સાથે પોતાનુ લશ્કર લાવી મનુષ્ય જીવનપર હુમલો કરે છે.

ગુલાબદાસને ગૂજર્યાંને હજી વરસી તો વીત્યું નથી. તેટલામાં પતિવિયોગથી દુઃખીઆરી વૃદ્ધ પ્રેમકુંવર માંદી પડી. ગુલાબદાસની ઉત્તર ક્રિયામાં રણછોડદાસે બહોળે હાથે નાણું ખરચ્યું હતું, મોટાં ધર્મ ખાતામાં પિતાના નામ ઉપર સારી રકમો ભરી પિતાનું નામ સરસ્વતીની સલાહથી પુત્રે અમર કર્યું હતું. સુખ દુ ખ, ભુખ તરસ, ઉંઘ ઉજાગરા વેઠી સસરાએ સંપાદન કરેલું દ્રવ્ય તેમની પૂઠે સારા ધર્મકાર્યમાં વપરાય ને મરનારનુ નામ સદા માટે સોનેરી હરફે કોતરાઇ જાય તેટલી જ સુજ્ઞ સરસ્વતીની અભિલાષા હતી, રણછોડદાસનું વલણ પરોપકાર કરતાં આત્મ સુખમાં પૈસો

---

૧. કયા જનને નિયત સુખ પ્રાપ્ત થાય છે ? વા નિયતે કરી દુઃખ પ્રાપ્ત થાય છે ? ચક્રના અનીનાક્રમે કરી વાહનના પયડાની પરિધ પેઠે દશા–અવસ્થા પ્રવર્તે છે. (મેઘદૂત).

ખરચવાપર વિશેષ હતું. પ્રેમકુંવરનું મન મરનારની પૂઠે સાધારણ રીતે ઘરની આબરૂ પ્રમાણે જરૂર પૂરતુ જ ખર્ચ કરવાનુ હતુ, પોતાનાં બાળક છોકરાં ભીડમાં આવી પડે તેની તેને ચિંતા હતી, પણ સરસ્વતીના અત્યાગ્રહને લીધે પ્રેમકુંવરે પોતાની દોરી નરમ મૂકી દીધી ને પત્નીનું મોં ન છંડાવાથી રણછોડદાસને પણ તેની ઇચ્છાને આખર આધિન થવુ પડયું. મરનારની તથા પૂઠે રહેલાની નાત જાતમા વાહવા બોલાઇ. નાતના અનાથાશ્રમમાં મરનારને નામે વિસ હજાર રૂપિયાની રકમ મૂકાઇ ને આશ્રમના નામ સાથે મરનારનું નામ જોડાયુ–અમર–થયું. હિંદુ સુવાવડખાનાના ફંડમા દસ હજારની રકમ સરસ્વતીના ખાસ આગ્રહથી ભરાઇ. સરસ્વતીને આ ખાતાની ખાસ જરૂર લાગતી હતી, ઘણી જ હિંદુ સ્ત્રીઓ, પ્રસુતાના બારીક સમયે પૂરતી સ્ત્રી–દાકતરની મદદ સિવાય ને હિંદુ પ્રચાર પ્રમાણે તે સમયે પુરુષ દાકતરની મદદ લેવામા થતા સંકોચને લીધે, દુઃખમાં રીબાઇને સગર્ભા કે મૃતગર્ભને જન્મ આપી મરણને શરણ થાય છે અથવા તો સુવારોગને તાબે થાય છે. પતિએ પોતાની વહાલામાં વહાલી ઇચ્છા પૂર્ણ કર્યા માટે સુજ્ઞ સરસ્વતી પ્રભુ–પાતનો ઘણો જ પાડ માનવા લાગી ને તે ખાતાની ચઢતી થાય તે માટે ખરા અંતઃકરણથી ઇશ્વરને અર્જ ગૂજારવા લાગી.

પ્રેમકુંવરનો મંદવાડ વધી પડયો. ઘરમાં રણછોડદાસની જરૂર જણાવા લાગી, કારણ ઘરમાં બ્રાહ્મણ, ઘાટી ને જુની વફાદાર ફૂલી કરાને ગુજરાત તરફની પટેલ જાતની નોકરડી એટલા જ હતાં. ફૂલી ઘણી જ વફાદાર, પ્રમાણિક ને મહેનતુ હતી. સરસ્વતીનો તે જમણો હાથ હતી. તે બાળવિધવા હતી ને નાની ઉમ્મરમાં

પિયરનું સુખ પરવારી બેઠેલી હોવાથી તેમ જ સાસરીઆં તેને બોલાવતાં નહિ હોવાથી શેઠના ઘરને જ પોતાનું ઘર સમજીને તે રહી હતી. શેઠના સુખ દુ ખમાં પોતાનું ભાગ્ય રહેલું તે સમજતી હતી. ફૂલીની ઉમ્મર હાલ પાંત્રિસ વર્ષની હતી. તે સાતેક વર્ષથી અહી આવી હતી, પણ તેટલી ટુંક મુદતમાં પોતાની અક્કલ હોશિયારી ને ઉદ્યોગ બળે સર્વનો પ્રેમ જીતવામા ભાગ્યશાળી નીવડી હતી. ફૂલી બીજી દાસીઓની માફક બટકબોલી, તોછડી કે તીખા સ્વભાવની નહોતી "કામ સાથે કામ" એ જ તેનો મુખ્ય નિયમ હતો; એકનુ બીજાને ને બીજાનુ ત્રીજાને ખરૂ કે મીઠુ મરચું ભેળવીને કહી ઘરમાં ઘેટા લગડી લગાડવાની તેનામાં કુટેવ મુદ્દલ નહોતી; તેનુ પેટ મહાસાગર જેવુ ગંભીર ને ઉંડું હતુ. પ્રસગે ઘરનુ નાનુ મોટું પોતાની ભૂલ માટે ઠપકો દે તોપણ તે મનમાં રોષ નહોતી ધરતી, પણ તરત તે ઠપકાને માન આપી પોતાની ભૂલ શરમાઇને સુધરી દેતી ને ફરી કદી પણ તેવી ભૂલ થવા દેતી નહિ.

ઘરના કોઇ પણ માણસપર ફૂલી પક્ષપાત નહોતી રાખતી; પોતાને જે કોઇ કામ સોપતું તે પૂરવેગથી તરત બજાવી નાખવા તે આતુર રહેતી હતી. બીજી દાસીઓની માફક યુવાન શેઠાણીનુ કામ પહેલું કરવું ને ખાટલામા સડતાં વૃદ્ધ શેઠાણીનુ કામ ફુરસદ મળ્યેથી ધીરેથી થશે અગર આજે નહિ તો કાલ પરમ દિવસે થશે એમ કદી પણ તે કરતી નહિ. ઘરમાં ભટ ચાકરના કામમા પણ નવરી પડતા માથું ઘાલતી ને તેમને પ્રસન્ન રાખતી; ફૂલીના ગુણ તથા સોજથી ઘરનાં તમામને તે પ્રિય થઇ પડી હતી. ઘરમાં તેને કોઇ નોકરડી તરીકે લેખતું નહોતું. બહારના નવા માણસને તો ફૂલી ઘરના માણસ જેવી જ લાગતી હતી. ફૂલીને કોઇ પણ દિવસે

કોઇને તુચ્છકાર કરવાનો પ્રસંગ આવતો નહિ. ઘણા કાર્યમાં તો સરસ્વતી ને પ્રેમકુંવર તેની સલાહ લેતાં હતાં.

પ્રેમકુંવરના મંદવાડમાં ફૂલીની મદદ સરસ્વતીને ઘણી જ કિંમતી થઇ પડી હતી; તોપણ પતિને ઘરમાં રાખવાની તેને ખાસ આવશ્યકતા જણાતી હતી. એક સમયે શયનગૃહમાં એકાતે બેઠેલા પતિ પાસે જઇ તે નમ્રપણે બોલીઃ– "નાથ ! આ સેવકીની એક વિજ્ઞપ્તિ સ્વીકારશો ?"

"ઘણી ખુશીથી; બોલ પ્રિયે શુ છે ?"

"આપ થોડા દિવસ મિલમાં જવાનું બંધ રાખો તો ?"

"તેમ કરવાનુ કંઇ વિશેષ કારણ ?"

"પૂજ્ય માતાજીનો મદવાડ. બીજુ શુ ? જુઓ, દિવસે દિવસ માતાજીનુ શરીર ઘસાતુ જાય છે ને રોગે ઘર ઘાલ્યુ છે. ઘરમા નાતજાત ને શહેરના ઓળખાણ પીછાનવાળા જોવા આવનારનો દરેડો આખો દિવસ ચાલુ રહે છે. સ્ત્રીઓ ને ઓળખીતા પુરૂષોને તો આવો બેસો કહી યોગ્ય સત્કાર કરૂં છું, પણ કેટલાક જેમને હુ મુદ્દલ ન ઓળખતી હોઉં તેમની તથા કોઈ મોટા પ્રતિષ્ઠીત ગૃહસ્થની સાથે નાને મોંયે બોલતાં સકોચ પામું છુ તમે હાલ ધધે જાઓ છો તેથી જોવા આવનાર સર્વ કચવાય છે ને તમારા માટે કેટલાક હલકું મત બાંધવાને પણ ચૂકતા નથી. પૈસો તો મોડો વહેલો-એ પેદા થશે પણ ગયેલી માતા ફરી મળવાની નથી. માતા, એ સાક્ષાત ગંગાતીર્થ છે તો તેમની જેટલી સેવા ચાકરી કરીશું તેટલું તેમની આશિષથી આપણું કલ્યાણ થશે. હું જો કે આપને આ વાત કહેવાને તદન નાલાયક છુ પણ જયારે બહુ જણના મુખથી તેનું

તેજ સાંભળ્યું ત્યારે અત્યારે ઉઠતાં માતાજી પાસે ફૂલીને બેસાડી અહીં આવી છું આપ ચતુર છો, વિદ્વાન છો, અનુભવી છો ને મા-બાપને ખરા પ્રેમથી ચાહનાર છો. હુ આપની બુદ્ધિ આગળ સદા સાગર પાસે ખાબોચીઆ ને પંડિત પાસે ગમાર જેવી છુ, આપ પુરુષ છો, હુ સ્ત્રી છું; આપ મોટા છો, હુ નાની છુ; આપ મ્હારા શેઠ છો ને હુ આપની રક વગર સમજ્યુ બટક બોલનાર દાસી છુ. મ્હારા દોષ તરફ ના જોશો પણ માતાજીના મંદવાડ તરફ જોજો, વહાલા !"

"સુભાગી ! તુ ખરૂ કહે છે. તુ અક્કલમાં મ્હારાથી કોઇપણ પ્રકારે ઉતરે તેમ નથી. કાચના મોટા કટકા કરતાં બારીક મણિ વધારે પ્રકાસે છે. મ્હારી ભૂલ મને હવે સમજાય છે. સારૂ થયુ કે તે મને વખતસર ચેતાવ્યો, નહિ તો સ્વાર્થાન્ધ હુ માતાજી ગુજરી જાત ત્યાં સુધી ધધો મૂકી તેમની પાસે બેસત નહિ."

"શિરછત્ર ! મેં આપને કઇજ ચેતાવ્યા નથી પણ આપની બુદ્ધિએ જ ચેતાવ્યા છે મ્હારામા કઇ પણ બુદ્ધિ છે જ નહિ, ને કદાચિત રહેજ આપને લાગતી હોય તો તેનુ કારણ આપ પોતેજ છો. આપનાજ સત્સંગથી મ્હારામાં બુદ્ધિએ પ્રવેશ કર્યો છે. વારૂ ત્યારે હવે મિલના કામની શી વ્યવસ્થા કરવા ધારો છો ?"

"પ્રિય બાળા, તેજ મોટા વિચારની વાત છે તો ! હાલના કામ નહિ હોવાથી ખરીદી તદ્દન નહિ જેવીજ ચાલે છે તો એક મહિના માટે મ્હારી જગાપર પેલા સોમચદને સાહેબને કહી મૂકુ એમ લાગે છે તે હોશિયાર છે ને રૂના કામનો પૂર્ણ માહિતગાર છે, સાહેબને પણ તેના ઉપર વિશ્વાસ છે એટલે તેમજ કરવા મને તો યોગ્ય લાગે છે, પછી જેવો તારો વિચાર !"

"જીવનેશ્વર ! ધંધાની બાબતમાં મ્હારો વિચાર શું કામ આવે ? મે કયે દિવસે રૂની ખરીદી કરી છે ને મિલ જોઇ છે કે હું તમને તેમાં સૂચના કરી શકું ? હું ભલી ને મ્હારી આ ઘરની મિલ ભલી "

"એમ બોલી તું હવે છટકવા માગે છે તે છટકાશે નહિ, સમજીને ? રૂની મિલમા દાખલ થયો તે આ ઘરની મિલના પ્રભાવથી જ, માટે બોલ, સોમચંદ વિષે તારો શું અભિપ્રાય છે ? "

" સોમચંદ માટે મ્હારો સારો અભિપ્રાય છે પણ એકદમ તેને સ્વતંત્ર બનાવવો એમ મ્હારો વિચાર નથી, " પેસો દેખી મુનીવર ચળે " " ચેતતા નર સદા સુખી. "

" તું ઠીક દીર્ઘ દૃષ્ટિ દોડાવે છે હો ! ચાલ કાલે જ ઓફીસમા જઇ સર્વ ગોઠવણ કરી નાખું. વારૂ તે તો જાણે ઠીક, પણ હવે માતાજીના શું સમાચાર છે ? એરચશાનો શો અભિપ્રાય છે ''

" એરચશા તો આશા રાખતા નથી, પછી તો ઘરડાનું પુણ્ય ને આપણું નશીબ ! માતાજી દવાના બાટલા પી પીને તો કંટાળી ગયા છે, પણ જયાસુધી શ્વાસ છે ત્યાંસુધી તેમને ઉવાડવાના લોભે મ્હારે તેમને દવા પાવાની બાબતમાં કંટાળો આપવો પડે છે હું શું કરૂં ? મ્હારો કંઇ ઉપાય છે ? "

" ભલાં બીચારા માતાજી ! શું તેમનું હેત ! આહા ! પ્રભુ માતા આપે તો સાતે ભવ તેવી જ આપજે. પણ તેઓ મ્હારે માટે કંઇ બોલે છે કે ? "

" તે તમારી બહુજ દયા ખાય છે ને તમારે શીર પડેલા કામના અસહ્ય બોજા માટે વાત્સલ્ય ભાવથી હાય અફસોસ કરી આસુ પાડે છે. "

' અફ્સોસ ! હુ કેવો કૃતઘ્ની ! કેવો ક્રૂર ! કેવો લોભી ! વૃદ્ધ માતા મરણ સમયે મ્હારા દુખે દાઝી, મ્હારી ચિતા કરી મ્હારે માટે આસુ વહેવરાવે છે ને લોકને મોઢે મ્હારૂ ભલુ બોલી મ્હારી કીર્તિ વધારી મને કમાઉ ને ઉદ્યમી પુત્ર તરીકે જણાવી દુનિયામા મને આગળ પાડે છે ત્યારે મે એ દિવસથી તેનુ મોઢું પણ જોયુ નથી. માતા ! માતા ! સુખની શાતા ! પ્રેમની દાતા ! શુ તારૂ હેત ! સલુણી તેં મ્હારી આખપરથી લોભનો પડદો ખસેડી નાખ્યો છે, મ્હારા ખરા ધન્ય ભાગ્ય કે તારા જેવુ દિવ્ય રત્ન મને મળ્યુ છે ! " છેલ્લુ વાક્ય સરસ્વતીની પ્રતિ તે બોલ્યો.

" પ્રિય પતિ, મ્હારી શુ મશ્કરી કરો છો ? જે કંઇ તમને સારો વિચાર સૂઝયો છે તે સૂઝાડનાર ફકત તમારૂ ભાગ્ય જ છે."

" પણ પ્રિયા, તને એક બીજી વાત જણાવવાની હુ ભૂલી ગયો છુ."

" તે શી વાત છે વળી ? ઘણી જ શોકજનક બાત છે કે શુ?"

" હા ! શું કહું ? "

" વહાલા નાથ ! જે હોય તે ઝટ કહી દો. મ્હારી આતુરતા હવે વધી પડી છે. શું કંઇ અનિષ્ઠ બનાવ બન્યો છે ? "

" હા ! તેવુંજ છે. "

" બોલો, ઝટ બોલો; પ્રભુને ખાતર મને હવે વધારે વખત સંશયમાં ના રાખો."

" આપણે ઓરિયંટલ બેંકમાં જે બાંધી મુદતના અનામત ખાતે રૂપિયા પચાસ હજાર મૂકયા હતા તે રૂપિયા ગયા બેંકે દેવાળું કાઢયું "

" હેં શું ખરી વાત ? " સરસ્વતી આભી પડીને બોલી.

" હા, વહાલી, તદ્દન ખરી જ વાત છે. આજે જ સવારે મને ખબર પડી ને દોડતો બેંકમાં ગયો તો " પેમેન્ટ સ્ટોપ્ડ " નું બોર્ડ ટાંગેલુ જોયુ. "

" અરેરે કેવુ માઠું થયુ ! આપણે કેવા દુર્ભાગી ! આપણને અગાઉથી શુ ખબર પડે કે આવી ધમધોકાર ચાલતી બેંક દેવાળું ફૂકશે "

" કુદરતના ગુપ્ત ભેદ જાણવાને કોઇ સમર્થ નથી સારૂ જાણી મનુષ્ય કરે છે પણ અંતે તે દુઃખદાયી નીવડે છે "

" હાલ જ્યારે આપણો હાથ ભીડમા છે ત્યારે દુષ્કાળમા અધિક માસ જેવુ થયુ. નુકશાની લાગી ત્યારે બેચાર જગાએથી સામટી લાગી ! આપણી સ્થિતિ કેવી કફોડી થઇ પડશે ? "

" ખેર ! પ્રભુને જે ગમ્યુ તે ખરૂ ! પિતાની પૂંઠે ક્રિયા-ખર્ચમાં આગળનો સ્હેજ વિચાર કર્યો હોત તો આ વિમાસણનો સમય ન આવત. "

" તમારી મરજી ઉપરાંત વધારે ખર્ચના ખાડામાં મેં જ અ ભાગણીએ તમને ઉતાર્યા. સર્વ દોષને હુ જ પાત્ર છુ વહાલા ! તમને હવે યોગ્ય લાગે તે સજા મને કરો. સ્ત્રીની બુદ્ધિ પાનીએ કહી છે તે તદ્દન ખરી જ વાત છે. હાય ! હું કેવી મૂર્ખી ! નાદાની કંઇ પણ બાળક બુદ્ધિમા વિચાર જ ના કર્યો. મ્હારા ઉપરના તમારા પ્રેમથી તમે મ્હારી ઇચ્છા પ્રમાણે કર્યુ "

" શાણી ! હવે વૃથા શોક કર્યે શુ વળે તેમ છે ? **गत न शोचामि।** જ્યારે અવળુ થવાનું હોય છે ત્યારે અવળા જ વિચાર સૂઝે છે. "

"આ ખોટમાં ચાલુ રોજી પણ મૂકવી પડશે! હાય કેવું ખરાબ! એક બે માસ મિલની દલાલી પણ નહિ મળે! ખોટમા ખોટ !"

"સંસારનો વ્યવહાર એમ જ ચાલે છે, આટલા દિવસ આપણું ખરચ જેવી રીતે નભ્યું છે તેવી જ રીતે હવે પણ નભશે, તે માટે તારે કંઇ પણ શોક કરવાનો નથી, સમજી? પૈસા સબંધિ કામ હું મ્હારૂં કરી લઇશ. તું ઘરની ને માતાજીની બરોબર બરદાશ રાખજે એટલે મને પૂર્ણ સંતોષ છે."

"તે તો હું કરીશ પણ તમે પૈસા માટે શું કરશો? ઠીક, હાલ તો માતાજી કદાચ જાગ્યા હશે માટે હું તેમની પાસે જાઉં છું પણ કાલે જરૂર મિલમા જઇ હવાલો સોંપી મોકળા થજો. હો! ભૂલશો નહિ, મ્હારા સમ." જતા જતા પતિ સામે એકી નજરે દયામણે મુખે જોતી સરસ્વતી બોલી.

"તું તે માટે નિશ્ચિંત રહેજે માતાજી જાગ્યાં હોય તો મને કહેવરાવજે એટલે હું તેમની પાસે આવીશ."

"વારૂજી!" એમ બોલી સરસ્વતી ચાલી ગઇ. પ્રેમકુંવર ઉઠેલી હોવાથી ફૂલીને પતિને બોલાવવા મોકલી. રણછોડદાસ લજવાતો માતા પાસે ગયો, મરતી માતાએ ઉમળકાથી પુત્રને મહા પ્રયાસે છાતી સરસો દાબ્યો રણછોડદાસ શરમાઇ ગયો ને પોતાની જનેતા તરફ બતાવેલી નિસ્પૃહતા માટે પસ્તાવા લાગ્યો ને ઠુઠવો મુકી નાના બાળક માફક રોઇ પડયો. સાથે પ્રેમકુંવર પણ પુત્રને દાબતા દાબતા રડવા લાગી. તેમના રડવાથી સરસ્વતીની આંખમાં ઝળઝળીઆ આવી ગયા ને ફૂલી પણ આડું જોઇ વૃદ્ધ શેઠાણી માટે શોકના આસુડા ખેરવવા લાગી.

રણછોડદાસ બીજા દિવસથી મિલમાંથી એક માસ માટે છૂટો થયો. પ્રેમકુંવરનો મંદવાડ અસાધ્ય થઇ પડ્યો. તેને ન્યુમોનિયાનો ભયંકર રોગ લાગુ પડયો. માતા પૂઠે દવામાં પૈસો કાંકરા માફક રણછોડદાસ ખરચવા લાગ્યો, પણ પ્રેમકુંવર આયુષ્ય ખુટતાં મરણને શર્ણું થઇ

પ્રેમકુંવરનની ફક્ત એક જ મોટી આશા મનમા ને મનમાં રહી ગઇ, પણ પ્રભુએ તે પૂર્ણ ના કરી. સરસ્વતીને સારો દિવસ આવેલો જોવાને તે પ્રેમાળ સાસુ ઘણા દિવસથી મેઘની પેઠે આતુરતાથી રાહ જોતી હતી. પોતે છોકરાને ત્યા છોકરા જુવે તો પોતાનુ જીવન સફળ થયેલુ ધારતી હતી પણ બ્રહ્માને ત્યા તેની હજી ખોટ હતી.

સરસ્વતી તથા રણછોડદાસને રડવા કૂટવાની ગાંડાઇનુ ધતિંગ મુદ્દલ પસદ નહોતું. મરનાર પૂઠે અતિશય કળાપીટ કરવાથી મરનારની અસદ્ગતિ થાય છે એમ તેઓ સમજતાં હતા. રડવા કૂટવાને બદલે બીજા દિવસથી સરસ્વતીના ખાસ આગ્રહથી મરનારના નિમિત્ત ઘેર કથા બેસાડી ને રડવાનુ બધ કરી નાખ્યુ. નાતનાં નવરા બૈરાને સવાર સાંજ મરનારને ત્યા ટોળે મળી પરનિંદા કરવાનો અવસર નહિ મળવાથી સરસ્વતીની તેઓ ઘેર ઘેર નિંદા કરવા લાગ્યા. સરસ્વતીને રહેજસાજ લૌકિક કરવાનુ મન હતું, પણ રણછોડદાસના સુધારા આગળ તેનુ કંઇ પણ ચાલ્યુ નહિ.

પ્રેમકુવરની પૂઠે પણ રણછોડદાસે ધર્મદાન ને ક્રિયાખર્ચમાં જો કે સારી રીતે ખર્ચ કર્યો પણ રહેજ કચવાતે દીલે દુનિયા દોરંગી છે. ગોળીને મોઢે ઢાંકણ છે પણ દુનિયાને મોઢે નથી આ વખતે રણછોડદાસની સ્થિતિ લોકમાં કળાઇ ગઇ. ગુલાબદાસ પૂઠે કરેલા

ને આ વખતે પ્રેમકુંવર પૂઠે કરેલા ખર્ચ વચ્ચે કેટલાક નાતના નિંદાખોર, તેજદ્વેષી, લાડવાખાઉ ને નિરૂદ્યમી લોકો સરખામણી કરવા લાગ્યા ને રણછોડદાસ તથા સરસ્વતીનુ ઘેર ઘેર ભટકી ભૂંડું બોલવા લાગ્યા. અભણ ને મૂર્ખ સ્ત્રીઓ જે ગુણીઅલ સરસ્વતીનું તેજ ને સુખ ખમી શકતી નહોતી તેમણે તો તેની નિંદા કરવામા આ વખતે કંઇ પણ કચાશ રાખી નહિ આવો અમૂલ્ય લ્હાવો ફરી ફરી મળવાનો નથી એમ તેઓ સમજતી હતી મંદિરમા દેવના દર્શન કરી પાગ ધોવાને બ્હાને એગી મળી પરનિંદાનુ પુરાણ ઉકેલ્યું ને નિર્દોષને દોષીત ઠરાવી પાપના પોપડા ચઢાવ્યા. રણછોડદાસના હરીફોને પણ રણછોડદાસને નીચો પાડવાનુ ઠીક બ્હાનુ જડ્યુ હતું. "પોતાના દુખે દુખી ને સામાના સુખે પણ દુઃખી" એવા ઘણા મનુષ્ય હોય છે.

પ્રેમકુવરની ખોટ સરસ્વતીને બહુ જણાવા લાગી. સાસુને સંભારી વારવાર તે મનહર પોપટડી રડી પડતી. ઘરની સર્વ ચિંતા હવે તેને માથે પડી ને કોઇની સલાહ લેવાનું સ્થાન રહ્યુ નહિ વ્યવહાર વહેવટમા ઘરની હલકાઇ ન દેખાય તેની સભાળ રાખવાની જરૂર એકલે હાથે જણાઇ. રણછોડદાસ પુન પોતાના ધંધામાં જોડાઇ ગયો. માતાના મરણથી ઘરના કારભારમા પોતે સ્વતંત્ર થવાથી તેના સ્વભાવમા ધીરે ધીરે ફેરફાર થવા માડ્યો.

કાચા મનના માણસો કેટલીક વખત પૈસાના પ્રમાદથી તથા મળતી સ્વતંત્રતાના પ્રતાપથી ઉન્મત્ત બને છે; આખા જગત્‌ને તૃણવત્ સમજે છે. રણછોડદાસમાં હવે ગર્વે ઘર ચણવા માડ્યુ હતુ પણ હજી તેના પાયા ચણાતા હતા ને તેમાં સુધારાનું સીમેંટ પથરાતુ હતું. પાકી ઇમારત ચણાવાને હજી તો ઘણો વખત

લાગવાનો હતો. માલ મશાલો તૈયાર થવા માંડયો હતો પણ તેને ખરા પાશ્ચાત્ય સુધારાના મ્હેલમાં ઉભો કરવાને લાયક શિલ્પ-શાસ્ત્રીની ખોટ હતી. પણ વખત તો પોતાનું કાર્ય યોગ્ય અવ-સરે કરશે જ.

સાસુના મરણ પછી દોઢ વર્ષે સરસ્વતીને અધરણી આવી ને તેની વિધિ રૂઢી પ્રમાણે થઇ. નવ માસે સરસ્વતીને કન્યા રત્ન પ્રાપ્ત થયુ. સરસ્વતીની સુવાવડ પિયરમા કરવામાં આવી, કારણુ સાસરામા તે સમય બરોબર સાચવે તેવુ તનનુ માણુસ નહોતુ ને તેના માત પિતાનો તે માટે ઘણો જ આગ્રહ હતો. કન્યાથી પુત્ર જેટલો આનંદ ના થાય તે સ્વાભાવિક હતું પણ દમ્પતીને અત્યારે તે કન્યા ઉપર પુત્રથી વધારે હેત ઉપજ્યુ હતુ. તેમના મનમા પુત્ર ને કન્યા સરખા જ હતા.

સરસ્વતી સાસરે આવ્યા પછી શરૂઆતમાં બપોરે પરવારી બે ત્રણ કલાક પિયરમા ગાળી આવતી હતી પણ પછી સાસરામા ચિત્ત ચોંટ-વાથી પિયરમા રોજ જવાનુ બંધ કર્યું તેનો જીવ પિયરમા ને શરીર સાસરે એમ નહોતું. તે સાસરાને જ પોતાનું ખરૂ ઘર સમ-જતી હતી તેની માતા સાજનુ વાળુ પોતાને ત્યા કરવા માટે તેને બહુ બહુ કહેવા લાગી પણ તેણે તેનુ ન માન્યુ, કારણુ તેમ કરતાં પિયરમા ઘણો વખત રોકાવુ પડતું હતું.

પ્રેમકુંવરના મરણુ બાદ પિયરમા મહિનામા એક કે બેજ વખત સરસ્વતી જતી હતી સુવાવડના સમયે રણછોડદાસ ઘરમા એકલોજ રહ્યો હતો સરસ્વતીનો તેના ઉપરનો અંકુશ તરત માટે દૂર થયો હતો તેથી તે મરજી પ્રમાણે મ્હાલતો હતો, જો કે પર-સ્ત્રીના પગલે તો તે ઘપડાયો નહોતો તેમજ ઘસડાય તેવુ તેનામા

મીઠું પણ નહોતું. સરસ્વતીના વાસા પાકા થતાં બે ચાર દિવસે સાસરે રણછોડદાસ પત્ની પુત્રીનું મોઢું જોવાને જતો ને વખતે સાંજના બહુ મોડું થઇ જતું તો ત્યાંજ વાળુ કરીને ઘેર આવતો. શાણી સરસ્વતીને પતિની ચિંતા હવે થવા લાગી. પોતાની ગેરહાજરીમાં ઘરની વ્યવસ્થા કેવી ખરાબ થઇ ગઇ હશે તે માટે તે મનમાં બહુજ મુંઝાવા લાગી ને સાસરે જવા માટે બહુજ ઉત્સુક બની, માતાને તે માટે એક બે વખત મર્મિક વચને કહ્યુ પણ તે તો તેને સામો ઠપકો દેવા લાગી ને ચાર માસ થયા વગર સાસરે મોકલે તો ખોટુ દેખાય તે વાતે તેને દબાવવા લાગી. પણ આખર માતાને પુત્રીની મરજીને આધીન થવુ પડયુ ત્રણ માસે પુત્રીને સાસરે વળાવી

રણછોડદાસના ઘરમાં હવે સર્વત્ર આનંદ આનંદ પ્રસરી રહ્યો હતો પુત્રીને જોઇ દમ્પતી આનંદમા ડોલતા હતા પૈસે ટકે પણ હાલની સ્થિતિ સારી હતી. પુત્રીનુ નામ સરસ્વતીના કહેવાથી સુશીલા પાડવામાં આવ્યુ જે સર્વને પસંદ પડયુ સુશીલા દેખાવડી, ઘણી સ્વચ્છ ને હસમુખી હોવાથી સર્વને વહાલી લાગતી હતી અજાણ્યુ માણસ તેને જોતા વાર જ તેડી લેવાનું મન કરતુ હતુ સુશીલા સરસ્વતીની સંભાળથી કદી પણ બીજી મૂર્ખ માતાની પુત્રી માફક ગંદી ગુબડી રહેતી નહિ, શરીરે કોઇ કે મેલ ન થાય તે માટે સુશીલાને મૂળથી જ સાબુ તેલથી ચોળી નવરાવી ધોવરાવી અંગ બરાબર લુછી તે ઉપર સાદાં સ્વચ્છ ને ઋતુને અનુસરતા સુશોભિત કપડા સરસ્વતી પહેરાવતી હતી. કુમળા ફૂલ જેવા બાળક ઉપર ઘરેણાંનો ભાર ભરતી નહોતી, કારણ તે સારી રીતે સમજતી હતી કે એવી ઘેલાઇથી બાળક તવાઇને શક્તિહીણુ થઇ જાય છે. પોતાને

પણ બીજી નાદાન સ્ત્રીઓ માફક ઘરેણાંનો અતિશય છંદ નહોતો; શરીરના દરેક અવયવને દાગીનાથી ઢાકી દેવુ તેને મુદ્દલ પસદ નહોતુ. પતિ પાસે વારંવાર નવા નવા દાગીના માટે હઠ લઇ કકળાટ કરી ઘરની સ્થિતિ ઉપરાંત તે કરાવી આપવાની વાતને તે પૂર્ણ ધિક્કારની નજરથી જોતી હતી સરસ્વતી ફક્ત થોડા સાદા ને બંધ બેસતા સૌભાગ્ય સૂચક દાગીના પહેરતી હતી. મેઘધનુષ્યના રગને રગવાની ને મોરના ઇડાને ચિતરવાની તે જરૂર જોતી નહોતી.

સુવાવડમાથી ઉઠયા પછી સરસ્વતી શરીરે સ્હેજ સુકાઇ હતી ને શકિત કંઇક ક્ષીણ થઇ હતી. પ્રથમના જેટલી ત્વરાથી તેનાથી હવે કામપર ફરી વળાતુ નહોતું કામ કરતા કરતાં ઘણી વખતે તે હાંફી જતી હતી. સરસ્વતીને યુવાનીના મદમાં શરીરમા ભયકર રોગે ઘર કર્યાનુ ભાન નહોતુ

સુવાવડનો સમય સ્ત્રીઓ માટે ઘણો જ ભયંકર છે. પુરતી વૈદ્યકીય કે ખાવા પીવાની સંભાળ વગર ઘણીક આશા ભરી અબળાઓ તે સમયે મરણને આધીન થાય છે કે સુવારોગ, તાવ કે ઝાડા જેવા પ્રાણઘાતક મદવાડમા રીબાય છે.

પ્રેમાળ દમ્પતી પુત્રીને જોઈ આનદમાં કાળ નિર્ગમન કરવા લાગ્યાં સરસ્વતીને સગીતપર સાધારણ શોખ હતો. તે સાધારણ રીતે ગાઇ શકતી પણ વાદ્ય વગાડવાનુ કામ તેને આવડતુ નહોતુ નિશાળમાથી ગાનકળાની તેને તાલીમ મળી હતી પણ છોકરી વાજીંત્ર વગાડે તે સામે તેનાં માબાપને બહુ જ અણગમો હતો, આથી તે કળાનો લાભ સરસ્વતીથી લેઇ શકાયો નહોતો. તેનો કંઠ મીઠો હતો. પ્રસંગોપાત ખુશમીજાજમાં આવી જઈ તાનની લ્હેકીથી પતિને તલ્લીન કરી નાખતી હતી. તેને કવિતા બનાવવાનો કઇક શોખ હતો.

કવિત્વ શકિત થોડી ઘણી તેનામાં કુદરતી હતી. સ્ત્રીને લાયક તે પ્રસંગોપાત કવિતા બનાવતી હતી. પ્રિયાની ગાનશક્તિ માટે રણછોડદાસ મનમાં ઘણો જ મગ્ન રહેતો હતો.

એક દિવસ રણછોડદાસ જમીને રાતના બહાર ગયો હતો ફૂલી કામે લાગી હતી ને ભટ ચાકર પોતપોતાને ધંધે વળગ્યા હતા. દિવાનખાનામાં સરસ્વતી તથા એક વરસની બાળકી સુશીલા આનંદ કરતાં હતાં હસ્તી ને કીલકારીઓ કરતી પુત્રી જોઇ માતા પોતાને પૂર્ણ ભાગ્યશાળી સમજતી હતી ને બાળકની બાળચેષ્ટાથી ખુશી થતી હતી. બાળકને નમાવી કુદાવી અતિશય રમાડયું, આખર બાળક ઉંઘથી ઘેરાવા લાગ્યું એટલે તેને પારણામાં સુવાડયું. સરસ્વતી હવે એકલી પડી, તેને બાળક માટે ચિંતા થવા લાગી. આવું પ્રેમાળ પુષ્પ કેવા માળીને હાથ ચઢશે તેનો અત્યારથી વાત્સલ્ય માતા વિચાર કરવા લાગી. સુશીલાને કેવી રીતે કેળવણી આપવી, તેને શા શા વિષયનું જ્ઞાન આપવું, તેનો તે વિચાર કરવા લાગી. વિચારમાં ને વિચારમાં પોતાને લાગુ પડેલા રોગનું સ્મરણ થઇ આવ્યું ને તેની સાથે જ બાલક માટે મુઝાવા લાગી પોતે ગુજરી જાય તો સુશીલાની શી દશા થાય તે માટે વિમાસણ કરવા લાગી. તેની આવનાર સાવકી મા તેના ઉપર કેવું હેત રાખશે, તેને કેવી રીતે કેલવણી અપાવશે, તેનો તે ગંભીરપણે વિચાર કરવા લાગી. પોતાને જે સુવારોગ લાગુ પડયો હતો તે વહેલો મોડો પ્રાણઘાતક નીવડશે જ એમ તેની પક્કી ખાત્રી હતી પણ અત્યાર સુધી તે વાત ખુલ્લા દીલથી પતિ પાસે કરી તેને તે માટે ચિંતાના ખાડામા ઉતાર્યો નહોતો. પોતાના મરણ બાદ પતિ બીજી સ્ત્રી કરે તે વાતની બીજી સ્ત્રીઓ માફક તેને અદેખાઇ નહોતી. સ્ત્રી વિના

યુવાન પુરૂષનો સંસાર સ્મશાન તુલ્ય છે એમ તે સમજતી હતી. પુરૂષને તારનાર, રંગમાં રમાડનાર, સુનીતિને રસ્તે દોરનાર ને આખર સ્વર્ગના બાર ખુલ્લાં કરાવી આપનાર સ્ત્રી જ છે એમ તે જાણતી હતી. પોતાના મરણ બાદ તે લાભથી પતિને વિમુખ રાખવાનું તેના મનમાં મુદ્દલ નહોતુ. પોતાના મરણ બાદ પતિએ બીજી સ્ત્રી કરવી એમજ તેની ઇચ્છા હતી, પણ એક પત્નીવ્રતધારી પતિ બીજી સ્ત્રી કરશે કે નહિ તે માટે તેને શંકા હતી. બીજી સ્ત્રીથી ઘરમાં કેટલું અજવાળું થાય, પોતાના માસલ રત્નના કેવા જતન થાય, તેની શારીરિક તથા માનસિક શકિત કેવી સચવાય તેનો અત્યારે તે મધુરી મેના મન સાથે વિચાર કરવા લાગી. પતિ આવ્યેથી તે માટે તેને ખરા અંતઃકરણથી વિનતી કરી પોતાના મરણ બાદ ફરી લગ્ન કરવા હા પડાવી મનને સંતોષ કરવાના છેવટ ઉપર તે આખર આવી ટેબલપર ઉઘાડી પડેલી ખાનગી ચોપડી તે વાચવા લાગી પાએક કલાક આમ તેમ પાના ઉથલાવી અંઇ પણ ચિંતાગ્રસ્થ મન તે ઉપર ચોટયુ નહિ આખર કંટાળીને ધીરે કંઠે તેમાંનુ પદ આલાપવા લાગી, ધીમે ધીમે થોડી વાર ગાયા પછી કંઠ પૂર વેગમાં આવી ગયો ને મધુરીના મધુર મોમાથી મીઠો સરોદ કુદકારા મારવા લાગ્યો —

પદ.

" નાથ કૈસો ગજકો બંધ છુડાયો –" રાગ.

જ્ઞાન વિણુ ભવ પાર કોણ તરાવે,
સત્ય શીખ કો દીલમાં ઠરાવે,— જ્ઞાન.
કાશી ગયાજી પુરોમા ભટકી, ગોકુલ રાસ ખેલાવે;
તનની અગન તવ કશી નવ બુઝી, પાલક પાર ન તરાવે,–જ્ઞાન.

ગંગા યમુના રેવા રે નાહી, થાકીને શીર મૂડાવે;
કંથારે ધારી ભભુત લગાવી, યોગિ વેષ બનાવે,-જ્ઞાન.
નારી તજી ઘરબાર તજીને, જંગલ અલખ જગાવે,
એથી રે ફળ તુને શું છે હો જીવડા, ગરધવ રાખ ચોળાવે,-જ્ઞાન.
જળચર જળમા અહોનિશ સડતું, દુ:ખી નારી નહિ પાવે,
તેથી શું તરશે સિંધુ મોટો, કાળ વૃથા શે ગુમાવે,-જ્ઞાન.
અતર શુદ્ધિ થાતા રે તારી, ઘર બેઠે ગંગાજી આવે,
કરવુ હોય તે કરી લેજે વહેલો, ગઇ પળ કદી નવ પાવે,-જ્ઞાન.

છેલ્લી કડી એક વખત ગવાઇ, બીજી વખત ગવાઇ, તેટલામા બહારથી આવેલો રણછોડદાસ પ્રિયાને પૂર્ણ આવેશમાં ગાતી જોઇ તેની પુઠે ગુપચુપ સંતાઇને ઉભો રહ્યો. રસ ગાનમા લીન બનેલી સરસ્વતીને પતિ આવ્યાની ખબર ના પડી. તેનું તે પદ ફરી ફરીને ઉથલાવીને ગાવા લાગી. આખર રણછોડદાસથી વધારે વખત ચૂપ ન રહેવાયું. પ્રિયાની આંખો ઉપર પોતાનો હાથ ઢાકી દીધા ને ખડખડ હસી પડયો. સરસ્વતી એકદમ ચમકી ઉઠી, પણ તેજ ક્ષણે કંઇક ભાન થતાં હાથ છોડાવવાનો પ્રયત્ન કરતા હસીને બોલી ઉઠી, "એ તો તમો, હું સમજી, છોડો મ્હારી આખોને; ચતુર !"

"લ્યો ત્યારે, હવે ના કહેવાશે ?" રણછોડદાસે આંખો છોડી સામે આવી હસતાં જણાવ્યું.

"પણ તમે મને બહુ બીવરાવી, હોં."

"ઠીક રગ જામ્યો હતો ! હું પણ કેવો કે રંગમાં ભંગ કર્યો !"

"શાણા ! રંગ જામ્યો હતો ખરો, પણ તમારા વગર ધી

વિનાના કંસાર જેવો લુખો હતો. હવે તો બરોબર જામશે. બેસો હવે, થાકયા હશો, પાણી લાવું ?"

"મને પાણીની તૃષા નથી લાગી."

"ત્યારે વળી શાની તૃષા લાગી છે ?"

"તારા રસની તે પીવાની રજા છે ?"

"એવુ એવું ના બોલો પુરુષથી તે સ્ત્રીની રજા લેવાય ?"

"પણ માલિકી તારી છે."

"પણ ભોકતા તો તમે છો."

"ઠીક ત્યારે નથી લેતો હો ?" એમ કહી રણછોડદાસે સહર્ષ પ્રમાળ પ્રિયાને પ્રેમાલિંગન દઇ પ્રેમ ચુંબન દીધુ—તેનો અધર રસ પીધો. બન્ને હસતા રમતાં પાસે પડેલા કોચ ઉપર બેસી ગયા ને થોડીવાર એક બીજાને અટકચાળા કરવામાં પસાર કરી. પછી સરસ્વતી બોલી, "મને માહોને આવું તોફાન કરવાનું સૂઝે છે પણ સુશીલાને બોલાવવી સૂઝે છે ?"

"અરે ! તે તો હુ તદન વિસરી જ ગયો. લાવ મ્હારી લાડકીને, કયા છે તે ?"

"હાલ તો ઉંઘાઇ ગઇ છે. જાગ્યેથી રમાડજો."

"નહિ, ઉઠાડ. તેને રમાડવાને મ્હારા હાથ સળવળી જાય છે, ઉઠ ચાલ." પત્નીને ઉઠાડવાનો પ્રયત્ન કરતાં પતિ બોલ્યો.

"તેને હમણાં ઉઠાડી લાવું છુ, પણ એના ઉપર તમારૂં હેત સદા આવું કાયમ રહેશે કે ?" સરસ્વતીએ ગંભીરતાથી પતિને પૂછ્યું."

"એમ કેમ પૂછેછે ?"

"સ્હેજ જ." લજવાતાં સરસ્વતીએ ધીરેથી પ્રત્યુત્તર વાળ્યો. સરસ્વતીના મુખ ઉપર ગંભીરતાનાં ચિન્હ રણછોડદાસને હવે સ્પષ્ટ

દીસવા લાગ્યાં. તેને પ્રિયાના બોલવાના ભાવમાં કંઇક સબળ કારણ જણાયું. તેની ઉત્કંઠા વધી પડી ને બોલ્યો, "નહિ, બોલ, કોઇ દિવસ નહિ ને આજે તેં એમ કેમ પૂછ્યુ? બોલ, સાચું ના કહે તો મ્હારા સમ છે."

"વહાલા! માણસ જાતને વહેલું મોડું મરવાનું તો છે જ. **जातस्य हि ध्रुवो मृत्यु.** તેમાં સ્ત્રીને માથે તો ડગલે ડગલે મરણ ધા તો હોય છે. મ્હારી દેહનો હવે મને મુદ્દલ ભરોસો પડતો નથી તેથી મ્હારી પુઠે બાળક સુશીલાની શી વલે થશે તે માટે મને બહુજ વિચાર આવે છે."

"ઓહો! શું મોટો વિચાર કાઢયો! ચાલ ચાલ, એવા ગાંડા વિચાર છોડી દે; અત્યારથીજ એવા વિચાર કરશે તો સંસાર ઉપરથી ચિત્ત ઉઠી જશે ને વૈરાગ્ય વૃત્તિમાં આખર ગોપીચંદની માતા મેનાવતી જેવું થશે. હાલ તો તારે સુખ માણવાનો સમય છે"

"મ્હારી આજની વાતને હસી ના કાઢો. આજ સુધી તમને મેં ઠગ્યા છે, તમારાથી મ્હારા રોગની વાત છુપાવી છે પણ હવે લાંબો વખત તે છુપાવી શકું તેમ નથી. સુવાવડમાથી મને લાગુ પડેલો રોગ હું નાદાન પ્રથમ સમજી શકી નહિ. તે રોગથી શરીરે હું ક્ષીણ થતી જાઉં છું; રોજ રાત્રે મને જીર્ણ જ્વર આવે છે ને શરીર બંધારણ તદ્દન તૂટી ગયું છે. મ્હારી પુઠે બાળકની તથા તમારી શું સ્થિતિ થશે તે વાત મનમા ખડી થતાં મ્હારાં રોમાંચ ઉભાં થાય છે, મ્હારૂં કોમળ હૈડું ભરાઇ આવે છે. આ મંગલરૂપ ઘર જંગલ થઇ જશે, તમે મ્હારા વિરહથી દુખમાં ડૂબી જશો, ને નમાયું બાળક માતાના અભાવે હડધુત ને દુઃખીઆરૂં થશે."

"વહાલી ! કાલથી જ બીજા કોઇ વધારે હુશિયાર દાકતરની દવા શરૂ કરીશું એટલે થોડી મુદતમાં આરામ થઇ જશે. હાલની વિદ્યાએ કોઇ પણ વસ્તુ માણસથી અસાધ્ય નથી રાખી, તો તેવા તુણીઆટ રોગની શું વીસાત છે ?"

"તે રોગ તુણીઆટ નથી પણ અસાધ્ય છે, મ્હારૂં ખરૂં માનજો."

"વારૂ લે, હું તારૂં માનુંછું ને તેની દવા પણ કરીશ, પછી તુ શુ કહેવા માગે છે ?"

"હું જે કહેવા માગુંછું તે મ્હારે તમને જણાવવું જ જોઇએ. જુવો નાથ ! કદાચિત હુ આ રોગથી ગુજરી જાઉં તો મ્હારી સુશીલાને બરાબર સંભાળજો; તે તદન નાદાન છે.'

"હા બાપુ ! હુ તેને સંભાળીશ. તે મ્હારૂં જીવન છે ને તેને જીવથી વધારે જાળવીશ. પણ હવે આ હૃદયભેદક વાર્તા બંધ કરે તો સારૂ. તારી વાતથી મ્હારો જીવ ગભરાય છે." રણછોડદાસે સેજ ઉતાવળે અવાજે પણ નમ્રતાથી જણાવ્યું.

"પણ તમને કોણ જાળવશે ?"

"હું પોતેજ. બીજુ કોણ ?"

"તમારાથી તમારી જાતને નહિ જળવાય."

"ત્યારે વળી મને બીજુ કોણ જાળવશે ?"

"સ્ત્રી ! પુરુષને જાળવનાર તેજ છે. તેજ તમને નીતિને રસ્તે રાખશે સુશીલાની સભાળ પણ તમે કેવી રીતે લઇ શકશો ? તમે તેનામા સ્ત્રીના ગુણોનું જળ કેવી રીતે સિંચી શકશો ? તેને લાયક ગૃહિણી કેવી રીતે બનાવી શકશો ? તમારામા તેવું જ્ઞાન ને અનુભવ કયાથી લાવશો ? સ્ત્રીને શીખવનાર ને

કેળવનાર તો સ્ત્રીજ જોઇએ. તેને પડનારી માતાની ગરજ તમે પિતા કેવી રીતે સારશો ! તેને માતાની ને તમને પત્નીની મ્હારા મરણ બાદ ખાસ જરૂર પડશે."

"નહિ, મને તેની જરૂર નહિ પડશે. સુશીલાને તારા માટે કદી પણ ઓછું નહિ આવવા દઉં. વળી ફૂલી છે ને તારા માતા પિતા ભાઇ ભોજાઇ છે, તેઓ સર્વ સુશીલાને જીવ સટે રાખશે માટે તે બાબત તારે ચિંતા કરવાની જરૂર નથી. ચાલ હવે આ અણુગમતી બાબત બંધ કર."

"માતા વિનાનું મોસાળ સુનું હોય છે. મ્હારા વિના સુશીલાની તેનાં મોસાળીઆં બરદાશ રાખશે પણ તે લોક લજ્જાથી: ખરા મનથી નહિ. ફૂલીને માટે મ્હારો પૂરતો વિશ્વાસ છે પણ તમારે ફરી લગ્ન કરવું જ જોઇશે ને તે માટે તમારે મને અત્યારે વચન આપવુ જ પડશે."

"એવાં વચન ન દેવાય શાણી ! જે કાળે જે બનશે તે ખરૂ, કાલની કોને ખબર છે ?"

" તમે મને નિશ્ચિંતે મરવા દેશો તો મ્હારી જાતને હું પૂર્ણ ભાગ્યશાળી સમજીશ. સ્ત્રી વિનાના અર્ધા અગનું માણસ તે માણસમા નથી.'

" પણ તુટેલુ અગ પાછુ કેમ સંધાશે ?"

" નવી સ્ત્રીથી સધાશે ને કામ ચાલશે. "

" પણ તૂટેલો પ્રેમ ફરીથી કેવી રીતે સધાશે ?"

" તે પણ વખતના વહેવાની સાથે સંધાશે જ. પ્રભુને ઘેર કશામાં ખોટ નથી. **बहु रत्ना वसुधरा.** એક જતા તે બીજી તે જગા

માટે તૈયાર કરી રાખે છે. માઠું જાય ને સારૂં આવેછે ને સારૂં જાય ને માઠું આવેછે ને ચોકઠું ચટ દઇને ગોઠવાઈ જાયછે."

"હા, હા, તેમજ છે ખરૂં, તું મ્હારા નસીબમાંથી સારી જાય ને બીજી માઠી આવે. તેં ઠીક મને ચેતાવ્યો !"

"હું આપને બીલકુલ લાયક નીવડી નથી. મેં આપનું જીવન મંગળકારી બનાવ્યું નથી. પતિસેવાની ફરજથી હું તદન વિમુખ રહીછું."

"સલુણી ! તેં તારી સર્વ ફરજો પૂર્ણ બજાવી છે ને હજી પણ બજાવે છે. તારા સમાગમથી મ્હારો જન્મ સફળ થયો છે. તારા જેવું રત્ન આખી સૃષ્ટિમાથી મને ક્રોડ ઉપાયે પણ સાપડનાર નથી ને બ્રહ્મા ગમે તેટલી હવે ચતુરાઇ વાપરે પણ આવું ગુણીઅલ રત્ન ફરી બનાવી શકનાર નથી, માટે ફરી લગ્ન કરવાની વાત જવા દે. પ્રેમના બુઝાયલા પ્રદીપને તેમજ રહેવા દેવો સારો છે."

"બીજી ધૂપસળીના પ્રતાપથી તે ફરી પ્રગટતા પ્રથમની રોશની આપી શકશે. વહાલા ! વિચાર કરો, ડગલે ડગલે તમને સ્રીની જરૂર પડશે. તે વગર, હાલ જેમ તમે માનોછો તેમ તમને ચાલવાનું નથી. તમે હજી યુવાન છો; ઈશ્વરે આપેલી યુવાનીને રીબાવી રોવરાવી દુઃખમાં ગાળવી તે એક અધર્મ છે. મ્હારી સાથના તમારા પ્રેમને લીધે કદાચિત શરૂઆતમાં તમે નહિ પરણો પણ આખર સુધી તમારો ઠરાવ નભશે નહિ. લોકહાંસીના ભયથી નહિ પરણો તો અનીતિના ખાડામાં ઉતરી ભ્રષ્ટ થશો. જો તે વખતે ફરી પરણશો તો તે વખતનું પરણેલું વ્યર્થ ગણાશે; કારણ તે વખત માણસને ગૃહસ્થાશ્રમમાં જોડાવાનો નથી પણ તેમાંથી મુક્ત થઇ વાનપ્રસ્થ લેવાનો છે. બીજું સુશીલાને તેની નવી

માતાથી મ્હારો વિયોગ ઓછો સાલશે, તેનામાં તેના સમાગમથી ઉચ્ચ ગુણો દાખલ થઇ શકશે ને મ્હારી કુખ ને તમારી બાળકીની પ્રશંસા થશે."

"તું કહેછે તે ખરૂં છે પણ મ્હારાથી તેમ નહિ થશે. હું લાચાર છુ, મને માફ કર."

"નહિ ચાલશે. ફકત મ્હારે માટેજ તમારે મને કોલ આપવો પડશે. જયારે તમે આજ સુધી મ્હારા દરેક પડતા બોલ હેનથી ઝીલ્યા છે ત્યારે આટલો કેમ ન ઝીલો ? અસ્તુ ! તમને જે ગમે તે ખરૂં ! તમારા પ્રત્યે મ્હારો કંઇ જોર જુલમ છે ?" સરસ્વતી દયામણે મુખે સજળ નેત્રે ગદ્દગદ્દ કંઠે બોલી.

"શાણી ! ઓશીઆળા સરખી બની ના બોલ. તારી વાતનો હુ પૂર્ણ વિચાર કરી જોઇશ ને પછી તને છેવટનો જવાબ આપીશ. ચાલ, મહેરબાની કરી આ વાતને હવે બધ રાખ. જો જ, સુશીલા ઉઠી, જા લાવ તેને મ્હારી પાસે"

સુશીલા "બા બા" કરી પારણામા બેઠી થઇ. સરસ્તીએ ઉઠી તેને બહાર કાઢી શીશીમાંથી થોડુંક દુધ પાયું. સરસ્વતીને ધાવણુ સારૂં નહિ આવવાથી દાકતરની સલાહથી છેલ્લા ચાર માસથી ધાવણુ બંધ કર્યું હતું. પોતાની કાયા બગડે એમ સમજી સુશીલાને ધવરાવવા માટે સરસ્વતીએ ધાવ નહોતી રાખી. રણછોડદાસનો વિચાર ઇગ્રેજ પારસી લોકોના સુધરેલા રીવાજ પ્રમાણે બાળક માટે ધાવ રાખવાનો હતો પણ સરસ્વતી તે બાબતમાં તદન વિરૂદ્ધ હોવાથી તેને ચૂપ જ રહેવું પડયું હતું. સરસ્વની સારી રીતે સમજતી હતી કે બાળકને જેવું ઉત્તમ કે હલકું ધાવણ મળેછે તેવી તેની બુદ્ધિ થાય છે. હલકી સ્ત્રીના ધાવણુથી કે સંસર્ગથી બાળકમાં

બુદ્ધિ હલકી ને થોડી થાયછે, ને તેના ગુણુ દોષ સઘળા તેને ધવરાવનાર કે ઉછેરનાર જેવા જ થાય છે.

यादृशं भक्षयेच्चान्नं बुद्धिर्भवति तादृशी ।
दीपस्तिमिरं भक्षयति कज्जलं च प्रसूयते ॥

" જેવું અન્ન ખાવામાં આવેછે તેવીજ બુદ્ધિ થાયછે. દીવો અંધારાનુ ભક્ષણુ કરેછે તો તે કાજળને જન્મ આપેછે." આ વિચારો તેના મનમા પ્રાકટ થયા હતા. પતિને પ્રસન્ન રાખવાની લાલસાથી સુશીલાને હલકી કોમની ભાડુતી ધાવના હાથમા મૂકી તેના જ જેવા ગુણુવાળી બનાવી એ બાળકનું ભવિષ્ય બૂરાડવા સરસ્વતી તૈયાર થઇ નહોતી કુદરતે બાળકના પોષણુ માટે જે સ્થાન કર્યુ છે તથા તેમા જે ખોરાક ભર્યોછે તેથી જ તેનું પોષણ કરવાનુ યોગ્ય તેણે વિચાર્યું હતું. કુદરતના નિયમ સામે થવામા તે સદા ભય જ સમજતી હતી.

બાળક સુશીલા જાગ્યા પછી દુધ પીને પોતાના પિતાને જોઇ વધારે આનદી જણાઇ ને "પપા, પપા" કહી પિતા પાસે જવા માના ખોળામાથી ઉતરવા લાગી. રણુછોડદાસે પુત્રીને વચમાથી ઉપાડી લઇ છાતી સરસી દાબી ને કોટી કરી લીધી. સરસ્વતી ને રણુછોડદાસે આખી રજની પરસ્પર પ્રેમમાં વ્યતિત કરી.

'ભાવી બોલાવે વાણી,' એ કહેણી આખર સરસ્વતીની બાબતમાં ખરી નીવડી. ઉપલો બનાવ બન્યો તે પછી છ માસમા સરસ્વતી તદન સુકાઇ કાષ્ટવત્ થઇ ગઇ જીવવાની આશા છૂટી ગઇ. બાળકની સંભાળ લેવા પતિને વારવાર તે વિનવતી હતી. રણુછોડદાસ પત્નીના મદવાડથી દુખી થઇ વારવાર તેની પાસે બેસી રડી પડતો હતો ને પત્નીના મરણુ બાદ પોતાની થનારી દશા માટે હાય નાખતો

હતો. તેના સુખનો સાગર સુકાઈ જવા બેઠો હતો

સરસ્વતી એક વખત તેવી સ્થિતિમાં ફૂલીને હેતથી પાસે બોલાવીને બોલી:–"ફૂલી ! મ્હારૂં એક કામ તું કરશે ?"

"હોવે બા, કેમ નહિ કરૂં ? જે હોય તે સુખે કહો. મ્હારા જીવના જોખમે પણ તે કરીશ."

"ત્યારે સાંભળ, હું આજ છું ને કાલ નથી. મ્હારી દેહનો હવે ભરોસો ના રાખીશ"

"બા ! એ શુ બોલો છો ? પ્રભુ સૌ સારૂ કરી નાંખશે તેના ઉપર ભરોસો રાખો. તે કોઇનું કદી પણ બુરૂ કરતો નથી ને કરશે પણ નહિ."

"તે હુ માનું છું ને મ્હારા બાળક તથા તારા શેઠ માટે તારી વાણી ખરી પડે તેમ હુ ઇચ્છુછુ. પણ આવા ભયંકર રોગમાથી બચવાની આશા ઘણી જ થોડી રહેછે સુશીલાની તુ સંભાળ રાખજે; તેની મા થજે, હોં !"

"બા, બા ! એવુ છાતી ચીરી નાંખનાર વેણ ના બોલો, સુશીલા બહેનને મ્હારી છોકરી પરમાણે ગણુ છુ ને ગણીશ. પણ'—

"પણ–પણ હવે નહિ, તેને એક લાયક સ્ત્રી બનાવવાનુ કામ હું તારા ઉપર મૂકુછુ ને તે કામ માટે હુ તને તદ્દન લાયક ગણુછુ. તેના બાપ ઉપર મ્હારો પૂર્ણ ભરોસો છે પણ સ્ત્રીનુ કામ તેમનાથી નહિ થશે સુશીલા નાદાન છે માટે તેના કૃત્ય કે બોલ સામે ના જોતી. છોરૂં કછોરૂ થાય પણ તું–તેની ભવિષ્યની માતા કદી તેવી ના થતી તારા શેઠને નવી કરવા સમજાવજે ને તેમને ફરીથી ખાસ પરણાવજે. તેઓ સમજુ છે, શાણા છે એટલે મને નિરાંત છે, મ્હારી જગા સાચવનાર સ્ત્રી કેવા ગુણવાળી આવશે તેની મને કઇ ખબર

નથી માટે તને આટલું પહેલેથી ચેતાવી રાખું છું. તે બાળકની નવી માતા કદાચિત ક્રૂર ને પાષાણ હૃદયની હલકી હોય તો ગાય ઉગારી રત્ન કાઢયા પેઠે સુશીલાનું તેનાથી તું રક્ષણ કરજે. માતા તરફનું તેને ઓછું ના આવવા દઇશ ને માતા તરફનાં દરેક લાડ કોડ તું પૂરાં પાડજે. હું દુર્ભાગી જન્મ આપીને વેગળી રહું છું પણ તું તેની પાલક-ધર્મ માતા તેનાથી વેગળી ના થતી." દમ ચઢવાથી સરસ્વતી બોલતી અટકી પડી, તેની આંખમાંથી આંસુ ખળ ખળ વહેવા માંડયાં.

"બા, તમને દમ ચઢી આવી, તમારૂં હૈયું ભરાઈ ગયું માટે હવે આ વાત પડતી મૂકો. તમારો બધો વિચાર હું કળી ગઇ છું. ટુંકામાં બ્હેન માટે મ્હારો જીવ આપીશ."

"શાબાશ ! શાબાશ ! મ્હારી વફાદાર ફૂલી ! પણ જો સાંભળ, હજી મ્હારે તને ઘણું કહેવાનું છે. નવીના બળ આગળ તારા શેઠ દબાઇ જાય, પ્રેમનું પુતળું બની જાય-જો કે હું તો તેમ થાય એમ નથી માનતી પણ **सगते संग दोषाणाम्** તેમ ઘણીક વખત બને છે, મનુષ્યનો સ્વભાવ ઘડીકમાં બદલાઈ જાય છે, બાળક જેવા નરમ દિલનું માણસ હલકાના સંગથી પથ્થર જેવા સખત દિલનું બની જાય છે, તો તેવે સમયે તેમને મ્હારી સાથના તેમના પ્રેમનુ સ્મરણ સંભાળથી કરાવજે ને પુત્રી પ્રત્યે થતો અન્યાય અટકાવજે. માણસની પાસે જે પ્રત્યક્ષ ચીજ હોય છે તેનું જ ચિત્ર, પ્રથમનું તેના હૃદયમા વસેલું ચિત્ર ભૂસાઈ જઇને તેની જગાએ ખડું થાયછે. માટે કદાચિત તે મ્હારી સાથનો પ્રેમ વિસરી જાય, સુશીલાને નવીના ભરમાવ્યાથી સંતાપે તો-હાય-કહેતાં મ્હારી છાતી ચીરાઇ જાય છે, ના-ના-તેમ નહિજ બને, પણ વખત છે, તો તે અનાથ, નમાઇ,

દુઃખીઆરી, કકળતી બાળકીનાં ખળખળતાં ઉષ્ણ આંસુ તું લ્હોજે ને તેને છાતી સરસી દાબજે. સર્વ દુનિયા તેને દુભવે તો પણ તુ-તેની પાલક-ધર્મની માતા-ઓ મ્હારી જુની પ્રમાણિક બહેન ફૂલી, તેમ ના કરતી. મેં તારી કંઇ પણ કિમ્મત કરી નથી. તારૂં કંઇ પણ દુખ ટાળ્યું નથી, પણ હવે તે માટે મ્હારો પસ્તાવો ઘર લાગ્યા પૂંઠે કુવો ખોદાવવા જેવો છે." સરસ્વતી અટકી પડી. તેની છાતી ભરાઇ આવી.

"બા! હવે પછી કહેજો. આરામ લો, નહિ તો શરીર વધારે બગડી આવશે. અરે મ્હારાં વહાલાં શેઠાણી! તમારા વિના મ્હારા દુખની દાઝ કોણ જાણશે? તમારી પાસના સુખથી મ્હારૂં દુઃખ વિસરી ગઈ હતી પણ હવે-ના-બહેન માટે સદા હુ અહીંજ રહીશ. નવાં શેઠાણી સાથે નહિ બને, તે મને કાઢી મૂકશે તોપણ કરગરી કાલાવાલા કરીને બહેન સાસરે જતા સુધી અહીજ રહીશ, વધારે તો જેવો વખત; માટે કંઈ પણ મુઝાતાં નહિ" ફૂલી રડતાં રડતાં બોલી.

"ઠીક. ફૂલી! પેલા ટેબલના ખાનામાથી સફેત રંગનું ચોરસ કવર છે તે લાવ" ફૂલીએ કહ્યા પ્રમાણે તે લાવીને શેઠાણી પાસે મૂકયું. ફૂલીને તે સોંપતાં સરસ્વતી બોલી; "ફૂલી, આ કિંમતી કાગળ તારી પાસે રાખ ને તેને તારા જીવના જોખમે સંભાળજે જો મ્હારી પુત્રી-મ્હારૂં માંસલ રત્ન જીવતું હોય ને જ્યારે સાસરે સિધાવે ત્યારે તેની જનેતાની તરફની મોટામાં મોટી ને વહાલામા વહાલી આ પ્રેમવાળી તેના નાકમાં મ્હારા તરફથી પ્રેમથી પહેરાવી મ્હારી ગરજ સારજે. તેવો શુભ અવસર આવે ને તેની નવી માતા સાસરે સિધાવતી પુત્રીને જરૂરીઆત શીખામણ આપવામાં પછાત પડે અગર દ્વેષ ભાવથી દૂર રહે તો તે વખતે મ્હારે બદલે બોધ આપ-

વાનું શુભ કામ તું બજાવજે બસ, એજ મ્હારી છેલ્લી વિનંતી છે. હવે-હવે મ્હારાથી નથી બો-બોલાતું. કા-કા-ગળ સાચવજે. પ્રભુ ત-ત-ને કામનો-નો બદલો આપશે." છેલ્લું વાકય સરસ્વતીએ લથડતી જીભે મહા પ્રયાસે પૂરૂ કર્યું.

ફૂલીએ "વારૂ બા" એટલુ જ પ્રત્યુત્તરમાં જણાવ્યુ તેનાથી વધારે બોલી શકાયું નહિ, છાતીએ ડુમો ભરાઇ આવ્યો.

દુનિયા દયાથી સદા દૂર જ છે જ્યારે સરસ્વતીનો મંદવાડ વધી પડયો ત્યારે નાતના કેટલાક લોકો પોતાની અવિવાહીત પુત્રીનુ ભાગ્ય ઉઘડયુ સમજવા લાગ્યા ને સરસ્વતીના મરણુ માટે મેઘની પેઠે રાહ જોવા લાગ્યા. તે કયરે મરે ને પોતાની પુત્રી તેની જગાએ ગોઠવાય તે વાતનો કેટલાક વિચાર કરવા લાગ્યા. રણછોડદાસ જેવો ખાનદાન કુટુમ્બનો ભણેલો ગણેલો, મોટો કમાઉ, ચતુર, વિચીક્ષણ, રૂપાળો ને નીવડેલો વર ફરી હાથ લાગવાનો નથી એમ સમજી કેટલીક કન્યાના મા બાપે સરસ્વતીને નવુ જુનુ થાય કે તરત વિવાહ કરવા ત્રાહિત દ્વારા રણછોડદાસને કહેવરાવ્યુ હતુ. કેટલાક પાષાણુ હૃદયના સ્વાર્થાંધ તો તૂટેલા દિલના ને દુખમા ડોલાં ખાતા રણછોડદાસને સરસ્વતી ઘરમાં જીવતી પડયા છતા મોઢામોઢ પણ કહેવાને ચૂકયા નહોતા તેમની આવી સ્વાર્થી માગણીથી તે પ્રેમાળ દુખીનુ દિલ તેમણે કેટલુ દુખવ્યુ હશે, તેનો તેમણે સ્વપ્ને પણ વિચાર કર્યો નહિ. તેઓ તો વહુ મુવાને પાળેલો કુતરી મુવા બરોબર જ સમજતા હતા. વહુ મળતી વસ્તુ કહેવાય માટે તે થોડા ઘણો પૈસો ખર્ચે તરત નાત-બજારમાથી મળી આવે છે એમજ તેઓ સમજતા હતા. રણછોડદાસ આ વખત તદન નરમ

ગાય જેવો બની ગયો હતો. " આ વાત ફરીથી મ્હારી પાસે મહેરબાની કરી નહિ કાઢશો, ગમે તેમ થાય તોપણ ફરીથી લગ્ન કરવા વિચાર મ્હારો વિચાર નથી " એટલુ જ તે સર્વને જણાવતો હતો. પથારીમાં પડેલી સરસ્વતીના કાનપર પણ એ વિવાહની વાત આવી. નાતના નિર્દય લોક માટે પોતાને બહુ જ ખરાબ લાગ્યુ મૂર્ખ લોકો સ્ત્રીની કિમ્મત કેટલી હલકી ગણે છે તે વિચારે તે તદન દીન બની ગઈ. હજી તો પોતે જીવતી પથારીમાં છે ને પ્રભુ કરે તો કદાચિત સાજી પણ થાય, તેમ છતાં લોકો પોતાના સ્વાર્થ સામે કેવા કઠોર બને છે તે વિચારથી મુઝાવા લાગી. પણ પરજન પ્રત્યે પોતાનો દાવો નથી એમ આખર સમજી મન વાળ્યુ ને કોઇને મોઢે તે સબધિ એક અક્ષર પણ કાઢયો નહિ.

થોડા દિવસમાં સરસ્વતીનો મંદવાડ ઘણો જ વધી પડયો તેના માબાપ ને ભાઇ ભોજાઈએ તો પોતાને ઘેર આવવા બહુ બહુ કહ્યુ પણ પતિગૃહ છોડી અંત સમયે પ્રભુ-પતિ દર્શનથી વિમુખ રહેવાની પવિત્ર પતિવ્રતાની મુદ્દલ ઇચ્છા નહોતી. સાસરામા જ ઘાટડી ઓઢી કુમકુમની આડ સાથે મરવામાં તે પોતાને ભાગ્યવાન સમજતી હતી પીયેરીઆને પોતાનો વિચાર તેણે સ્પષ્ટ જણાવી દીધો. ગમે તેટલુ પણ માબાપનું હેત ! તેઓ પુત્રીને ત્યાં આવી તેની બનતી સારવાર કરવા લાગ્યાં પણ સર્વ ધૂળ ઉપર લીંપણ થવા લાગ્યું ! સદાને માટે સુશીલાને નમાઈ કરી, રણછોડદાસને સુખથી વિછોડી ને ફૂલોને રડાવી પ્રભુના સાચા ધામમાં તે ચાલી ગઈ નમાયુ બાળક " મા " ' મા " કરી શોર મચાવવા લાગ્યુ પણ તેની માતા ગઇ તે ગઇ ! સદાને માટે ગઇ ! ગમે તેટલુ બાળક આક્રંદ

કરે પણુ તેની વહાલી જનેતા હવે આ ભવમાં કદી પણ તેને મળનાર નથીજ. આહ ! નિર્દોષ બાળક ! તે માતાનું સુખ શુ દીઠું ? તુ મોટુ ને સમજણું થશે ત્યારે તારી માતાનું દુ:ખ તને કેટલુ સાલશે ? તે વખતે તેની ખોટ તને કેટલી લાગશે !

જીવને બીજા સ્થળમાં વાસો કરવાનો હોવાથી તે તરફ તેનું વલણુ અંત સમયે દોરાય છે ને તેનો પ્રેમ ત્યાં ચોટે છે, એટલે પ્રથમની તેની સંસારની વહાલી વસ્તુઓ ઉપરથી સ્વાભાવિક રીતે તેનો પ્રેમ તદન ઉતરી જાય છે. સંસારની મોહ માયામાંથી ચિત્ત ઉડી જઇ વૈરાગ્ય વૃત્તિ ઉપર ચઢી જાય છે. સરસ્વતીની બાબતમાં પણ તેમજ બન્યુ. જે પતિ માટે સારી હાલતમાં પોતે જીવ આપવા તૈયાર હતી, જે પુત્રીના ભવિષ્ય સુખ ને સંભાળ માટે રાત દિવસ ઝંખના કરતી હતી તે ઉપરથી મમતા તદન દૂર થઇ ને તે મમતા બીજી તરફ–પ્રભુ તરફ વળી ગઇ, મનમાંથી મ્હારૂં તારૂં સર્વ નષ્ટ થઇ, ચર્મચક્ષુ ઉપરથી મોહનું આવરણુ ખસી ગયુ, સંસાર અસાર ને અનિત્ય લાગ્યો ને ચિત્ત વૈરાગ્યના શીખર ઉપર ચઢી ગયુ.

સરસ્વતી સ્વર્ગે સંચરી ગઈ ને પોતાના દુર્ભાગી પતિના મુખથી નીચલા શોકોદ્દગાર કઢાવવા નિર્માવતી ગઈ.—

ગઇ પળમા ઉડી આશા, પડયા સર્વે ઉધા પાસા;
વિધિના જોઉં તમાસા, દુ:ખો રડતાં ખૂટે ભાષા. ૧
નિહાળી બાળ થતો સતાપ, નમાયુ કોને કે'શે માત;
પડે ક્યમ શાંત કહીને વાત, ખાવાનું ઝટ માડી આપ. ૨
આશાથીરે ભરેલી તુ, પ્રેમી પંથે વળેલી તુ,
દોરે સ્નેહના સરેલી તુ, અજબ ઉડી નવેલી તું. ૩

આશા કિલ્લો ગયો તૂટી, ખજાનો પ્રેમ ગયો ખૂટી;
પાઇ તેં સ્નેહ જડી બૂટી, બનાવી અંધ થઇ છૂટી. ૪
વસેલો પ્રેમને વાસે, રમેલો રંગ ઉલ્લાસે;
પામેલો સુખ તું પાસે, તારા વિણુ મ્હારૂં શું થાશે. ૫
રડે મિત્રો મ્હારા તારા, અશ્રુ વહેતાં છે ચોધારાં;
ગુણો તારા જે ગણુનારાં, કર્યાં સૌને તેં નોધારાં. ૬
નિરાશા દિલમાં રોપી, બુઝાવી પ્રેમની જયોતી;
નમેરી ના અહીં જોતી, ગરમ આંસુ નહિ લોતી. ૭
હૃદય રડતું નહિ ઠરતું, નહિ સૂઝતું રહે ભમતુ;
નહિ જમતું નહિ શમતું, સદા દ્રવતુ પ્રિયા રટતું. ૮
ગણું જવાળામુખી જેવો, વિના પક્ષી માળો જેવો;
સિંહણુ વિણુ રાનના જેવો, સકળ સંસાર ચિતા જેવો. ૯
હવે આશા ઉડી સૌ ગઇ, યુવા ી વૃદ્ધ બનાવી ગઇ;
અધૂરાં સુખ લેતી ગઇ, ભોગવશું ભવ પેલા મહીં. ૧૦

પ્રકરણ ૬ ઠું.

ખાલી વાસણ ખખડે ઘણું.

Glad sight, where-ever new with old
Is join'd through some dear home born tie:
The life of all that we behold
Depends upon that mistry,
Vain is the glory of the sky,

The beauty vain of field a d grove,
Unless, while with adm ring eye—
We gaze, we also learn to love.
(Wordsworth).

ગ્રીષ્મ ઋતુની સાંજના પાંચ વાગ્યાનો સુમાર થયો છે, મંદ મદ પવનની મીઠી લ્હેરો વાય છે અને સવિતા-નારાયણ ક્ષિતિજમા જવાની તૈયારી કરતા જણાય છે.

નેપિયનસી રોડપર આવેલા ભવ્ય '**કમળા કેસલ**' ના વચલા દિવાનખાનામાં આંખે સોનેરી ફ્રેમનાં **આઇ-ગ્લાસ** ચડાવી, સુધરેલા પોશાકમાં સજ થઇ, પગમાં સ્લીપર પહેરી ને હાથમા ગુજરાતી **વર્તમાન** લઈ વાચતી એક યુાન સુ-દરી ખુરશીપર બેઠેલી છે સામેની હિંડોળાખાટપર બાવન વર્ષની ભરતીમા આવેલો તેનો પતિ હિસાબના ચોપડા તપાસે છે સુદરીનું નામ કમળાવતી ને તેના વૃદ્ધ પતિનુ નામ રણછોડદાસ છે.

' અરે જુવોની, આમાનો **આર્ટીકલ** તમે વાચ્યો કે ? " પત્રમાથી હસ સરખી ગરદન બહાર કાઢીને કમળાવતી બોલી.

" શાનો **આર્ટીકલ** ? "

" સર મહંમદભાઇ હબીબભાઇને ત્યાં આજે રાતના મોટી **ઇવનીંગ પાર્ટી** છે ને તેમાં પચરંગી કોમના લોકો સાથે મળી ખાણુ લેવાના છે તે બાબતનો. "

' એતુ હોય તો ઘણુ જ મઝેનું **ડીયર!** આપણુને પણ **ઈન્વી-ટેશન કાર્ડ** આવી ગયો છે, પણ પાર્ટીમા જવું કે નહિ તે સબંધિ

હું વિચારમાં જ હતો. "

'પણ ના કેમ જઇએ ? આવેલા ઈન્વીટેશનને આપણે માન આપવું જ જોઇએ, નહિ તો ફરી આપણો કોણ ભાવ પૂછશે ? શું સાથે બેસીને જમવાથી વટલાઇ જઇએ છીએ ? આપણો આત્મા અપવિત્ર થાયછે ? "

"ના, ના, વટલાવાનું તો તેમાં કઇ જ નથી. આત્મા તો સદા પવિત્ર જ છે, તે કદી પણ ભ્રષ્ટ થતો જ નથી. જે કંઇ થાય છે તે ફક્ત શરીરને જ થાયછે"

"અરે શરીરને પણ કંઇ થતું નથી. જુવોની, હલકું પાણી કે બીજી હલકી ચીજ શરીર ઉપર પડેછે ત્યારે તે પાણીથી ધોવાથી આપણા લોક શરીર પવિત્ર થયેલું ગણેછે, તો શરીરના અંદરના ભાગમા પણ પણી રેડવાથી એવું કઇ અન્ન વિગેરે લાગ્યું હોય તો તે પવિત્ર થઇ શકેજ. જેવું બહારનું તેવું જ અંદરનુ શરીર છે. કેમ, તમે શું ધારોછો ? "

"હું પણ તમારા વિચારને મળતો જ છું વહાલામાં કંઈ પણ વટાળ છેજ નહિ."

"પણ પરસેવાથી ભીંજાયલા, ચુલાની રાખોડીથી ખરડાયલા ને મેલથી રંગાયલા, ફાટેલા કત્રાણના કટકા પહેરી ગટરના પાણી જેવા ગંધાતા ને રાભા જેવા દેખાતા આપણા રસોઇઆના હાથની રસોઇ જમીન ઉપર બેસી પાદડામા જમવા કરતા મને તો ઇંગ્રેજી ઢબ પ્રમાણે રંધાયલું ખાણું ટેબલ ખુરશીપર બેસી ખાવાનુ બહુજ મન થાયછે"

"હા, પણ હજી આપણાથી તેમ થઇ શકે તેમ નથી છાની રીતે આપણે ગમે તેમ વર્તીએ પણ ઘરમા તો તેટલે સુધી સુધારો

કરવાને હજી થોભવું જોઇએ."

"ઠીક, પણ આજે પાર્ટીમાં તો આપણે જવુંજ જોઇએ."

"વારૂ, પણ છોકરીઓને સવેળા ચેતાવી રાખજો કે આઠ વાગ્યામાં તૈયાર થઇ રહે"

"લીલુ તો આપણે જેમ કહીશું તેમ કરશે પણ પેલી તમારી લાડકી સુશીલા આપણામાં ભળશે નહિ તેનું કેમ?"

"અરે તે પણ આવશેજ, ને નહિ આવે તો તેના ભાગનું આપણને શુ ખોટુ દેખાવાનું છે?"

"પણ તેમા મોટી મીસ્ટેક તમારીજ છે તમે તેને આટલી મોટે ચઢાવી ત્યારે તે હવે આપણે માથે છાણા થાપેછેને ? મ્હારો વિચાર તો તે ડાહીને પાર્ટીમાં આવવા કહેવાનો જ નથી આપણે સારી રીતે જાણીએ છીએ કે તે આવવાની તો નથીજ, ત્યારે વૃથા નાનાની જાળ પાણીમા શાને નાખવી ? ભલેને ઘેર એકલી પડી પડી પોથા ઉથલાવ્યા કરે. એતો "મનાવ્યો મોઢ મોથો થાય ને બોલાવ્યો આડો થઇ ભાત ખાય" માટે તેને સાથે લેવાના તદન અખાડાજ કરી જાઓ,"

"ત્યારે એજ બીજુ શુ ?"

"પણ રાત્રે આપણી લેન્ડો જોડાવજો હોં. હુ તે જાતે હાકીશ"

"અરે ડીયરા તમારાથી તે ગાડી હકાય? એતો કોચમેનનું કામ. લોકો આપણી મશ્કરી કરે ને જગમાં આપણી હાંસી થાય. જુવોને ત્રણ ચાર માસ ઉપર તમે લેન્ડો હાંકતાં હતાં ને ઘોડો એકાએક ભડકી જવાથી તમારાં ને લીલુનાં હાડકાં પાંસળાંનો

કેવો ખુરદો થઇ ગયો હતો ! એ તો સારૂં થયુ કે કંઇ **સીરીયસ** પરિણામ ના આવ્યું નહિ તો શું હાલ થાત ? તમે ગાડી હાંકો તે સારૂ દેખાયકે ! લોકો પૂઠે કેવું ભુંડુ બોલે ?"

"લોકો ગમે તેમ બોલે તેમાં આપણા બાપનું શું જાય છે ? નકામા પડેલાને પરનિંદા વિના બીજો આયતો ધંધો કયાંથી હાથ લાગવાનો હતો ? લોકના બોલ્યા સામું જોઇએ તો ગામ ઘર છોડી નાસી જવું પડે. ગોળીને મોઢે ગરણું છે પણ કંઈ દુનિયાને મોઢે છે ? ગાડી હાંકવી તે શુ તમે હલકું **કોચમેનનું** કામ ગણોછો?"

"અલબત તેવુ જ."

"**નો** ! **નો** ! તે એક **આર્ટ** છે ને દરેક સ્ત્રી પુરૂષને તે શીખવાની ખાસ ફરજ છે. જો એમ નહિ હોય તો પારસી ઇંગ્રેજ બાનુઓ કેમ ગાડી હાંકે છે ?"

"તેમને તેમના સમાજ તરફથી તેમ કરવાની છૂટ છે"

'તો તેવી છૂટ આપણને કેમ નહિ હોય ? તેઓ માણસ છે ને આપણે હેવાન છીએ ?'

"આપણે તો તેમના જેવાં માણસજ છીએ, પણ આપણી સમાજ હજી હેવાન છે ને આપણે તેની સાથે રહ્યાં એટલે ભેગાં આપણે પણ હેવાન"

"આપણે શા માટે તેની ભેગા રહીએ ? શુ આપણે તેનાં દબાએલાં છીએ ? તે આપણું જન્મારાનું પુરૂ કરેછે ? જુવોને, પેલા વિલાયતવાળા ઝગડામાં જુના વિચારવાળા આડા થયા તો તેમને પડતા મૂકયા. એમ જો દરેક બાબતના દિવસે દિવસે સુધારા થતા જાય તો દેશની સ્થિતિ કેવી સુધરી જાય ?"

"ખરેખર ! ડીયર તમારૂં કહેવું **વર્ડ વર્ડ** ખરૂં છે. આપ-

ણામાં હવે સુધારો થવા માંડયો છે પણ જો તમારા જેવી પાંચ પચાસ સ્ત્રી આગેવાન થાય તો હિંદુઓનુ દશા-ફૂલ ખીલી પમરાટ પ્રસારી સર્વનાં મનને ખુશ કરીદે ને હિંદુ સંસારને એક મઘમઘતા બગીચાના રૂપમાં ફેરવી નાખે."

'પણ આપણી પ્રેમલી ભગતડીઓમાં પેલા ઢોંગી ગુરૂ મ્હારાજોએ કોણ જાણે કેવાએ ભુત ઘુસાડી દીધા છે કે સુધારાની ગમે તેટલી ધુણી લાગ્યા છતા તે તેમનાથી દૂર ખસતાજ નથી. આપણી નાતમા પેલા દેવીદાસની પુત્રી તારા બે વર્ષથી રાંડી છે પણ તેની વારે કોઇ ચઢતુંજ નથી તેની મા ગુલાબબાઇને તે છોકરીના પુનર્લગ્ન કરાવવા મે બહુ બહુ સમજાવી પણ તે તો એકની બે ના જ થઇ તારાએ પણ મને ચોખ્ખી ના જ પાડી, હવે ત્યા શુ કહેવાનુ રહ્યું ? "

"ત્યારે તેમનાં નસીબ!" આપણે શુ ? રણછોડદાસ એટલુ બોલી હિસાબ તપાસવામા રોકાઈ ગયો.

પ્રિય વાંચક ! જોઇ તે આ જમાનાની બલિહારી? સરસ્વતીની સાથે તે પ્રથમ જોયેલો તે જ આ રણછોડદાસ છે, બીજો નહિ. પત્નીના ઘણા કાલાવાલા છતા જે પુરૂષ ફરી લગ્ન કરવાને ના પાડતો હતો, પોતાની પ્રિયાના દુખ માટે પોકેપોક રડતો હતો, બાળક સુશીલાને જીવના જોખમે સાચવવા જે વચન આપતો હતો, તેજ અત્યારનો રણછોડદાસ છે

પુરૂષનુ મન પારા જેવુ ગબડતુ છે તે કદી પણ સ્થિર રહેતુ જ નથી. પુરૂષનો પ્રેમ ચળીત છે, તેનામા પ્રેમ કરતા મોહ વધારે છે, ત્યારે સ્ત્રીનો પ્રેમ અચળીત છે. પુરૂષ સ્ત્રી આગળ પ્રેમ-ધર્મ બજાવવામા ઘણો પછાત પડે છે, ત્યારે પતિ ગુજરી જતાં જીદગી પર્યંત સૌભાગ્યાલંકાર ત્યાગી, શીર મુડાવી ખુણામા બેગી

સ્ત્રી પડખાં કરેછે, ઉત્તમ પકવાન ત્યાગી પેટપુર સુકી રોટલીનો આહાર કરે છે ને સુખ નિદ્રા-મોજ શોખથી દૂર વસે છે સ્ત્રી મુવા પછી પુરુષ તરતજ લાલ કેસર જેવી પાઘડી પહેરી પત્નીશોક વિસરી ઘોડે ચઢી બીજી સ્ત્રી લાવેછે. ઓ આર્ય ! પવિત્ર આર્યાવૃતની પવિત્ર આર્યા ! તારો તારા પતિ પ્રત્યે કેવો અચળ પ્રેમ છે ! તારૂં પ્રેમપાત્ર નષ્ટ થતાં સ્વપ્ને પણ તેને તારા સ્મરણને હૃદય સ્થાનમાંથી ખસેડી પર પુરુષનો કદી પણ વિચાર કરતી નથી ! પુરુષ તારા મરણ બાદ બીજેજ દિવસે તારો પ્રેમ ભૂલી જાય છે ને સંસારના નવા રગડામાં રંગાવા પ્રવૃત્ત થાય છે.

સરસ્વતીના મરણ બાદ બે ત્રણ માસ તો રણછોડદાસ ગત પત્નીને સંભારી વારંવાર રડી પડતો. કોઇ તેના વિવાહનું માગું લઇ આવે તો તેને એકદમ ધુતકારી કાઢતો; પણ વખતે પોતાનું કાર્ય કરવા માંડયું. તેના મિત્રો ને સગાં વહાલાં તેને વારંવાર ફરી લગ્ન કરવાની બાબતમાં કંટાળો આપવા લાગ્યાં. આખર રણછોડદાસને મરનાર પત્નીના બોલ યાદ આવવાથી સર્વનો વિચાર સારો જણાયો ને વિવાહ કરવાનું નક્કી કર્યું. શહેરમાં મોટી ઉમ્મરની કોઇ રૂપાળી કન્યા નહોતી. જે ચાર પાંચ હતી તે સર્વ દસ બાર વર્ષની હતી. કાઠીઆવાડમાં તપાસ કરાવી તો સિહોરમાં એક ગરીબ વિધવા બાઇને પંદર વર્ષની છોકરી કુંવારી છે એમ ત્યાંથી પોતાનાં સગાં વહાલાં તરફથી પત્ર દ્વારા ખબર મળી. તરતજ રણછોડદાસ પોતાના ત્રણ ચાર પાસેના સગાને લઇને આગબોટમાં બેસી ભાવનગર ઉપડી ગયો. ભાવનગરથી સિહોર જઇ કન્યા જોઇ તો રૂપ રંગમાં કન્યા સરસ્વતીથી ચઢીઆતી માલુમ પડી. તેની કેળવણી વિષે તપાસ કરતાં ગૂજરાતી ચાર ચોપડી તે શીખેલી હતી. રંક અવસ્થાને લીધે

ચતુર બુદ્ધિશાળી બાળકીને અભ્યાસ આટોપવા પડયાનો ખુલાસો તેની વિધવા માતાએ કર્યો ને તેના સગાએ ટેકો આપવાથી તે ખરો ઠર્યો. રણછોડદાસે કેળવણીમાં કન્યા ઘણીજ પછાત હોવાનો વાધો ઉઠાવ્યો, પણ બીજુ કોઇ રત્ન તે વખતે તેને માટે હાજર નહિ હોવાથી "રાણા મ માથી કાણા મામા સારા" એમ સમજી સર્વના આગ્રહથી આખર તે લેવુ પડયું. પરણ્યા પછી શિક્ષક રાખી તેને વધારે કેળવાશે એમ રણછોડદાસનાં સગાં વહાલાંએ તેને સમજાવ્યો.

કન્યાની વિધવા માતા ધનકોરને રૂપિઆની જરૂર હતી. તે કોઇ સારા સદ્ધર જમાઇને શોધતી હતી, તેમા આ રણછોડદાસ મળી આવ્યો એટલે હાથમાં આવેલો ઉત્તમ અવસર ચૂકે તેવી તે કાચી નહોતી. ગામના એક બે પટેલીઆને બસો ત્રણસો છાની રીતે આપવાના કરી રણછોડદાસ સાથે પોતાની દીકરીનો વિવાહ નક્કી કરવી આપવા તેમને સમજાવ્યા.

એમ સર્વ વાતે રણછોડદાસનુ મન મનાતાં છેવટે કન્યાની કિમ્મત કરવાનો વખત થયો ધનકોરે પુત્રીની કિમ્મત રૂપિયા વીસ હજારની આંકી. રણછોડદાસ તેટલી મ્હોટી રકમ સાંભળી દંગ થઇ ગયો લોભી પટેલીઆ રણછોડદાસને અનુપમ રત્ન હાથ માથી જવા નહિ દેવા સમજાવવા લાગ્યા અને રૂપિયાના વાધે વિવાહ કરતા આવેલો પાછો જાય તો નાતમા આબરૂ જાય, ઘરની પૈસા સબધિ સ્થિતિ ઉઘાડી પડી જાય એમ રણછોડદાસને તેઓ ભભેરવા લાગ્યા. અંતે હા ના કરીને રૂપિયા પંદર હજાર ધનકોરને આપ્યા. રણછોડદાસને રૂપિયો ને શ્રીફળ આપ્યાં ને વિવાહ નક્કી થયો. ત્યારપછી એક માસમા લગ્ન કરવાનાં ઠર્યા. રણછોડદાસ ને તેના સાથી મુબઇ ગયા ને લગ્નની તૈયારી શરૂ

કરી દીધી. લગ્ન મિતિએ સાધારણ મોટી ધામધૂમથી રણછોડદાસનાં લગ્ન કમળા સાથે મુંબાઈમા થયાં. કમળા ઉમર લાયક હોવાથી તરત જ તેને વળાવી દીધી. ધનકોર ચિન્તાના ભારથી પંદર હજાર રૂપિયા લઈ સદા માટે મોકળી થઇ. આ વખતે રણછોડદાસ ચાળીમની ભર્તીમાં આવ્યો હતો.

કમળા સાસરે આવી. સિહોર જેવા નાના ગામડાના ઝુંપડામાં દુઃખમાં રહેલી કમળા મનહર મુબાઇપુરીના મોહક વૈભવ વિલાસથી તદન અંજાઈ ગઈ અને પતિની સાહ્યબી જોઇ દંગ થઇ ગઇ. શરૂઆતમાં તે ગાડાની માફક દરેક વસ્તુ આમ તેમ ધારી ધારીને જોવા લાગી. ઘરના ચાકર નોકર નવી શેઠાણીની વર્તણુક જોઈ તેની પૂઠે ખડખડ હસવા લાગ્યા ને પ્રસગે તેની મશ્કરી પણ કરવાને ચૂકયા નહિ.

રણછોડદાસને પણ પત્નીમાં કેળવણીની ખામી જણાઇ. તરતજ એક હુશિયાર પારસી શિક્ષકના હાથ નીચે ખાનગી રીતે તેને કેળવવાનુ શરૂ કર્યું રણછોડદાસના કહેવાથી શિક્ષકે તેને સુધારાની સીમ તરફ વાળી દીધી " ના દીઠાનુ દીઠું ને માર મૂળા ને મીઠુ " એવુ કમળાની બાબતમા બન્યુ. પિયરમાં કઇ જોયલું નહિ ને સાસરે એકદમ ઇંદ્રાણીના પદપર આવી બેઠી એટલે ધીમે ધીમે બકરી આદુ ખાતા શીખી શિક્ષક પણ તેવીજ તાલીમ આપનાર એટલે પછી શુ બાકી રહે ? કમળાની સ્થિતિ થોડા સમયમાં બદલાઈ ગઈ મર્કટના હાથમા "ગોટપીટ" કેળવણીના મદીરાનો પ્યાલો આવ્યો ત્યાં પછી ઉન્મત્ત બને તેમાં શું આશ્ચર્ય ? ગૂજરાતી પાંચ ચોપડી પૂરી થતા ઇંગ્રેજી અભ્યાસ શરૂ થયો ને સાથે વાદ્ય મ.ન [illegible] શરૂ થયું. પ્રથમની કમળા [illegible]

ના રહી. તે ઘરનાં સર્વ માણુસ ઉપર રોફ બજાવવા લાગી અને તે ઈંગ્રેજી ભાગ્યું તુટયું લખતાં બોલતાં ટુક મુદ્દતમાં શીખી ગઇ. સાસરે આવ્યા પછી એક વર્ષે કમળાએ ગર્ભ ધારણ કર્યો ને યથાકાળે પુત્રીને જન્મ આપ્યો. પુત્રીનું નામ લીલાવતી પાડ્યું. સુવાવડના સમયમાં અધૂરો મૂકેલો અભ્યાસ પુનઃ કમળાએ શરૂ કર્યો. લીલાને ધવરાવવા તથા ઉછેરવા ધાવ (આયા) રાખવાથી કમળા તદ્દન છુટી જ હતી.

સાંજના રોજ નિયમિત નવીને લઇ રણછોડદાસ ચોપાટી, વાલકેશ્વર, બેન્ડસ્ટેન્ડ કે પાલવા ઉપર હવા ખાવા જતા હતા. નવીને ત્યાંથી નવા ચેટક લાગ્યાં. ઈંગ્રેજી સ્ત્રીઓની માફક રાઇડીંગ શીખવાની હોંસ થઈ આવી. તેના શરીરનો બાંધો ઘણો જ સારો હતો એટલે પ્રેમાળ પ્રિયાની ઇચ્છા સામે રણછોડદાસે વાંધો ના લીધો.

એક સારો ઘોડો તથા હુશિયાર નોકર રાખી પત્નીની ઇચ્છા તે પ્રેમઘેલાએ પૂર્ણ કરી. કમળાના આવા હદ ઉપરાંત સુધારાથી તેની તથા રણછોડદાસની ઘેર ઘેર કુથલી થવા લાગી. પણ તેમણે તે બાબતની લેષ પણ દરકાર કરી નહિ. કમળાએ ગાડી હાંકવાનું કામ પણ શીખી લીધુ ઘણી વખત તો કોચમેનના હાથમાંથી લગામ લઇ તેજ હાંકવા બેસતી હતી. એક બે વખત રહેજ અકસ્માત નડવાથી ગાડીનો બોરકુટો વળ્યો પણ કમળાએ તો ગાડી હાંકવાનું ચાલુ જ રાખ્યું. આખર જ્યારે એક માણુસ કમળાની હાંકવામાં થયેલી ભૂલથી ગાડી તળે આવી ગયો ને સરકાર તરફથી રૂપિયા બસો દંડ થયો ત્યારે જ કમળાનો આંકડો નમ્યો. અકસ્માતની વાત રોજંદા પત્રોએ તરત જ છાપી દીધી ને કમળાવનીતા સુધારાની વાત પણ જણાવી દીધી, આથી આખા નગરમાં રણ-

છોડદાસ તથા કમળાવતીની ઘેર ઘેર વાત ચાલી ને તેઓ જગ બત્રિસીએ ચઢયાં. રણછોડદાસનું દિલ આથી બહુ જ કચવાણું તેથી પ્રિયાને ફરી ગાડી કદી નહિ હાંકવા ખાસ તાકીદ કરી દીધી.

કમળા ઘણુખરૂં પારસણના જેવો જ પોશાક પહેરતી હતી. ફક્ત સુધરેલી પારસણની માફક માથાબાતું રાખતી નહિ બુટ સ્ટોકીંગ ને લાંબી બાંયનાં પોલકાં–કબુતરખાનાં તે પહેરતી હતી. આંખો તદન સારી હોવા છતાં ફેશનની શીશીઆરીમાં તણાઈ આઇ- ગ્લાસ પ્હેરવા માંડયાં પણ તે તો આખર ગળે જ વળગી પડયાં, એટલે હવે તેના વગર કમળાવતી તદન આંધળી જ હતી. શોખ કરવા જતાં સદાની બલા ચોંટી ગઇ.

રણછોડદાસ કમળાવતીના રૂપ રંગ ને રૂવાબ આગળ 'જી લબ્બે' થઇ ગયો. તે કેટલીક વખત પોતાની અસલ પ્રકૃતિ ઉપર આવી જતો પણ કમળાના સુસવાટા કરતા ધડાકા ભડાકાથી પાછો ઠેકાણે થઇ જતો, આથી કમળા વધારે ખીલી. પતિની નબળાઇ કમળા કળી ગઇ ને બરોબર દમ કસી પતિને થોડા સમયમા સંપૂર્ણ કબજામાં લઇ લીધો. કમળા છૂટથી બહાર હરવા ફરવા લાગી જેમાં રણછોડદાસને કોઈ પણ જાતનો વાંધો જણતો નહિ. કમળામાં સુધારાએ પોતાનું સ્વરૂપ પ્રત્યક્ષ કર્યું શાળામાંથી રણછોડદાસે જે સુધારાનો પાયો તૈયાર કર્યો હતો તેને હવે પાકી ઇમારતના આકારમાં ગોઠવનાર શિલ્પશાસ્ત્રી મળી ગયો એટલે સુધારાનો રંગમહેલ ચણાવા માંડયો !

પાશ્ચાત્ય સુધારાની બાબતમાં પતિ—પત્નીના ગુણ દોષ મળતા આવ્યા એટલે ઘરમાં કજીયો કંકાસ થતાં નહોતાં. કોઇક વખત કમળાના ખારીલા તીખા સ્વભાવથી કજીયાનું ભડકું થતું પણ રણ-

છોડદાસની ઠંડી જીભથી તે ઠંડું થઇ જતું. કમળા સ્વભાવમાં બહુજ હલકી ને તોછડી હતી. અદેખાઇ, આપવડાઇ ને જૂઠ એ ગુણો તેનામાં જડ ઘાલીને બેઠા હતા. અભિમાનમાં તે સર્વને તૃણવત્ સમજતી હતી. રણછોડદાસનો તેના આગળ હવે કંઇ પણ હિસાબ નહોતો પોતાનુ બોલ્યું હાએ હા કરવાને તે પતિને હવે રૂવાબથી ફરજ પાડતી હતી પોતાનાં યૌવન, શણગાર, સાહ્યબી ને કેળવણીથી તે સર્વ દુનિયાને હલકી ગણતી હતી. ઘરના નોકર ચાકર હવે કમળાના ક્રોધથી કંપી ઉઠતા હતા. શેઠાણીનો હુકમ ફેરવવા શેઠ પણ સમર્થ નથી એમ તેઓ પાકું સમજતા હતા ઘરની, બહારની, સંસારની, વ્યાપારની, દેશની કે પરદેશની સર્વ બાબતમાં કમળાની સંમતિ રણછોડદાસને પ્રથમ લેવી પડતી હતી. જો દૈવયોગે તેમ કરવુ તે વિસરી ગયો તો પાડવ કૌરવનો દારૂણ સગ્રામ તે શરૂ કરતી ને પતિને લાખો કઠોર વચન સંભળાવતી. તેના બોલનો એક પણ ઉથલો વાળ્યા સિવાય રણછોડદાસ સર્વ નિરૂપાયે ગૂપચૂપ સહન કરતો હતો.

કમળાના તીખા સ્વભાવથી રણછોડદાસ ઘણી વખત મરનાર સરસ્વતીને સભરી મૂઆનો હતો પણ 'થઈ તે થઇ" એમ સમજી ચૂપ રહેતો હતો કમળાએ ત્રણ વર્ષ અભ્યાસ કરી તે પૂરો થયો સમજી છોડી દીધો ઇંગ્રેજી સાધારણ રીતે બોલતાં લખતાં આવડ્યુ એટલે મોટી પડિતા થઇ ગઇ એ ગુમાનથી તે ઘેલી બની ગઇ-ફૂલાઇ ગઇ. કમળાનો કઠ સારો હતો એટલે ગાવામા તે સારી દીપી ઉઠી હારમોનિયમ ને પિયાના ઉપર તેના આંગળા પાણીના રેલાની માફક ફરતાં હતા.

કમળાને પોતાની શોકયની પુત્રી ઉપર સ્હેજ પણ સ્નેહ હોય તે તદ્દન અસંભવિત હતું. શરૂઆતમાં તે સુશીલાને બોલાવતી ચલાવતી પણ તે ફક્ત રણછોડદાસનો પ્રેમ જીતવાને માટે જ. તેના અંતરમા તો સુશીલા માટે સ્હે જ પણ લાગણી નહોતી. રણછોડદાસે સુશીલાની સભાળ પરણ્યા પછી એક બે વર્ષ સુધી તો ઠીક લીધી પણ આખર કમળાના સત્સંગથી તે સભાળ લેવામાં શિથિલ બની ગયો સુશીલાની સંભાળ ઘરમાં ફૂલી જ સારી રીતે લેતી હતી. કમળા ઘણી વખતે ફૂલીના સુશીલા પ્રત્યેના પ્રેમ માટે ચીડાતી હતી પણ તરતજ સમજુ ફૂલીના બે ચાર નરમાશ ભર્યા શબ્દથી શાંત થઇ જતી હતી. ફૂલી વખત જોઇને કામ કરી લેવામાં ઘણી જ કુશળ હતી. કમળાની સામે થવામાં સુશીલાનુ ભવિષ્ય બગડવાનો સંભવ લાગવાથી તે કોઈ પણ રીતે કમળાને પ્રસન્ન રાખતી હતી. કમળાનું કામ પોતે તન દઇ સર્વથી સરસ રીતે બજાવી નવા શેઠાણીની તે વહાલી બનતી, જોકે અંતરમા નવા શેઠાણી માટે ઝાઝો પ્રેમ નહોતો. કમળા શેઠાણીની સત્તા સર્વ ઉપર જામી હતી, ફક્ત ફૂલી જ તે સત્તામાથી પોતાની બુદ્ધિબળે મુક્ત હતી.

સુશીલા ને લીલાવતીની વય વચ્ચે માત્ર સાડાત્રણ વર્ષનુજ અંતર હતુ હાલ સુશીલાનુ વય પ દર ને લીલાનું બાર વર્ષનું હતુ.

રણછોડદાસને ફરી પરણ્યા પછી ધંધામા સારા પૈસા મળ્યા હતા, તે સર્વ નવીના પ્રતાપે મળેલા તે સમજતો હતો. કમળા પોતાનાં પગલાએ ઘરમાં સારૂં થયું જાણી છાપરે ચઢી બેઠી. પ્રિયાના આગ્રહથી વાલકેશ્વરમા પ્રિયાના નામનો સાઠ સીત્તેર હજાર રૂપિયા

ખરચી એક મોટો બંગલો બંધાવ્યો ને કમળાવતીની ઇચ્છા મુજબ ઈંગ્રેજી ઢબ પ્રમાણે તેને વિસ હજાર રૂપિયાના ફરનીચરથી સુશોભિત બનાવ્યો હતો. બંગલાની ચારે બાજુ ફરતો વિશાળ બગીચો રાખવામાં આવ્યો હતો, ને તે બગીચાને વિવિધ પ્રકારનાં ચિનાઇ માટીનાં તથા આરસપહાણનાં ફુલકુંડાં તથા સંગેરમરમરનાં બાવલાંથી શણુગાર્યો હતો ને તેમાં ફુવારો મૂકયો હતો, જે સવાર સાંજ ઉડી મનને શાંતિ આપતો હતો. બંગલાના પાછલા ભાગ ઉપર આવેલા દરિયાની ઠંડી સુખદ હવા બંગલામાં વસનારને ઘણી જ પ્રિયકર થઈ પડી હતી. રણછોડદાસ સહકુટુમ્બ બે ચાર માસ વાલકેશ્વર તો બે ચાર માસ શહેરમાં રહેતો હતો. હાલમાં તેઓ વાલકેશ્વરના બંગલામાં રહેતાં હતાં.

સુશીલા ને લીલાની વયમાં જોકે સાડાત્રણ વર્ષનો અંતર હતો પણ કદમાં બન્ને સરખીજ હતી. બાર વર્ષની લીલા પંદર વર્ષની સુશીલા સરખી બલ્કે તેનાથી સ્હેજ મોટી જણાતી હતી. લીલાનું શરીર પ્રચંડ ને બેવડા બાંધાનું હતું; શરીરના દરેક અવયવ લોહી માંસથી તદન ભરપૂર હતા; સુશીલા શરીરે પાતળી નાજુક હતી. તેની આંખો ચિંતાથી ઉંડી ગયેલી હતી, જ્યારે લીલાની આંખો તેવી ચિંતાથી તદન નિરાળી હતી; સુશીલાનું લક્ષ ભણવા તરફ વિશેષ હતું, જ્યારે લીલાનું લક્ષ તોફાન કરવા ને રમવા કુદવા તરફ દોડતું હતુ, સુશીલા દરેક વિષય ખરા મનથી શીખતી હતી ને ભણવાના ફીકરમાં ને ફીકરમાં સોસાતી હતી, જ્યારે નફીકરી લીલા માતાના લાડમાં ને મનસ્વી વર્તનમાં આડી અવળી ફાલતી હતી.

સુશીલા તરફ કમળા પૂર્ણ ધિક્કારની નજરથી જોતી હતી. લીલા કરતાં સુશીલા ઘણી જ સારી રીતે શીખે છે ને દર વખતે શાળામાં પહેલે બીજે નંબરે પાસ થઇ ઇનામ લાવે છે તે બાબતથી તે તદ્દન દ્વેષી બની જતી હતી લીલા કરતાં સુશીલાને વિદ્યામાં ચઢતી જોઇ તેની આંખમાં તડતડીઆ પડતા હતા. નમાઇ સુશીલા સાવકી માના ટપલા ટાણા ખાઇ આયુષ્ય બળે ઉછરતી હતી. કમળા સુશીલાને સતાવવામાં કંઇ કચાશ રાખતી નહોતી, પણ તે સર્વ રણછોડદાસથી ગુપ્ત જ હતું. ગરીબ સુશીલા પોતાને દુઃખ દેતી સાવકી માની ફરિયાદ પિતા પાસે કરવાની હિમ્મત કરતી નહિ. રણછોડદાસને કાને બીજા કોઇ દ્વારા, ઘરમાં સુશીલા પ્રત્યે થતા અન્યાયની વાત આવવાનો સંભવ નહોતો. એક બે વખતે ફૂલીએ શેઠને થતા અન્યાય માટે ચેતાવ્યા તે ઉપરથી સુશીલાનો પક્ષ લઇ રણછોડદાસે કમળા પ્રત્યે ઝપાટો કર્યો, પણ પછુ બીજા દિવસથી હતું તેમનું તેમજ ચાલવા માંડયું, ને સુશીલા પ્રત્યે કમળા વધારે દ્વેષભાવ રાખવા લાગી. આ વાતની ફૂલીને ખબર પડતા તેણે પુનઃ શેઠને તે સંબંધિ કહેવાનું બંધ કર્યું.

સુશીલા જેમ જેમ ઉમ્મરમાં મોટી થતી ગઇ તેમ તેમ સાવકી માતાનું હેત સર્વ સમજવા લાગી; નવી માતાના વહાલના ઘુંટડા ગળવા લાગી. સુશીલાની લાગણી ઘણી જ તીવ્ર હોવાથી તેમજ તેનામાં સામાનું મન પારખવાની શક્તિ ઘણી જ ઉત્તમ હોવાથી તે સોસાઇને અડધી થઇ જતી હતી. હમેશાં કમળા રણછોડદાસ પાસે લીલાનાં વખાણ કરતી હતી ને સુશીલાના સ્હેજ નાના અપરાધને મોટું રૂપ આપી રણછોડદાસ દ્વારા તે શોકને વારંવાર ઠપકો અપાવતી હતી. સુશીલ સુશીલાને સર્વ સદ્‌ગુણ તેજ

મરનાર માના તરફથી વારસામાં મળ્યા હતા તેથી તે પોતાના ઉપર થના અન્યાય માટે એક અક્ષર પિતા પાસે કે બીજા કોઇ પાસે ઉચરતી નહોતી. જ્યારે બહુ જ કંટાળતી ત્યારે પોતાની ભણવાની ઓરડીમાં જઇ બારણું બંધ કરી પોતાની ભરેલી છાતી ખાલી કરતી અથવા ફૂલી પાસે જઇ આસુ વહેવરાવની ફૂલી તેનુ શાંત્વન કરતી ને પોતાનાથી બનતી રીતે ક્રૂર કમળાના પંઝામાથી તેને કેટલીક વખત બચાવી લેતી.

સુશીલા ને લીલાને બાલ્યાવસ્થામા એકજ નિશાળમા મૂકયા હતા સુશીલાએ **યંગ લેડીઝ હાઈ સ્કુલમાં** પંદર વર્ષની ઉમ્મરે ઇંગ્રેજી છઠ્ઠું ધોરણ પુરૂ કર્યુ હતું, જ્યારે લીલાવતીએ બાર વર્ષની વયે ગૂજરાતી ફક્ત પાચ જ ચોપડી ને ઈંગ્રેજી બીજી ચોપડી કાચી પાકી પૂરી કરી હતી. સુશીલાની ઉમ્મર મોટી થવાથી તેમજ લીલાને નિશાળમાં જવાને ઘણો જ કંટાળો આવવાથી છોકરીઓના માબાપે બન્ને બહેનોને ઘેર ખાનગી રીતે શીખવવાનુ યોગ્ય વિચાર્યુ. સુશીલાને સંસ્કૃત શીખાવવા એક શાસ્ત્રી રોજ કલાક કલાક પ્રથમ થીજ આવતો હતો. સુશીલા ને લીલા વચ્ચે કઇ ઝાઝો સ્નેહ નહોતો. સુશીલા લીલાને પૂર્ણ પ્રેમથી ચાહતી હતી ને નાની બહેનને પોતાના જેવી બનાવવા માટે ઘણી જ ઉત્સુક હતી. લીલાને તે ઘણી વખતે અભ્યાસમાં મદદ કરતી હતી, જ્યારે લીલા સુશીલાના ભણતર માટે અદેખાઇથી બળી જતી હતી, તેની મશ્કરી કરતા હતી ને તેનાથી શરમની મારી દૂર જ રહેતી હતી સુશીલાના દરેક બોલનો લીલા હમેશા ઉધો જ અર્થ કરતી હતી. નિર્દોષ ને રંક સુશીલાને લીલા અભિમાની ને સ્વાર્થી ગણતી હતી. માતા પાસે

ઘણીક વખતે સુશીલાના કંઇ કહેવાથી દયામણે મુખે રડતી રડતી જઇ તે ફરીઆદ કરી તેને સતાવરાવતી હતી.

ઉપર જણાવ્યા પ્રમાણે રણછોડદાસ હિસાબ તપાસવામા ને કમળા **ન્યુસપેપર** વાંચવામાં રોકાયાં હતાં. કમળાએ ગૂજરાતી પત્ર પડતું મૂકી હાથમાં **ટાઇમ્સ** લઇ તેમાંની જાહેરખબર તપાસવા માંડી. તે તપાસતાં તે બોલી ઉઠી, “ આપણી પેલી **એડવરટાઇઝમેન્ટ** આજે આવી છે, હો ! ”

“ હા, મેં સવારે તે વાંચી હતી, પણ હજી સુધી કેમ કોઇ તે માટે નહિ આવ્યુ હોય ? ” રણછોડદાસે ચોપડામાથી ડોકુ બહાર કાઢી જણાવ્યુ.

“ આજે નહિ તો કલે કોઈ જરૂર આવશે ખરૂં, પણ આ ઉપરથી એમ લાગે છે કે ઇંગ્રેજી સ્ત્રી શિક્ષકો આપણા હિંદુ બચ્ચાંને શીખવવા માટે પૂરતી સખ્યામાં મળવા મુશ્કેલ છે ”

“ ખરેખર તેમજ છે. જો કોઇ દેશી બાઇ માટે માગણી કરી હોત તો આપણે દેશી બાઇ ઉમેદવારોને જવાબ આપી કટાળી જાત એટલા તેઓ આપણે બારણે ઉભરાઇ આવત ” એટલામા નોકરે આવી શેઠના હાથમાં એક કાર્ડ મુકવાથી તે વાર્તા ત્યાજ અટકી પડી શેઠે તે વાચીને તે કાર્ડ વાળી બાઇને પોતાની પાસે તેડી લાવવા નોકરને કહ્યુ નોકર ચાલી ગયો રણછોડદાસે કમળાને તે કાર્ડ જોવા આપ્યુ કમળા કાર્ડ જોઇ બોલી “ હુ ધારૂછુ કે આ **મીસ મેરી** જાહેરખબરના સંબધમા જ આવી હશે ” રણછોડદાસ પ્રત્યુત્તર વાળે તેટલામાં નોકર પાંત્રીસેક વર્ષની ઇંગ્રેજી બાઇને લઇને આવ્યો. તે બાઇ આવનાની સાથે જ રણછોડદાસ તથા કમળાએ બેઠક ઉપરથી ઉઠી તે ઇંગ્રેજ બાઇને આવકાર આપી

શેકહેન્ડ કરી. સર્વ ખુરસી ઉપર બેઠાં.

રણછોડદાસે શરૂ કર્યું, "Madam, I think you come regarding my advertisement" (મેડમ, હું ધારૂંછું કે તમે મ્હારી જાહેરખબરની બાબતમાં આવ્યાં છો.)

"Yes, gentleman; I am much pleased to see you-Mr. Runchhordas". મીસ મેરી વચમાં જ બોલી. (હા, હું તમો-મી૦ રણછોડદાસને મળવાથી ઘણીજ ખુશી થઇછુ.)

"Madam, you know Gujarati ?" (મેડમ, તમે ગૂજરાતી જાણો છો ?)

"I do know it Sir" (હુ તે જાણું છું.)

"So much the better" (તો ઘણું જ ઉત્તમ.) કમળાએ વચમાં ટાહુકો પૂર્યો.

"તમને શીખવવાનો અનુભવ તો પૂરતો હશે ?" રણછોડદાસે ઇંગ્રેજી બાઇ મેરીને પૂછ્યુ.

"હા, જી, મેં ઘણા હિંદુ કુટુમ્બોમાં છોકરાંઓને ટયુશન આપ્યાં છે ને તેને માટે મ્હારી પાસે સરટીફીકેટો છે જે હુ તમોને દેખાડવાની રજા લઉ છું." મેરીએ કમરે લટકાવેલા નાના પાકીટ-માથી સરટીફીકેટ કાઢતાં જણાવ્યુ. મેરીએ સરટીફીકેટ કમળાના હાથમાં મૂકયાં. કમળા તે વાચતાં બોલી; "ઓહો ! પ્રાણજીવનદાસ ગોપાળદાસ સોનાવાળા; જે. ડી. કોપરબરાસ, નગીનદાસ જયુદેવદાસ ત્રિભોવનદાસ એમ. વાહ ! તમોને આ ઉપરથી ઘણો જ સારો અનુભવ જણાય છે !"

"આવાં અનુભવી શિક્ષક આપણાં છોકરાં માટે મળવાથી આપણે ઘણું જ ખુશી થવા જેવું છે. ઇંગ્રેજ બાનુ છતાં આપણા

ગુજરાતી લેંગ્વેજ કેવી સ્પષ્ટ ને વગર અચકાયે બોલેછે એજ એ ઇંગ્રેજ લોકની હુશિયારીની ખુબી છે." છેલ્લું વાક્ય રણછોડદાસ કમળા પ્રતિ બોલ્યો.

"તમારા હિંદુ લોકની હુશિયારી ક્યાં ઓછી છે ? તમે લોકો અમારી ભાષામાં અમને પણ એક બાજુ મૂકો તેવું લખી બોલી શકો છો. હજી તમારા લોક જેટલે સુધી પહોચવાને અમને બહુજ વખત લાગશે. વારૂ ! તમારે ત્યાં કોને ટયુશન આપવાનું છે ?"

"મ્હારી બે છોકરીઓને ઇંગ્રેજી શીખવવાનુ છે. એકે ઇંગ્રેજી સીક્સ્થ સ્ટેન્ડર્ડ સુધી અભ્યાસ પૂરો કર્યો છે, જ્યારે બીજીએ સેકન્ડ બુક પૂરી કરી છે." રણછોડદાસે જવાબ આપ્યો.

"ઓલ રાઇટ, પણ તે છોકરીઓને બોલાવો તો ઠીક."

કમળાએ ટેબલ ઉપર પડેલો ચંગ વગાડી નોકરને બોલાવી બન્ને છોકરીઓને બોલાવી લાવવા કહ્યું. એક મિનિટમાં સુશીલાએ ત્યાં આવીને બેઠેલાં સર્વને નમન કરી રણછોડદાસને નમ્રતાથી પુછ્યુઃ "પિતાજી આજ્ઞા ?"

"જો, તમોને શીખવવાને આ બાનુ આવ્યાં છે. અહીં બેસ ને પૂછે તેનો યોગ્ય ઉત્તર આપ.'

સુશીલા ડોકું નમાવી પાસે પડેલી ખુરસીને અઢેલીને ઉભી રહી. "બેસો, બેસો, તે ખુરસીપર, ઉભા રહેવાની કાંઈ જરૂર નથી." મેરીએ હાથની ઇશારત સાથે સુશીલાને કહ્યું.

"નહિ જી. મને બેસવાની જરૂર નથી." સુશીલા શરમાતાં ધીરેથી બોલી. મેરી મનમાં બોલીઃ "વોટ આ નાઇસ ગર્લ ?" (કેવી સુંદર છોકરી ?) એટલામાં ક્રોધથી લાલચોળ બની ઉગ્ર રૂપ ધારણ કરી માલેકી સાંઢણીની માફક ધડ ધડ આફાડ પછાડ કરતી

લીલા દોડતી ત્યાં આવીને કમળા પાસે જઇ તેનો હાથ ખેંચીને બોલી "કેમ શું છે? બોલને શું કહે છે? હું ત્યાં ફૂલ વીણતી હતી ત્યાંથી મને કેમ બોલાવી? મ્હારી રમત શાને બગડાવી? ત્હારે તો રોજ કામને કામ. બોલ ઝટ નહિ તો હું પાછી જાઉં છું મુવો બાપ પણ જરીક હોઠ હાલતાની સાથે મને તેડવા દોડી આવ્યો તો!"

"મૂર્ખી, જરી ડાહી થા, ડાહી" રણછોડદાસ બોલ્યો.

"જો લીલા! તને ઈંગ્રેજી શીખવવાને આ બાનુ આવ્યાં છે તમો બન્ને બહેનોને ઈંગ્રેજી તેઓ શીખવશે, કેમ તને પસંદ છે ને?"

"ઇંગ્રેજી તો મને ઝટ નહિ આવડે. તે શીખવા ગધેડાની માફક મ્હારાથી મહેનત નહિ થશે. એ શીખવાનું મને મુદ્દલ પસંદ નથી"

"નહિ, તારે તે શીખવું જ જોઇએ. તે શીખ્યા વગર કેમ ચાલે બેટા? હવે તું મોટી થઇ છે. તું સમજુ છે, શાણી છે, તને મ્હારે વધારે કહેવું પડે તેમ નથી." કમળા દીકરીની પીઠ પસવારતા ને દીકરીને મનાવતા બોલી

"ઠીક છે, તું કહે છે ત્યારે શીખાશે તો શીખીશ; તેમને રાખવા હોય તો રાખજે. હું તો પેલા બાવરમાં જાઉં છું" હરણીના બચ્ચાની માફક એટલું બોલી લીલા ત્યાંથી એકદમ નાસી ગઇ. મેરી આ સર્વ બનાવ જોઇ આભી જ પડી ગઇ. એક જ બાપની બે છોકરીઓના સ્વભાવમાં આટલો મોટો તફાવત કેમ હશે તેનો તે વિચાર કરવા લાગી. લીલાની રીતભાતથી મેરીને તે તદન મોઢે ચઢાવેલી મૂર્ખ લાગી, જ્યારે સુશીલા ડાહી, ચતુર ને ગુણીઅલ લાગી. મેરી બે બહેનોના ગુણ દોષના નિવેડા ઉપર આવી શકી નહિ તેથી તે બોલી; "માફ કરજો મી. રણછોડદાસ! પણ આ બન્ને

તમારી ડૉટર્સ કે ?"

"હાજી ! તે મારી જ. આ સુશીલા મ્હારી ફર્સ્ટ વાઇફથી થયેલી ને જે પેલી ચાલી ગઇ તે લીલા આ મ્હારી ન્યુ વાઇફ કમળાવતીથી થયેલી."

"હા ! મ્હારી લીલા મ્હારા જેવાજ ફ્રી માઇન્ડની છે, તે પોતાના મનનો ખરો વિચાર કોઇની પણ બ્હીક રાખ્યા વિના ખરેખરો કહી દેવાની, પછી ગમે તેમ થાય, ને આ બ્હીકણ સુશીલા, મોઢે કંઇ પણ બોલશે જ નહિ મીઢી ઘો જેવી. એવું મીઢું માણસ મને તો મુદ્દલ પસંદ નહિ. છટ્ ! " લીલાનો બચાવ કરતા કમળા બોલી.

"પણ મને આ છોકરી બહુ જ ગમે છે કેવી મોડેસ્ટ છે ? લીલા ને આના સ્વભાવમા ઘણોજ ફેર છે. ઉવેલ સર, તમે શુ ધારો છો ?"

"હું પણ કંઇક તેમજ ધારૂંછું." પ્રિયાના ગુસ્સે થવાના ભયથી રણછોડદાસ કચવાતા દિલે બોલ્યો.

"તમે ગમે તેમ ધારો પણ મને તો લીલાનો સ્વભાવ બહુ જ પસંદ છે. જે કોઇ બહારનુ આવે છે તે એના હસમુખા આનંદી ચહેરાથી ખુશી ખુશી થઇ જાય છે ને એનાં વખાણ કરે છે. કારણ સર્વની સાથે એ પૂર્ણ છૂટથી હળી જાય છે. જ્યારે આ મીઢી સર્વથી સદા દૂરની દૂર જ રહે છે."

"છોકરી જાતને હદમાંજ છૂટ આપવાની છે. તે બહુ છૂટ લે તો પરિણામે આપણને જ પસ્તાવુ પડે. ઠીક, તમારો તે બાબતમાં ગમે તે વિચાર હોય તે સાથે અત્યારે આપણને કઇ વિશેષ લાગતું વળગતું નથી, હવે આપણી મૂળ વાત ઉપર આવીએ." મેરી બોલી.

"તમો રોજ સવારના આઠથી સાડા દસ સુધી શીખવજો;

મ-નેને સર્વ બાબતમાં હુશિયાર કરજો. પગાર શું લેશો ?" કમળાએ પૂછ્યું.

"હા ! **મેડમ** તેનુ પ્રથમ **સેટલ** કરો કે પાછળથી વાંધો જ નહિ." રણછોડદાસ બોલ્યો.

"જુવો શેઠ, તે બાબતમાં હાલ કંઇ પણ કરવાનું નથી. તમારી મરજીમાં આવે તે મને મ્હારૂ કામ જોઈ આપજો. તમે જે આપશો તેથી હું ખુશી થઇશ."

"**ના-ના ! યુ મસ્ટ નાઉ—નાઉ—નાઉ—**"

"**સેટલ** ઇટ." રણછોડદાસે ઇંગ્રેજી બોલવામાં ગુંચવાતી પ્રિયાની ટેક જાળવવા વાકય પૂરૂં કરી દીધું.

"જેવો આપનો વિચાર ! તમે જે પગાર કહેશો તે હું કબૂલ રાખીશ, બોલો **મીસીસ** કમળાવતી ?"

કમળાએ પતિની સાથે સ્હેજ કાનમાં વાત કરી જણાવ્યુ; "**થરટી ફાઇવ પર મન્થ.**" (મહીને પાત્રિસ.)

"**ઓલ રાઇટ, થેંક યુ** ! (ઘણુંજ સારૂ, તમારો આભાર માનુંછુ.) **મેરી** ડોકું નમાવી બોલી.

"**મેડમ** ! ફક્ત **સનડે**ના દિવસે નહિ આવતાં ને કાલથી શરૂ કરજો. પણ લીલા માટે બહુ જ સંભાળ રાખજો. તેને ડ્રૉઇંગ, મ્યુઝિક સર્વ શીખવજો. જુવો, સુશીલા તો શીખેલી છે, માટે તેને તો સ્હેજસાજ નામનું શીખવવાનું છે પણ લીલાને શીખવવવાને જ ખાસ તમારી ગોઠવણ કરીએ છીએ માટે તેના તરફ પહેલુ ને વધારે ધ્યાન આપજો." કમળા બોલી.

"જેમ તમારી મરજી ! ઠીક, કાલથી આવીશ, ગુડ નાઇટ." **મેરી** ઉઠતાં બોલી.

"ગુડ નાઈટ મેડમ" રણછોડદાસ તથા કમળા મેરી સાથે હાથ હલાવતાં સાથે બોલ્યા. મેરી ખુશી થતી ચાલી ગઇ.

કમળાને મેરીનો સ્વભાવ બહુ પસંદ ના આવ્યો. સુશીલા અંદર ચાલી ગઇ

"આ મેડમનો સ્વભાવ મને તો મુદ્દલ ના ગમ્યો." કમળા રણછોડદાસ પ્રત્યે બોલી.

'કેમ ના ગમ્યો વારૂ ? તેનો સ્વભાવ મને તો બહુ જ ભલો લાગ્યો." રણછોડદાસે પ્રત્યુત્તર વાળ્યો.

'તમને કેમ ભલો ના લાગે ? જરી અક્કલનો ઉપયોગ કરો ત્યારે સમજ પડે ને ? લાડ કોડમા ઉછરેલી આપણી લીલાના સ્વભાવને તે વખોડી કાઢે છે અરે મોઇરે તે પરીક્ષાની કરનાર ! તેનામા અક્કલનું એક બુંદ પણ નથી."

"પણ લીલાએ કરેલી ઉદ્ધતાઇ ઉપરથી તેણે તેના સ્વભાવનો તોલ બાંધી દીધો."

"શુ એમ સ્વભાવની પરીક્ષા થતી હશે કે ? અહીં પિયેરમાં છોકરી છૂટથી ના બોલે ચાલે તો પરણ્યા પછી સાસરામાં સમાસ કેવી રીતે કરી શકે ? જુવોની, આ તમારી સુશીલા, આમ રાભા જેવી પરણીને સાસરે જઇ મુગે મોઢે ઉભી રહેશે તો કોઇ તેનો ભાવ પણ પૂછશે નહિ ને ઘરનો ભાર વહી વહીને કુચોજ નીકળી જશે આજ તો 'બોલે તેનાં બોર વેચાય.' 'બોલતાની બોલબાલા.'"

"એ પણ ખરૂ, છોકરી બહુ શરમાળ હોય તે કામની નહિ. એવી શરમાળ છોકરી સાસરે સુખી ના થાય એમ ખરૂ તો ખરૂ."

" નાજ થાય, વહુને વગર વાંકે લઢવા વઢવામાં હાલની સસુઓ એવી તો મચી પડે છે કે જો તેની સામે ચતૂર તેનાથો ચઢીઆતી વહુ ના હોય તો વહુ શેકાઇને મરી જાય, માટે બચપણથીજ છોકરીઓને શરમથી દૂર રાખવી જોઇએ જે છોકરીમા શરમ ને થોડાબોલાપણુ તે ફળેલા લીલા ઝાડ તળે ભુખી મરવાનીજ. "

' તેમાં માબાપ શુ કરે ? છોકરીનુ નશિબ ! "

બીજા દિવસથી **મીસ મેરી** શીખાવવા આવવા લાગી લીલાને **થર્ડ બુક ને** સુશીલાને ઇંગ્રેજી સાતમા ધોરણનો અભ્યાસ ચાલવા માંડયો. લીલા કમળા જેટલીજ નાદાન, અણસમજુ ને ઉદ્ધત હતી તેનામા આવડ નહોતી પણ અહંકાર વધારે હતો કેટલીક વખત **મેરીની** સાથે તે ચરભડી પડતી હતી, પણ હરેન **મેરી** શાંતિથી લીલાને શાંત કરી દેતી હતી. સુશીલા લીલાથી તદન જુદાજ સ્વભાવની હતી. બન્નેના સ્વભાવમા ઘણીજ ભિન્નતા હતી સુશીલા ખરેખર સુશીલજ છોકરી હતી **મીસ મેરીની** તેના ઉપર સપૂર્ણ કૃપા હતી ને તે સુખી થાય તેમ તે ખરા અંતઃકરણથી ઇચ્છતી હતી. **મેરી** તરફથી લીલાને રોજ શાપ મળતા હતા જ્યારે સુશીલાને આશીર્વાદ મળતા હતા.

રોજ સાંજે સુશીલા શાસ્ત્રી પાસે સંસ્કૃતનો અભ્યાસ પૂર્ણ પ્રેમથી કરતી હતી, લીલાને પણ રણછોડદાસના આગ્રહથી તે શીખવા હાલ બેસવુ પડતુ હતુ. પણ તેમા તે સુશીલાનો દોષ કાઢતી હતી. લીલાને સસ્કૃત તરફ બહુજ અભાવ હતો પણ પિતા પાસે ઉપાય નહોતો.

પ્રકરણ ૭ મું.

વિદ્યામંદિરમાં બે બહેનો.

એક ખાણમાંથી બે હીરા નીકળે છે પણ દરેકની કિંમત જુદી જુદી થાય છે; એક શીપમાંથી નીકળેલા બે મોતીનું મૂલ્ય ચઢતું ઉતરતુ અંકાય છે; એક આંબાના બે ફળમાં એક મીઠું ને બીજું ખાટું હોય છે, એક ખેતરના બે રોપા સરખા ફળતા નથી, એક વૃક્ષની બે શાખા સરખી હોતી નથી, સરિતાના બે પથ્થરમાંનો એક શિવલિંગ તરીકે પૂજાય છે અને બીજો ઘાટપર ધોવામાં વપરાય છે; તેમજ એક બાપનાં બે છોકરાં કદી પણ સરખા ગુણના હોતા નથી. એક ચતુર હોય છે તો બીજું જડ હોય છે, એક વિવેકી તો બીજું ઉદ્ધત હોય છે; એક વિદ્યાવિલાસી તો બીજું અભણ હોય છે; એક સદ્‌ગુણી તો બીજું દુર્ગુણી હોય છે, એક નિરાભિમાની તો બીજું ગુમાની હોય છે; એક પરોપકારી તો બીજું સ્વાર્થી એમ બન્ને ભિન્ન ભિન્ન ગુણ દોષવાળાં હોય છે. બાળકને ઉછેરનાર ઉપરથી બાળકના ગુણ દોષ બંધાય છે

સુશીલાએ ને લીલાએ વિદ્યામંદિરમા પ્રવેશ કર્યો છે. ત્યાં દરેકની શીખવાની રીતભાત તદન નિરાળીજ છે. સુશીલા ભણે છે ને તેને વ્યવહારમાં ઉપયોગમાં કેમ મૂકવુ તેનો સાથે વિચાર કરે છે; જ્યારે લીલા નિરૂપાયે પોપટની માફક પઢી જાય છે પણ તેનું ખરું રહસ્ય સમજતી નથી કે તે સમજવાની લેશ પણ સ્પૃહા

કરતી નથી. સુશીલાને સ્વાભાવિક રીતે ભણવા તરફ પ્રીતિ છે ત્યારે લીલાને તે તરફ અપ્રીતિ છે. સુશીલા ભણવાને ફરજ સમજે છે, ત્યારે લીલા તેને કમાઇ ખાવાનું સાધન લેખે છે. જ્યારે સુશીલા વિદ્યાને મનનો આનંદ ને સુખ દુઃખનો સાથી જાણે છે ત્યારે લીલા તેને મનપરનો બોજો ને શરીર બગાડનાર શત્રુ ગણે છે. સુશીલા કુંદન–કેળવણીને હેત–હીરાથી જડી ધર્મ–રેણથી મજબૂત ને સુશોભિત બનાવે છે ત્યારે લીલા તે કેળવણીને અણગમા ને આળસથી તદન ધૂળમાં ઢકાયલીજ રહેવા દે છે. લીલા જે કંઇ શીખી છે ને શીખે છે તે ફક્ત રણછોડદાસના દાબથી ને ભણવામાંથી મળતા ખાલી શોખને લઇનેજ ! સુશીલાને સંસ્કૃત સાહિત્ય ઉપર વધારે લક્ષ છે ને તે ભાષાદ્વારા ધર્મના ઉંડા રહસ્ય સમજવાને તે ઘણીજ ઉત્સુક છે.

સુશીલા પોતાના ઓરડામાં એક સંસ્કૃત પુસ્તક લઇ ટેબલ પાસે ખુરસીપર બેસી વાચવામાં નિમગ્ન થઇ છે પાછળ કોણ આવે છે તેનું તે વિદ્યાવિલાસીને ભાન નથી. લીલા પોતાની સાહેલી વિજયા સાથે બગીચામાં કદંબ વૃક્ષ ઉપર બાધેલા હિંદોળે ઝુલવાને સુશીલાને તેડવા આવી હતી. મ્હોટી બહેનને પોતાની સાથે રમત ગમતમાં સામેલ કરવાનો લીલાનો વિચાર નહોતો, પણ વિજયાના આગ્રહથી તેને તેડવા અત્યારે તે આવી હતી. સુશીલા તો નીચી મુંડી ઘાલી વાંચ્યાજ કરતી હતી.

લીલા ને વિજયા સુશીલાની પૂઠે આવી ગુપચુપ ઉભાં રહી તેની ચેષ્ટા જોવા લાગ્યાં, આખર વિજયા બોલી ઉઠી; " ઓહો ! આ શું ! અત્યારે તો જરી ચોથાં પોથાં કોરાણે મૂકી વિશ્રામ લે. અમે કેટલીએ વારથી અહીં આવી ઉભાં છીએ પણ તું ચોપડી-

માંથી મોઢું બહાર કાઢે ત્યારે અમને આવો જાઓ કહેવું પડેને ?"

"હા, તે આપણી સાથે શાની બોલે ? તે ભણેલી ગણેલી કહી મોટી પંડિતા ! તે વળી આપણ અભણની સાથે બોલે તો અભડાઇ ના જાય કે ?" લીલાએ પોતાનો રોષ ખાલી કરતા જણાવ્યુ.

"બહેન, એમ શું બોલોછો ? મે તમને આવ્યાં જાણ્યાજ નથી. તમને જોયા હોય તો શુ હું તમારી સાથે ના બોલું ?" સુશીલાએ હસ્તે ચહેરે ચોપડી ટેબલપર મૂકતાં જવાબ વાળ્યો.

"પણ તું આમ આખો દિવસ ને રાત નીચી મૂડીએ વાચ્યા કરે છે તેથી તને કંટાળો પણ નથી આવતો કે શુ ?" વિજયાએ પૂછ્યું.

"કંટાળો શાનો આવે ? જ્ઞાનામૃતથી કોણ ધરાય ? આપણાં દુર્ભાગ્ય હોય તોજ તે ના પીવાય.' ભોળી સુશીલાએ ભોળપણે પ્રત્યુત્તર દીધો, પણ પોતાના બોલવાની લીલાના મનપર શું અસર થશે તેનો વિચાર ન કર્યો. સુશીલાએ કરેલી ટીકા લીલા પોતાને માટે સમજી ને ક્રોધથી તપી જઇ બોલી "બહેન ! અમે દુર્ભાગી છીએ તો છો રહ્યાં, પણ તું સુભાગી છે તે ગદ્ધાવઈતરું કર્યા જા."

"એમાં બહેન ગદ્ધાવઈતરું શાનું છે ? ભણવાથી કેટલા બધા લાભ છે ! જો એમ ના હોત તો આપણાં માતા પિતા કાંકરા માફક આટલા રૂપિયા ખરચી આપણને ભણાવતજ નહિ. વિદ્યા એજ ખરૂં અખૂટ દૈવત છે. જો સાંભળ, પ્રસિદ્ધ દયારામ કવિ તે માટે શું કહે છેઃ—

" મૂકાવે વિદ્યા માગ, પૂર્ણ જશ વિદ્યા પામે,
વિદ્યા શોભે વાન, નૃપતિ વિદ્યાને નામે;
વિદ્યામાહે વિવેક, વિમળ વિદ્યાથી વાણી,
વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહની જાણી;
સદ્‌વિદ્યા રત્ન વિશાળ છે, વિદ્યાથી વડું નહિ કશું;
સદ્‌વિદ્યા આગળ ધન કશું, વિદ્યાહીન જન તે પશુ."

"પણ આપણે કયાં નોકરી કરી પૈસો કમાવો છે કે ભણવું જોઇએ, પુરૂષને કમાવાનુ છે માટે તેણે ભણવુ જોઇએ તે કમાઇ લાવનાર ને આપણે તો સુખે ઘરમાં બેઠાં બેઠા ખાનાર. કેમ બહેન વિજયા, હું ખરૂં કહું છુ ને ?"

"હા, બહેન લીલા, બૈરાં તે વળી ભણતા હશે ? થોડુ ઘણું ખપ પૂરતું લખતાં વાંચતાં હાલના સમયને અનુસરીને આવડયુ એટલે ઘણું થયુ. આપણે તે ભાષણ કરી કઇ મ્હોટી સભા જીતવાની છે ? જીભના જોરે ઘરનાને જીત્યા એટલે પત્યુ."

"વિદ્યાથી મનુષ્યની ચતુરાઇ વધે છે જેમ પાલિસ કરવાથી સુવર્ણ વધારે દીપી ઉઠે છે, જેમ પહેલ પાડવાથી હીરો પોતાના ખરા સ્વરૂપમાં ચળકાટ મારે છે, તેમજ કેળવણીથી સ્ત્રી પોતાની ખરી કિમ્મત અંકાવે છે. વિદ્યા એ સ્ત્રીનુ ભૂષણ છે, વિદ્યા વિનાનુ જીવન પાંખ વિનાના પક્ષી, દીપ વિનાના દિવાનખાના, પીમળ વિનાના પુષ્પ, ને પતિ વિનાની પ્રમદા સમ છે. હંસની સામે બગલા, સિંધુ સામે ખાબોચીઆં ને રાય આગળ રંકની તુલ્ય પંડિત આગળ મૂઢ છે. કેળવણીના બળે સ્ત્રી તેના પતિનો પ્રેમ મેળવવમા ભાગ્યશાળી નીવડે છે. કેળવણી એજ સંસારસાગરમા ચાલતી પ્રેમનૌકાની કળ છે. વેપારધંધેથી બળ્યા ઝળ્યા આવેલા પતિને પ્રીતિપચામૃતે

પખાળી હેતના હિંદોળે હિંચાવી મીઠા મેવા જેવા પ્યારા પ્રેમ-બોલથી રીઝવવામાં કેળવાયલી સ્ત્રીજ ફતેહ પામે છે. પણ તે પૂરે-પૂરી કેળવાયલી હોય તોજ; નહિ તો 'અલ્પ જ્ઞાન અતિ હાણ' જેવુ થાય છે કેળવણીની સાથે ધર્મની મેળવણી થઇ હોય તો પછી તેની મીઠાશનો કંઇ પાર રહેતો નથી. ધર્મ વિનાની કેળવણીથી બાળક આડે રસ્તે દોરાઇ જાય છે. જે સ્ત્રી પોતાનો સંસાર સુખી બનાવવા ઇચ્છતી હોય તેણે પિયેરમા સંપૂર્ણ ધમ–મિશ્રિત કેળવણી લઇ પત્ની માટે લાયક થઇ રહેવુ જોઇએ."

"ઓહોહો! શુ મ્હોટી પડિતા બની ગઇ છે! પરણ્યા પછી પતિને તો કોણ જાણે કેવીએ નચાવશે!'

"અરે પછી તો પતિને તીકની નાચ નચાવશે, બહેન સમજીને?' વિજયાએ ટાહુકો પૂર્યો. "પણ જો ધણી પૈસાદાર ને ભણેલો મળ્યો, તો જાણે બધુ ઠીક, પણ ગરીબ ગમાર મળ્યો તો પછી મડમ સાહેબની જોઇ લેવી મઝા! ભણવામાં કરેલી સર્વ મહેનત બરબાદ ને 'ભેશ આગળ ભાગવત' જેવુ થવાનુ. ઘરમાં ઘટી તાણી તાણીને અને ભેસ બળદના પુછડા આમળી આમળીને તેલજ નીકળી જવનુ; ત્યાં ચોપડી ઉથલાવવાનો તે વખત ક્યાંથી મળવાનો? ને મળ્યો તો પણ તેનુ સાર્થક શુ? લે બોલને! તારો ગમાર ધણી તને મારશે, ગાળો દેશે ત્યારે તેના હાથમાંથી તારી આ મોટી કેળવણીના બળે તુ કેવી રીતે બચી શકીશ?"

"મ્હારો પતિ મને વગર વાકે ભૂલાવો ખાઇ મારશે તો તેની ભૂલ વિનય, વિવેક ને નમ્રતાથી સમજાવીશ. મ્હારી વાત તેના ધ્યાનમા ઉતરશે ને પોતાની ભૂલ સુધારશે તો ઠીક, નહિ તો પતિના પ્રહારને સ્વર્ગમાંથી ખરતા દેવતાઇ પુષ્પ ગણી માન

આપીશ ને તેની ગાળને સાકરના ટુકડા ને અમૃતના ઘુંટડા ગણી પ્રેમથી ગળી જઇશ, પણ કદી તેની સામે ઉદ્ધતાઇ કરીશ નહિ!"

"અરે નાદાન! એમ કરશે તો વહેલી સ્વર્ગે સિધાવશે." લીલા બોલી.

"તો ત્યાં રહી પ્રેમ કફની પહેરી, પ્રેમ ભભુત લગાવી, પ્રેમ ભેખ લઇ, પ્રેમ ધુણી જગાવી, પ્રેમ તપ કરીશ, ને તે તપના પુણ્યે પતિની સાથે આ ભવમાં અધૂરૂ રહેલુ સંસાર સુખ પ્રેમમાં ને આનંદમાં પૂરૂ કરીશ."

"ગાંડીરે ગાંડી! તદનજ ગાંડી! બહુ ભણે તેની ડાગળી આમજ ચસ્કી જાય હોં. બહેન લીલા!' વિજયા બોલી.

"હા, પણ આપણે તો તેવો માર કે તેવી ગાળ ખાવાનાં નહિ તે નહિજ. શુ આપણે તેની બૈરી થયા એટલે ગુન્હેગારી કરી કે માર ગાળ ખાઇએ? શુ આપણને મોઢુ નથી? તે એક બોલે તો સામા ચાર બોલીએ ત્યારેજ આપણે ખરા કદાચિત તેના જેટલુ આપણામા બળ ના હોય તો પછી કોર્ટ કયાં નાશી ગઇ છે? તે ધણી થયો માટે કંઇ આપણાથી મ્હોટો નહિ." લીલાવતી બોલી.

"અલબત, ધણી તે મ્હોટોજ કહેવાય. તે આપણો માલિક છે ને આપણે તેની દાસી છીએ. તેના હસવામાં આપણું હસવાનું ને તેના રડવામાં આપણું રડવાનુ છે. તે આપણા માથાનો મુગૂટ ને પ્રાણનો આધાર છે દુનિયામા આપણું સર્વસ્વ તે છે. આપણી વહાલામાં વહાલી પ્રિયકર વસ્તુ તેજ છે. તેના ચર્ણની આપણે રજ છીએ."

"છટ્ **નોન્સન્સ**! શુ તેને કંઇ અસુખ થાય એટલે આપણે

પણ ખાવુ પીવુ નહિ ને તેની સાથે બીમાર પડી જવું ? હા, ધણી થયો એટલે જરી મનમાં લાગે, પણ તુ કહે છે તેવુ અતેડું કંઇ ના થાય. પરમેશ્વરને ત્યાં સ્ત્રી પુરુષના હક સરખાજ છે; તેને ત્યા સ્ત્રી પુરુષ, એમાથી કોઇ ઉચુ કે નીચું નથી. તેના ચર્ણની આપણે રજ શાના ? તે આપણાથી મ્હેટો કયારનો ? તે બહારથી કમાઇ લાવે ત્યારે આપણે તે કમાણીનો ઘરમા યોગ્ય વ્યય કરીએ બોલ, હવે શુ કહે છે ?"

"બહેન ! સ્ત્રીધર્મની તને મુદ્દલ ખબર નથી. તુ હજી નાદાન છે, ભોળી છે ને બાળક છે."

"ત્યારે મ્હોટી બહેનને આ ન્હાની બહેનની દયા આવતી હોય તો તે સમજાવ. જોઉ તો ખરી કે તેમા શુ શુ આવે છે !" લીલાએ વિજયા સામે આખ મીચકારા કરી સુશીલાની મશ્કરી કરવાના હેતુથી પૂછ્યુ, પણ ભોળી સુશીલા ભોળે ભાવે જવાબ આપવા મડી ગઇ.

"જો બહેન, સ્ત્રીધર્મ પાળવાથી આ લોક ને પર લોકમા સ્ત્રીની સદ્દગતિ થાય છે પતિના ઉઠના પહેલા ઉઠવુ ને તેના ન્હાતા પહેલા ન્હાઇ ધોઇ તેને નવરાવી તેનુ ચરણોદક લઇ તેને જમાડયા પછી તેનુ શેષ વધેલુ જમવુ તેને સુવાડયા પછી તેની પગચંપી કરીને પછી સ્ત્રીએ નિદ્રા લેવી પતિની આજ્ઞા ખરી કે ખોટી પ્રેમથી સદા માન્ય રાખવી, તેને પરમેશ્વરથી અધિક ગણી પૂજવો, તેને સદા પ્રસન્ન રાખવાને તત્પર રહેવુ ને સદા સત્ય ને પ્રિયકર વચન બોલી તેનાં માનિતાં થઇ રહેવુ તેના સિવાય અન્ય પુરુષ ભાઇ બાપ સમ જાણવા, તેની મરજી વિરૂદ્ધ કંઇ પણ કાર્ય કરવુ નહિ, તેની ચિંતા દૂર કરવાને સદા તૈયાર રહેવુ,

તેના કુટુમ્બને પોતાનુ કુટુમ્બ ગણવુ, સુખમાં ને દુ ખમાં સદા તેના સાથી થવુ ને રતિરસમાં તેને પ્રેમથી રગવો તેની સગે રહી ધર્મકાર્ય, દેવકાર્ય કરવાં આ ધર્મનુ નામ સ્ત્રીધર્મ."

"જે પતિને પજવે વચન વજો, તે બૈરૂ ના કે'વુ;
રહી રહીને રીએ ને કાન તોડે, તે સોનુ શાનું કે'વુ.
રૂપ રંગમાં હોય અનુપમ, પણ પિતળ નહિ સોનુ;
હેશ કરી હૈયે ધરીએ તો, વિશ્વે થાય વગોણું.
પુરણ કસોટી છેદન ભેદન, તાવેથી પણ તેવુ,
કુદન તે કુલવાન સમજવુ, ધાટ ધડાવી જોવું.
અણી પડે જે જવાબ દેશે, સો વર્ષે પણ તેવુ:
સોના સમ શીળવંત સતી, ગૃહ ભૂષણ માની લેવુ-જે."

'ઓ! હો! હો! હો!" વિજયા ને લીલા હસતા હસતાં બોલી ઉઠયા તારો સ્ત્રીધર્મ તો બહુ લાબો છે! આપણી બલરાત તેના પગ ચાપે છે ને તેના પગનુ ગંદુ પાણી પણ પીએ છે." લીલા બોલી.

"પતિના પગ ચાંપવાથી સ્ત્રી શુ હલકી થઇ જાય છે? જો તે હલકી થતી હોય તો શ્રીકૃષ્ણ ભગવાનના પગ લક્ષ્મીજી ચાપતા હોવાથી તેમની પણ કીર્તિ ઝાખી થવી જોઇએ પણ તેને બદલે તે તો વધી છે માટે તે કાર્યથી સ્ત્રી હલકી પડતી નથી પણ તેનુ ગૌરવ વૃદ્ધિ પામે છે બહેનો! તમારા ને મ્હારા વિચારમાં ઘણોજ ફેર છે તમારા વિચાર પાશ્ચાત્ય પ્રજા જેવા છે જયારે મ્હારા વિચાર પ્રાચીન આર્ય રીતી પ્રમાણેના છે. લીલા! તુ ઇંગ્રેજ પ્રજાનુ અનુકરણ કરતા જાય છે, પણ તે રૂઢી આપણા દેશની સાથે કદી પણ બધ બેસતી થવાનીજ નથી આપણા પૂર્વજો, મહાન ધર્માચાર્યો ને

ઋષિ મુનિઓ હજારો વર્ષ ઉપર જે ધર્મ બાંધી ગયા છે તેજ ખરો છે, તેજ સદા દીપશે ને તેનીજ આખર જય થશે. પરધર્મી ને પરદેશીનું અનુકરણ કરવા જતાં **अतो भ्रष्टा स्ततोपि भ्रष्टा.** "ધોબીનો બળદ નહિ ઘરનો કે ઘાટનો" તેવો પ્રસગ આવશે ને પવિત્ર આર્ય પ્રજા અનાર્યમાં ફેરવાઇ જશે "

"ઠીક છે, ઠીક છે, ડાહીબા ! તારે ફાવે તેમ તુ કર ને મ્હારે ફાવે તેમ હું કરીશ તુ શુ મને શીખામણુ આપે છે ? તારા જેવી તો દસને હુ આમ ચપટીમા ચકલી બનાવી અદ્ધર ઉડાવી દઉં એવી છુ" લીલા ચપટી વગાડતા છેલ્લુ વાક્ય બોલી

" વારૂ બહેન ! તુ મ્હોટી ને હુ નાની, તુ સમજુ ને હુ મૂર્ખ, પછી કંઇ ? તને ગમે તેમ તુ વર્તજે ને મને ગમશે તેમ હુ વર્તીશ. ચાલો, હવે તે વાત ટુકી કરીએ; વૃથા વિખવાદ કરવાનુ શુ પ્રયોજન છે ? " સુશીલાએ ચોપડી હાથમા લેતા જણાવ્યુ.

" જાણે તે વાત તો પતી. લે હવે ચાલ ! પછવાડે બગીચામાં ઝાડ ઉપર હિચકો બાધ્યો છે તે ઉપર આપણે બેના હિચીએ.' લીલા સુશીલાનો હાથ ખેંચતા બોલી

"હાલ રમતમાં કેમ આવી શકાય ? **મીસ મેરીનો** આવવાનો સમય થયો છે આજે સવારે તેમનાથી ખાનગી રોકાણથી ભણાવવા નથી અવાયુ તેથી આજે અત્યારે શાસ્ત્રીજીનો વખત નહિ હોવાથી આવવાનાં છે એવો તેમનો કાર્ડ આવ્યો છે તે શુ તુ ભૂલી ગઇ ? પાચ દસ મિનિટમા તેઓ આવી પહોચશે. આપણે તેમના આવ્યા અગાઉ તૈયાર થઈ રહેવુ જોઇએ. મ્હારૂ માને તો તે રમત ભણ્યા પછીજ રાખ. આપણુ કર્તવ્ય બજાવ્યા પછીનીજ રમત ખરી આનંદી ગણાય છે. પેલી ઇગ્રેજી ચોપડીમાં પણ લખેલુ છે કે—

" That alone is hearty fun, which comes after work is done." કેમ ભૂલી ગઇ કે ?"

" પણ તે શીખવવા આવવાની છે તેથી વખત થતા અગાઉ તૈયાર થઇ બેસી રહેવુ તે વળી કયાનો કાયદો કાઢયો ? તે આવશે એટલે આવીશુ. લે ચાલ ચાલ ! મેરી તો કંઈ અત્યારે આવવાની નથી, એ તો ખાલી કાગળ લખી આપણને બ્હીવરાવ્યાં છે."

" ના બહેન મ્હારાથી નહિ અવાય. મને માફ કર." સુશીલા નમ્રતાથી બોલી.

" ત્યારે લાચાર!" વિજયા બોલી.

" હુ પ્રથમથીજ કહેતી હતી કે તે આવવાની નથી ને તે અતડી આપણામા ભળનારજ નથી પણ તેં ન માન્યુ પોતાને ના આવવુ તેના આ બધા ચાળા છે. મૂગાને પડતી." લીલાએ છણકો કરતા વિજયાને આડુ જોઈ કહ્યુ.

" શાણી બહેન આપણી સાથે શાની રમવા આવે ? તે ડાહી ભણેલી ગણેલી આપણ અભણ અજ્ઞની સાથે રમતા અભડાઈ ના જાય કે ?" વિજયાએ લીલાને કહ્યુ.

" બહેનો ! એવુ શુ બોલો છો ?" સુશીલા બોલી

' હીટ, હીટ, ફરી કદી પણ તને અમારામાં ભેળવશુજ નહિ." એટલુ બોલી લીલા ને વિજયા ઉઠીને ચાલતા થયાં. સુશીલા સખેદ આશ્ચર્યતાથી તેમના તરફ જોઈ રહી. બહેનની તોછડી રીતભાતથી પોતાને ઘણુજ માઠુ લાગ્યુ. બહેનની મૂર્ખાઈ માટે અફસોસ કરવા લાગી આખર નિરૂપાયે હાથમા ઇંગ્રેજી પુસ્તક લઈ વાંચવા બેઠી. પાએક કલાકમા મેરી આવી પહોંચી. લીલા પણ મેરીની આવ્યાની ખબર જાણી ચોપડીઓ લઈ ત્યાં આવી. લીલાને આપેલું લેસન

મેરીએ લેવા માંડયું. લીલાએ મેરીના ગયા પછી ચોપડી મુદ્દલ ઉઘાડીજ નહોતી એટલે કંઈ પણ જવાબ દઈ શકી નહિ મેરીને લીલા ઉપર ઘણોજ ક્રોધ ઉપજ્યો, પણ કમળા તથા રણછોડદાસની બ્હીકથી તે ક્રોધને દબાવી દઈ લીલાને બાજુના હોલમાં એકાંતે વાચવાને મોકલી. સુશીલાએ પોતાનુ લેસન બરોબર કરેલુ જણાતા મેરીને તેના ઉપર ઘણોજ પ્રેમ ઉપજ્યો એક બે જગાએ સુશીલાને રહેજ શંકા હતી તે શંકાનું સમાધાન મેરીએ કરી આપ્યું; પછી લીલાને મેરીએ બૂમ પાડી પણ તેના તરફથી કંઈ પણ જવાબ મળ્યો નહિ. લીલા પાસેના ખડમા વાચે છે ને જવાબ કેમ મળતો નથી તેનુ કારણ જાણવાની મેરી તથા સુશીલાને જીજ્ઞાસા થઇ. તેઓ બન્ને ઉઠીને લીલાવાળા હોલમાં ગયાં તો ટેબલ ઉપર ચોપડી ઉઘાડી પડેલી ને લીલા ત્યા મળે નહિ. લીલાના રમતીઆળ સ્વભાવનો મેરીને પુરતો અનુભવ હોવાથી તેને શોધવી સુશીલાને લઇ બગીચામાં ગઇ. બગીચામાં લીલા વાંદરી ને તેના બચ્ચાની રમત પૂર્ણ આનંદથી નિહાળવામાં મગ્ન થયેલી જણાઇ. મેરીએ લીલાને ઘણોજ ઠપકો દીધો. મેરીના પૂછવાથી સુશીલાને બ્હેનને બેચાર ઠપકાના બોલ કહેવાની નિરૂપાયે ફરજ પડી. લીલાને આથી ઘણુજ લાગી આવ્યું. લીલાનો ગુસ્સો ગુરૂ શિષ્યા વચ્ચેની મર્યાદા ઓળગી ગયો. લીલાએ મેરીનુ સાધારણ અપમાન કરવા જેવુ કર્યું ને સુશીલાને બહુજ ઝાટકી કાઢી. ભલી મેરીએ લીલાને સુશીલાની સમક્ષ ઘણોજ ઠપકો દીધો ને આવા વર્તનથી ભવિષ્યમાં તે કદી પણ સંસારમાં સુખી નહિ થાય તે માટે આગાહી કરી ને સુશીલાનો સંસાર સુખી નીવડવા માટે આશિષ દઈ પોતાની ફરજ પૂર્ણ કરી

રસ્તે પડી. **મેરી** ગયા પછી લીલાએ પોતાનો રોષ સુશીલા ઉપર ખાલી કરવા માંડયો. સુશીલાની સમક્ષ પોતાને ઠપકો મળવાથી તે બળી બળી થઇ ગઇ ને સુશીલાને લાખો ગાળો દેતી પોતાની વહાલી માતા પાસે ફરિયાદ કરવા ગઇ. મીઠું મરચું ભેળવી પણ સાથે પોતાને નિર્દોષ પુરવાર કરાને લીલાએ સર્વ વૃત્તાંત રડતાં રડતાં માતાને જણાવ્યો કમળાએ રડતી પુત્રીને છાતી સરસી દાબી. 'ઘરનાં બળ્યા ગામ બાળે' તેવુ આખર થયુ. **મેરીને** કઇ કહેવાય તેમ નહોતુ તેથી મા દીકરી ફફડતા ફફડતા સુશીલા પાસે આવ્યા ને કમળાએ પોતાની પુત્રીનુ ઉપરાણું તાણી ગરીબ સુશીલાને એવી તો ધમકાવી કે તે નમાઇ ભોળી બીચારી રડી પડી. લાલાને હલકી પાડવા માટે તે પ્રયત્ન કરે છે એમ તેના શિર ઉપર આરોપ મૂકી તેને માથે ગાળોનો વરસાદ વરસાવ્યો. અનાથ સુશીલાનું શુ જોર ! માતા સામે એક અક્ષર પણ પોતાના બચાવમા બોલી શકાયો નહિ. તે દોષિત છે કે નિર્દોષ તે ફક્ત તેની આંસુભરી આંખમાંથીજ સ્પષ્ટ જણાતુ હતું. થતો શોરબકોર સાભળી રણછોડદાસ ત્યાં આવી ચઢયો. રણછોડદાસને જોઈ કમળા તથા લીલાને વધારે શૂર ચઢયુ. લીલાએ શ્રાવણ ભાદરવો વરસાવવો ચાલુ કરી દીધો ને ડુસકાં ખાવા લાગી. સુશીલા વારવાર લીલાને ધમકાવે છે, સતાવે છે ને પારકા પોતાનાની સમક્ષ ગાળો દઇ મૂર્ખ તરીકે ઠરાવી હલકી પાડે છે એમ કમળાએ ભોળા રણછોડદાસને કહી ભભેર્યો. વૃદ્ધ રણછોડદાસ સ્રીચરિત્રથી ભુલાવો ખાઇ ગયો ને અવિચારી બની ગયો. સુશીલાને તેણે ઘણીજ ધમકાવી. સુશીલા બીચારી તદ્દન સજડ બની ગઇ. એક અક્ષર પણ તેનાથી બોલી શકાયો નહિ. આંખમાંથી વહેતાં અશ્રુ પણ બંધ પડી ગયાં ને તે તદ્દન

પૂતળા જેવી જડ બની ગઇ સુશીલાને આ ત્રિદોષમાંથી કોઇ બચાવે તેમ નહોતું, કોઇ તેની દયા જાણનાર નહોતું. ઘરમા થતી ધમાધમીથી ફૂલી તે તરફ આવી ને સુશીલાપર ગુજરતા અન્યાય માટે મનમાં બહુ મુંઝાવા લાગી. પણ તેનો ઉપાય નહોતો. ફૂલીની આખો નમાઇ સુશીલાના દુ ખથી ભીજાઇ ગઇ. રણછોડદાસ, કમળા ને લીલા પોતાનો ગુસ્સો ખાલી કરીને ગયા. બીચારી સુશીલા! નમાઇ અનાથ સુશીલા! તારા શાં પાપ છે કે તારી જનેતા ગુજરી ગઇ ને તું સાવકી માતાના પાલે પડી! તારૂ દુઃખ તારા જેવી દુ ખીઆરીજ સમજી શકે, વઝા પ્રસુતાની પીડા નહિ સમજે.

સર્વ ગયા પછી ફૂલી સુશીલાની પાસે આવી ફૂલીને જોતાજ છલંગ મારી સુશીલા એકદમ બેબાકળી થઇ તેને કોટે વળગતા પોકારી ઉઠી.—"ઓ, મ્હારી મા!" આટલુ બોલીને તે ડુસકે ડુસકે રડવા લાગી. ફૂલીએ સુશીલાને છાની રાખવાને બહુ બહુ ઇલાજ કર્યા પણ સુશીલા તેમ તેમ વધારે વધારે રડતી ગઇ. ફૂલીએ સુશીલાને સજળ નેત્રે છાતી સરસી ચાંપી ને બોલી, "મ્હારી લાડકા! રડ નહિ અનાથનો નાથ પ્રભુ તારો બેલી છે. તને રડતી જોઇ મ્હારી છાતી ચીરાઈ જાય છે. બહેન છાની રહે રાત પછી દિવસ આવશેજ. હુ શુ કરૂ ? મ્હારો ઉપાય નથી. છાની રહે બાપુ!"

અહા! ધન્ય છે ફૂલી તારા ગુણને ને તારી વફાદારીને! તારા કૃત્યનો બદલો પ્રભુ તને આપશેજ. સુશીલાને રડતી જોઈ ફૂલી પણ વધારે રડવા લાગી. બન્ને રડતાં ત્યાંજ રહ્યા. હરિ! હરિ!

પ્રકરણ ૮ મું.

વિદ્યાર્થી.

Desire, grief and love, these are the young man's torments, but they are the creatures of time; time removes them as it brings, and the vigils we keep, "while the evil days come not," if weary are brief and few. Memory, care and ambition and avarice, these are the demon-gods that defy the time that feathered them. The worldlier passions are growth of mature years, and their grave is dug but in our own.

(Lord Lyton)

એકવિસ વર્ષનો એક યુવક હાથમાં ઇંગ્રેજી પુસ્તક લઈને ગરીબ ઘરમા એક વગર હાથાની ખુરસીપર બેસીને વાંચે છે. તેનુ ચિત્ત વાંચવામાં તલ્લીન થયેલુ નથી. ઘડીકમાં તે લમણે હાથ દઈ ઉંડા વિચારમાં પડી જાય છે, ને ઘડીકમાં ચોપડીમાથી મોં બહાર કાઢી કંઈક બબડે છે. આવી તેની સ્થિતિ ઝાઝી વાર રહી નહિ. ચોપડી બંધ કરી પાસેની અભરાઇ ઉપર મૂકી ઓરડીમાં આમ તેમ આટા મારતો તે બોલવા લાગ્યો; "હા, હું તેમનો આ-

ભારી છું. તે કેવા ભલાને દયાળુ છે ! એવા જો ધર્મના સ્થંભ ના હોય તો મ્હારા જેવા રંકને અભ્યાસ બંધ કરવો પડે. મને **સ્કોલરશિપ** અપાવવા તે કેટલી મહેનત લે છો જોકે મ્હારા ઉપર પક્ષપાત કરી બીજાને તે અન્યાય તો નથી જ આપતા; કારણ હું લાયક ઠરૂ છુ તોજ મને **સ્કોલરશિપ** આપવામાં આવે છે, પણ હાલના સમયમાં વાડ વિના વેલો નથી ચઢતો. તેમના જેવા ના હોય તો 'કુતરૂ તાણે ગામ ભણી ને શિયાળ તાણે સિમ ભણી' એવું થાય. તેમના કાર્યનો બદલો હુ કેવી રીતે વાળીશ ! મ્હારા ઉપર તેઓ આટલી બધી મમતા રાખે છે ને મ્હારી ચઢતીમાં સંપૂર્ણ દિલસોજી ધરાવે છે તેમાં શું તેમનો કોઇ ગુપ્ત હેતુ હશે? નહિ ! નહિ ! તેમનુ કાર્ય તદ્દન નિસ્વાર્થી છે, પણ કદાચ પોતાની મ્હોટી + + + નહિ, મ્હારે તે વિચાર ન કરવો જોઈએ. તે કયાં ને હુ કયા ! તે ખીલતુ ગુલાબ તો કોઇ રસિક ભ્રમરને માટેજ વિધિએ નિર્માણ કરેલું છે આ કાગને કંઠે તે મોતીની માળા શોભેજ નહિ. માન-સરોવરની રાજહંસણી તો કોઇ રાજહંસને માટેજ લાયક છે. આહા ! તે ખરેખર રૂપનો ભંડાર, ને ગુણનો સાગર છે. તે ગર્ભશ્રીમન્તનું રત્ન આ રંક અભાગીના ભાગ્યમાં કયાંથી હોય ! તે રત્ન તો કુંદનમાંજ શોભશે; આ પીત્તળમાં તો ઉલટું શ્યામ દેખાશે વાહ ! સુશીલા ! ધન્ય છે તારી જનેતાને ! શુ તારી બુદ્ધિ ! શું તારી ચપળતા ! શું તારૂં જ્ઞાન ! શું તારો વિવેક ! અહા ! જેણે જપ-તપ કરી દેવોને રીઝવ્યા હશે, જેણે પુણ્ય દાન કરી પરભવ ને આ ભવમાં પોતાના હાથ પવિત્ર કર્યા હશે, ને જેના કર્મ યોગે પ્રભુનો જેના ઉપર સંપૂર્ણ પ્રેમ હશે, તેજ સુશીલા જેવી દેવાંગના મેળવી ભાગ્યશાળી થશે. હું ? નહિ, નહિ; મ્હારે

અયોગ્ય સ્થાને મન દોડાવવું ઉચિત નથી. હુ મ્હારો ધર્મ ભૂલી જાઉછું પણ તે સુદરી મ્હારી તરફ શરમથી કેમ જોતી હશે ? મ્હારી સાથે પૂર્ણ છૂટથી બોલતા તેના મો ઉપર લજ્જાના શેરડા કેમ પડી જતા હશે ? મ્હારી સામે જોતા કેમ સ કાચ પામતી હશે ? મ્હારી આડી દ્રષ્ટિનો લાભ લઇ મ્હારા તરફ એક નજરે ધારી ધારીને ગુપ્ત રીતે કેમ જોતી હશે ? મ્હારા ગુણ ને કળવણીની પ્રશંસા પોતાના પિતાને મોઢે સાભળવા એટલી બધી ઉત્સુક કેમ જણાતી હશે ? શું તેણે મ્હારો મનોવિકાર જાણ્યો હશે ? શું તેને મ્હારા ઉપર અનુરાગ આવ્યો હશે ? તે મ્હારાથી દૂરની દૂર કેમ રહેતી હશે ? મ્હારી સાથે એકાતમા રહેતા કેમ અચકાતી હશે ? આ સર્વ શું ઘોટાળો છે ? હુ વિદ્યાર્થી છું પણ મ્હારે હવે આ ગહન બાબતનો અનુભવાર્થી થવું જોઇએ પણ તે દીવ્ય રત્ન મને મળે તો ? અહા ! તો પછી મ્હારા જેવો ત્રિલોકમા બીજો સુખી કોણ હશે ? પણ સબુર જીવ ! કદાચિત રણછોડદાસ પોતાની નાની પુત્રી લીલાનુ મ્હારી સાથે સગપણ કરવા ધારતા હશે તો ? હુ તે લીલા–મૂર્ખ, ગુમાની ને સ્વચ્છદીને કેમ પરણી શકુ ? લીલા ને સુશીલામા જમીન આસમાનનો ફેર છે એક સરોજ છે તો બીજી આકડાનુ પુષ્પ છે એક સાચમણિ છે તો બીજી કાચમણિ છે, એક સાગર છે તો બીજી ગાગર છે, એક કલ્પવૃક્ષ છે તો બીજી બાવળ છે, ને એક ગુણવાન છે તો બીજી હેવાન છે. જો તેમનો લીલા સાથે મ્હારૂ સગપણ કરવા વિચાર હશે તો મ્હારે તેમને સ્પષ્ટ ના પાડી અપમાન આપવુજ પડશે, તેમનો રોષ સદા માટે વ્હોરવો પડશે; પણ તેમને વૃથા રાજી રાખવા માટે મ્હારો સંસાર બગાડવો, જીવતના ખરા સાચા સુખ ઉપર સદા માટે પાણી ફેરવવું

તે તદ્દન નીચમાં નીચ છે. "I will steel my soul,-shut up the avenues of sense, brand with the seathing—iron these yet green and soft emotions of lingering youth,—and freeze, and chain, and curdle up feeling, and heart, and manhood, into ice and age!" બસ! મ્હારે તેમજ કરવું જોઈએ! ચાલ, હવે કોલેજનો વખત થવા આવ્યો છે માટે જમીને રસ્તે પડું. પ્રભુએ જે ધાર્યું હશે તે થશે! મ્હારે મ્હારા કામમાં સાવચેત રહેવું એટલે બસ." એટલું બોલી કૃષ્ણદાસ અંદર ગાયો.

કૃષ્ણદાસનો પિતા ત્રિકમદાસ જમીને પાન સોપારી ખાઇને ત્યાં આવી જરી આડો થયો, ને સુશીલા તથા પોતાના પુત્રનો વિચાર કરવા લાગ્યો. સુશીલા જેવી સુંદરી સાથે પોતાના પુત્રનાં લગ્ન થાય તો કેટલો આનંદ થાય, તે માટે મનતરંગ આમતેમ દોડાવવા લાગ્યો. તે કાર્યની સાફલ્યતામાં ફક્ત એકજ બાબતનો મ્હોટો વાંધો હતો જે બાબત પોતાની દરિદ્રતા હતી. પોતાના જેવા ગરીબને ત્યાં રણછોડદાસ જેવો "બડે જાઓ મહેરબાન" ને સુધારાની સફમાં પહેલે નંબરે ગોઠવાયલો શેઠીઓ પોતાની પુત્રી આપે તે વાત સ્વપ્ને પણ બનવી તેને અસંભવિત લાગી. આખર નિરૂપાયે મન વાળી કંઇક ઠેકાણે આવ્યો. પણ પાછા પોતાના પુત્રના ગુણ, તેની લાયકી ને વિદ્વત્તા સાભરી આવ્યાં ને તેની સાથે પોતાના શેઠ મોહનદાસના પુત્ર રંગીલદાસનું ચરિત્ર ખડું થયું. રંગીલદાસ જેવા ગૃહસ્થ ઘરના પણ મૂર્ખ, ઉડાઉ, દુર્ગુણી, દુર્વ્યસની ને જુઠાબોલા કરતાં પોતાનો પુત્ર તેને લાખ દરજ્જે

ચઢીઆતો લાગ્યો. તે મન સાથે બડબડવા લાગ્યો; "શુ દુનિયા દિવાની છે ? આંધળી છે ? તે સાર અસારનો વિચાર કર્યા વિના પોતાની પુત્રોનુ લગ્ન મૂર્ખ–બદફેલ સાથે કરી દેશે ? દુનિયા ગોળ ખોળ, કસ્તુરી, કાંદા ને રત્ન ગુંજાની કિમ્મત નહિ કરશે ? શું બહારના મોહક ડાબડાથી અજાઈ જઈ અંદરનું રત્ન નહી તપાસશે ? જમાઇની કિમ્મત કર્યા વિના પૈસાદાર ઘર જોઇ પોતાની ગરીબ ગાય જેવી પુત્રીને પથ્થર સાથે પટકશે ? જો તેમ થાય તો કેવું વિપરીત કહેવાય ? પુત્રીની શી દશા થાય ? તેનો આખો ભવ દુઃખમાં જાય, ને જીવન ખારૂં ઉસ થઇ જાય. ગરીબ કરતાં ગૃહસ્થના છોકરાંને અનીતિને રસ્તે વાળવાને મોહિનીઓ ને લાલચો ઘણીજ સ્હેલથી સાપડી આવે છે. ગરીબનાં છોકરાંને તેવી લાલચો નથી મળતી. પણ, આજ કાલ મ્હારો પુત્ર શા ઉંડા વિચારમાં ઉતરી જતો હશે ? તેનામાં હાલ વિચિત્ર ફેરફાર થયેલો મને જણાય છે. જેટલા ખુલ્લા દિલથી ને હસતા વદનથી મ્હારી ને તેની માતા સાથે તે પ્રથમ વાત કરતો હતો તેમ હાલ કરતો નથી. પૂછયાનો ઉત્તર ટુકામા હા કે ના કહી પતાવે છે ને અમારાથી એકાત શોધે છે. પણ તે સર્વ વિકાર ને ફેરફાર થવાનું શું કારણ હશે ? હા, હા, બરોબર છે તે દિવસે રાત્રે ઉંઘમાં તેને મેં જે બડબડતાં સાંભળ્યો હતો તેજ છે. પણ તેણે અયોગ્ય રસ્તે મન દોડાવ્યુ છે. રણછોડદાસ જેવા ધનિકનો જામાતા થવાને તેણે તેની લાયક સ્થિતિમાં પ્રથમ આવવું જોઇએ પણ તેની સ્થિતિમાં આવવાને હજી ઘણો વખત લાગવાનો ને તેટલામાં સુશીલા બીજે ઘેર પરણીને બે ત્રણ છોકરાંની માતા પણ થઇ જવાની. બીજા કોઇ દ્વારા પુત્રની વાત સ્વતઃ રણછોડદાસના

જાણુવામાં આવશે તો પુત્રના હિતમાં કેવું મ્હોટું અકલ્યાણ થશે ? મ્હારે તેને તે માટે સવેળા ચેતાવવો જોઇએ. પણ તેને એકદમ ઠપકો દેવો તો સારો નજ કહેવાય. મોટી ઉમ્મરનો પુત્ર તે મિત્ર સમાન છે, માટે તેને માઠું ના લાગે તેવી રીતે ધીરેથી તેના આડે રસ્તે વળેલા મનને સીધે રસ્તે મુકીશ પણ, આ સર્વ શાને વાસ્તે ? હાય, ફકત ગરીબાઇને માટેજ ! ઓ ક્રૂર દરિદ્રતા ! તું કોઈ પણ સ્થિતિમાં ઘણીજ ખરાબ છે. તું હૃદયને ચીરી દરેક નસના ટુકડે ટુકડા કરી મનુષ્યને ભાગેલા વહાણના પાટીઆ જેવો ભર સંસારસાગરમાં નિરાધાર, દુઃખના વમળમાં ગુંચવાતો ને આશામાં તરફડીઆં મારતો છોડી દે છે. પાણી, પાણી તરફજ હમેશાં વળે છે ને તેમા આખર તે મળે છે. તેવીજ રીતે ગૃહસ્થની પુત્રી ગૃહસ્થના પુત્રનેજ મળે છે. શું ગરીબના છોકરાને ગૃહસ્થની છોકરી સાથે પ્રેમનો અધિકાર નથી ? શુ પ્રેમની સાથે દ્રવ્યનો સંબંધ છે ? હા, છે, છે. આ દુનિયાના દયાહીણુ રવૈયા પ્રમાણે છેજ ! પ્રેમ–લગ્ન એક સરખી સ્થિતિમાં થઇ શકે છે; ગરીબનાં ગરીબ સાથે ને ગૃહસ્થના ગૃહસ્થ સાથે લગ્ન" × × × × એટલામા ઉમાગૌરી ત્યાં આવી ચઢી. પતિના વાકયના છેલ્લા શબ્દો તેને કાને પડતાં પતિના મનની સ્થિતિ તે સમજી ગઇ ને સમયાનુસાર પતિને કહેવા લાગી, " કેમ શુ છે ? કોનાં લગ્ન ?"

" કોણ ! તુ આવી ! ઠીક. " ત્રિકમદાસ એકદમ ચમકીને ઉમાગૌરી તરફ જોતો બોલ્યો, " આપણે ગરીબ થયાં તેથી આપણો ભણેલો ગણેલો શાણો પુત્ર પેલા રણછોડદાસની પુત્રી સાથે પરણી ન શકે ? "

" ના કેમ પરણી શકે ? દૈવ અનુકૂળ હોય તો સર્વ થાય.
ઉમાગૌરીએ પ્રત્યુત્તર વાળ્યો

" આપણે ઈશ્વરનો એવો મ્હોટો શું અપરાધ કર્યો હશે કે આપણને તેણે ગરીબ બનાવ્યાં ને આપણને સુખથી વિમુખ રાખ્યાં."

" તમે ખરૂં સુખ પૈસામાં સમજો છો ? "

" હા, તેમ તો ખરૂં. જો એમ ના હોત તો આપણા કૃષ્ણને સુશીલા મળેજ. "

"જુવો, તેમ નથી. ખરૂં સુખ સંતોષમાં છે. દુનિયા દોરંગી છે, તે ગાડરીઓ પ્રવાહ છે. જો એક આગેવાન ગૃહસ્થે પોતાની દીકરી કોઇ ગુણીઅલ, વિદ્વાન પણ ગરીબને આપી તો સર્વ પછી તેની પૂઠે ઘસડાવાનાજ. પણ પહેલ કાઢનાર કોઇ જોઇએ. ખેર ! આપણા પુત્રનું નશીબ તેની પાસે છે. આપણને પૈસો નથી જોઇતો પાર્વતી જંગલમાં શંકરની ઝુંપડીમા સંતોષથી સુખી હતાં, જ્યારે સત્યભામા કૃષ્ણના મહેલમાં અસંતોષથી દુઃખી હતાં. સંતોષ એક અમૂલ્ય મોતી છે, જે પોતાની એક હજાર ઇચ્છાના ભોગે પણ તેને ખરીદે છે તેજ ડાહ્યો ને સુખી સોદો કરે છે "

"બરોબર છે ત્હારૂં કહેવું; સંતોષ એજ સુખ છે"

" પડતીના ચક્રની અસર સંતોષી માણસને થતી નથી જેનામાં સંતોષ નથી તે કદી પણ સુખે સુતોજ નથી. રાત ને દિવસ એક પછી એક નવિન નવિન આશા–સૂત્રમાં તે પરોવાય છે ને ચિતાવત્ ચિંતાથી શરીર કાષ્ટ તુલ્ય શુષ્ક બની જાય છે. અસંતોષી કદી પણ સુખે નિદ્રા લઇ શકતો નથી, માટે સંતોષ પકડો નાથ પ્રભુ સૌ સારૂંજ કરશે."

" તેજ સારો રસ્તો છે."

" આપણે તો ફક્ત વચલાં દલાલ છીએ–નિમિત્ત છીએ. જેની સાથે જેનો સબંધ વિધાતાએ નિર્માણ કર્યો હશે તેની સાથે તેનો થશે તેમાં ક્રોડ ઉપાયે કોઇથી લેશ પણ ફેરફાર થવાનો નથી માટે ભગવત્પર ભરોસો રાખો, તે સૌ સારૂંજ કરશે. સર્વની ચિંતા શ્રીહરિને પડી છે.' એટલામા ત્રિકમદાસને તેડવા શેઠનો ઘાટી આવવાથી ત્રિકમદાસ કપડાં પહેરી શેઠને ત્યાં ગયો જ્યારે ઉમાગૌરી ગૃહકાર્યમા પ્રવૃત્ત થઇ.

ત્રિકમદાસ એક ખાનદાન પિતાનો પુત્ર હતો. ત્રિકમદાસના પિતા ગોપાળદાસને રૂના સટામાં મોટું નુકશાન જવાથી લાય (ઇન્સો-લ્વન્સી) લેવી પડી હતી. પોતાની પાસે જે કંઈ હતું તેમાંથી કંઇ પણ છુપાવ્યા વગર માગનારને ફાળે પડતું સર્વ વહેંચી આપી પહેરેલા કપડાં ભેર ઘરના સર્વ નીકળ્યાં હતાં. તે વખતે ત્રિકમ-દાસની ઉમ્મર સત્તર વર્ષની હતી ને ઇંગ્રેજી છઠ્ઠા ધોરણનો અ-ભ્યાસ કરતો હતો રંક અવસ્થાને લીધે એકદમ નોકરી લેવાની ત્રિકમદાસને ફરજ પડી. ગોપાળદાસ એક ભાટીઆને ત્યાં મુનિમ તરી-કે નોકરી રહા ગયો અને પોતાના પુત્રને મોહનદાસને ત્યાં નોકરી રખાવ્યો. ત્રિકમદાસ મહેનતુ ને ચાલાક હતો. પોતાની અક્કલ-હોંશિયારીથી શેઠનો પ્રેમ મેળવવાને ભાગ્યશાળી થયો. પાંચ વર્ષ-મા પદરના પચિસ રૂપિયા પગારના થયા ગોપાળદાસે પુત્રનું લગ્ન ઉમાગૌરી સાથે કરી નાખ્યુ ઉમાગૌરીના માબાપ મધ્યમ સ્થિ-તિના હતા ઉમાગૌરી ગુજરાતી છ ચોપડી શીખી હતી પણ સદ્ગુણમા તેનો નબર પહેલો હતો ધર્મ ઉપર તેને પૂર્ણ આસ્થા હતી. પતિ પત્નીના ગુણ અરસ પરસ મળતા આવવાથી જોડું સુખમા દિવસ નિર્ગમન કરવા લાગ્યું. ત્રિકમદાસ પચિસ વર્ષનો

થતાં ગોપાળદાસ ગુજરી ગયા. ઘરનો સર્વે ખરચ ત્રિકમદાસના એક-લાને માથે પડયો. મોહનદાસ શેઠ સ્વભાવે કંજુસ હતા, પણ સાથે દયાળુ ને કદરદાન હતા. ત્રિકમદાસનો પગાર એકદમ ચાળીસનો કરી પોતાનો ખાનગી બનાવી દીધો. ગોપાળદાસના મરણ પછી ઉમાગૌરીને બીજે વર્ષે અધરણી આવી ને પુત્ર પ્રસવ્યો. તેનું નામ નંદલાલ પાડયું. દેવકોર ડોસી તો પતિશોક બાજુપર મૂકી પૌત્રનું મોં જોઈ હરખાઈ ફૂલાઇ જવા લાગી. પણ તે સુખ ઝાઝા દિવસ તે ભોગવી શકી નહિ. નંદલાલ એક વર્ષનો થતાં દેવકોર ડોસી ગુજરી ગઇ. ત્રિકમદાસને માતા પિતાની ખોટ હવે માલુમ પડી. કુદરતી બનાવ આગળ મનુષ્યનું કંઇ ચાલતું નથી એમ પોતે સમજુ હોવાથી સમજી મન વાળ્યું.

નંદલાલ પછી ઉમાગૌરીને પુત્રી સાંપડી જેનું નામ યશોદા પાડવામાં આવ્યુ. બન્ને છોકરાં દેખાવડાં હતાં. ત્રિકમદાસ તથા ઉમાગૌરી પુત્ર પુત્રીથી કલ્લોલ કરવા લાગ્યાં. યશોદા પછી ત્રણ વર્ષે ઉમાગૌરીને પુત્ર સાંપડયો. ઘરમાં છોકરાંની ભરતી થવાથી આનંદ આનંદ પ્રસરી રહ્યો. બે મોતી વચ્ચે લીલમ જેવુ ત્રિકમદાસને છોકરાની બાબતમાં થયું. ત્રણે છોકરાને ભણાવવાનો ત્રિકમદાસને બહુ ઉમંગ થતો હતો. જેમ જેમ તેઓ ઉમ્મર લાયક થતાં ગયાં તેમ તેમ તેમને તે નિશાળે ભણવા મૂકતો ગયો

નંદલાલની વિદ્યાર્થી અવસ્થાની કારકીર્દી તદન કનિષ્ઠ જણાવા લાગી. સ્વભાવે પણ તે હલકો જણાતો હતો જુઠું બોલવું, છેતરવું, તોફાન કરવુ ને સામાને ચઢિયાતો જોઇ દ્વેષ કરવો, એ તેના મુખ્ય ગુણ હતા. બુદ્ધિમાં પણ તે તદન બુઠોજ હતો નંદલાલ પછીની યશોદા પણ પોતાના મ્હોટાભાઇ જેવાજ ગુણ

વાળી હતી. કજીઓ કંકાસ તેને બહુજ પ્રિય હતો. રસ્તે ચાલતાં તે વાની સાથે વઢી પડતી. સ્હેજસાજ બાબતમાં તેને ખોટું લાગી જતું ને સામાની સાથે ઉતરી પડતી હતી. નંદલાલ ને યશોદાના સ્વભાવમાં સરખાપણું હોવાથી બન્નેને સારૂં બનતું હતું. નાનો છોકરો કૃષ્ણદાસ બુદ્ધિશાળી, શાણો, વિવેકી, ઉદ્યમી ને સદા સત્ય બોલનાર હતો. વિદ્યા ઉપર તેને સંપૂર્ણ પ્રીતિ હતી. તે દર સાલ ઇનામ મેળવતો હતો ને નંદલાલ ને યશોદા દર સાલ નાપાસ થતાં તેથી તેઓ તેના ઉપર બહુ દ્વેષે બળતાં હતાં.

યશોદા બાર વર્ષની થતાં કુળવાન ઘરના ઇંગ્રેજી ચોથા ધોરણમાં શીખતા સોળ વર્ષના એક યુવાન છોકરા સાથે ત્રિકમદાસે તેને પરણાવી. નંદલાલનાં પણ બીજે વર્ષે પ્રભાવતી નામની ચૌદ વર્ષની કન્યા સાથે લગ્ન કર્યાં. પ્રભાવતી ઉમ્મર લાયક હોવાથી સાસરે આવી. પ્રભાવતી આવતાંજ મૂર્ખ-શિરોમણિ નંદલાલે નિશાળમાં જવાનું બંધ કર્યું. ત્રિકમદાસે તેને બહુ સમજાવ્યો, ઠપકો દીધો ને ધમકાવ્યો પણ નંદલાલ એકનો બે ના થયો. આખર ત્રિકમદાસે કંટાળીને તેને બંદર ઉપર કોઇ ખોજા વેપારીને ત્યાં ઉઘરાણીના કામ ઉપર મૂકયો.

પ્રભાવતી તામસી ને ફીસીઆરીખોર હતી. પોતાનો પતિ કમાતો હોવાથી તે અભિમાનમાં અક્કડ ને અક્કડ રહેતી હતી. નંદલાલ, યશોદા ને પ્રભાવતીના સ્વભાવમાં વિશેષ ફેરફાર નહોતો તેથી ત્રણેને ઠીક બનતું હતું. કેટલેક પ્રસંગે નંદલાલ તથા પ્રભાવતી વચ્ચે ઝઘડો જાગતો હતો.

યશોદા તેર વર્ષની થતાં સાસરે ગઇ. પણ બે વર્ષ-અડધું પિયેરમાં ને અડધું સાસરે રહીને-ગાળ્યાં તેટલામાં તેનો પતિ દુષ્ટ

પ્લેગનો ભોગ થઇ પડયો ને યશોદા વિધવા થઇ પિયેરમાં આવીને રહી.

યુવાન પુત્રી રંડાયા જેવું હિંદુ માતા પિતાને શિર બીજું દુઃખ નથી. વિધવા પુત્રીને જોઈ તેના મા બાપ રોજ બળી બળી ને રાખ થઇ જાય છે. સાપનો ભારો સાચવવો ને ઘરમાં યુવાન વિધવા પુત્રી સાચવવી એક સરખુંજ છે. યુવાન પુત્રી રંડાતાં તેના માત પિતા સંસારના વૈભવ વિલાસથી તદ્દન બાતલ થઇ જાય છે. ત્રિકમદાસ તથા ઉમાગૌરી શોકસાગરમાં ડુબી ગયાં, પણ ધીમે ધીમે શોક નિરૂપાયે વિસારતાં ગયા.

ત્રિકમદાસને હાલ બાવનમું ને ઉમાગૌરીને પીસ્તાળીસમું વર્ષ ચાલતું હતું. ત્રિકમદાસનો પગાર અત્યારે સાઠ રૂપિયાનો હતો ને વર્ષે બસો ને એક રૂપિયા મહેતા સુખડીના જુદા મળતા હતા. કૃષ્ણદાસ બુદ્ધિમાં ઘણોજ તીવ્ર હતો. રૂપે રંગે પણ કંદર્પને કોરાણે મૂકે તેવો સોહામણો હતો. શરીરનો બાંધો પણ સારો ને મજબૂત હતો. દસ વર્ષની ઉમ્મરમાથી તેણે રોજ નિશાળમા કસરત કરવા માંડી હતી તેથી તેનાં હાડ કસાઇને ઘણાજ મજબૂત થયાં હતાં. હાલ તેનું વય એકવિસ વર્ષનું હતું ભણવામાં આખી નાતમાં તેના જેવો બીજો કોઈ હુશિયાર નહોતો. કૃષ્ણદાસ હાલ **બી. એ.** ના પહેલા વર્ષમાં હતો

રણછોડદાસને સ્વજ્ઞાતિનુ ઘણુંજ અભિમાન હતું. કૃષ્ણદાસની ઝળકતી કારકીર્દીએ તેના મન ઉપર બહુજ ઉંડી અસર કરી હતી. ત્રિકમદાસની સ્થિતિ સારી ન હોવાથી કૃષ્ણદાસનો અભ્યાસ ચાલુ રખાવવાને તેને દ્રવ્ય સંબંધી જોગવાઇ **સ્કોલર-શિપ** દ્વારા કરાવી આપવા તે ઘણીજ મહેનત કરતો હતો. પોતે

કેળવણી ફંડનો એક ટ્રસ્ટી હતો તેથી પોતાની લાગવગથી કૃષ્ણદાસનું ભલું કરતો હતો. કૃષ્ણદાસ પોતાના ઉપકારકર્તાને ત્યાં બીજે ત્રીજે દિવસે જતો હતો રણછોડદાસ તેને પૂર્ણ માનથી બોલાવતો હતો ને તેની સાથે ઘણી વખત ચાલતા સુધારાના કે રાજદ્વારી વિષય સંબંધી વાદવિવાદમાં ઉતરી પડતો હતો; પણ તેમાં કદી કૃષ્ણદાસને માઠું લગાડતો નહોતો. રણછોડદાસના ઘરના સર્વને કૃષ્ણદાસ પ્રિય થઈ પડયો હતો ફક્ત સુધારાના રોફમાં કમળા તેનાથી રહેજ વાંકી રહેતી હતી, તોપણ તેની તરફ કદી પણ પોતાનો અણગમો જાહેર કરતી નહિ રણછોડદાસના ઘરમાં કૃષ્ણદાસ છૂટથી ઘરના માણસ માફક હરતો ફરતો હતો ને ઘણીક વખત જ્યારે રાત્રે મોડું થઇ જાય ત્યારે રણછોડદાસ ને સુશીલાના આગ્રહથી ત્યાંજ વાળુ કરી લેતો હતો.

સુશીલા કૃષ્ણદાસ ઉપર ઘણીજ પ્રીતિ રાખતી હતી ને છૂટથી તેની સાથે હસતી, બોલતી હતી પણ વર્ષ દોઢ વર્ષથી તેના સ્વભાવમાં કુદરતી રીતે ફેરફાર પડી ગયો હતો આમ થવાનું કારણ સુશીલાને પ્રાપ્ત થયેલી યુવાવસ્થાની સમજણ હતી. પર પુરૂષ સાથે યુવાન છોકરીએ છૂટથી ના બોલાય એમ તે હવે સમજતી હતી. વળી તેની સાથે તેનામા એક ગુપ્ત વિકારે પ્રવેશ કર્યો હતો—એક ગુપ્ત પ્રેમે મૂળ નાખ્યુ હતું જેથી તે મનહર મુગ્ધા શરમાતી હતી. પ્રથમ તેનુ કન્યા હૃદય હલકું ફૂલ જેવુ હતું જ્યારે હાલ તે ભારે સીસાસમ થઇ ગયુ હતું. સુશીલા કૃષ્ણદાસની સાથે સમાગમમા આવવાને અતરમા રાજી હતી, પણ હિમ્મત ચાલતી નહિ. તેવો પ્રસંગ શોધતાં બ્હીતી હતી ને અ-

ચાનક પ્રસંગ આવતાં ભય ને લજ્જાથી છટકી જતી હતી, અને દિલ ને શરમના ઝગડામા તેની જીભ જકડાઇ જતી હતી. પણ—

કદી પાય પળતાં અટકશે
દિવાનું દિલ નહિ થોભશે,
રટના નહિ જે બોલશે
તે આંખડી ઝટ ખોલશે.

પ્રકરણ ૯ મું.

નિર્મળ પ્રેમનાં નિર્મળ ઝરણાં.

રાગ—ભૈરવી.

અતિશય ગહન છે પ્રેમની રીતી,
ભેદે, કો નહિ ભેદે મથી.—ગહન છે.
જર નવ લેખે, રૂપ નવ પેખે;
અંતર ઐક્યતા પ્રીતિ—ગહન છે
પ્રેમ સાંકળ સંકળ્યુ, રસબસ અદ્વૈત થાય;
જુલ્મે સાંકળ તોડતાં, જોડું ભવ રીબાય—ગહન છે.
પ્રેમી ચિત્ત સમજે નહિ, પ્રેમી વીણ ગમાર;
પિડ પ્રસુતા વાંઝણી, જાણે કેમ લગાર.—ગહન છે.
અખંડ જ્યોતિ પ્રેમની, ગુપ્ત જળે દીલમાંય;
વિના પ્રેમી દેખે નહિ, અંતર ખોલી કોઇ:—ગહન છે.

ફાલ્ગુણ શુકલ પક્ષના એકં પ્રભાતના નવ વાગે સુશીલા પોતાના પિતાના વાલકેશ્વરના બંગલાના બગીચામાં લતામંડપમાં પડેલા એક બાંક ઉપર બેસી વિદ્યાદેવીની ઉપાસના કરી રહી છે; સામે હોજમાં ઉડતો ફુવારો ચોતરફ પાણી વેરી રહ્યો છે; બગીચો સંપૂર્ણ ખીલેલો છે. તરૂવરો નવ-પલ્લવ વાગા પહેરી દીપી રહ્યાં છે. ગુલ્લાલા, ગુલાબ, મુચ્કુંદ, જુઇ, જાઇ, બોરશલી, કેવડો, મોગરો, ચંપો, ચંબેલી વગેરે પુષ્પ પોતાની પમરાટ સર્વત્ર પ્રસારી કુદરતની ઉત્તમ કારીગીરીનું ભાન કરાવી રહ્યાં છે, ને વસંત રાજનાં યશોગાન ગાઇ રહ્યાં છે. છત્ર સરીખા ઘટાદાર વૃક્ષથી બગીચાની શોભામાં કંઇ ઓરજ વધારો થયો છે. બગીચાને માટે રોકેલી જગા ઘણીજ વિશાળ છે. બગીચામાં વિવિધ પ્રકારના પુષ્પરોપા, ફળફળાદિનાં ને બીજાં ઝાડ વાવેલાં છે ઠામ ઠામ સંગેરમરમરનાં ને ચીનાઇ માટીનાં કુંડામાં સદા લીલા રહેતા રોપા (ever-green) ગોઠવી દીધા છે. કદળી, જામફળી, સીતાફળી ને રામફળી વગેરે વૃક્ષો ફળ ધારી રહ્યાં છે. લવિંગલતા લટકાં કરી રહી છે. આમ્રવૃક્ષ ઉપર ઝીણા મરવા આવી ગયા છે ને તેને વ્હાલથી જુઇની વેલી વીંટાઇ રહી છે અને કુમળી ડાળીઓ પવન ઝપાટાથી કંપી ઉઠે છે. સુશીલાની સાથે સર્વ તરૂ યૌવન બગીચામા મ્હેકી રહ્યાં છે, પણ બુલબુલ વિના તે બગીચો શોભતો નથી. પક્ષીઓ આનંદમા વિહાર કરતાં જણાય છે. આમ્ર વૃક્ષપર કોયલ ટીહુ ટીહુ કરી રહી છે. વૃક્ષો સાથે અથડાઇને મંદ થયેલો ને પુષ્પ સાથે ભેળાઇને સુવાસિત ને

મીઠો થયેલો પવન બગીચામાં બેઠેલાને આનંદદાયક ને સુખદ લાગેછે વનદેવી સુશીલા, ફણિધરનુ માન મૂકાવતા અતિ લંબ કૃષ્ણવર્ણ કેશકલાપ છુટા મૂકી ઉઘાડે માથે પોતાના ધ્યાનમા તદ્રુપ થઇ રહી છે. પણ શીતળ મીઠા વાયુના વેગથી વારંવાર આમતેમ જોયા કરે છે, ને વળી ઘડીકમા લમણે હાથ દઇ વિચારમાં ઉતરી જાય છે, ને ઘડીકમાં નિસાસા નાખતી જણાય છે. અત્યારના સુખદ સમયને અનુસરતી સુખદ સામગ્રીની જોકે તે મઝા લે છે પણ તેથી તેના ચિત્તને કંઇ પણ સુખ હોય તેમ જણાતુ નથી આખર તેણે પોતાના ઉદ્દગાર બાહેર કાઢવા માડયા. " આમ હવે મ્હારાથી કયાં સુધી રહેવાશે? શુ મ્હારા પિતાનો વિચાર જન્મ પર્યંત મને અવિવાહિત રાખવાનો હશે ? મને હાલ સોળમુ વર્ષ તો બેઠુ તો પછી કયારે તે મ્હારા લગ્ન કરવાના હશે ? હજી તો તેમણે મ્હારો વિવાહ પણ કર્યો નથી. હવે મ્હારાથી વધારે વખત કર્યાં સુધી થોભાશે ? વિદ્યા ઉપર હવે મુદ્દલ ચિત્ત લાગતુ નથી. મનને ઘણુએ અંકુશમા રાખું છું પણ તે યૌવન સરિતાના ખળખળતા વેગમા તણાયા જાય છે મનમાં હજારો તર્કવિતર્ક રાત દિવસ થયાં કરે છે. આ વસંત મને શાંત કરવાને બદલે સામો બાળી નાંખેછે. નીતિ, ધર્મ ને જ્ઞાનનાં પુસ્તકો કરતાં હવે શૃંગારિક કાવ્યો વાંચવા ઉપર વધારે રૂચિ થાયછે આ સર્વ વિકારે મ્હારી કન્યા-વસ્થામા કયારે પ્રવેશ કર્યો હશે ! પ્રથમ મ્હારૂ અંતકરણ જેવું શુદ્ધ, નિર્મળ ને હલકું હતું તેવુ હાલ નથી. હવે હે દીનબંધુ, હું શું કરૂં ! વસંતની લીલામાં તણાઉં છું-ગોથાં ખાઉ છુ આ પુષ્પો કેવાં ખીલી રહ્યા છે ! અરેરે ! પણ એ આત્માભોગી સખી !

વેલી થઇ વિલાસી પહેલી તું;
ભૂલી સ્નેહ તમામ, દુખી બ્હેનનો આમ,
મદે ફાલી ફૂલા શુ ગઇ—વેલી.
રસઘેલા રસ લોભે બ્હાવરી, સ્વાર્થી દયા લેષ નહિ,
વ્હાલે વધાવી વસંતવરને, તરૂવર ભેટી રહી;
જોઇ તુને નાદાન, ભૂલી ગઇ છું ભાન;
પ્રેમ પૂરમા ચાલી હુ વહી—વેલી.

પણ ઓ પ્રેમાંધ ! એજ વસંત જ્યારે ક્રૂર થઇ તને બળતી મૂકી ચાલ્યો જશે ત્યારે તારી સ્થિતિ કેવી દુઃખદ થશે ! રે, ઓ વરણાગીઆ વસંત ! તુ કેવો નિર્દય છે !

વણુપરણીને અકળાવતો, મોહક તુજ દમામ;
પિયુ પિયુ મુખ ઝંખતી, ત્યાગી સુખ તમામ.

હવે તો પિતા કંઇ સમજે તો સારૂં. આટલી ઉમ્મર સુધી પોતાની પુત્રીને કુંવારી રાખવામાં તેઓ મોટાઇ સમજતા હશે ? શુ તેઓને કોઇ જામાત નહિ જડયો હશે ? નહિ કેમ જડે ? મ્હારે માટે મ્હારા યોગ્ય પતિ વિધિએ તૈયાર કરી રાખ્યો છે ને તેના ઉપર વળી પિતાનો પૂર્ણ પક્ષપાત છે. જો મ્હારૂં લગ્ન તેની સાથે થાય તો કેવુ સારૂ ! તેની છબી મ્હારા હૃદયમાં રમણ કરી રહી છે. હે પ્રભુ ! તુ આ ત્હારી સેવકીની વ્હારે ચડજે. હુ તારે આધારે બેઠી છું. તેઓ મને ગમે ત્યાં દેશે તેમાં મ્હારાથી શું બોલાવાનું છે ?

'દીકરી ને બીજી ગાય, જ્યાં દેરાય ત્યાં જાયે;
એનાથી કશું નહિ બોલાયે—દીકરી.

પડી મા બાપ તણે આધારે,
એ બચાવે કે સંહારે.
દુઃખ આગ મહીં મર હોમાયે દીકરી'–(કામલતા.)

માટે હજી મ્હારો વિચાર નકામો છે" એટલુ બોલી સુશીલાએ ચોપડીમાં મન પરોવ્યુ થોડીવારમાં રણછોડદાસને શોધતો કૃષ્ણદાસ તે તરફ આવ્યો ને સુશીલાને ગુલાબી ફૂલહોજરીઆની તસતસતી ચોળી ઉપર ગુલાબી ગાજની ઓઢણી ઓઢી ઉઘાડે માથે જંઘા સુધી લંબાયલો કેશકલાપ છુટો મૂકી બાકડા ઉપર અસ્વસ્થ બેઠેલી જોઈ ચમકયો,–અટકયો, સુશીલાને કોઇના આવવાનુ ભાન થતા પુસ્તકમાથી મોં બહાર કાઢી જોયું તો સામે કૃષ્ણદાસને ઉભેલો જોઇ ચતુરા ચમકી. એક ક્ષણ સુધી બન્ને મૌનજ રહ્યા અને એક બીજા પ્રત્યે એક દ્રષ્ટે જોઇ રહ્યાં ને બન્નેનુ તારામૈત્રિક થયું. આખર કૃષ્ણદાસે શરૂઆત કરી, "સુશીલા, તમારા પિતાજી કયા છે ?"

"તેઓ ..તો... મોરારજી શેઠના બંગલામાં ગયા છે." સુશીલાએ સ્વસ્થ થતાં જવાબ વાળ્યો." પણ–પણ હમણા આવશે ખરા, માટે જો ઉતાવળ ન હોય તો–"

"બેસુ." કૃષ્ણદાસે પૂરૂ કર્યું.

"હા સુખેથી બેસો. આટલે સુધી આવ્યા છો ત્યારે હવે તેમને મળીનેજ જજો."

"મને પણ તેમજ થાય છે." કૃષ્ણદાસે સુશીલાવાળા બાંક ઉપર, પણ તેનાથી દૂર, પોતાની બેઠક લેતાં જણાવ્યું.

"કેમ તમારે અત્યારે તસ્દી લેવી પડી ?" શરમાળ સુશીલાએ નીચું જોઇ પૂછ્યુ.

"સ્કોલરશિપના ફોર્મ ઉપર તેમની સહી લેવા અત્યારે આવવુ પડયુ છે ને તમો સર્વને મળવાની લાલચથી "

" અમને મળવા આવ્યા તે માટે આપનો ઉપકાર થયો. "

" તેમાં ઉપકાર શાનો છે ? તમારો મ્હારા ઉપર પ્રેમ છે તે મને લોહચુંબકની માફક તમારા તરફ ખેંચી લાવેછે. "

" તમારો કયાં વળી ઓછો છે ? પણ તે સદા નભશે કે ?"

" પ્રભુ નભાવશે, પણ એમ કેમ પૂછોછો ? "

સુશીલા નીચુ જોઇ રહી ને જવાબ ન દીધો.

" શુ મ્હારા વર્તનમા તમને કંઇ ફેર લાગ્યો ? " આતુર કૃષ્ણદાસે પૂછ્યું.

" ના, તેવુ તો કંઇ હજી લાગ્યું નથી. પણ-- " સુશીલા લજવતાં નીચું જોઇ બોલતી અટકી.

" પણ શુ ? બોલો તમને શુ વ્હેમ છે ? મ્હારા સમ બોલો. " સુશીલા તરફથી કંઇ પણ ઉત્તર ન મળ્યો. કૃષ્ણદાસ તેમ તેમ વધારે અધીરો બની ગયો ને બોલ્યો, " બોલો, બોલો, સુશીલા, મ્હારી અધીરાઇ વધી પડેછે. "

" તમારાં લગ્ન થયા પછી તમારો પ્રેમ બીજી તરફ વલણ લેશે. "

" મ્હારાં લગ્ન ! એ શું ? કોની સાથે મ્હારાં લગ્ન ! હુ તો ગરીબનો પુત્ર છુ. "

" ગરીબના પુત્રને લગ્નનો અધિકાર નથી ? "

" દ્રવ્યશોધક જનમંડળની દ્રષ્ટિમાં તો નથીજ. પરણવાને વાસ્તે હજી મ્હારે ઘણો વખત થોભવું જોઇએ સ્વતંત્ર-સારા કમાઉ તરીકે જયારે હુ નાતમા જાહેર થઇશ ત્યારેજ મને કોઇ

પોતાની દીકરી આપવાની હિમ્મત કરશે."

"પણ તમે ઘણું ભણ્યા છો ને આવતી સાલે પ્રભુ કરશે તો એક ગ્રેજ્યુએટ પણ થશો."

"પણ–પણ હાલ મ્હારો કોઇ પ્રકારે લગ્ન કરવા વિચાર નથી. તમારાં લગ્ન થશે એટલે તમારો સર્વ પ્રેમ તમારા પતિ તરફ સદા વળેલો રહેશે, જેમાંથી આ રંક સેવકને માટે ભાગ્યેજ કંઇ શેષ રહેશે. હાલ તમે ને હું જેમ વગર સંકોચે પાસે બેસીને નિર્દોષપણે હસીને વાતચીત કરી આનંદ કરીએ છીએ, તેમ તે વખતે નહિ થશે, જનલજ્જાને શરણ થવુ પડશે."

"હા! કંઇક જનલજ્જા ને કંઇક ધર્મને અનુસરવુ પડશેજ પણ તેમ થવાનો આપણ બન્ને માટે પ્રસગ ટળી જાય તો ?"

"એમ કેમ બને ?"

"ધારો કે તેમ બને તો ?"

"પણ હું તમારૂં માર્મિક બોલવુ સ્પષ્ટ સમજી શકતો નથી."

"તમે તો ભણેલા છો ?"

"હા, ભણેલો છું, પણ ગણેલો નથી."

"ત્યારે હું તમો ભણેલાને ગણાવુ. હું તમને પૂછુંછું કે તમે સારા કમાઉ થઇને પરણવા જ્યારે વિચાર રાખોછો ત્યારે તમારા યોગ્ય કોઈ રત્ન મેળવજો"

"તે તો ભાગ્યમાં હશે તો મળશે. જ્યાં સબંધ થવાનો હશે ત્યાં ગમે તેટલી અડચણે પણ વિધિ ધસડી જશે."

"પણ કોઇ ગુણીઅલ રત્ન હોય તો વધારે સારૂં."

"સારૂં તો ખરૂ, પણ ગમારને હાથ ગુલાબ કેમ ચઢે ?"

"ગમાર કોણ ને ગુલાબ કોણ તે જરી સમજાવશો ?"

"તમારી તેમ ઇચ્છા છે તો હું સમજાવવા તૈયાર છું. પણ મ્હારા ઉપર માઠું તો લાગશે નહિ ને ?"

"ના, નહિ લાગશે, સમજાવો."

"ત્યારે જુવો, હું ગમાર ને આ–તમો ગુલાબ."

"એ શું બોલો છો ? જરી વિચાર છે કે નહિ ? પારકી યુવાન છોકરીનાં તેને મોંયે વખાણ કરતાં જરી શરમ તો રાખો ?" સુશીલા કૃત્રિમ ક્રોધ જણાવી ગાલમાં હસતાં બોલી.

"તેમાં શરમ ને વિચાર શાનાં રાખવાનાં છે ?"

"કેમ નથી રાખવાનાં ?"

"મેં કંઇ અયોગ્ય કહ્યું નથી."

"ત્યારે યોગ્ય શું કહ્યું છે ?"

"ગુલાબને ગુલાબ, ને ગમારને ગમાર કહ્યાં છે."

"તમે જ્યારે ગમાર છો ત્યારે તમારા હાથમાં ગુલાબ કેમ શોભશે ? ગમારના હાથમા તો તે ચુથાઈ ચીમળાઇને મરી જશે."

"પણ ગુલાબની પ્રાપ્તિ થતા તેની સુગંધી, રૂપ, રંગ ને કોમળતાના પ્રભાવે તેના જેવી તે ગમારમા કંઈક સુઘડતા ને કોમળતા આવશેજ. ગુલાબ વગર હુ ગમાર છું પણ તે મળ્યા પછી તો એક રસિક માળી થવાનો."

"તો તો ઠીક, પણ ગુલાબ લેવાની તમારી ઇચ્છા છે કે ?"

"હા, મ્હારી પૂર્ણ ઇચ્છા છે."

"તેને તમે સંભાળશો કે ?"

"હું જીવના જોખમે સંભાળીશ. પણ તે કેમ મળશે ? કોણ દેશે ?"

"પ્રભુ ઉપર આસ્થા રાખો એટલે મળશે. ગુલાબને રોપનારજ તમને આપશે."

"પણ તે આપવા ના કહેશે તો ?"

"તો પછી લાચારી ગુલાબને સ્વતંત્ર પાંખ કે પગ નથી કે તે ઉડી કે ચાલીને તમારી પાસે આવી શકે. તે જન્મથી મરણ પર્યંત ધર્મશાસ્ત્રથી પરતંત્ર છે. ગુલાબને તેના મનગમતા રસજ્ઞ ભોક્તા પાસે જવાનું ઘણુંએ મન હશે પણ તેનાથી કદી તેમ થવાનું નથી, માટે હાલ તો પ્રભુ ભરોંસે રહો"

"ઠીક છે, ઠીક છે, સુશીલા, મ્હારે તેમજ કરવુ પડશે. પ્રભુ આપણો સંબંધ મેળવે તો કેવુ સારૂં ? પણ ભૂલ્યો, હુ એક મુદ્દાની વાત જણાવવી વિસરી ગયોછુ. હુ કોઇ પણ રીતે અશોક વનમા ઉછરેલા આ ગુલાબ માટે લાયક નથીજ. હુ તો એક જગલમા ઉગેલા આવળના પુષ્પ માટેજ લાયક છુ. તમારી ને મ્હારી સ્થિતિ વચ્ચે મોટો પહાડ આવેલો છે"

"તેથી શુ થયુ ? તમારી પાસે વિદ્યા છે એ અક્ષય ખજાનો છે. તેના બળે તમે તમારો સસાર સુખથી ચલાવી શકશો. ધન લૂટાઇ જશે, ચોરાઇ જશે, ગુમાઇ જશે કે બળી જશે પણ વિદ્યારૂપી ગુપ્ત ખજાનાને કશી આચ લાગવાની નથી. વિદ્યા એક કામધેનુ ને કલ્પતરૂ છે. તેની સેવા કરનારને તે ફળ આપે છે. તેના બળથી માણસ ઉદ્યમ કરી દ્રવ્ય મેળવી શકેછે."

"પણ તમે જે સુખ વૈભવ ને ખાનદાન કુટુમ્બમાં ઉછરેલાં છો તે સુદામાની મ્હારી ગરીબ ઝુંપડીમાં કેવી રીતે સુખથી રહી શકશો ?"

"સુદામાની ઝુંપડીમાંજ ખરૂં સુખ છે.લક્ષ્મી તો ચળીત છે.

લક્ષ્મીથી ખરૂં સુખ નથી મળતું પણ અન્યોઅન્યના પ્રેમથીજ તે મળેછે. જ્યાં પ્રેમ નથી ત્યાં સુવર્ણના મોટા મોટા ડુંગર હોય તે શા કામના? મને ધનવૈભવની ઇચ્છા નથી પણ ફક્ત સાચા પ્રેમ-વૈભવની છે. પ્રેમનીરની માછલી પ્રેમનીરમાંજ જીવશે. નીરને બદલે તેને દુધમાં મૂકતાં તે મરી જશે."

"સુશીલા! કહેવુ સહેલ છે પણ કરવુ કઠણ છે. અત્યારે તમે આમ બોલોછો પણ જ્યારે ગરીબ સંસારમાં સપડાઓ ત્યારેજ ખબર પડશે. નહિ દાસ દાસી કે નોકર ચાકરનું ઠેકાણું; નહિ બે વખત ચાહ કે દુધનું ઠેકાણું; નહિ સારૂં મીઠું ખાવાનું કે પીવાનું; નહિ સુવા મખમલની તળાઇઓ કે ઝુલવા હિંદોળા ખાટા, કે નહિ રહેવા માટે આવા ભવ્ય પ્રાસાદો. હાથે દળવાનું, વીણવાનું, ઝાડુ પાણી કાઢવાનું ને બીજું ઘરનું સર્વ કામ કરવાનું ત્યાં છે, માટે તેનો પ્રથમ વિચાર કરજો."

"મેં સર્વ બાબતનો વિચાર કરી મૂકયો છે. મને કામ કરવાનું બહુ ગમેછે. પ્રેમઘરમાં સર્વ કામ પ્રેમબળે આનંદથી થઇ જશે. ઘરકામની મેં પૂર્ણ માહિતી મેળવી છે ને હલકા નોકરનું કામ પણ મેં કરી મ્હારા હાડ કસેલા છે. એક વખત સુખમાં રહીને પછી દુઃખમાં રહેવુ ભારી પડે છે પણ દુખમાં રહ્યા પછી જે સુખ મળે છે તે સારૂં લાગે છે. મ્હારાં એવાં કયાથી ધનભાગ્ય હોય કે મ્હારા પતિ ને માસુ સસરા માટે ઘરનું સર્વ કામકાજ મ્હારા સ્વહસ્તેજ થાય! ભટ ચાકર, દાસ દાસીને હાથે પતિસેવા થાય તે કરતાં તેની પ્રમદાને હાથે તે થાય તો તે પ્રમદા સ્વર્ગમાં સંચરે છે."

"સાબાશ, સુશીલા! ધન્ય છે તમારી બુદ્ધિને ને તમારી કેળવણીને! તમે પૈસાનાં નહિ પણ પ્રેમનાં સગાં છો, તે જાણી

હું ઘણોજ ખુશી થાઉંછું. પ્રભુ આપણી ઉમેદ પૂર્ણ કરે!" એટલામાં નોકરે આવી સુશીલાને રણછોડદાસ આવ્યાના સમાચાર આપ્યા. સુશીલા અને કૃષ્ણદાસ અંદર ગયા.

સુશીલા બોલી, "પિતાજી! આપણા કૃષ્ણદાસ તમને મળવા આવ્યા છે." સુશીલા તે વાકય બોલતાં બીજા ઓરડામાં જવા લાગી. રણછોડદાસ બોલ્યો, "કેમ સુશીલા, શુ કામ અંદર જાય છે? કૃષ્ણદાસ કંઇ પરભર્યા નથી, તે તો આપણા ઘરનાજ માણસ છે." બાપનો બોલ માન્ય રાખી સુશીલા ત્યાજ બેઠી.

"કેમ ભાઇ કયારના આવ્યા હતા? મ્હારે માટે તમારે ખોટી થઈ રહેવુ પડયુ હશે?"

"કંઇ ખોટી નથી રહેવુ પડયું, મુરબ્બિ હુ પાએક કલાકથી આવ્યો હતો; તમો જલ્દી પાછા ફરવાના જાણી સુશીલા પાસે બેઠો હતો."

"બહુજ સારૂં કર્યું તમારે બી. એ. માં આ પહેલું વર્ષ છે, કેમ?"

"હાજી."

"ખતથી મહેનત કરશો તો આવતી સાલ આપણી જ્ઞાતિમાં તમે ચોથા ગ્રેજયુએટ થશો."

"તે સર્વ પ્રભુ ને આપ જેવા મુરબ્બિઓની સહાયતાથીજ."

"તે સર્વ તમારી વિશાળ બુદ્ધિ, અથાગ પરિશ્રમ ને લાયકાતને લીધેજ. મ્હારાથી તમારા માટે કંઇજ થતું નથી. આ ટર્મ માટે તમારે સારૂ સ્કોલરશિપ મેળવવાનુ એપ્લીકેશન ફોર્મ લાવજો હું તે ઉપર અભિપ્રાય સાથે સહી કરી આપીશ."

"જી, હુ તે લાવ્યો છું. આ રહ્યું." કૃષ્ણદાસે ખીસામાંથી

ફોર્મ આપતાં જણાવ્યું. રણછોડદાસે ફોર્મ ઉપર પોતાનો અભિપ્રાય લખી સહી કરી આપી. કૃષ્ણદાસે તે સહર્ષે ખીસામાં પાછું મૂક્યું ને બોલ્યો, "આપની મ્હારા ઉપર ઘણીજ કૃપા છે. આપ કદરદાન નાતમાં છો તો મ્હારા જેવા ગરીબને આશ્રય મળે છે."

"કૃષ્ણદાસ, તમે આવા સારા ઇંગ્રેજી ભણેલા ગણેલા થઇ મને ઉપકારના બોજામાં કેમ દાબો છો તે હું સમજી શકતો નથી. હું અનેકવાર તમને જણાવી ચૂક્યો છું કે સર્વ તમારા ગુણને જ આભારી છે. વારૂ ! હવે મ્હારી સુશીલાના અભ્યાસ સંબધી તમારો શું ઓપીનિયન છે ?"

"મ્હારા વિચાર પ્રમાણે સુશીલાએ ઘણોજ સારો અભ્યાસ કર્યો છે, ઇંગ્રેજી ઘણીજ છટાદાર રીતે બોલી શકે છે, ને લખવામાં તેમની ભાષા ઘણીજ અલંકારિક, ગહન વિચારથી ભરપૂર ને મધુર રહેછે. મેં તેમના લખેલા એક બે નિબધો વાંચ્યા છે તે ઉપરથી તેમની શકિત મને અપૂર્વ લાગે છે. સસ્કૃત જ્ઞાન પણ ઘણુંજ સારૂ સંપદાન કરેલુ છે. રઘુવશ, શાકુતલ, મેઘદૂત, ઉત્તર રામચરિત્ર વગેરેના અર્થ વગર ભૂલે રહેલથી સમજી શકેછે"

" તે સાથે ગાન વિદ્યાનો પણ તેવો સારોજ અભ્યાસ કર્યોછે. મ્હારી લીલાએ હુશિયાર છે પણ જરીક આળસુ ને ઉદ્ધત છે જો કે તેની માતા તો આ સુશીલા કરતાં તેને ચઢીઆતી ગણે છે પણ હુ તેમ નથી ધારતો. કેમ તમો શુ ધારો છો ?"

કૃષ્ણદાસ વિચારમાં પડી ગયો. લીલાને માટે શુ કહેવુ તે વિષે મુઝાવા લાગ્યો. લીલાને માટે પોતાનો ખરો અભિપ્રાય આપે તો રણછોડદાસને તરત માઠું લાગ્યા વગર રહે તેમ નહોતું માટે ચાલતી ગાડીમાં બેસી જવાનો ઠરાવ કરી ફઅવાતે દિલે

બોલ્યોઃ–" હું પણ લીલાવતી માટે તેમજ ધારૂં છું. જો તે ખંતથી મહેનત કરે તો સારી રીતે દીપી ઉઠે તેમ છે.'

" પણ તેની ઉમ્મર હજી નાની છે. સુશીલા ને તેની ઉમ્મર વચ્ચેના તફાવતના પ્રમાણમાં તેણે ઘણોજ સારો અભ્યાસ કર્યો છે વારૂ, સુશીલા ! હવે ત્હારો સારગી ને કંઠનો કાબુ દેખાડ જોઇએ. જુવો મી કૃષ્ણદાસ, મ્હારી સુશીલા કેવુ મઝેનું ગાય છે ! "

" હવે તેમાં શુ સાંભળવાનું છે ? તે તો રોજનુ છે. સાંઝે ગાઇશ. " સુશીલાએ નીચી દૃષ્ટે શરમાતાં કહ્યું.

" મેં તો બહુ સાંભળ્યું છે પણ આપણા આ કૃષ્ણદાસને સંભળાવવાની જરૂર છે. તેમને તુ પારકા ના સમજતી. જા, લાવ સારંગી. "

સુશીલાએ પિતાની આજ્ઞા સ્હેજ કચવાતે દિલે માન્ય કરી, ને સારંગી લાવી સુરની મીલાવટ કરવા માડી. સારગીમાંથી મધુરા સુરો સડસડાટ કરેતા નીકળવા લાગ્યા ને સુશીલાએ ગાવાનું શરૂ કર્યુંઃ–

મસ્તાની મનડા ગર્વે ઘેલો કયમ થાય
ગર્વે ઘેલો કયમ થાય, મૃગજળપર લોભાયરે –મસ્તાની.
પચ ભૂતાત્મક કાયા છે જૂઠી રે,
જૂઠી સસારની સગાઇ, છે દુઃખ દાઇ રે –મસ્તાની.
રાત અંધારી બહુ પંથ વિકટ છે રે;
સત્કર્મ દીપ જો લેવાય, તો ફવાય રે –મસ્તાની
માયામા મોહી ભૂલી માને સૌ તારૂં રે,
તારૂં નથી તલ ભાર, છે અસાર રે –મસ્તાની.
પ્રભુ ભજન વિણ ફોગટ છે સાધના રે;

સદા સડશે તું ભવકુપમાં, ઘસી હાથ રે:-મસ્તાની.
મોતી માયા રે કેરૂં, ખોટું ઝળકતું રે;
સાચું સદા હરિ નામ, છે સુખ ધામરે:-મસ્તાની.

રણછોડદાસ તથા કૃષ્ણદાસ સુશીલાના ગાયનથી ઘણાજ પ્રસન્ન થયા કૃષ્ણદાસે સુશીલાની-પોતાની કરવા ધારેલી ભાવષ્ય પત્નીની ઘણીજ પ્રશંસા કરી ને થોડો વખત પરચુરણ ચાલતી બાબતની વાતો કરી રજા માગી ગયો. સુશીલા અંદર વાંચવા ગઇ. અત્યારે થયેલી સુશીલાની પ્રશંસા સાંભળવાને તેની સાવકી માતા કમળા ને તેની નાની બહેન લીલા હાજર નહોતાં. તેઓ આ વખતે પાસેના બંગલામાં લીલા માટે કોર ભરવાની પસંદગી કરાવવા ગયા હતાં; તેમણે જો સુશીલાની પ્રશંસા સાંભળી હોત તો કોણ જાણે તેઓ કેવોએ શોર મચાવત !

પ્રકરણ ૧૦ મું.

" રાંડીપુત્ર શાહજાદો. "

સુંદરદાસ, ભીખારીદાસ નામના વણિકનો પુત્ર હતો. ભીખારીદાસને સુદરદાસને પહેલાં ત્રણ છોકરાં-બે પુત્ર ને એક પુત્રી થયાં હતાં પણ તે બધાં બબે ત્રણ ત્રણ વર્ષનાં થઇને પાછાં થયાં હતાં.

ભીખારીદાસ પ્રથમ ભીખારીજ હતો. જાતે તે ઘણોજ કૃપણ હતો. " ચમડી તૂટે પણ દમડી ન તૂટે " તેવો તેનો સ્વભાવ હતો.

ભીખારીદાસ પુત્ર માટે રૂપિયા પંદર હજારની દોલત વારસામાં મૂકી ગયો હતો. રંક અવસ્થામાંથી તેણે એટલું ધન કેમ પેદા કર્યું હશે તે માટે લોકને નવાઇ લાગતી હતી. ભીખારીદાસ નવલશા હીરજીભાઇ મોતીવાળા નામના પારસીની પેઢીમાં મહેતાગીરી કરતો હતો તેને પગાર મહિને રૂપિયા પચીસ મળતો હતો. એકાએક શેઠે દેવાળું કાઢયું, પણુ તે વખતનો લાભ લેવા ભીખારીદાસ ચૂકે તેમ નહોતો. એક દમડી માટે માણુસનુ ખૂન કરવા તૈયાર થાય ને એક ટીપા ઘી માટે માખીને નીચોવી પૂરી કરે તેવો તે લોભી હતો. મોતીવાળાની સાથે તેને કોણુ જાણે શુ પૂર્વનું લેણુ દેણુ હશે કે ભીખારીદાસને તેણે સંપૂર્ણ વિશ્વાસનું પાત્ર બનાવ્યો હતો શેઠના દેવાળા કાઢવાના વખતમા ભીખારીદાસે ગડબડ ગોટાળો કરી શેઠના નામની ખોટી સહીઓ કરી ચોપડામા જમે ઉધાર કરી રૂપિયા દસ હજારનો હાથ માર્યો ને શેઠને રોવરાવ્યા. ખરી રીતે મોતીવાળાને આડકતરી રીતે દેવાળું કઢાવનાર તેજ હતો. મુંબઇના વેપારીની બાંધી મુઠી લાખની હોય છે પણુ ઉઘાડતા તમામ ભરમ ખુલ્લો થઇ જાય છે. મુંબઇમાં પાચ હજારની મુડીપર લાખોનો વેપાર સહેલથી થઇ શકે છે, પુનાની સરતોમા પ્રખ્યાત થવાય છે અને મોટરો દોડાવાય છે. ભીખારીદાસે લાંચને વશ થઇને લેણુદારો પાસે શેઠનો પડદો ઉઘાડી નાખ્યો. દુકાન ઉપર એકદમ લેણુદારનો તગાદો થયો, દેવું ખરૂં થયુ ને લ્હેણુ ખોટું થયુ

શેઠને ત્યાંથી લક્ષ્મી યજ્ઞમાંથી પરવાર્યા પછી પત્નીના આગ્રહથી ભીખારીદાસે કોઇ સ્વતંત્ર ધંધો કરવાનો વિચાર કર્યો. મંછા પણુ પતિના જેવીજ કૃપણુ ને લોભી હતી. પેટ ભરીને પોતે જમતી નહિ ત્યાં બીજાને તો જમવા શાનીજ દે ? ઘરમાં જાણ્યે

અજાણ્યે કોઇથી સ્હેજ પણ નુકશાન થયું કે દારૂણ સંગ્રામ ચલાવતી હતી. ધંધો કરવામાં થનારા લાભ નુકશાન માટે ભીખારીદાસે ચારે બાજુ બહુ બહુ નજર દોડાવી, આખર નવારસી રાંડીરાંડ ડોશીઓને વ્યાજે રૂપિયા ધીરવાનો ધંધો ખોટ વિનાનો લાગ્યો, કારણ પ્રસગે તેમાંથી કોઇની નવારસી મિલકત પોતાને પચી જાય તેમ લાગ્યું. મંછાને પણ તે વાત દુધના ઘુંટડા પેઠે ગટ દઇને ગળે ઉતરી ગઇ. રાંડીરાંડને સાઠ રૂપિયા ધીરી સાનમાં દોઢસો બસોની કિમ્મતની મિલકત લખાવી બે ત્રણ ટકાના વ્યાજે સો રૂપિયાનું ખત લખાવી લેતો હતો. આવી રીતના વ્યાજ વટારાના મારવાડી ધંધામાંથી ઘર ખરચ જતાં દ્રવ્યનો સારો જમાવ થવા લાગ્યો ઇંટ ઉપર ઇંટ ચઢવા લાગી.

સુંદરદાસને ભણવા માટે ભીખારીદાસે તેને પ્રથમ પંડયાની નિશાળમાં મૂકયો. પણ સુંદરદાસથી પંડયાનો માર સહન ન થવાથી પંડયા સાથે વઢીને ભીખારીદાસે પુત્રને મ્યુનિસીપાલ સ્કૂલમાં નાંખ્યો. સુંદરદાસને ભણવા તરફ મુદ્દલ લક્ષ નહોતું તેમ તેના માબાપને પણ પુત્રને ભણાવવા તરફ નહોતુ. ત્રણ ચાર ઇંગ્રેજી ચોપડી સુધી શીખવવાનોજ ભીખારીદાસનો વિચાર હતો. પોતાના જોડીઆ સાથે મળીને શિક્ષકની ખુરસીમાં કૌવચ ભરવાનું તથા નિશાળની દિવાલ ઉપર બિભત્સ શબ્દો લખવાનું કામ ભણવા કરતાં તે ઘણુંજ સારૂં કરવા લાગ્યો. સુંદરદાસના પરાક્રમથી શિક્ષક ત્રાહે ત્રાહે પોકારતો હતો. જો ભોગજોગે સુંદરદાસને માર્યો તો બીજે દિવસે ભીખારીદાસ નિશાળમા આવી પાંચ પચીસ ગાળો તે શિક્ષકને ચોપડી ફર્યાદ કરવાની ધમકી આપી તે બીચારાને દબાવતો હતો.

લાડ્ઘેલો સુંદર એમ કરતાં પંદરની ભરતીમાં આવ્યો, એ-ટલે ભીખારીદાસે ચંદન નામની સુરતની ચૌદ વર્ષની વહુ તેને વાસ્તે આણી. ચંદનનાં માબાપ સાધારણ સ્થિતિનાં હતાં.

સુંદરદાસ તે વખતે ઈંગ્રેજી ચોથા ધોરણમાં હતો. ભણવાનું ખરચ બહુજ ભારે પડી જવાથી ભીખારીદાસે પુત્રને શાળા-માંથી છેલ્લી સલામ કરાવી ઘેર આણ્યો. સુંદરદાસને 'ભાવતું હતું ને વૈદે કહ્યું' તેવું થયું. ચંદન નાહતી ધોતી હોવાથી સાસરે આવી, પણ બાળક સુંદરને ગૃહસ્થાશ્રમ કેમ ચલાવવો તેનું જ્ઞાન નહોતું. માબાપ તેમજ પોતાના કાચી બુદ્ધિના સરખા મિત્રોની શીખવણીથી સુંદરદાસે મારના મંગળાચરણથી ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો, ચંદન વૃક્ષ ઉપર કારી ઘા પડવા લગ્યા ને મુગ્ધાની ગુલાબ કળી સમ યુવાની ગમાર ને બાળક સુદરથી ધૂળમા રગદોળાઈ જવા લાગી.

ચંદનના લગ્ન પછી બીજે વર્ષે સુરતમાં પ્લેગના રોગથી તેનાં માબાપ એક દિવસને અંતરે ગુજરી ગયા ચંદન તે વખતે સાસરે હતી ચદનને ભાઇ ભાડુ કોઇજ નહોતુ. પાસેના સગામાં તેના કાકાના બે દીકરા હતા તેઓએ ચદનને તેડાવવાની કંઇ પણ તરત તજવીજ ના કરી. ચંદનનાં માબાપ પાસે પાંચ સાત હજારનો જીવ હતો તે મરતી વખતે તેમણે ચદનને આપવા કહ્યું હતું પણ તેમના મુવા પછી કાગળ વાચી ચંદન આવે તે પહેલાં તો ઘરમા વાસણના ભગાર, પાચ સાત ચીથરાની ફાટલી ધાગડી ને બે ત્રણ મણ અનાજ સિવાય સર્વ સફાચટ મેદાન થઇ ગયું હતું.

લોકલજ્જાથી ને પોતે કરેલી ચોરી પકડાઇ જવાની બ્હીકથી આખર ભત્રીજાઓએ ઘર કબજામાં લઈ મરનારનાં દિવસપાણી

કર્યાં. ચંદન વિસ દિવસ રહીને સાસરે ગઇ. ચંદને ગૂજરાતી છ ચોપડી સુધી અભ્યાસ કર્યો હતો પણ ભણ્યાની સાથે તે ગણી હતી. સ્વભાવે તે ગાય જેવી રાંક હતી. સાસુ, સસરો ને પતિ તેને ઘણું ઘણું દુઃખ દેતાં, ગાળો દેતાં, મારતાં, વઢતાં, રાત દિવસ ગધેડાની માફક વૈતરૂં કરાવતાં ને પુરૂં પેટે પાણી પણ પડવા નહોતાં દેતાં, તોપણ કુમળી ચંદન કદી તેમની સામે થતી નહિ. બહુ થતું ત્યારે આખર રડી પડતી પણ કઠોર નહોતી બનતી. પોતાને પડતા દુઃખની વાત પતિને પણ નહોતી કહેતી, તેમ પતિ તે સાંભળી યોગ્ય બંદોબસ્ત તે માટે કરે તે પણ હવાઇ કિલ્લા જેવુંજ હતુ. ચંદનમાં કુલિનતાએ વાસો કર્યો હતો. તે વિનય, વિવેક ને ધર્મને જીવથી વધારે ચાહતી હતી. જીવ જતા અસત્ય વચન કદી ઉચ્ચારતી નહિ. પોતાના મૂર્ખ ને અણસમજુ પતિને પરમેશ્વર સમજતી હતી. પરનિંદા ને પરપુરુષથી સદા તે દૂરજ રહેતી હતી.

કુમળી ચંદન ઉપર સાસુ સસરાના અસહ્ય ઘા પડતા હતા ને દુઃખના તાપમાં તેઓ તેને તપાવતા હતાં, પણ તે પોતાની મોટાઇરૂપી સુગંધી છોડતી નહોતી ને પેટ મહાસાગર જેવું ગંભીર રાખતી હતી.

ચંદન જાતે ઘણીજ સુઘડ હતી. ફુવડ રહેવું તેને મુદલ પસંદ નહોતુ; પણ સાસરામાં તેના તે ગુણને ચાહનાર કોઇજ નહોતુ. ઘરનો ભાર તેને એટલો તો વહેવો પડતો હતો કે તેમાંથી નિવૃત્ત થઇ ચોટલો ચાલ્લો કરી નાહી ધોઇ સ્વચ્છ કપડાં બદલવા સમય ભાગ્યેજ મળતો હતો. કોઇક વખત ફુરસદ મળતાં તે પોતાની બાહ્ય મલિનતા દૂર કરવા જતી તો તે માટે

મંછા લાખો બોલ બોલી બીચારીને ઉભીને ઉભી બાળી મૂકતી હતી. "રાંડ તું નાશી જવાની છે, તે ગુણકાના ચાળા કરવા માડયા છે, રાણી સાહેબ થવામાં પૈસો કાકરાની પેઠે ઉડાવે છે, તારો બાપ અહીં નથી રળી મુવો, પરસેવાના રેલા ઉતારી મ્હારા માટીએ રળ્યું છે, તારો બાપ—તારો માટી રળે ત્યારે નાગી થઇ નાચજે. તે વખતે હું તને નહિ રોકું, પણ હાલ તો આવા હરામી ચાળા મ્હારા આબરૂદાર ઘરમાં નહિ ચાલે." આવું આવું બોલી ચંદનને રડાવી દેતી હતી. વળી ભીખારીદાસ આવતાં બધુ ભાગવત તેને સંભળાવતી ને સુંદરદાસ મળ્યેથી તેના કાન ફૂંકતી હતી.

સુંદરદાસ અઢાર વર્ષનો માતેલો સાંઢ થયો. બાપ બહુ બહુ કહેતો પણ તેના વ્યાજુકા ધંધામાં મન પરોવતો નહોતો. પોતે ઉડાઉ બન્યો હતો. ઘરમાથી ઝેર ખાવાને એક ફૂટી બદામ પણ બુઢ્ઢા પાસેથી મળે તેમ નહોતું તેથી ભાઇ સાહેબે ચોરીનો ધંધો શરૂ કર્યો સગાં વહાલા ને ઓળખાણ પીછાનવાળાંના ઘરમાં કંઇ નિમિત્તે જઇ જે મળી આવતું તે ઉપાડી જઇ બજારમાં તેનો ખુરદો કરી નાંખતો જુગારમાં સરતો બકુવાનો ને રાંડોને ત્યાં નાચ મુજરાનો તેને ભારે છંદ લાગ્યો. સુરાપાનનો પણ તે ટેવીલો બન્યો હતો. ઘરના દેવ દેવમાં નથી ગણાણા અને ગામનું તીર્થ તીર્થમાં નથી ગણાતુ એવો સુંદરનો મત હતો. ચંદન સોહામણી ગુણથી ભરેલી ને યુવાન હતી પણ સુંદરને તેના ઉપર મુદ્દલ પ્રેમ નહોતો. તે તો પરસ્ત્રી પ્રીતનો લાલચુ બન્યો હતો; ઘરમાં ચંદનની સાથે પૂરી વાત પણ કરતો નહિ.

ભીખારીદાસ એટલામાં પાંચ છ માસ મંદવાડ ભોગવી ગુજરી ગયા. 'દીવા પૂઠે અંધારૂં' તે કહેવત સુંદરદાસની બાબતમાં તદ્દન ખરી પડી. હાથમાં એકદમ પંદર હજારની દોલત આવી એટલે પછી બાકી શું રહે ? મંછા ડોશી ખુણામાં બેઠાં બેઠાં બહુ બહુ કકળે પણ હવે ડોશીને ગાંઠે તેનો દિવસ ઉઠયો એમ તે સમજતો હતો. આ ઉથલ પાથલથી ચંદનની સ્થિતિ તો જેવીને તેવીજ રહી. ' બાપ કંજુસ તેનો દીકરો ઉડાઉ ' એમ થયું.

હાથમાં લક્ષ્મી આવતા સુંદરદાસને પરસ્ત્રીનો છંદ વધારે લાગ્યો. પતિને ચંદન જેમ જેમ વધારે સમજાવતી ગઇ તેમ તેમ તેની સ્થિતિ વધારે બગડતી ગઇ. પથ્થરપર પાણી રેડતાં પથ્થર પીગળે તો સુદરદાસ પીગળે તેમ હતું

ખુણામાં બેઠેલી મંછા ડોશી પોતાનો વખત પુત્રને મોઢે વહુનાં સાચાં જુઠાં કરી ગાળવા લાગી. અક્કલ વગરનો સુદરદાસ માતાનુ ખરૂ માની ચદનને મારપીટ કરવા લાગ્યો. અતિ મારથી ચંદનને સુકો રોગ લાગુ પડયો ને શરીર ઘસાતુ ચાલ્યું. પોતાની આવી દશા થતાં પણ પતિને માઠું લાગે તેવો એક અક્ષર ચંદન મોંમાંથી કાઢતી નહિ, સર્વમા પોતાના ભાગ્યનોજ દોષ સમજતી હતી. મરવાના એક દિવસ અગાઉ પોતે જે ખડમાં સુતી હતી ત્યાં પતિને એકલો બેઠેલો જોઇ પોતાની પાસે બોલાવી બોલી–" નાથ ! હવે હું આ દુનિયામા થોડાજ દિવસની મેહમાન છું. પૂર્વના ઋણાનુબંધે આપણે આ મુસાફરખાનામાં ભેગાં મળ્યાં ને અરસપરસ લેણદેણ ચૂકાવી છૂટાં પડીશુ. કંઇ સંસ્કાર અધૂરો રહેશે તો બીજા ભવમાં મળી પૂર્ણ કરીશું. તમારૂં કંઇપણ શ્રેય કર્યું નથી. જે સુખમાં આપણે સાથે રહ્યા છીએ તેનો તેમજ જે

દુઃખથી હું છૂટું છું તેનો આ છેલ્લી ઘડીએ મને બહુજ વિચાર આવેછે. મ્હારો છેલ્લો શ્વાસ તમારા ભવિષ્યના સુખ માટેની પરમેશ્વર પ્રત્યે પ્રાર્થનામાજ પૂરો થશે. વહાલા ! તમારૂં આ મનહર મુખડું આ ભવમાં ફરી જોવા હુ ભાગ્યશાળી થનાર નથી. પ્રભુ તમને સદા સુનીતિને રસ્તે રાખીતમારૂ ભલુ કરો ! શિરછત્ર ! મ્હારા અપરાધ ક્ષમા કરજો. હુ અજ્ઞાન છુ. રામરામ ! પ્રાણાધાર, છેલ્લા પ્રણામ– "

એટલામાં ધબડધમડ કરતી મછા ડોશીને તે તરફ આવતી જાણી સજળ નેત્રવાળો થયેલો સુંદરદાસ એકદમ ત્યાંથી ઉઠી ગયો મંછા ડોશીએ આવી કટોણું મો કરી ચદનને દવા પાઇ. બીજે દિવસે ચદને પરલોકવાસ કર્યો નાતમા ભીખારીદાસના વિરોધીઓએ ચદનના મરણનો આક્ષેપ મછા તથા સુદરદાસ ઉપર મૂકયો કોઇ કહે–" સાસુએ તેને ઝેર આપ્યુ." કોઇ કહે, " તેને કચ્ચર માર મારી મારી નાંખી " કોઇ કહે " તેની પૂઠે મેલો દેવ મૂકયો હતો." તો કોઇ કહે કે " સુદરદાસે માની શીખવણીથી તેને મુઠ મરાવી હતી." ટુંકામા ચંદનના મરણની કાળી ટીલી તો તે પરાક્રમી માતા પુત્રને શિર સદા માટે આવી ગઇ.

ચંદનના મરણને વરસો વીતી ગઇ પણ સુંદરદાસ બીજીવારનો ઝડપાયો નહિ. ચંદનના થયેલા ભવાડાથી લોક પોતાની દીકરી તે ઘરમાં આપતા અચકતા હતા. મંછા ડોશીએ ખુણામાથી નીકળ્યા પછી પાંચ સાત વર્ષ સુધી પુત્રને મંડાવા બહુ ખટપટ કરી પણ કંઇ વળ્યુ નહિ.

રણછોડદાસની નવી કમળા તથા મંછા ડોશીને પિયર તરફની સ્હેજસાજ સગાઇ હતી, તેનો લાભ લઇ કમળાની બે પુત્રીઓ

કુંવારી હોવાથી તેમાંની એક પોતાના પુત્રને વરાવવા માટે મંછા કમળાની બહુ પળસી કરવા લાગી. સુંદરદાસને પણ રણછોડદાસને ત્યાં જતો આવતો કરી નાખ્યો. મંછાએ કમળા પાસે ખાલી રેફ મારવામાં કચાશ રાખી નહિ આખર મંછાના શીસામાં કમળા ઉતરી. પોતાની તો નહિ પણ પરાઇ-પોતાની શોકની દીકરી સુશીલા સાથે સુંદરદાસનો વિવાહ પતિને સમજાવી કરી આપવાનું તેણે વચન આપ્યું

રણછોડદાસ પાસે કમળાએ એક બે વખત વિવાહની વાત કરી પણ રણછોડદાસે કંઇ પણ ચોકસ જવાબ આપ્યો નહિ. કમળા મંછા ડોશીને આશા આપતી હતી ને તેને મલકાવતી હતી.

પ્રકરણ ૧૧ મું.

કન્યા-દાન.

કન્યા-દાન સમાન બીજું એકે મ્હોટું દાન નથી. તેનું પુણ્ય ગૌદાનથી પણ અધિક છે; પણ જો તે સુપાત્રે થાય તો કન્યાનું કુપાત્રે દાન કરનાર માતા પિતા રૌરવ નરકના અધિકારી થાય છે. કહ્યું છે કે-

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञात तत्तामसमुदाहृतम् ॥

("દેશ કાળ તપાસ્યા વિના કુપાત્રને, અસત્કાર ને અપમાન

સાથે દાન કરવું તે તામસ-અધમ દાન છે.") સુપાત્રે કન્યા-દાન કરનારાં પોતાના પિતરો સાથે બ્રહ્મલોકમાં રહી શકે છે.

બન્ને પુત્રીઓને હવે વરાવી પારકી કરવાનો કમળાએ વિચાર કરવા માંડયો. લીલાવતી માટે તેણે મોહનદાસના પુત્ર રંગીલદાસને પસંદ કર્યો હતો. મોહનદાસ સારો પૈસાદાર હોવાથી તેમજ રંગીલદાસ તેનો એકનો એક પુત્ર-તેની મિલકતનો કુલ વારસ હોવાથી, વળી જાતે રૂપાળો ને લીલા માટે ઉમ્મરમાં લાયક હોવાથી તેના તરફ પોતાની વહાલામાં વહાલી પુત્રીને માટે પસંદગી ઢોળી હતી. રણછોડદાસે પોતાની પ્રિયાના વિચારને સંપૂર્ણ અનુમોદન આપ્યુ હતું, ને એ વાત ત્રાહિત મારફતે મોહનદાસને ત્યાં પણ કહેવરાવી હતી. પોતાના પુત્ર માટે સારા ઘરનું માગું આવવાથી નદકાર ભુલાઇ ગઇ પણ મોહનદાસ સ્હેજ આચકો ખાતો હતો, કારણ કમળા જેટલી સુધરેલી ને ઉડાઉ છે, તેટલીજ તેની પુત્રી પણ હશે એમ તેણે આગમબુદ્ધિ દોડાવી. બીજે કોઇ ઠેકાણે પોતાના પુત્ર માટે લાયક કન્યા નહિ હોવાથી આખર પોતાનો વિચાર કચવાતે દિલે તેણે ફેરવ્યો.

કમળાને હવે ફક્ત સુશીલા માટેની ચિંતા રહી હતી રણછોડદાસનો વિચાર પ્રથમ રંગીલદાસ સાથે સુશીલાને વરાવવાનો હતો. પણ ખાનદાન ઘરમાં પોતાની વહાલી દીકરી લીલાને મૂકી ચાવકી પુત્રી સુશીલાને વરાવે તેવી કમળા કાચી નહોતી. સુશીલા તેને આંખના પાટા જેવી હતી ને તેને તે શિરપર પડેલી એક નકામી બલાજ સમજતી હતી. લીલાથી તેને કોઇ પણ રીતે તે હુબતી રાખવાને સદા પ્રયત્ન કરતી હતી.

સુશીલા માટે સુંદરદાસને તેણે પસંદ કર્યો હતો. સુંદરદાસની સાધારણ સ્થિતિ, તેની વગોવાતી ચાલ વગેરેથી તે સંપૂર્ણ માહિતગાર હતી. મંછા ડોશીને ખુશી રાખવાના તથા સુશીલાને લીલાથી હલકા વર સાથે વરાવી તેનાથી નમતી રાખવાના દુષ્ટ દોષથી કમળા પથ્થર સાથે રત્ન પછાડવા તૈયાર થઇ હતી. સુંદરદાસના ગુણો હમેશાં તે પતિ પાસે વર્ણવતી હતી પણ તેના દોષો ઉપર ઢાંક પીછોડો કરતી હતી સુંદરદાસ તથા મંછાએ પણ કમળાને મસ્કો લગાડવામાં બાકી નહોતી રાખી.

એક દિવસ કમળા સુશીલા સંબંધિ વિચાર કરતી હતી સુશીલાનો પ્રેમ કૃષ્ણદાસ ઉપર ચોટયો છે ને તેઓ બન્ને એક બીજા સાથે હસી બોલી આનંદથી નિર્દોષ પ્રેમ–ક્રીડા કરે છે, જેથી સુશીલા પોતાની ઇચ્છાને આધિન નહિ થાય તો મોટો વાંધો આવશે તે માટે તે વિમાસણ કરતી હતી. સુશીલાની મરજી વિરૂદ્ધ રણછોડદાસ પોતાની મરજીને તાબે થઇ તેને સુંદરદાસ સાથે વરાવશે કે નહિ તે માટે તે ગુંચવાની હતી. એટલામાં ફૂલી ત્યાં કંઇ લેવાને આવી તેને જોતાં જ કમળા બોલી, “ફૂલી મ્હારે, તને કંઇ પૂછવાનું છે.”

“બોલોને બા, જે હોય તે.” ફૂલીએ જવાબ વાળ્યો.

“હું પૂછું છું કે પેલો કૃષ્ણદાસ આપણે ત્યાં બીજે ચોથે હમેશા આવે છે તેની સાથે સુશીલા હસીને વાતો કરે છે તે શું ખરૂં છે કે ?”

“હા બા, વાતો તો કરે છે.” ભોળી ફૂલીએ સુશીલાનું હિત જાળવાય છે એમ સમજી જવાબ દીધો.

“સુશીલા તેને ચાહે છે કે ?”

“મને તો એમ લાગે છે. સુશીલા બહેન તેની સાથે વરવાને

ઘણીજ ખુશી હોય એમ હું માનું છું એક બે વખતે વાત નીકળતા મ્હારે માટે તેઓ બોલી ગયા હતાં ખરા. ” ફૂમાએ નિર્દોષપણે ખુલાસો કર્યો.

“ સુન્દરરામ વિષે સુશીલાનો શો મત છે ? ”

“ અરે ! તેને તો તે બહુજ ધિક્કારે છે ને લુચ્ચો ગણે છે. બાકી ખરૂ ખોટું તો રામ જાણે. મને પણ તેના લક્ષણ બહુ સારા જણાતા નથી, હો બા ! સુશીલા બહેન માટે તો કૃષ્ણદાસજ લાયક છે. બહેનનું જરૂર તેની સાથેજ કરજો કાગડા આગળ દહીથરૂ ના મૂકશો ”

“ જાઓ જા, હું મ્હારી ફરજ બરાબર સમજું છું ” ફૂલી ત્યાંથી ચુપચુપ ચાલી ગઇ. ફૂલીની વાતથી બળતામા ઘી હોમાયું. કમળાની બળતરાનો પાર ના રહ્યો તે બોલી—“ હવે શું કરવું ? શું હું સુશીલાને સુંદર સાથે વરાવવા અસમર્થ છું ? શું તે નાદાન છોકરી મ્હારી આંખમા ધૂળ નાખી મનનું ધાર્યું કરશે ? શું લીલા કરતાં તેને વધારે ભણેલો વર મળશે ? નહિ-નહિ, કદી નહિ બનશે. મ્હારા લલ્લુ આવે એટલે પછી વાત તેમને દાવપેચથી સમજાવી લીધા એટલે બેડો પાર. હા, તેમજ કરૂં જ્યારે તે ગુમાની છોકરીનો ગુમાન તોડું ત્યારેજ મ્હારૂં નામ કમળા. ” આમ પોતાનો ગુસ્સો બહાર કાઢે છે તેટલામા રણછોડદાસને તે તરફ આવતો જોઈ તેણે ઢોંગ શરૂ કર્યો કોઇ મહા ઉંડા વિચારમા ઉતરી ગઇ હોય તેમ મોનો દેખાવ ગંભીર કરી દીધો ને દુઃખમા ડુબી ગઇ હોય તેમ નિસ્તેજ બની ગઇ. રણછોડદાસે આવીને પત્નીની આવી દુખી સ્થિતિ જોઇ તેનો હાથ પકડતા કહ્યું—“ કેમ આજે કંઇ દિલગીરીમા છો ? શું કાઇ આફત આવી છે ? કંઇ માઠું થયું છે ? ”

"તમને શું કહેવાનુ છે ? ને કહેવાથી સાર્થક પણ શું છે ? આ કાને સાંભળી પેલે કાને કાઢી નાંખવાના. તમે ભલા ને તમારો ધંધો ભલો. હું મરૂં કે જીવું, મને દુખ થાય કે સુખ થાય તેની તમને ક્યાં કાળજી છે ? શાના થઇ મને શુ પૂછોછો ?" કમળાએ સ્ત્રી-ચરિત્ર શરૂ કરતાં જણાવ્યુ

"ગાડોરે ગાડ', શુ હું તમારે માટે કાળજી નથી રાખતો ? શુ હું તમને આનંદમા રાખવાને જીવ આપવા તૈયાર નથી શુતો ? મને કહો તો ખરા કે વાત શું છે ?"

"તમે તમારે ધંધે વળગો એટલે થાય થયુ. મ્હારા નસીબમા લોકના મ્હેણાં સાભળવાના છે તે મરણ પર્યંત હું સાંભળ્યા કરીશ."

"મ્હેણા શાના ? બોલો, મ્હારા સમ તમને."

"શાના તે આપણી સુશીલાના વિવાહનાં મ્હેણાં લોકો મ્હેણાં મારે છે. ઘર વર નક્કી કર્યા તેમ તેને માટે કરવાને તમારો કયા આંખ ઉઘાડ છે ? મોટી છોકરીને ઘરમા સાપના ભારા તરીકે કયા સુધી સાચવી રાખુ ? નાતના લોક તો છડેચોક હવે આપણી વાત કરે છે હુ જરી બ્હાર જાઉ છુ કે પીખી ખાય છે કોઈ કહે છે કે એને તો સદા **વરજીન** રાખવાના છે, તો કોઇ કહે છે કે તેને વિલાયત ભણવા મોકલવાનાં છે, તો કોઇ કહે છે કે તેને વાસ્તે ઇંગ્રેજ વર લાવવાની તજવીજમા છે, એમ ફાવે તેમ લોક બોલે છે. મારનારના હાથ ઝલાય પણ બોલનારની કઇ જીભ ઝલાય ? પણ તેમા મ્હારો શો અપરાધ ? તમને મે પચાસ વખત કહ્યુ હશે પણ તમે ક્યાં માનો છો ?"

" તમારૂ કહેવું ખરૂ છે હવે સુશીલાને વરાવવી જોઇએ લીલા માટે તો સર્વ નક્કીજ છે, ફક્ત સુશીલા માટે વિચાર કરવાનો છે."

" પણ તેને માટે ક્યા લાખો વિચાર કરવાનો છે ? સુંદરદાસ તૈયાર છે. ઉમ્મર મૂકી ડુંગર ક્યા શોધવા જઇએ ? કેવો મઝેનો તેને માટે વર મળ્યો છે ? વાહવા ! શું તેનુ રૂપ ! શું તેના ગુણ ! આટલો વખત સબુરી પકડી તો સારો વર મળી આવ્યો "

" મ્હારો વિચાર તેની સાથે કરવાનો નથી. "

" એ શુ બોલ્યા તમે ? સુંદરદાસ એ છીપનુ મોતી, કમાતો ધમાતો વર તેનો જોટો તો આખી નાતમા પણ નથી. વળી પાંચ પૈસે સુખી પણ છે "

"સુંદરદાસ કરતા મ્હારો વિચાર કૃષ્ણદાસ તરફ વધારે વળે છે તે કેવો ગુણીઅલ ને વિદ્વાન છે ? ભણેલી છોકરીને ભણેલો વર મેળવી આપવો એજ માબાપનો ધર્મ છે"

" પણ ગૃહસ્થ ઘરની છોકરી માટે ગરીબ વર જોવો એ મોટો અધર્મ છે મ્હારૂ ફૂલ જેવું રત્ન તે શું લુડાપણુ કરવાને ગરીબ ઘેર જાય ? તેણે અહી ક્યારે દુખનો દિવસ દીઠો છે કે ત્યા દુખના ડુંગર તળે કચરાતા મરીજે ? તેની જનેતા મરી ગઇ તેથી તમે પણ હીરા દીકરીનુ ભુંડુ ઇચ્છો છો હો ! વાહવા ! પણ તેની મરનાર માતાની ગરજ સારનાર આ વલક્ષણ જેવી માતા તૈયાર છે. "

" પણ કૃષ્ણદાસ ગરીબ છે તેથી શુ થયુ ? તે ભણી રહેશે કે નોકરી ધંધે વળગી જશે. "

" કાલની કોને ખબર છે ? તે કેવું ઉકાળશે તેની શી ખબર ? ભણેલા તો ઘણાએ ભીખ માગે છે. સુંદરદાસ પણ ભણેલો ગણેલો છે ને સાથે ઘરનો ભરેલો છે. ત્રિકમદાસના ઘરની રીતભાતથી તો

તોબા ! તેના ઘરનાં દરેક માણુસ કોડીનાં છે. પેલી પ્રભાવતી ને પેલી યશોદાના કેટલા ભવાડા ચાલે છે તેની તમને કયાં ખબર છે? તો તેવે ઘેર ગરીબ ગાય જેવી દીકરીને રહેંસાવા મોકલના મ્હારો જીવ કપાઈ જાય. મ છા ડોશી કેવી બીચારી ભલી છે! એકનો એક છોકરો ને એકની એક વહુ, નહિ ભાગીઓ કે ભાગીઅણ. પતિની છાયામા રહી સર્વ સાહ્યબી એકલી સુશીલા ભોગવશે એવું રૂડું ઘર મૂકી પેલા બબરચીખાના તરફ કયાં નજર દોડાવો છો ? મ્હારો વિચાર માનો તો સારૂં દેખાશે હુ ઠીક કહુ છું. વળી જુવો, સુંદરદાસ માટે બે ત્રણ સારે ઘેરથી માગાં આવ્યા છે માટે જે કરવું તે આજ કાલમા તડ ને ફડ કરી નાંખો, નહિ તો પછી તેવું રત્ન ફરી મળવુ કઠણુ છે. ”

" તમારૂ કહેવું હવે મને ઠીક લાગે છે ! તમારા વિચાર પ્રમાણે કરવા હુ તૈયાર છું, પણુ સુશીલાનો વિચાર જાણીએ તો ઠીક"

" તેનો વિચાર તેમાં શુ જાણુવાનો છે ? તે નાદાન સારૂ માઠુ શુ સમજે ? તેને દુનિયાદારીનો શો અનુભવ હોય ? તે તો માણુસની બોલવા ચાલવાની છટા ઉપરથી તરત રદિયો આપી દે તે કૃષ્ણુદાસ માટેજ કહેવાની. તે છોકરાએ હાલમા તે ભોળી ઉપર ઠીક જાદુ ચલાવવા માંડયો છે. મ્હારા વિચાર પ્રમાણે તો બહેનને પૂછવાના તદન અખાડાજ કરી જાઓ. તે કંઇ તમારૂ માનવાની નથી. કૃષ્ણુદાસની શીખવણીથી હાલમા તે બહુજ ઉદ્ધત બની ગઇ છે. તમને માઠું લાગે તેવુ તે કંઈ બોલશે તો ફોગટ તમારાં વર્ષ વેચાશે ને સોનાની જાગ પાણીમા હાથે કરી નાંખ્યા જેવું થશે. ”

" પણુ પૂછયાથી શું જાય છે ? ”

" મ્હારૂં ભલીતું કહ્યું માનો તો સારૂં. તે તમારૂં કે મ્હારૂં નહિ માનશે "

" તો પછી જોઈ લેવાશે "

" ઠીક ત્યારે ઉમેદ પૂરી કરો. "

રણછોડદાસે ઘંટ વગાડી નોકરને બોલાવી સુશીલાને મોકલવા કહ્યું. સુશીલા આવી ને સાથે લીલા પણ આવી લીલાને જોઇ કમળા બોલી—"બોલો, આ ના . માટે કયુ ઘર નક્કી કર્યું છે ? "

રણછોડદાસ બોલ્યો, " મ્હારી લાડકી ! તારા લગ્ન મોહનદાસના દીકરા રંગીલદાસ સાથે કરવાનો મ્હારો વિચાર છે. કેમ તને તે ગમે છે કે ? "

આનંદથી ઉભરાતી લીલા બોલી:—" મ્હારે માથે તમો મુરબ્બિ છો એટલે પછી મ્હારે કંઈ બોલવાનુ હોયજ નહિ તમે જે કરો છો ને કર્યું છે તે સર્વ મ્હારા માટે લાયકજ છે. માબાપ હો તો તમારા જેવાંજ હજો. "

" સાબાશ ! મ્હારી વહાલી પુત્રી ! જોયુ કેવી ડાહી છોકરી છે ?" કમળાએ પુત્રીનો વાંસો થાબડતા પતિને કહ્યું.

" વાહ ! લીલા બહુજ શાણી છોકરી છે. હવે સુશીલા ! તારે માટે હું સુંદરદાસને લાયક ગણું છુ. હું નથી ધારતો કે તેમા તને કંઇ વાંધો હોય ! "

સુશીલા નીચું જોઇ રહી. તેના તરફથી કંઈ પણ જવાબ મળ્યો નહિ તેથી રણછોડદાસ બોલ્યો, " કેમ બોલને ? એવી **સીરીયસ મેટરમાં** શરમ રાખવી તે સારૂં નહિ."

" પિતાજી ! મ્હારો વિચાર હાલ અભ્યાસ કરવાનો છે. માટે મ્હારાં લગ્ન હાલ મુલ્તવી રાખો તો મોટો ઉપકાર. "

" હજી કયાં સુધી ભણવું છે ? તું સોળ વર્ષની તો થઇ, હવે તને કયા સુધી કુંવારી રખાય ? "

" તેથી તમને કંઇ પણ નુકશાન નથી, ધર્મશાસ્ત્ર સંબંધિ હજી ઘણું જ્ઞાન મ્હારે મેળવવાનુ છે, તે પૂરૂ થયા પછી લગ્નની વાત. "

" લ્યો, બહેન તો ઇંગ્રેજ કુમારિકાની પેઠે સદા વરજીન રહેવા માગેછે જોયુ કે, હુ પ્રથમ નહોતી કહેતી ? હવે મનની ઉમેદ પૂરી કરો "

" તારો વિચાર હુ કબૂલ નથી રાખી શકતો " રણછોડદાસ બોલ્યો, " તારા તરફથી આવા જવાબની સ્વપ્ને પણ આશા નહોતી રાખી "

" પિતાજી, આપ સમજુ છો ને સર્વ વાતે અનુભવી છો. આપની પાસે નાને મોયે શરમ મૂકાવી મને શુ બોલાવો છો ? "

" પણ તારો વાધો હોય તે જણાવને ! ઇંગ્રેજી કેળવણી લીધી તોએ તેના ગુણ તો આવ્યા નહિ. લગ્નની બાબતમા શરમ શાની રાખે છે ? નકામો આડો જવાબ આપી મને દિલગીર શુ કરવા કરે છે ? "

" જ્યારે તમે મને શરમ મૂકાવાજ તૈયાર છો ત્યારે નિરૂપાયે જણાવવું પડે છે કે જેવી તમે મને ઉત્તમ કેળવણી અપાવી છે ને સુશીક્ષિત બનાવી છે તેવોજ તમારો જામાતૃ શોધજો. સુંદરદાસનાં દુરાચરણ, તેની વગોવાતી ચાલ, તેના ઉપર ચાલેલા ફોજદારી ગુન્હા, ને પંદર દિવસ તેણે ભોગવેલું કેદખાનુ, તેનો પૂર્ણ વિચાર કરજો. "

" લ્યો, બ્હેને તમને રોકડું પરખાવ્યું. હું તમને પ્રથમથીજ નહોતી કહેતી કે તેને પૂછવામાં કંઇ પણ સાર નહિ કાઢશો. જાણ્યો કે તેનો વિચાર ? "

" બ્હેનનો વિચાર તો પેલા કૃષ્ણદાસ ભીખારીને પરણવાનો છે હોકે ? " લીલાએ વચમાં ટાહુકો પૂર્યો.

" હા, તેમજ છે. " રણછોડદાસ બોલ્યો; " સુશીલા, તુ મ્હારા વિચારને મળતી નહિ થશે ? "

" પિતાજી ! તમે મ્હારા મુરબ્બિ છો. જ્યારે તમે મ્હારૂં સુખ ઇચ્છો છો ત્યારે જેની સાથે મ્હારે આખો ભવ ગુજારવાનો છે તે મ્હારા સરખા ગુણવાળો ને મ્હારી પસંદગીનોજ લાવજો જેની સાથે મ્હારો સ્નેહ નથી, જેની સાથે મ્હારૂ મન એકત્ર થયુ નથી, જે દુર્ગુણ ને દુર્વ્યસનથી પૂર્ણ છે, ને જેને હુ તેમજ જનસમૂહ પૂર્ણ ધિક્કારીએ છીએ, તેની સાથે તમારી નમાઇ ગરીબ રાંક દીકરીને પછાડી દુઃખી ન કરો દયા લાવો "

" હવે એ નાદાનનુ શુ સાંભળવાનુ છે ? જા, સુશીલા, વાંચવા બેસ, અમે બધું તારા માટે વિચારીનેજ કરીશુ. " કમળા બોલી

" માતાપિતા ! તમારો વિચાર ફેરવો તો બહુજ સારૂ. " સુશીલાએ સજળ નેત્રે જણાવ્યું, " ન ભાવતી ચીજ આપી મ્હારૂ ભોજન ધૂળ–ધાણી ના કરો; મ્હારો આખો સંસાર વિષમય ના કરો સદ્દગુણ તેજ મનુષ્યનુ જીવન ને ઝેર છે. વિદ્યાજ સર્વથી શ્રેષ્ઠ છે. લક્ષ્મીવાનને ચડતી પડતીનો પવન લાગે છે, પણ વિદ્વાનને તેની કંઈ પણ અસર થતી નથી. પોતાની લક્ષ્મી નષ્ટ થતા અભણ ને મૂર્ખ માણસ મહા સંકટમાં આવી પડે છે, પણ

વિદ્વાન પોતાના વિદ્યાબળે રળી રોટલો ખાય છે વિદ્યારૂપી ધન અખૂટ છે. તે ખરચ્યું ખૂટતુ નથી, ચોરથી ચોરાતુ નથી, લુંટારાથી લુંટાતું નથી, ને અગ્નિથી બળાતું નથી; માટે મને વરાવો તો ભણેલાનીજ સાથે. "

રણછોડદાસ અચકાતાં બોલ્યો, " તે ખરૂં પણ–પણ–"

" મુરબ્બિ ! સખત દિલના ના થાઓ, સુંદરદાસના દુર્ગુણનો વિચાર કરો ! તમો સમજુ છો, મ્હારી મરનાર મા અત્યારે જીવતી હોય તો આવો વખત ના આવે મ્હારે માટે જો તમોને કંઇ પણ લાગણી ના હોય તો ફક્ત તમારી સ્વર્ગવાસી પત્ની પ્રત્યેના તમારા પ્રેમ અને મમતાને ખાતર તેના આ માસલને મારી ન નાખો; કસાઇવાડે ના મોકલો. હાય માતા ! તે મને શાને વાસ્તે જન્મ આપ્યો ? જન્મતા મારી કેમ ન નાખી ? પિતાજી ! રંકની વ્હારે ચડો પ્રભુ તમારૂ ભલુ કરશે. " છેલ્લા વાક્યો સુશીલા રડતા રડતાં બોલી.

" સુશીલા ! તેં મ્હારી ફરેલી શુદ્ધિ ઠેકાણે આણી છે મ્હારા આ બાપદાદાના વચનથી કહુ છુ કે તારા લગ્ન પ્રાણદાસ સાથેજ કરાવી આપીશ ગભરાતી નહિ બેટા ! તારી માતા માટે મનમા ઓછુ ના લાવતી. " સુશીલાને પાસે લેતા રણછોડદાસ ગળગળો થઇને બોલ્યો કમળા તો આભીજ પડી ગઇ પતિ હવે ફરી બોલ્યુ ફેરવનાર નથી, એમ તેની ખાતરી થઇ ચુકી પોતે બાંધેલુ બરફનુ માળીઉં એક પળમા સુશીલાના બોલે તોડી નખાવ્યું તે માટે મહા વિમાસણમાં પડી ગઇ.

થોડીવાર થોભીને પત્ની તરફ જોઈ રણછોડદાસે બોલવુ શરૂ કર્યું, " બસ, તમે મને તદ્દન ઉંધેજ રસ્તે વાળ્યો હતો. તમારા

પિયર તરફની મંડળ સાથની સગાઇને લીધે તેનું ઘર ઉધડાવવા સર્વ ઘાટ રચ્યો હતો, પણ હવે તમારી સર્વ તદબીર નકામી છે, સમજ્યા ? સુંદરદાસ જેવા લુચ્ચા લફંગાને આ મ્હારી લાડકીને હુ જીવ જતાં કદી પણ આપવાનો નથીજ. "

"સુન્દરદાસને લુચ્ચો કોણ કહેછે ? "

"હુ કહુછુ ને સાથે આખું જગ કહેછે. "

"નહિ, નહિ, કદી નહિ." કમળા પગ અફાળતાં બોલી "ગમે તેમ તમે તે માટે કહેશો પણ હુ માનનારનથીજ"

કમળા તદન નિરૂપાય બની ગઇ આખર ઉંડો વિચાર કરતા તેને એક રીતે સંતોષ થયો. કૃષ્ણદાસનો પિતા ત્રિકમદાસ લીલાના થનાર સસરા મોહનદાસનો મહેતો હતો એટલે લીલાની નણંદ એક નોકરડી થવાની હતી. લીલા પણ રાજી થઈ ને સુશીલા રણછોડદાસ પણ આનંદ પામ્યા.

બન્ને પુત્રીના વિવાહ નક્કી થઇ ગયા ને તરતજ પાસેનાં લગ્ન લેવાયા રણછોડદાસે મોટી ધામધૂમથી પોતાની બન્ને કન્યાનુ એકજ દિવસે દાન કર્યું. નામ પ્રમાણે તેણે ખર્ચ પણ વિશેષ કર્યો વળી સુધરેલો એટલે પછી લગ્ન ખરચમા શુ મણા રહે ? સામાવાળા બન્ને વેવાઇએ રણછોડદાસની બરોબર ખર્ચ ના કર્યો ત્રિકમદાસ ગરીબ હતો ને મોહનદાસ કંજુસ હતો એટલે શેઠ ગુમાસ્તાનુ એક ગાડીમા ભાડુ થયું, તો પણ ત્રિકમદાસને પૈસાદાર ઘરની કન્યા ઘરમાં લાવવા માટે મારવાડીનુ ઘર તો શોધવુ પડયું રણછોડદાસે પોતાને ત્યાં નાચ પાર્ટી વિગેરે સારી ધામધૂમ કરી હતી રણછોડદાસે લગ્નવ્યવસ્થા સુધરેલી ઢબ પ્રમાણે કરવાથી સામાવાળાનાં મન બહુજ કચવાયાં, પણ તેઓ તદન નિરૂપાય હતા.

લગ્ન થઇ ગયાં ને કન્યાને વળાવી પારકી કરી–પારકા ભાગ્યમાં મૂકી. **अर्थोहि कन्या परकीय एव ।** (આખર કન્યા એ પારકુંજ ધન છે.)

બન્ને છોકરીઓ ઋતુમતી થતી હોવાથી લગ્ન પછી તરતજ એકજ દિવસે તેમને સાસરે વળાવવાનુ નક્કી થયુ. સાસરે જતી લીલાવતીને તેની વહાલી માતાએ બોધ આપવા માડયો –

" મ્હારી લાડકી લીલા ! ત્હારા પ્રત્યેની અમારી ફરજ અમે હવે બજાવી ચૂકયા છીએ હવે સાસરામા સુખી દુખી થવાનુ તે ત્હારા ગુણ ને અક્કલહોશિયારી પ્રમાણે છે અમારા હાથમા હતુ તે સર્વ અમે બનતુ કર્યું છે સાસુ સસરાને કેવી રીતે પોતાના કબજામા લેવા તે બરોબર ત્હારે સમજવાનું છે. શરૂઆતમા તેમના બોલ કે રૂવાબથી દબાઇ ગઇ તો પછી જન્મારા સુધી બ્રહ્માએ ત્હારો ભાવ પૂછવાના નથી, ને સર્વના ટપલા ખાઈ કમોતે મરી જશે. તે એક બોલે તો સામા ચાર દઇશ તોજ સુખી થઇશ જરી શરમાઇ કે તેમનો બોલ ગળી ગઇ તો ફરી તેઓ તેથી ચાર ગણા સભળાવશે, કાકા કાકાજી, મામા મામાજી વગેરેના બોલોને સાભળવાજ નહિ ધણીને એવો કબજામાં લેવો કે તેમાથી તે કદી છટકવા પામેજ નહિ તેના દાબથી દબાઇ ના જતી સાસરામાં ગદ્ધાવૈતરૂ કરીને ત્હારી આ અનુપમ લાવણ્યમયી ગુલાબી કાયા બગાડી કાળી મેશ ના કરતી, તેમને કામ કરાવવું હશે તો તેઓ વેચાતું કરાવશે. રસોડામાં પણ આખો દિવસ ભરાઇ રહી ભઠીઆરખાનુ કૂટી આખો ખગબ ના કરતી તને પૈસાદાર ઘેર મોઝ માણવા નાખી છે, ત્યા લુંડાપણું કરવા નથી નાંખી, સમજી ? 'પહેલો ઘા તે રાણાનો,' તેમ પહેલેથી તેમના પ્રતિ

તારો દાબ એવો તે સજડ બેસાડી દેજે કે તને જોતામાજ પાણી પાણી થઇ જાય. ઘરમા ત્હારૂં કહ્યુ થાય તેમજ વર્તજે. ખેલ, તમાશા, નાટક, સરકસ જોઇ, ને ચોપાટી, વાલકેશ્વર, બેન્ડ સ્ટેન્ડ, પાલવા ઉપર રોજ સાંજે ફરવા જઈ મન સદા આનંદમા રાખજે. ઘરના કામની કે પૈસાની ચિંતા તેમના સર્વના ભેગી કરી કાંઇ દાખનત્ ના કરતી. નોકર ચાકર ઉપર પણ સદા કડક રહેજે. ત્યા ન ગમે તો તરત અહી આવતી રહેજે. સ્હેજે તને કોઇ દુભાવે તો તરત મને જણાવજે એટલે હુ તેની ખબર લઇશ. " એ પ્રમાણે જ્યારે કમળા પોતાની પુત્રીને યથામતિ બોધ આપતી હતી ત્યારે સુશીલાને સાસરે સિધાવતી વખતે તેની જનેતા બોધ આપવાને હયાત નહોતી સુશીલાને આ વખતે માતા માટે ઘણુંજ મનમાં ઓછુ આવી ગયુ પોતાનો કોઇ ભાવ પૂછતુ નથી તેથી તેનુ મન ઘણુંજ ઝિઘાલુ. તે પોતાના વાગવાના ખડમા જઇને મરનાર માતાને સંભારી છાતીફાટ રોઇ પડી. એટલામા ફૂલી તેને શોધતી ત્યા આવી ને રડતીને છાતી સરસી ચાપી પ્રેમાળ વચને ગદ્ગદ્ કંઠે બોલી—" બહેન ! રડો નહિ. આ વખતે ન રડાય. તમારી જનેતા નથી તેથી ઓછુ ના લાવો, આ શુભ પ્રસંગે શીખામણના બે બોલ બોલવાને તે હયાત નથી તેની કલ્પાંત ન કરો. તેઓ દેવના દરબારમા ગયા છે પણ અહીનો પોતાનો ધર્મ બજાવતાં ગયા છે પોતાની ફરજના બદલામા આ વખતે તમને આપવાને આ પત્ર મને આપતા ગયાછે તે લ્યો, વાચો ને તે પ્રમાણે ચાલજો " ફૂલીએ પત્ર સુશીલાના હાથમાં મૂકતા કહ્યુ

" ફૂલી ! મ્હારી માતા ! શું તને મ્હારી જનેતાએ આ પત્ર મને આપવાને આપ્યો છે ? ઓહો ! ધન્ય છે જનેતા! તને !

તેં ત્હારી ફરજ પૂર્ણ બજાવી છે. ફૂલી તુજ વાંચી સંભળાવને તેમાં શું લખ્યું છે ?" ફૂલીએ પત્ર વાંચવા માડ્યો—

" મ્હારી લાડકી પુત્રી !

આ પત્ર વાચવાને તું ભાગ્યશાળી નીવડશે એમ ધારી લખું-છું, કારણ આશા અમર છે. સસારમા સુખ દુખ ને ચડતી પડતીના પ્રવાહ નિરતર વહ્યાં કરે છે માટે તેનો હર્ષ શોક મનમા ના લાવતી. દશાના ઢંગ ઋતુના રગ સરખા છે. ત્હારે સાવકી મા આવી હોગ ને જો તે તને મ્હારી ખોટથી ઓછું નહિ આ-વવા દે તો આ પત્ર તને નિરર્થક લાગશે, પણ દૈવયોગે તેથી ઉલટું થાય, મ્હારી ખોટ તને જણાય, તો ઓ મ્હારા રત્ન, મ્હારા ઉદરમાથી ઉત્પન્ન થયેલા નમાયા માસલ, તું આ પત્રના દરેક બોલ સાકરના ટુકડા ને અમૃતના ઘુટડા માફક ભાવથી ગળે ઉતારજે. ફૂલી ઉપર સદા વિશ્વાસ રાખજે ને પ્રભુભક્તિમા સદા તલ્લીન રહેજે. ત્હારા પતિને પ્રભુથી પણ વધારે ગણજે. પતિવ્રતથી ત્હારી સદ્‌ગતિ થશે. પતિવ્રતા સ્ત્રીને પતિ એજ પરમેશ્વર છે. તેનાથીજ તે સસાર—સાગર તરી પાર ઉતરી પેલે કીનારે–સ્વર્ગમા સુખમાં રહી શકે છે, પુનર્જન્મથી મુક્ત થઇ શકે છે ત્હારી મા-તાની કુખ વગોવતી નહિ ત્હારાં કર્મથી તું જે ઘેર જાય ત્યા મંગળ કરજે ને બન્ને પક્ષનાં ઇકોતેર કુળ ઉદ્ધારજે. સુખ દુખ પલટાશે પણ થયું ન થયું નહિ થશે. મેં મ્હારા અકાળ મૃત્યુને લીધે મ્હારી ફરજ સપૂર્ણ બજાવી નથી તે દોષથી પુત્રી, મને મુક્ત કરજે. સંસારનાં સુખ દુખ ધીરજથી સહન કરજે ને કિરતાર ઉપર સદા ભરોસો રાખજે. દુખને સુખમાં સચરવાની કસોટી–પગથીઆં સમજજે. જો તે કસોટીમાં દઢતાથી ફતેહ મેળ-

વીશ તો સુખમાં જઈશ. થોડું લખ્યું ઘણું કરી માનજે. તને બીજે ઘેર દીધી ત્યારથી અમારો ધર્મ પૂરો થાય છે. ઇશ્વર ઇ-ચ્છાને આધિન થવું પડયું છે તેથી આ લખનાર ત્હારી જનેતાને દોષ ના દેતી; સર્વની આખર તેજ ગતિ છે.

રાગ-ગુરૂ ગોવિંદના મહીનાનો—ગરબી.

શ્વશુર-ગૃહે સિધાવતી બ્હેન, અર્પું શીખવાળી રે,
પહેર પુત્રી આણી તું પ્રેમ, શોભાશે તુ બાળી રે.—૧
લજ્જા કુંકુમ આડ અભંગ, કપાળે તુ કરજે રે,
નીતિ સાડી સોહામણી અંગ, ચોળી સત્ય ધરજે રે.—૨
પહેર શિયળનો શણગાર, માળા સ્નેહ કંઠે રે,
મૃદુ ભાષણ કંકણ હાર, બાંધો ધર્મ અંગે રે.—૩
પતિ-પ્રભુને રાખી પ્રસન્ન, હેતે હિંચાવજે રે,
તદાકાર કરીને મન, જનેતા દીપાવજે રે.—૪
કદી ક્રોધ કરે તુજ નાથ, ભરાતી ના રોષે રે,
તેની સામે ભીડી જો બાથ, સુખો સૌ ખોશે રે.—૫
સાસુ સસરા માબાપની તુલ્ય, ગણી પ્રેમ પાળજે રે,
જેઠ જેઠાણીનું કરી કામ, દ્વેષ તેનો બાળજે રે.—૬
દિયર દેરાણી ને નણદ, થજે તેના ભેળી રે,
કરવો સમાસ પરભુવન, અભિમાન હેલી રે.—૭
ચોરી ચાડી જુઠ ને જાર, જશે ઝટ વળગી રે,
દુર્વ્યસન દુર્ગુણી નાર, તેથી રહેજે અળગી રે.—૮
કોચ નીચનો કરતાં આસંગ, છાટા મેલા લાગશે રે,
ખરડાશે સુશોભિત અંગ, પ્રતિષ્ઠા ગુમાવશે રે.—૯

નહિ કરતા ... કર્મ, ... લોલી રે,
... પ્રસ્તાવો ...
જેવી સ્થિતિ ... ભાજન, કરજ ન કરીએ રે,
જાત મહેનતનુ ... ધન, સંતોષે રહીએ રે.—૧૧
સાગર સરખુ ગંભીર પટ, રાખીને રહેવુ રે,
યથાશક્તિ ... પુણ્ય લેવુ રે.—૧૨
સુખ દુઃખની ... કરીએ રે,
... ના ફુલીએ રે.—૧૩
... ભલે દુઃખ પામે રે,
મુખ શોભા ... જીવે રે.—૧૪
...
... ધુળ ધાણી રે.—૧૫
... વાણી રે,
મોટા ... રાણી રે.—૧૬
હરિસુખ ... રે,
... રે.—૧૭
સતી ... વખાણે રે,
... તારીને ... રે.
પતિ–પ્રભુ ... સુખ ... રે,
પુનર્જન્મ ... પાપ ટળશે રે.
તજી ... વહેમે ... રે,
... ના ... નથી સુખદાઇ રે.—૨૦
... આળસને છોડી રે,
તન ઉદ્યોગે તુ લગાડ પતિ પ્રીત જોડી રે.—૨૧

સતી-ધર્મનો કરી વિચાર, ચાલ્યે દુઃખ જાશે રે,
સમજાવ્યો અધિકાર સાર, માન્યે જય થાશે રે.—૨૨

લી૦

ત્હારી દુર્ભાગી જનેતા

સરસ્વતીની આશિષ.

બન્ને છોકરીઓ પોતપોતાને સાસરે ગઇ. એકજ રાત્રિએ તેમને કન્યાવસ્થામાંથી સ્ત્રી અવસ્થામા મૂકી દીધી. પુત્રીરૂપી થાપણુ તેના ખરા માલિકને સ્વાધીન કરી માબાપ દેવામાંથી મુક્ત થયાં.

પ્રકરણ ૧૨ મું.

" સંગતનો રંગ. "

રંકનાં છોકરાં જેટલાં વિદ્યા-વિલાસી હોય છે તેટલાં શ્રીમંતનાં છોકરાં હોતાં નથી, તેમજ શ્રીમત માબાપો પોતાના છોકરાને કેળવણી આપવા તરફ બેપરવા રાખે છે ભણવુ તે ફક્ત ગરીબને કમાઇ ખાવાના સાધન તરીકે તેઓ લેખે છે. વિદ્યામાં વસેલો ગુપ્ત અને અલૌકિક આનંદ ભોગવવાનું ગૃહસ્થનાં ઘણા છોકરાંના પ્રારબ્ધમાં હોતું નથી. તેઓ દ્રવ્યથી મળતી મોજ શોખને ખરા આનંદ તરીકે ગણે છે.

લીલાવતી સાસરે આવી કે હાથમાં પાકીટ લઇ નિશાળે જવું રંગીલદાસને હલકું લાગવા માંડયું. સ્ત્રી ઘેર આવી ને એક બાળક માફક ચોપડીઓનાં પોથાં ઉકેલવાં, તેમાં માથાકુટ કરવી, ને શિક્ષકના ધાકથી કોપી ખરડા ચીતરવા, તેમાં તેને શરમ લાગવા માંડી. પોતે હજી ભણતો હોવાથી સ્ત્રીની ઉપર પોતાનો રોફ નહિ પડે એમ તેને લાગ્યુ. તેના બેચાર અંગત મિત્રો પણ તેની મશ્કરી કરવા લાગ્યા.

વિદ્યાને રંકનાં કે બ્રાહ્મણનાં છોકરાંના ગુજરાનના સાધન તરીકે રંગીલદાસ સમજવા લાગ્યો. પોતાને ગુજરાન માટે નોકરી ચાકરી શોધવા જવુ પડે તેમ ન હોવાથી તેણે વધારે ભણવાની જરૂર ન વિચારી. ઇંગ્રેજી ભણીને રાજદ્વારી લડત ચલાવવાનો તેનો વિચાર ન હોવાથી તે ભણતર તેને નિરર્થક લાગ્યું. સંસ્કૃત સાહિત્ય તો બ્રાહ્મણનેજ કામનું સમજાયું. આખર સંપત્તિને અચળ સમજી નિશાળે જવું તેણે બંધ કર્યું. પુત્રને ભણાવવાની માસિક ફી રૂપિયા છની આકરી લાગવાથી મોહનદાસે પણ તે બાબતમાં આંખ આડા કાન કર્યા.

વિદ્યા—મંદિરમાથી છૂટતાં રંગીલદાસ હવે દુર્ગુણ—મંદિરમાં હાજરી આપવા લાગ્યો. બાપીકી દુકાનમાંથી મહેતા મુનિમને ઉંધું ચતું સમજાવી ધમકાવી ખાનગી તથા ઘર ખરચ માટે લખાવી રૂપિયા ઉપાડવા લાગ્યો. તેના રોફ ને ધમકીથી મહેતા ડરી જવા લાગ્યા. તેને રાજી રાખવાથી ભવિષ્યમાં પોતાને મોટો લાભ થશે એમ તેઓ સમજવા લાગ્યા. તેના કાર્યમાં કેટલેક પ્રસંગે ત્રિકમદાસ આડે આવતો પણ તેને તે એવા તો સજડ દાવપેચથી ભૂલ થાપ ખવરાવી દેતો કે ત્રિકમદાસને ગુપચુપ આંકડો ચૂકવવોજ પડતો.

રંગીલદાસ બદીમા બુડી ગયો. તેના મિત્રો પણ તેના જેવાજ મળ્યા, પણ તે સર્વ [illegible] હતાં સર્વનો શિરકતાર રંગીલદાસ હતો. તેઓ મીઠું મીઠું બોલીને મધપુડો ચૂસીને તેટલો ચૂસી લેતા હતા. [illegible] તેમને [illegible] અણ તેજ હતા. તેના [illegible] ગામમાં સુંદરદાસ [illegible] હતો [illegible] જેવું પાણી તેને આપે તેવું પીતો [illegible] હતો. રાત ને દિવસ કહે તો દિવસ એમ તે સમજતો હતો. રંગીલદાસ [illegible] જ મૂર્ખ, અભણ, ખુશામતીઆ ને લુચ્ચા નોકરને હાથે ઉછરેલો હોવાથી તેનામાં સર્વ ગુણો તેમના જેવાજ આવ્યા હતા. [illegible] તે ભાગ્યેજ સાચું રહ્યો હશે. પોતાના નાના શેઠને [illegible] ખુશામત કરી પ્રસન્ન રાખવા તેઓ સદા તૈયાર રહેતા [illegible] નોકરોમાં સારી બુદ્ધિ તો હોયજ નહિ એટલે તે [illegible] શેઠને રીઝવવા અસમર્થ હતા, પણ દુર્બુદ્ધિએ તેમનામાં [illegible] કરેલો હોવાથી તે સાધન નાના શેઠને પ્રસન્ન રાખવામાં [illegible] લગાડ્યું. રંગીલદાસ ભણેલો ભાગોળ સુધી હતો એટલે સારાસારનો વિચાર [illegible] વળી ચારે બાજુથી એક જ સરખો બોધ મળતો [illegible] સુધરે [illegible]

રંગીલદાસ [illegible] સુંદરદાસ પોતાનું [illegible] ખરચ કાઢતો હતો પણ [illegible] સંતોષ નહોતો [illegible] રીતે [illegible] વિચાર કરતો હતો, પણ તેવો પ્રસંગ મળતો નહોતો.

એક દિવસ [illegible] બે મિત્રો [illegible] ગાડીમાં બેસી [illegible] તરફ જતા હતા તેટલામાં [illegible]

[illegible] તેમણે [illegible] માં [illegible].

[illegible] તેણે [illegible] આલાપ [illegible] સૂર [illegible] સાંભળ્યો [illegible] તે કોણ ગાય છે તે જાણવાની તેની ઈંતેજારી થવાથી પોતાના સાથીને પૂછયું "અરે [illegible] પેલા દિવાનખાનામાં કોણ [illegible] છે ? ત્યાં અત્યારે ગાયન [illegible] ચાલે છે [illegible]"

"[illegible] તે [illegible] છે [illegible] નાચ-નારી ને ગાનારી આખી આ ગુલઝાર મુંબાઇ નગરીમાં કોઈ નથી. વાહવા ! શુ તેનુ ગાણું [illegible] જેણે [illegible] તે તેનું ગાયન ન સાંભળે."

"તો શું, તેં તેનુ ગાયન સાંભળ્યુ છે ?"

"હા, પેલા મોરારજી સ્વરૂપજીનો દીકરો પરણ્યો, તેના નાચમાં [illegible] હતા."

"ત્યારે તો તું પૂરો ભાગ્યશાળી."

[illegible]

[illegible] સાંભળી શકું ?" "— [illegible] સાંભળો, [illegible] બોલી કરે સલામ." સમજ્યા શેઠ ?"

"તો તો ચાલ હમણાજ, ગાડી તે તરફ પાછી ફેરવીએ. તે સુંદરાનો ગુલાબી ચહેરો જોયા વગર ને તેનું [illegible] ગાણું સાંભળ્યા વગર મને આજ રાત્રે ઉંઘ આવવાની નથી, રામા ગાડી પાછી ફેરવ" રામે ગાડી ફેરવી.

"પણ તમારે તેમ કરવું ના શોભે. દુનિયાની લાજ આબરૂનો ભય રાખવાનો છે. મ્હારાથી તમને અવળે રસ્તે નહિ દોરાય."

"અરે તું તે મેઢ છે કે શું ? એમાં લાજ ને આબરૂ વળી શાની બળી છે ? ચાલ લઇ જા મને ત્યાં."

"પણ કોઈ ઓળખશે ને તમારા પિતાને કહેશે તો ?"

"તો શું ? પણ અત્યારે કોણ આપણને ઓળખનાર છે ? ખેર ! જે બનતાં બનશે તે ખરી પણ મને તો હમણાંજ ત્યાં લઇ જા."

"પણ ભાઇ બહુજ બુરૂ થાય છે હોં."

"અરે હવે ગાંડાં ના કાઢ. ડાહ્યો થા જરી ડાહ્યો."

"પણ શેઠ જાણશે તો તેઓ મને કેટલા લઢશે ?"

"કદાચિત તે જાણશે તો હું ત્હારૂં નામ નહિ આવવા દઉં, ચાલ હવે."

"હવે હું શુ કરૂં ! તમને ના કહુ છું તો તમને માઠું લાગે છે ને હા કહું છુ તો શેઠનો તથા ધર્મનો ડર લાગે છે."

"બસ કઇ નહિ. ગમે તેમ થાય પણ મને ત્યાં લઈ જા."

"ઠીક જેમ તમારી મરજી. તમે નથી માનતા ત્યારે મ્હારો ઉપાય છે ? પણ ભાઇ, ત્યાંનો ભાવ તો ટ્રેચર—"

"અરે ગમે તે છો રહ્યો ને. ભાવ ભાવ શુ કરે છે ? મ્હારા ખીસામાં અત્યારે સોની નોટો છે ને બીજુ પરચુરણ છે તે વળી જુદુ"

"તો ઠીક, ચાલો. પણ જરી દમમાં રહેજો, હોં"

"દમમાં એટલે ?"

"એટલે એકદમ દસળા થઇ ના જતા."

"મને કંઇ એવુ સમજ નહિ પડે. આપવા લેવાની બાબતની ગોઠવણ તું તારે તેની સાથે કરજે ને જે જોઈએ તે મ્હારી પાસેથી લેજે" એમ નક્કી કરીને રામાને ગાડી પાછી ફેરવવા હુકમ કર્યો. ગાડી હુકમ પ્રમાણે નાયકાના દિવાનખાના નીચે આવી ઉભી રહી. નાયકાની લુડી બારીમાં ઉભી હતી તે ઉમરાવના બે ફરજંદો પોતાને ત્યાં આવેલા જાણી પોતાની શેઠાણીને વધાઇ આપવા દોડી ગઇ નાયકાએ બારીએ આવી આંખ મારી હસતે મુખડે તેમને સાન કરી લુડીને તેડવાને નીચે મોકલી.

નાયકાનું નામ રમા હતુ ને તેની ઉમ્મર વિસ બાવિસ વર્ષની જણાતી હતી. શરીરનો વર્ણ રહેજ શ્યામ હતો પણ દરેક અવયવ એવા તો ઘટમદાર ને નાજુક હતા કે તેને જોતાની સાથે દરેક તેના તરફ પ્રેમથી ખેચાતું હતું. તેની અણીઆળી આંખમાં એવી અજબ તરેહની મોહિની હતી કે ભ્રકુટી–ધનુષ્ય આકર્ષીને મોહિનીથી ભરેલું નયનશર ફેંકી કામી માણસનું હૃદય એકદમ તે ઘાયલ કરી નાંખતી હતી. તેનું નાક શુકચંચુ જેવું નમણું ને સોહામણું હતું. હસતા મુખડામાંથી સતારના તાર જેવા નીકળતા મધુર રણકારાથી દરેકને તે ગાંડા ઘેલા બનાવી મૂકતી હતી. તે દુર્ગુણથી ભરેલી પણ રૂપ રંગમાં દેવાંગના હતી. અત્યારે તેણે સફેત કસબી બુટ્ટાવાળું બનારસી અંબર પહેર્યું હતુ ને માથું ઉઘાડું રાખ્યું હતું. પોતાના મૂળ દક્ષિણી પોશાકમાં તે અત્યારે ઘણીજ દીપી ઉઠી હતી. વાળનો સેંથો આડો ગુચ્છા મૂકી પાડયો હતો ને પછવાડે અંબોડાપર જુઇની અર્ધ વિકસેલી કળીની વેણી બાંધી દીધી હતી. હૃદયના મોહક ભાગનું સંપૂર્ણ ભાન થાય તેવી રીતે ગુલાબી રંગની કસબી વણાટની ચોળી ઉપર ચીરનો છેડો ખોસ્યો હતો. કંઠમાં સુવર્ણનો ચંદ્રાવળ

[illegible] શીંગ [illegible] આવી રીતે [illegible] પણ [illegible] આગળ [illegible] નહોતી, [illegible] પણ [illegible] રાજાને [illegible] ગમી. તે [illegible] ગુજરાતી [illegible] રીતે [illegible] હતી.

હિંદી ભાષા પણ તેવીજ [illegible] તેણે [illegible] આપી પોતાની પાસે [illegible] તરીકે [illegible] સાથે ઓળખાણ કરાવ્યું [illegible] બન્ને મિત્રોને [illegible]

[illegible] મિત્રો [illegible] સુંદર- [illegible] તેજ [illegible] સાથે [illegible]

[illegible] માં [illegible] આરંભ [illegible] તથા [illegible]

બજાવવામાં ઝૂઝ્યો, અર્ધો કલાક લીધો. પછી સરગમ લલકારવી માંડી. આ—આ—આ—રાગીણી ધીમ ધમ ને સા રી ગ મ, કરતું સારંગીને તાલ જામ્યો એટલે રમાતો સુંદર સ્વર આલાપ કરતો ગાવા લાગ્યો.

“વાહવા! શાબાશ! બહુ મઝેનું!” ઇત્યાદિ નમ્ર તારીફો સભામાં ભરવા લાગ્યા. સુંદરદાસે તથા રંગીલદાસે પૂર્ણ આનંદથી શાબાશી આપી. રમાએ બે ત્રણ બીજી ચીજ છેડી ફરીથી પ્રેમ-પાન, સોપારી સુંદરદાસની ઇશારતથી રંગીલદાસે ખીસામાંથી પાકીટ કાઢી સુંદરદાસના હાથમાં મૂક્યું. સુંદરદાસે પૂરે પાકીટ જ લઈ ચુપચુપ સંભાળથી પચાસની નોટ પાકીટમાંથી કાઢી એકટીએ ખોસી દીધી ને બીજી એકટીએ અગાઉથી ખોસી, રાખેલી, બિલકુલ રમાના ખ્યાલમાં સંભાળથી સેરવી દીધી, જે રમાએ આસ્તેથી ખોસી આસ્તેથી ગાદી તળે ઘાલી દીધી. આખર, રજા લેતાં “આવજો જાતે, ઘર તમારૂં છે,” એમ થયું. બન્ને મિત્રો ત્યાંથી મોડું થઈ જવાથી, ઘર તરફ પાછા વળ્યા.

રંગીલદાસને રમાનો છંદ વધારે વધારે લાગવા માંડ્યો. સુંદર તો તેવુંજ શોધતો હતો. ઉપરથી રંગીલદાસને શીખામણ આપતો પણ યુક્તિથી રંગ એવો જમાવી દેતો કે રંગીલદાસને પોતાની ઇચ્છા પૂરીજ કરવી પડતી હતી. ધીરે ધીરે રમાને ત્યાં પાના પાસા રમવાનાં શરૂ થઈ ગયાં. સુંદરદાસ તથા રમા મળી જઈ ભોળા રંગીલને નીચોવવા લાગ્યાં. “સાસુ મરેલા પાસાથી” ભૂલથાપ આપી રમા વારંવાર દાવ જીતી જતી, જેમાં ગુપ્ત રીતે અરધા હિસ્સાનો ભાગીઓ સુંદર થતો. રસિલી રમાની સાથે રમણ કરવામાં પૈસાનો ધુમાડો થવા લાગ્યો. સુરાપાનો શોખ પણ શરૂ થઈ ગયો. જુગાર મદિરા ને માયાના સિકંજામાં રંગીલદાસ ફસી પડ્યો.

દુકાનના મહેતા મુનિમ રંગીલદાસના ઉડાઉપણાથી તદન કંટાળી ગયા. વફાદાર મુનિમ ત્રિકમદાસે આખર એક દિવસ રંગીલદાસના ઉડાઉપણાની વાત મોહનદાસ શેઠને જણાવી દીધી. મોહનદાસે સર્વ મહેતાને ધમકાવ્યા ને રગીલદાસને પોતાની રજા સિવાય એક પાઇ પણ આપવા સારૂ ના પાડી. મોહનદાસે રગીલ દાસને બહુજ ઠપકો દીધો પણ હવે રંગીલદાસ તેનુ માને તેવો નહોતો રહ્યો. " ફરીથી તે પ્રમાણે નહિ કરૂ, " એમ કહી બીજે દિવસે પૂર્વ પ્રમાણેજ કરતો હતો. તેના દુરાચરણ વિષે લોકો હવે જાહેરમાં વાત કરવા લાગ્યા મોહનદાસ તથા નંદકોરને મોઢે વાત આવી, પણ પેટ પાકયુ ત્યાં પાટો કેમ બંધાય ? પુત્ર જ્યાં કુળ-અંગાર ઉઠયો ત્યાં તેઓ શુ કરી શકે ? તેમણે ઘણુ ઘણું રગીલને સમજાવ્યો પણ " પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ? " પરણેલો ને મોટી ઉમ્મરનો દીકરો એટલે મરાય તો નહિ, આખર કટાળીને તેઓ પુત્ર માટે હાય અફસોસ કરતા રહ્યાં. પણ પોતાના ખીસા ખરચ માટે માસિક રૂપિયા દોઢસો નહિ મળે તો કુવો અવાડો પૂરવાની રંગીલદાસે ધમકી આપી એટલે માબાપને તે રૂપિયા નિરૂપાયે ચાલુ રાખવા પડયા. રંગીલદાસને આટલી આવક ફકત દસ દિવસના ખર્ચ પૂરતીજ હતી. બીજા વિસ દિવસ માટે કયાથી નાણાં લાવવાં તેના વિચારમાં હવે તે પડી ગયો. આખર સુદર-દાસની સલાહથી એક બે વખત ઘરમાંથી દાગીના ચોરી વેચી ખાધા. કપડાં લત્તાં, બીજાં પરચુરણ ખર્ચ, તથા ધર્મદાનના ખોટા આંકડા રજુ કરી રંગીલદાસે પોતાનું ખાનગી ખર્ચ કાઢવા માંડયુ.

લીલાવતીની હવે શુ સ્થિતિ છે તે તરફ આપણે જરી નજર કરીએ. તેણે સાસરે આવતાં વારજ માતાની શીખામણ

અમલમાં મૂકી દીધી મોહનદાસ તથા નંદકોરના સામું તડફડ બોલવા લાગી. મોહનદાસ તથા નંદકોરે શરૂઆતમાં તો લીલાવતીને પાંચ સાત વખત ધમકાવી પણ તેમનુ તેણે કંઇ ગણ્યુ નહિ. તેઓ એક કહે તો સામા તેમની છાતીમાં બાણ જેવા દસ બોલ મારતી. આખર તેઓ થાકીને રહ્યાં. પતિ ઉપર સુધરેલી ને ઉદ્ધત લીલાવતી રોફ મારવા ગઇ ને પતિને પોતાના કબજામાં લેવા ગઇ પણ તેમ કરતા તેણે પોતાનો સંસાર ધૂળ કર્યો. રંગીલદાસને લીલાવતીની ચાલ મુદ્દલ પસંદ ન આવી. શરૂઆતમાં બન્નેની આંખ પ્રેમ–નીરથી ના ભીંજાઈ. રંગીલદાસ લીલાવતીને કબજામા લેવા માગતો હતો ને લીલાવતી રંગીલદાસને કબજામા લેવા ઇચ્છતી હતી રંગીલને લીલાવતીની તોછડી ને ઉદ્ધત ચાલથી તેના પ્રત્યે ધિક્કાર આવી ગયો. લીલાને તે મૂર્ખ ને નાદાન સમજવા લાગ્યો. તેના તરફ તેનુ દિલ ના વળ્યુ પણ તેને મૂકી બીજી તરફ–રમા તરફ વળ્યુ

લીલાવતીને પતિની માઠી ચાલની ધીરે ધીરે ખબર પડી. લોક–વાયકા સાભળી તેને બહુજ શોક થયો. પોતાના દુર્ભાગ્ય માટે પશ્ચાત્તાપ કરવા લાગી; પણ પોતાની ભૂલોનુ તેને મુદ્દલ ભાન ન થયુ. ધીમે ધીમે રંગીલદાસે રાતે દસ અગિયાર વાગે બ્હારથી ઘેર આવવા માંડયુ પત્નીને પતિ માટે સજડ વહેમ ભરાઇ ગયો. છેવટે ઘોડાવાળાને પટાવી ફોસલાવી પૂછતાં ખરી વાત મળી આવી. પતિને કુછંદમાથી મુક્ત કરવા લીલાને ઇચ્છા થઇ એક પ્રસંગે પતિ રાત્રે બ્હારથી આવ્યા પછી લીલાએ પૂછ્યું, “ હાલ તમને કંઇ બહુજ મોડું થાય છે શુ ? ”

“ હા, તુ જાણે છે કે કામની બહુજ રોકાણ હોવાથી મોડું થાય છે; બોલ હવે શુ કહેવા માગે છે ? ”

પ્રેમની નિશાની.

અંબાલાલ, પ્રેમની ભીક્ષા? પૈસા વાળાના હજાર લફરાં હોય છે. તમારી પેઠે પરણીને પડ્યા રહેવાથી પૈસાનું ભાથું સમજ્યા?

તમને પૈસા ના હોય ત્યારે કોને હોય [illegible] મેળવવું, ગણવા, કીર્તન નાચ, ગાયન કે ભુજારતમાં જવાનું, નોટના થોકડા ગણવા, દેવા, લીધા ચૂકવવા, કેમ ની હોય?"

તેમાં ચાલી રાત વિશેષ ગઇ છે માટે હવે મને નિરાંતે સુવા દે."

"એમ નહિ સુવાય, સમજ્યા? હજાર લફરાં છો ત્યારે આ હજારમાં એક ગણું છું? હું પણ તમારે પેટ પડી સમને મૂકી દિયાં [illegible] ઉભરો કર્યો ખાલી કર તેની સાથે હતું, વિનોદ કરે મહાસાગરમાં મૂકી નદી જેમ હું છું કે "બાવો બેઠો જપે ને જે આવે તે ખપે" તેવું કર?"

"ત્યારે જીવે તેમ તું કર ને મ્હારે ફાવે તેમ હું કરૂં, સમજી? હવે માથું ના ખાઓ, પેલા પલંગ પર હું પણ હવે પલંગ પર સુઈ જાઉં છું."

"કેમ શું કરો છો? જુઓ, અહીં સાથે બેશો તો નહિ કેમ નહિ આવો, સમજ્યા? હું તમારી બધી વાત સારી જાણું છું પણ હવે ઘરમાં મન રાખીને ભરી લેશો તો બહુ સારૂં."

"હું કોણ? મને શીખામણ આપનારી? મ્હારી સામે બોલવાની તને શું સત્તા છે? અરે, તારે મ્હારા કામમાં માથું નહિ ઘાલવું, ચાલ દૂર થા" રંગીલદાસે ક્રોધથી જણાવ્યું.

"હું તમારી પરણેલી પત્ની છું. તમને શીખામણ આપવાનો મને અધિકાર છે, માટે—"

"મારે બાહે કંઈજ નહિ. જો હવે એક અક્ષર પણ વધુ બોલી તો પેલી સોટીથી ત્હારો વાંસોજ રંગી નાંખીશ." રંગીલદાસે ખૂણામાં પડેલી સોટી આંગળીવતી દેખાડતાં જણાવ્યું.

"માફ કરજો, મને માર ખાવાની ઇચ્છા નથી, ઠીક, તમને મ્હારી વાત નથી ગળે ઉતરતી તો હું લાચાર છું. ઠોકર વાગશે ત્યારે સમજણ આવશે."

"તો તે વખતે જોઇ લેવાશે. હાલ તો જા, સુઈ જા."

ઉપર મુજબ વાત કરી પતિ પત્ની સૌ સૌના બીછાનામાં પડયાં. રંગીલદાસ તરતજ ઘાઢ નિંદ્રામાં પડી ગયો ને નસકોરાં ધસઘસાટ બોલવા લાગ્યાં. લીલાને નિંદ્રા ન આવી. પતિની વર્તણુક માટે તેને બહુ બહુ વિચાર આવ્યા. બીછાનામાંથી ઉઠી પતિ-મુખ નિહાળવાની ઇચ્છા થવાથી તેની પાસે જઇ તેના મુખ ઉપર પોતાનું મુખ પ્રેમથી મુક્યું પણ તેની સાથેજ પતિના મુખમાંથી દુર્વાસ નીકળવાથી એકદમ પાછી હઠી ગઇ તેને દારૂની વાસ આવી. હાય અફસોસ નાખતી તે પોતાના બીછાનામા જઇ પડી ને આખી રજની વિચારમાં વ્યતિત કરી.

સુંદરદાસની શીખામણથી પતિ સુધરશે એમ લીલાવતી ધારતી હતી. ઉપરના બનાવ બન્યાને બીજે દિવસે સાંજે નિત્ય નિયમ પ્રમાણે સુંદરદાસ મિત્રને મળવા આવ્યો. રંગીલદાસ આ વખતે બહાર ગયો હતો સુંદરદાસ તેના શયન-ગૃહમાં હમેશાની માફક બેસવા ગયો તો ત્યાં લીલાને ચિંતાતુર જોઇ પૂછ્યું; "કેમ લીલાવતી ભાભી, આજે કંઇ બહુજ ઉદાસ લાગો છો?"

"હા, ભાઇ, સ્હેજ."

"શું મ્હારા ભાઇએ તમને સતાવ્યાં છે?"

" હા, ભાઇ, તેમણે મને બહુજ સતાવી છે ને સદાની દુઃખી કરી છે. "

" તમને સદાનાં દુઃખી કર્યાં ? એ શું બોલો છો ? "

" હા, હું ખરૂંજ બોલું છું. તેમની સ્વચ્છંદી દુર્ગુણી રીત-ભાતથી મ્હારા સંસાર-સુખમાં વિષ ભળ્યું છે. "

" ખરેખર બહુજ માઠું થયું, હું શું કરૂં ? મ્હારૂં તેઓ હવે બીલકુલ માનતાજ નથી. "

" પણ તમે જરૂર તેમને સુધારી મને સુખી કરી શકશો. "

" તમારે સુખી થવું તે તમારા પોતાનાજ હાથમાં છે પણ તેમને સુધારવા તે મ્હારા હાથમાં નથી. કુતરાની પૂંછડી સો વરસ ભોંયમાં રાખો પણ વાંકીની વાંકીજ. હરામી ચસ્કો લાગ્યો તે હવે જીવ જતાં છૂટવાનો, માટે હવે તેમને સુધારવાની આશા તો છોડીજ દેજો. " સુંદરદાસે જાગ પાથરવા માંડી.

" ત્યારે તેઓ નહિ સુધરશે ? "

" હું તો આશા નથી રાખતો. "

" ત્યારે મ્હારૂં શું થશે ? "

" તે તો હું કહું ? "

" અરેરે ! "

" તે જો કે મ્હારા મિત્ર છે પણ ખરી રીતે કહું તો તેમણે તમને ઘણોજ અન્યાય આપ્યો છે. ખેર ! જે બનવાની હતી તે બની, હવે તે ફીટે તેમ નથી. તમારે તેમની આશા હવે મૂકીજ દેવી. તમારી મને બહુજ દયા આવે છે. તમે પ્રેમ-નીરની માછલડી પ્રેમ-વગર સુકાઈ જશો. "

" જે થશે તે ખરૂં. "

એટલામાં રંગીલદાસ ત્યાં આવતાં વાત ત્યાંથીજ અટકી પડી. બન્ને ફરવાને બહાર ગયા.

લીલા પતિ-પ્રેમ-સુખથી તદન વિમુખ હતી. તેનો ઉછળતો યુવાનીનો વહેળો ચારે બાજુથી ઘેરાઇ જવાથી જોર કરવા લાગ્યો. મન-સિંધુ પોતાનુ ભાન ભૂલીને મહા મસ્તાની બની ગયો. વહેળાએ લોક-લજ્જાની પાળ તોડી નાખી ને મનસિંધુએ ધર્મની માઝા મૂકી દીધી.

સુદરદાસ રંગીલદાસને ત્યાં રોજ આવતો હતો ને લીલાની સાથે એકાંતમા છૂટથી વાતચિત, હાસ્યવિનોદ, ઠઠ્ઠા મશ્કરી કરતો હતો તેને લીલાએ પોતાનું પ્રીતિ-પાત્ર કર્યું. બીજે રસ્તે તેનો ન ઢોળાયલો પ્રેમ સુંદર ઉપર ઢોળાયો. મદોન્મત ને પતિસુખથી વિમુખ લટકાળી લીલા સુદરદાસ ઉપર દિવાની બની ગઇ. સુંદરદાસ તેજ શોધતો હતો ને તે માટે ઘણા વખતથી તેણે પ્રયત્ન આરંભ્યો હતો એટલે બન્નેનુ ચોકઠું સચોટ બેસી ગયું. પતિ જો એક પત્નીવ્રતધારી હોત તો લીલાને આવો અયોગ્ય, મહાપાપી રસ્તો લેવો ન પડયો હોત. સ્ત્રીને ખરાબ રસ્તે ચઢાવી આપનાર પ્રથમ તેનો પતિજ હોય છે. ધણી બગડે તેની સ્ત્રી ભાગ્યેજ સારી રહે છે. પતિ વૃક્ષ છે, સ્ત્રી વૃક્ષને વીટળાયલી વેલી છે. જેમ વૃક્ષ વળે છે તેમ વેલી વળે છે. પોતાના પતિ તરફથી સ્ત્રીની પ્રેમ-વાંચ્છના પૂરી પડતી હોય નો પછી તેને કુમાર્ગે ચઢવાને કંઇજ કારણ રહેતુ નથી; માટે સ્ત્રી બગડે તે પતિની મૂર્ખાઇનેજ લીધે. પેલી તરફ જયારે રમાની સાથે રંગીલ અમનચમન ઉડાવતો હતો ત્યારે આ તરફ તેનાજ ઘરમાં લીલા સાથે તેનો સાચો મિત્ર સુંદર લહેર કરતો હતો.

પ્રકરણ ૧૩ મું.

પ્રેમ-બાગમાં પ્રેમ-પંખીડાં.

ભેરવી ગઝલ.

ભમે છે પ્રેમના બાગે, પ્રેમી પંખી રસીલાંઓ,
ચૂમી ફૂલ પ્રેમનાં પ્રાતે, હિંચતા રે હોંસીલાંઓ. — ટેક.
પ્રીતિના ગાન ગાતાંમાં મચ્યાં રહેતાં સદા પ્રેમી,
વિહારી પ્રેમ કુંજે તે, રતિ-રસ-વારિ પીતા તે — ભમે છે.
ધારા પ્રેમીથી ના થાતાં, કદી પ્રેમ-પંથ ના ચૂકતાં,
પ્રીતિને કાજ દેતા પ્રાણ, વિશુદ્ધ પ્રેમી પંખીડાંઓ — ભમે છે.
જુઓ, પતંગ જળે દીપે, ભ્રમર પંકજમાં મરતો,
વિકટ રે પ્રીતિના સંકટ, પણ પ્રેમ બાવરાંઓ — ભમે છે.



“[illegible] પ્રેમ એ ચળકતા આગીઆ કીડા જેવો નહિ પણ પવિત્ર લાગણી, રૂપેરી સાંકળ ને રેશમની દોરીની ગાંઠ છે, જે મને મન, હૃદયે હૃદય ને શરીરે શરીરને એકાગ્ર કરી નાંખે છે.”

પ્રેમની અટપટી ગ્રંથી છોડવા કોઈ પણ સમર્થ નથી. પ્રેમના અભેદ ભેદને પ્રેમ-ભેદુ સિવાય કોઇ પણ ભેદી શકતું નથી. રૂપ-ભોગથી બંધાયલો પ્રેમ તે પ્રેમ નહિ પણ ફેલ છે. સાત્વિક પ્રેમમાં વિશ્વાસ, આશા, મમતા, કોમળતા, આત્મભોગ અને મનુષ્ય-પ્રકૃતિમા જે ઉત્તમ ને પવિત્ર છે તે સર્વ રહેલાં છે. પ્રેમ-બાગમા વિહાર કરતા પ્રેમ-પંખીડાનું સુખ પ્રેમના સાચા અનુભવીજ જાણી શકે છે. પકવાન જમનારનો આનંદ ભુખ્યો શું સમજે ? પુત્રવતીનુ સુખ વઝ્યા કેમ કલ્પે ? રાજપુત્રની સાહ્યબી રંક શું જાણે ? પરણેલી જીંદગીનુ સુખ કુવારો શું પ્રમાણે ? આત્માનુભવ સિવાય કેટલાક પ્રકારના સુખની કિમ્મત અંકાતી નથી. હીરો સ્વપ્ને પણ જોયો ન હોય તેવો માણસ હીરાનુ મૂલ્ય શુ આંકી શકે ? પ્રેમમા લોહચુંબક જેવો ગુણ રહેલો છે તે પોતાના પ્રીતિપાત્રને તે ગુણ વડે પાતાળમાંથી પણ પોતાના તરફ આકર્ષી શકે છે. વિશુદ્ધ પ્રેમની આંખ ઉપરથી મોહનું આવરણ ઘણુ ખરૂ દૂર થયેલુ હોય છે. પ્રેમી પ્રેમીને દુનિયાના કોઇ પણ ભાગમાંથી શોધી કાઢે છે. ચર્મચક્ષુ પ્રસગે ભૂલાવો ખાઇ જાય છે, પણ પ્રેમી હૃદય ભૂલાવો ખાતુ નથી. મુગો જેમ ગોળનો સ્વાદ ને તેની મીઠાશ જણાવી શકતો નથી, બ્રહ્મજ્ઞાની બ્રહ્મરૂપને જેમ વર્ણવી શકતો નથી, તેમ પ્રેમનો ભોક્તા પ્રેમની ખરી ખુબીનો તાદ્રશ્ય વિચાર આપી શકતો નથી. પ્રેમની ખુબી અકલ્પ્ય છે.

"Love is better than a pair of spectacles, to make every thing seem greater which is seen through it," (Sir Philip Sidney).

પ્રેમની રીતી ગહન છે. પ્રેમી પ્રેમી માટે મરી ફીટે છે. પતંગીઉં દીપક ઉપર પ્રેમાંધ બની બળી મરે છે, કાષ્ટ-વેધક ભ્રમર કમળ-પ્રેમથી કેદ પૂરાઇ ગુંગળાઇ મરે છે, પણ કમળ ઉપરના પોતાના પ્રેમને લીધે તેને વીંધી બહાર નીકળવા જીવ ચલાવતો નથી. નાગ મોરલીના સરોદ ઉપર ગુલતાન બની વાદીની જાળમાં ફસી પડે છે, ચાતક બાર માસ તરસ્યુ મરે છે પણ સ્વાતિ સિવાય અન્ય જળ પીતું નથી. અહા ! કનિષ્ઠ સ્થિતિના પ્રાણીઓ પણ પ્રેમને કેવાં વશ છે !

પ્રેમની ખુબી વિચિત્ર છે. કૃષ્ણ કુબજાને વર્યા, સાવિત્રી સત્યવાનને વરી, તે પ્રેમનાજ પ્રભાવે. દમ્પતી વચ્ચે કુદરતી શુદ્ધ સાચો પ્રેમ ન હોય તો તેમનું જીવન તદન ખારૂ ઉસ ને નિરસ છે. ભવ્ય પ્રાસાદોમાં તે વસતાં હોય, સુંદર ઉપવનમા તેઓ મીઠી હવા લેતાં હોય, હેમ ને હીરા મોતીના હાર શરીર ઉપર અખંડ ધારણ કરતાં હોય, બત્રીસ વાનીની રસોઇ મોને પૂછી નિત્ય આરોગતાં હોય, પણ ફકત પ્રેમ વગર તે સર્વ વ્યર્થ છે. વૃક્ષ લીલુંછમ હોય પણ ઉપર એક ફળ ન હોય તો તે નકામુ જ ગણાય છે.

" પ્રેમી પંખીને જખી જંખીજુવે, કેવાં રંગે ઉમંગે રમે રસિયા,
લપાઇ છૂપાઇને ડાળી ધુમે, મદમાતેલાં રંગીલા રસિયા. "

ચકોરી ચંદ્રના દર્શને ખીલે છે તેમ પ્રેમી પ્રેમીનાં દર્શને પ્રફૂલ્લ થાય છે પ્રેમ-વૈભવી પખીડાં ધન-વૈભવની લાલસા રાખતાં નથી. તેઓ પ્રેમી સાથે વિહાર કરતાં, ઉંધ ઉજાગરા, ભૂખ તરસ, ને સુખ દુખને ગણતાં નથી. પ્રેમી પ્રેમ-સંગ્રામમાં શૂરવીર યોદ્ધા સમ બની જાય છે, રણ-સંગ્રામમાં શૂરવીરનાં શસ્ત્ર

પ્રેમાંગના પાસે પ્રેમથી નબળા પડી જાય છે. પ્રેમીના હૃદય નરમ ને દયાથી પૂર્ણ હોય છે, તેમનામા ભય, કોપ કે કૃતઘ્નતા હોતી નથી, પોતના પ્રીતિ-પાત્રનો વિયોગ થતા એક નાના બાળક માફક પ્રેમી રડવા મડી જાય છે ખુની, લુંટારો કે ચોર, પ્રેમાળ પત્નીના પ્રેમ-બળે ગરીબ ગાય જેવો બની જાય છે પ્રેમીઓ પ્રેમ નો સોદો પોતાની હજારો ભોગ તૃષ્ણાના બળીદાનથી કરે છે, ભાગ્યરેખા બદલાતાં તેમનુ પ્રેમી હૃદય બદલાતું નથી, ઉલટું તેની રંક અવસ્થામા તેમનુ હૃદય વધારે પ્રેમી બને છે. ભોગ વિલાસ ને રંગ રાગના બીજા સાધનો દૂર થવાથી તેમને પ્રેમ વિહાર કરવા પૂર્ણ અવકાશ મળે છે પ્રેમાને પ્રેમ સિવાય અન્ય તૃષ્ણા હોતી નથી. પ્રેમમાછલુ પ્રેમ નીરમાં જન્મી આખર તેમાંજ મરે છે. પ્રેમી આખી દુનિયાને आत्मवत् सर्व भूतेषु સમજે છે

ગયા પ્રકરણમાં લીલાવતી સાસરે જઇ પોતાનો સંસાર કેવી રીતે ચલાવે છે તેનુ અવલોકન આપણે કરી ગયા છીએ, હવે આ પ્રકરણમાં સુશીલા પોતાના પ્રેમી પતિ સાથે લગ્ન કરી તરતજ કેવી રીતે સંસાર-સુખ માણે છે તેનુ જરી અવલોકન કરીશુ તો અયોગ્ય નહિ ગણાશે.

રંકને રાજ્ય મળતાં, ભુખ્યાને પકવાન મળતા, વંઝયાને પુત્ર પ્રસવતા, લોભીને દ્રવ્ય મળતા, ને બ્રાહ્મણને મોદક મળતાં જે-ટલો આનંદ થાય છે તેટલોજ આનંદ ગરીબ યુવાનો ગૃહસ્થ ધરની વિદ્વાન, ગુણવાન, ને રૂપ રંગમાં દેવાંગના સમ પત્ની મળતા થાય છે. તે આનંદ પોતાને માની ભ્રમણામાં કે સ્વપ્નામા થાય છે તેનો તે વિચાર કરવા મડી જાય છે. એક સરખા વિદ્વાન

ને પ્રેમી જોડાનો આનંદ અવર્ણીય છે. જેનાં અંતર સાત્વિકભાવે અદ્વૈત બની ગયાં છે, ત્યા કદી પણ વિખવાદ થવાનો નથી, કારણ તેમ થવુ દ્વૈતમા સભવે છે. અટકાવમાથી પસાર થયેલા અગ્નિના માફક સાંસારિક મુશ્કેલીઓ વચ્ચેથી પસાર થયેલો પ્રેમ વધારે પ્રકાશ આપે છે.

સુશીલા પરણીને સાસરે આવી છે—પ્રેમઘેલી માછલી પ્રેમ-નીરમા વસવા આવી છે કન્યાવસ્થામા કૃષ્ણદાસ સાથે બોલવા ચાલવાનો વિશેષ પરિચય હોવાથી ને પ્રેમ-લગની લાગેલી હોવાથી પતિ પાસે વધારે લજવાતી નથી તોપણ ઉત્તમ સ્ત્રીઓનામા રહેલુ લજ્જાનુ સુલક્ષણ તેનામાથી નષ્ટ થયુ નથી. તે લાડઘેલી છે, હાસીલી છે, પણ ઉન્મત્ત નથી. તે પ્રેમ-રસની સદા પ્યાસી છે. અમી પીતાં કોઇને શ્રમ લાગતોજ નથી પ્રેમ-સરવરની રાજહસી પ્રેમ--મુક્તાફળ ચરવા લાગી છે કૃષ્ણદાસ જેવા રસ-નિપુણના ભાગ્યનુ પાનુ તેણે ફેરવી નાખ્યુ છે. તેનુ જીવન ગુલાબના પુષ્પ માફક મોઢી પીમળથી બ્હેકાવી મૂકયુ છે. તે યુવાન, વિદ્વાન, શૃગાર-રસનો લોભી ને ગુણી છે દુધ સાકર, ને પાણી પતાસા પ્રમાણે તેઓ એક રસ થઇ ગયા છે, તોપણ સુદર રાજહસનાં દર્શન થતા રસઘેલી રાજહસી શરમાઈ જાય છે ને તેનાં રોમાચ ઉભા થઇ જાય છે.

"રસ રાજનાં દર્શન થતા કોઇ નાદ અદ્ભૂત લાગતો,
રગ રગ થઇ રોમાચમાં ઝણકાર જાદુઇ જાગતો;
ગુલતાન અંતર તાનમા જગ જાળને જીવ ત્યાગતો,
પતિ સેવના મગળમણિ મોહન નિરતર માગતો.

સ્વામિ સમર્પણ સર્વ આ–સ્વીકારોરે.
રસવેલી એ શામળીઆજી–સંભાળોરે,—
પિયુજી પધારોરે. ”

ગૃહસ્થ ઘરની દીકરીને પોતાના ગરીબ ઘરમા એછુ ન આવે તેની અગાઉથી સંભાળ લઇ હોંસીલા ત્રિકમદાસે તે દમ્પતીનું શયનગૃહ સારી રીતે સુખદ ને વૈભવી સમગ્રોથી શણગારી મૂક્યું છે. બાળ–બ્રહ્મચારીઓ ગૃહસ્થાશ્રમમા જોડાયા છે.

એક વખત રાત્રિના સમયે કૃષ્ણદાસ પોતાની પ્રિયાની રાહ જોતો શયનગૃહમા પુસ્તકના પાના ફેરવ્યા કરતો હતો તેટલામા પગના નેપુરનો રણઝણાટ કરતી ને લજ્જાથી નીચું જોઇ મંદ ગતીએ ચાલતી સુશીલા રતિ–પતિસેવા માટે ત્યા આવતી જણાઇ. રૂપમા રંભા, તિલોત્તમાને લજાવે તેવી બાળાને જોઈ અધીરો કૃષ્ણદાસ ખુરસી ઉપરથી ઉઠી અર્ધે રસ્તે જઈ તેનો હાથ પકડી પ્રેમલિંગન દઈ અધરામૃત પીવા ગયો કે શરમાળ સુંદરી કૃત્રિમ ગુસ્સાથી નેત્ર રક્ત કરી એકદમ બળ કરી દૂર નાસતા બોલી — “ અરે આતે શું તોફાન ! દૂર રહો. ” કૃષ્ણદાસને તેમ વધારે શૂર ચઢ્યુ ને અધરામૃતનો અધીરો બનેલો પુનઃ ભેટવા જતાં સુંદરીએ ક્રોધથી પોતાનું અંગ છોડાવવા ઠમકો કરતાં કહ્યું, “ ચાલો ખસી જાઓ, કોઈ દેખશે, દૂર રહો, નહિ તો...... .... ”

“ અરે સગુણી ! એમ તે હવે છટકાશે કે ? લે ચાલ. અંતર પટ ઉકેલ, ને લજ્જા કર ત્યાગ. ”

“ તમે મને હેરાન કરવાના છો માટે હુ તો માતાજી પાસે જઈ સુઈ જઇશ. આ ચલી. ” સુશીલાએ જવાનો ઢોંગ કરતા જણાવ્યું

" નહિ, નહિ, રસિલી રીસાતી ના. નહિ હેરાન કરૂં." પત્નીને ઝટકાવતા પતિ બોલ્યો.

" ઉહુ ! ઉહું ! હુ તો જવાનીજ. મને ના રોકો." એમ બોલી હરિણાક્ષિ બહાર દોડી ગઇ. કૃષ્ણદાસ તો આભોજ પડી ગયો. તે મન સાથે બોલ્યો – " અરેરે ! તે તો હવે ગઇ ! પણ તે જરૂર પાછી આવશેજ શરમ, એ તો જાણે ઉત્તમ મુગ્ધા સ્ત્રીનુ ભૂષણજ છે. ચાલ, ત્યારે હું પણ કઇક રંગ જમાવુ, તેણે મને પજવ્યો તો હું પણ તેને જરી પજવુ." એવો ઠરાવ કરી ખુરસી ઉપર બેસી નેત્ર બધ કરી નસકોરા બોલાવવા માડયા થોડીવારે ગજગામિની આમ તમ જોતી આવીને પતિને ગાઢ નિદ્રામા પડેલો જોઈ બોલી — " અરેરે ! આ તો હવે ઉઘી ગયા. હવે કેમ કરી જગાડુ ? તેમની સાથે વિનોદ કરવાનુ તો ઘણુએ મન થાય છે પણ શરમથી બોલાતુજ નથી. જ્યારે મનમોહન સાથે મોજ કરવા મન મસ્તાન બને છે ત્યારે હૃદય તેને અટકાવે છે, ને શરમ તેની આડે આવે છે હુ તે વખતે નાસી ન ગઈ હોત તો કેવુ સારૂ ? પણ તે વખતે મ્હારી ધીરજ ન રહી, મને ભય લાગ્યો ને સકોચ થયો. પણ હવે કેમ થાય ? જરી આ પગના ઝાઝર ખખડવુ એટલે જાગશે, બસ તેમજ કરૂ " સુદરીએ ઝઝરનો ઝણકારો કરવા માડયો, પણ કોણ જાગે ? ઉઘનો ધોરે પણ જાગતો નજ બોલે ! આખર સુશીલા થાકી જઈ વિચાર કરતી મન સાથે મસલત ચલાવવા મડી — " હવે શુ ઉપાય કરૂ ! લાવ ત્યારે તેમની પાસે જઇ તેમનુ મુખ-કમળ નિરાતે નિહાળી મનને તૃપ્ત કરૂં તેઓ ઉઘે છે ને અહીં કોઇ દેખનાર નથી એટલે કઇ હરકત નથી." એમ બોલી પતિ મુખ

જોવા જેવી પતિ પાસે જઇ નીચી નમી કે કૃષ્ણદાસે એકદમ ઉઠી લાડઘેલી પત્નીને પ્રેમ-ચુંબન દઇ બાથમાં દાબી દીધી ને બોલ્યો–"કેમ ! હવે કેવી સપડાઇ ? આ વખતે શરમ કયાં ગઈ ?"

"જાઓ, જાઓ, તમને તો એવીજ ટેવ પડી છે."

"ઠીક ત્યારે આ-ચાલ્યો, જો મધુરી મેના ! હુ જાઉ છું; આ વેળા વહાલી વહી જશે ને પાછળથી પસ્તાવો થશે. એ આ ચાલ્યો" કૃષ્ણદાસે જવાનો ઢોંગ કરતા જણાવ્યું.

"વારૂ; જાઓ, જાઓ, તમો બેશરમા તોફાનીથી તો દરરોજ સારા"

"હા હું બેશરમો તેમાજ તમો ઉઘતાંનુ મુખ-કમળ પ્રેમથી નિહાળવા આવ્યો હતો"

"વારૂ વારૂ"

"ઠીક ત્યારે જાઉ છુ. પાછો નહિ ફરૂ."

"સુખેથી જાઓ"

"ત્યારે આ-ચાલ્યો." એમ કહી જેવું કૃષ્ણદાસે બારણા તરફ જવા માંડયુ કે સુશીલા મુઝવણથી મનમાં બોલી—"અરે ! આ તો ચાલ્યા, હવે શુ કરૂ ? ના, જવા તો ના દેવાય." ઉચ્ચા સ્વરે પતિ પ્રત્યે જોઇ તે બોલી–"અરે પાછા આવો, પાછા આવો"

"બસ હુ નથી આવવાનો"

"ના, ના, પાછા ફરો તમને મ્હારા સમ છે. એમ તે રીસાવાય કે ?"

"ત્યારે કેમ રીસાવાય ?" પ્રિયાની પાસે આવી કૃષ્ણદાસે પૂછ્યું.

" હું તો સ્હેજ હાંસી કરતી હતી. "

" એવી તે હાંસી થાય કે ? પણ નહિ, હું તો જવાનોજ."

" ના ના, તમને મ્હારા સમ છે. કૃપા કરો." સુશીલા જતા નાથને રોકીને બોલી.

" ઠીક ત્યારે, તારો વધારે આગ્રહ છે તો લાચાર છું. " કૃષ્ણદાસે સુશીલાનો હાથ પકડતા કહ્યું.

" આવ્યા તો ભલે આવ્યા પણ અટકચાળા કરતા નહિ."

" પડેલી ટેવ કેમ જાય ? "

" તમને તેની ટેવ પડી છે કે ? "

" હા. "

" કયારથી ? "

" આ હૃદયેશ્વરી મળી ત્યારથી "

" થોડા દિવસમાં તે વળી કોઈ ટેવ પડતી હશે કે ? "

" ત્યારે ટેવ પડવાને એક બે દસકા જોઈતા હશે કે ? એક વસ્તુ ખાધા પછી ને એક રસ પીધા પછી પુન તેની ઈચ્છા થાય તેનુ નામ ટેવ. "

" એ તો અજબ કહેવાય. "

" પ્રેમમાં જે અજબ ન કહેવાય તે ઓછુ. "

" પણ મને બહુ સતાવશો તો—"

" શુ, શું ? બોલ. " કૃષ્ણદાસે વચમાં પૂછ્યું.

" બૂમ પાડીશ."

" એજ કે ? લે પાડ જોઉં. લે આ સનાવી." એમ બોલી તેના અધરોષ્ટનું પાન કરી લીધું ને પ્રિયાને ગાઢાલિંગન દીધું.

" અરે, ઓ-મને છોડો."

" હવે કેમ છોડુ ? "

" અરે દોડો, દોડો ! જુવો, આગ લાગી, આગ લાગી !"

" કયા ? કયાં ? " કૃષ્ણદાસે ગભરાટમા સુશીલાને છોડતા પૂછયું.

" આ લાગી ! આ લાગી !" સુશીલાએ ચારે બાજુ હાથ લંબાવી દેખાડતાં કહ્યુ.

" કયા છે ? કયા ? "

" ત્યા ! ત્યા ! "

" કયા ! કયા ! "

" હે હે હેં હે હે ! " સુશીલા હસી પડી.

" વાહરે ગુણવંત ગોરી ! તે પણ મને ઠીક ગભરવ્યે ! "

" એમ ન કરૂં તો તમે મને છોડોએ ખરા કે ? "

" ત્યારે હવે ચાલો આગને બુઝાવીએ. હાશ ! હવે બુઝાશે" અધરામૃત ચૂસતા કૃષ્ણદાસ આનંદથી બોલ્યો.

" આ શું ઘેલછા ? રસના તો ચટકા હોય, કંઇ કુંડા હોય કે ? "

" ચટકાંથી તૃપ્તી ન થાય તો પછી કુંડાં. પણ આ પ્રેમ-પુષ્પમાળા કયારની કરમાઇ જાય છે, માટે લાયક ઠેકાણે મૂકી તેને લીલી કરૂ. " પત્નીને પુષ્પમાળા પહેરાવતા કૃષ્ણદાસ બોલ્યો.

" તો આ બીજીને હુ પહેરાવી કૃતાર્થ થાઉં. " સુશીલાએ પતિ-કંઠમાં સહર્ષે પ્રેમ-પુષ્પ પરોવ્યાં.

" હવે મ્હારૂં જીવન સફળ થયુ. શિયાળા સરખી મ્હારી

જીંદગી તુજ સંયોગથી રમણીય વસંતમાં ફેરવાઇ ગઇ છે. ” કૃષ્ણદાસ બોલ્યો.

* * * *

રસ-ઘેલાં પ્રેમ-પખીડાંનાં રીસામણાં મનામણાં આખી રાત ચાલુજ રહ્યા ને બન્ને પ્રેમ-કલહ કરવા લાગ્યા. ઉભય રતિ-રસનાં ઉત્સુક ને રસ-નિપુણ હોવાથી પ્રેમ-મદીરા પી તેઓ યથેચ્છ શૃંગારિક સુખનો લ્હાવો લેવા લાગ્યાં, ને મને મન, હૃદા હૃદય, ને શરીરે શરીરનો નિયોગ કરી અદ્વૈત બની ગયાં.

પ્રકરણ ૧૪ મું.

લટકાળી લીલા.

'Wealth's wanton eye on Wisdom coldly dwells,
And turns to dote upon green youth, Folly—"

માબાપ પ્રત્યે પોતાની સહનશીલતાને મૂર્ખ પુત્રો દાસત્વ સમજે છે. તેમના અંકુશમાં રહેવાનું તેઓ કેદખાનું ગણે છે.

રંગીલદાસ હવે ઉમ્મરે મોટો થવાથી કોઇક સ્વતંત્ર ધંધામાં ઝંપલાવવાનો વિચાર કરતો હતો કારણ તે માટે મોહનદાસ તથા નંદકોર તેને વારંવાર કહ્યા કરતા હતા પિતૃધર્મ પરાયણ પુત્રે પિતાની આજ્ઞા શિરપર ચડાવી ને

ધંધામાં પડવા પ્રવૃત્ત થયો; પણ તે કયા ધંધામાં ? એક તડાકે સોના હજાર કરવાના, અરે નહિ ! પણ હજારના સો કરવાના-શેર સટ્ટાના, પુનાની ઘોડદોડના અને જોટાના ધંધામાં.

રોજ જમી પરવારી બાર વાગે રંગીલદાસ શેર બજારમાં જતો હતો ત્યાં સુંદરદાસ પણ હાજર થતો હતો. સુંદરદાસ વિના રંગીલદાસને એક ડગલું પણ સુઝતું નહોતું. બન્ને મિત્રો ભેગોજ વ્યાપાર કરતા હતા. પૈસા રંગીલદાસના, ખોટ રંગીલદાસની ને નફો સહીઆરો એવી રીતનું તેમનું વ્યાપારનું પંતિયાળું નક્કી થયું હતું. પુત્ર સટ્ટો કરે છે તેની મોહનદાસને જ્યારે ખબર પડી ત્યારે તેના ક્રોધનો પાર ન રહ્યો સુંદરદાસ તથા રંગીલદાસ-ને તેણે બહુજ ધમકાવ્યા ને ઠપકો દીધો લુચ્ચા સુંદરદાસે સર્વ રંગીલદાસ ઉપર ટોળી નાંખ્યું ને પોતે ડાહ્યા ડમેલ તરીકે મોહનદાસની નજરમાં ખડો થયો મોહનદાસને સુંદરદાસના ગુણ મનમાં વસી ગયા, ને તે દ્વારા પુત્ર સુધરશે એમ તે સમજવા લાગ્યો. પુત્રને સુધારવા તથા સટ્ટાથી દૂર રાખવા સુંદરદાસને તેણે કહ્યું. સુંદરદાસે સર્વ હાજી હા કર્યું, ને મોહનદાસનું મન મનાવ્યું.

જોટા બજારમાં એક વખત સટોરીઆ ઉપર પોલિસની ધાડ આવી તેમાં રંગીલદાસ પણ સપડાઈ ગયો. સુંદરદાસ તે વખતે ત્યાં હાજર નહોતો એટલે તે બચી ગયો. જાહેર રસ્તામાં ઉભા રહી ધાંધળ કરવાના તથા લોકને અડગણ કરવાના આરોપ માટે દરેકને કોર્ટમાં ઘસડયા. મોહનદાસને પુત્ર માટે બહુજ માઠું લાગ્યું આખર મહા પ્રયાસે સર્વ સટોરીઆ છુટી ગયા રંગીલદાસને આથી સહેજ ચાનક લાગી ને સટ્ટાની બદીમાંથી નીકળી જવાનો મન-સુબો કર્યો, પણ 'શેઠની શીખામણ ઝાંપા સુધી' ઉપલા બનાવ

પછી એક અઠવાડીઆ સુધી સટ્ટા બજાર તેના વગર સુનું ને નિસ્તેજ રહ્યુ પણ તે આવતા બજાર પાછુ સતેજ થઈ ગયુ. મોહનદાસ તથા નંદકોર પુત્રની ચાલ સુધારવા હવે તદન નિરૂપાય બન્યાં હતાં.

પુનાની ઘોડદોડની સરતમાં પણ રંગીલદાસનો નંબર પહેલો હતો એક મોસમમા આઠ દસ હજારનુ પાણી તે કરી નાખતો હતો એક દિવસ રાત્રે **સ્પેશિયલ** ટ્રેનમાં પુનાથી મુબઇ આવતાં ગાડીમાં પાના રમતાં ભાઇ સાહેબ પોલીસ દાદાના હાથમાં જકડાઇ ગયા ને શંખલા બંધન થઇ કાચી કેદમાં ગોઠવાયા, ત્યાથી મહા મુશ્કેલીબતે પિતાએ જામીન ઉપર છોડાવ્યા વકિલ બારિસ્ટર રોકી પોલીસ કોર્ટમાં પોતાના ઉપર ચાલેલા જુગાર રમવાના કેસમાથી આખર તે છુટગો, પણ પાંચ દસ હજારના ખાડામા ઉતરી પડ્યો. પાચ દસ દિવસ રખડામણ પહોચી ને આખા શહેરમાં જુગારી તરીકે નામીજીની છાપ ચોટી ગઈ તે નફામા પુત્ર માટે હવે શું કરવુ તે મોહનદાસ તથા નંદકોરને સુઝ્યું નહિ કુળ-અંગાર કપુત દીકરો લાખોની દોલત ને કુળની આબરૂ ઉપર પાણી ફેરવશે એવુ ભવિષ્ય તેમણે ભાખ્યુ, છેવટે ઇશ્વર ઉપર આસ્થા રાખી દમ્પતી બેઠા આમ આવી રીતે રંગીલદાસનો વરઘોડો ચાલતો હતો ત્યારે પેલી તરફ લીલાવતીનો પણ વરઘોડો ચાલતો હતો. લીલા હવે ખરેખર લટકાળીજ બની હતી. તે ઘરમાં સાસુ સસરા, ને પતિને તૃણવત્ ગણતી હતી. સર્વની લાજ મર્યાદા બાજુ રાખી સુંદરદાસની સાથે હસતી બોલતી હતી. સાજના ફરવા જતી તો કેટલીક વખત સુંદરદાસને પોતાની સાથેજ ગાડીમાં બેસાડતી હતી. લોકનિંદાનો ભય તેને મુદલ નહોતો. જન સમૂહને તે તદન મૂર્ખજ સમજતી હતી. ઘણું ખરૂં તો **કોચમેનને** પછવાડે

બેસાડી લગામ પકડી ગાડી પોતેજ હાંકતી હતી તેને ગાડી હાંકતી જોઇ સર્વ લોકો તેના પ્રત્યે હસતા ને પછવાડે તાળીઓ પાડના હતા. પણ ' જેણે મૂકી લાજ તેને નાનુ સરખુ રાજ ' સુદરદાસ પણ ઉખડેલો સેતાન હતો ને કોઇની સ્પૃહા તે રાખે તેમ નહોતો. સ્નેહી પર પુરુષની સાથે ગાડીમા અડોઅડ બેસવામા જે લોકો પોતાને હલકી ગણે તે તેવાજ હોવા જોઈએ એમ લીલા માનતી હતી. ઇંગ્રેજ ને પારસી સ્ત્રીઓ જ્યારે એવી રીતે વર્તે છે ત્યરે પોતાને તેમ વર્તવામાં કશો વાંધો જણાતો નહોતો. હિંદુ લોક જંગલી, બીન કેળવાયલા ને સુધારામા ઘણાજ પછાત હોવાથી પોતાને માટે હલકો વિચાર ધરાવે છે એમ તે માનતી હતી, પણ તેને ખબર નહોતી કે પારસી અને ઇંગ્રેજી સ્ત્રીઓ પર પુરૂષ સાથે એકાંતમાં સમાગમમાં આવતાં પોતાના મન ઉપર જેટલો કાબુ ધરાવી શકે છે તેટલો પોતાના જેવી હિંદુ સ્ત્રીઓ ભાગ્યેજ ધરાવી શકે છે. પર પુરુષની સાથે હિંદુ સ્ત્રીઓ બે ચાર પ્રસગે એકાંતમાં મળતાં કે પોતાના શરીર સાથે તેના શરીરના કોઈ પણ ભાગનો સ્પર્શ થતાં પોતાનુ માનસિક બળ નબળું હોવાથી કેવી વિહ્વળ બની જાય છે ને શરીરમાં વિકાર કેટલો ઉત્પન્ન થાય છે તેનો વિચાર તે સુધરેલીને નહોતો.

રીતભાતમાં લીલા જેટલી સ્વછંદી હતી તેટલીજ ઉડાઉ પણ હતી. દિવસમાં રોજ દસ વખત તે પોશાક બદલતી હતી. કપડાં લત્તાં, દર દાગીના, ને બીજી મોજ શોખની સામગ્રી જેવી કે, અત્તર, ગુલાબ, સાબુ, સેંટ, ફૂલપાન, નાટક ચેટક, ખેલ તમાસા, ને રંગ રાગમાં પૈસાનો આંખ મીચી ધુમાડો કરતી હતી બજારમાં મળતી સર્વ વૈભવી સામગ્રી (Lux.ry) પોતાને માટેજ તે

બનતી સમજાવી હતી સનુ સસરાને તે ઘરડા ઢોરજ ગણતી હતી. મોહનદાસ ને નદકોરથી આવો લખલૂટ ખરચ સાખી ન શકાય તે સ્વાભાવિક હતુ, પણ પુત્ર મૂર્ખ ને પુત્ર-વધૂ તેવીજ એટલે તેમના તમામ હથીઆર નીચા પડયા હતાં. એક પ્રસંગે નદકોરે મોહનદાસ પાસે વાત છેડી – " હવે મોત આવે તો સારૂ. ઘરના આ ભવાડા મ્હારાથી હવે નથી જોવાતા. "

" મોત આવવુ કંઈ આપણા હાથમાં છે ? આપણે શુ કરીએ ? તે બન્નેને સુધારવા બન્યુ તેટલુ કર્યું પછી તેઓ આપણું નથી માનતા તો તેમનુ નસિબ. "

" પણુ લીલા પૈસો બહુજ ઉડાવે છે. તેનું ખરચ જોઇ મ્હારો તો જીવ નીકળી જાય છે. બીજે ને ત્રીજે દિવસે પેલા સુન્દર ને રંગીલની સાથે નાટકમા જવાં ને રોજ ફરવા જવાં, એ શું આપણા ઘરનો ધાટ કહેવાય ? "

" પેલી કમળા સુધરેલાની એ સુપુત્રી છે એટલે તે તેના જેવીજ હોય ને ? મ્હારો વિચાર તો મૂળથીજ તે વંઠેલા–સુધરેલા ઘર તરફ જોવાનો નહોતો પણ તેંજ મને ત્યાં કરવા ભળેર્ગો "

" હું શું કરૂ ? આવુ થશે તેની મને કઇ અગાઉથી ખબર હતી ? પણ હવે લીલા સુધરે તો સારૂ, નહિ તો આબરૂના કાકરા થઈ જશે. "

" આબરૂના કાંકરા તો કયારના થઈ ચૂકયા છે, હવે તો તે કાંકરાની રેતી થવાની છે, તે થતી જો અટકે તો આપણાં નસિબ. "

" સૌ અટકશે. હું લીલાને સમજાવી ઠેકાણે લાવીશ. જો તે એક વખત સારી થઈ ગઈ તો રંગીલ પણુ સુધરી જશે. "

" અરે વંઠેલાં તે કદી સુધરતાં હશે ? કોયલાને સો મણ સાબુથી ધૂવો પણ તે તો તેવાને તેવાજ કાળા રહેવાના. કાગડાને ગમે તેટલી ખીર મળશે પણ તેનું મન વિષ્ટા તરફ વળવાનુંજ. લે, જો, આ લીલા આવે, હવે તેને સુધારજે. " એટલામા લીલા ત્યા આવી, તેને જોઈ નંદકોર બોલી-- " બેસો વહુ લીલાવતી ! મ્હારે તમને આજે કંઈક બે બોલ શીખામણના કહેવાના છે. "

" મને શાની શીખામણ દેવાની છે ? હુ કઇ હવે નાની કાલી નથી કે તમારી શીખામણની મ્હારે જરૂર હોય, તેમજ મ્હારામાં કાંઇ તેવા દુર્ગુણ નથી કે તે દૂર કરવા તમારી શીખામણની મને જરૂર પડે. હાલ બહાર જવાનુ હોવાથી બેસવાનો મને ટાઇમ નથી. "

" અરે પણ તું અમારા છોકરાની બૈરી છે કે કોણ છે ? " મોહનદાસ આંખો ચઢાવી ગુસ્સામાં બોલી ઉઠયો.

" હા, હું તમારા છોકરાની બૈરી છુ. " લીલા બોલી, " પણ તેથી તેની કે તમારી કંઈ ગુલામ નથી કે તમારા કબજામાં હું રહુ. મ્હારાં માબાપે તમારે ત્યાં મને વેચી નથી પણ પરણાવી છે. "

" હવે લીલાવતી ! જરી ડાહ્યાં થાઓ તો સારૂં. તમે સમજુ છો ને લોકમાં તમારી ચાલ માટે વાત થાય તે સારૂં કહેવાય ? " નંદકોર પ્રેમભાવે નમ્રતાથી બોલી.

" હું તો સદા ડાહીજ છું. મને જે ગાંડી સમજે છે તેજ તેવાં હોવાં જોઇએ. હું કંઇ ખોટું કામ કરતી નથી. ચાલો હવે તમારૂં લેકચર બંધ કરો. "

" ઓ **લેકચરની** બેટી ! હવે જાણ્યું ત્હારૂં ડહાપણ. એ બધા ચાળા અહીં નહિ ચાલે; ત્હારા બાપને ત્યાં જઇને કરજે, સમજીને ? પારકા પુરુષ સાથે હસીને હાથ મેળવવો એ કયાની રીતભાત ? જો બહુ લાંબુ ટુંકુ બોલી તો ત્હારી વાત તુ જાણી: જીભ ઝાલીને ખેચીજ નાખીશ. "

" બસ કરો તમારી લવરી તમારી શું સત્તા છે કે મ્હારી જીભ તમે ખેંચી શકો ફરીથી મ્હારા ઉપર ખોટા આરોપ મૂકતાં બહુજ વિચાર કરજો, નહિ તો તેનુ પરિણામ સારૂં નહિ આવે. એક પાક બાનુની આબરૂ ઉપર તમારા જેવા અવિચારી માણસે હુમલો કરતા બહુજ સભાળવાનું છે "

નટ્ઠેર બોલી – " ઠીક બાપુ, જા તુ ત્હારે કામે. ભોગ લાગ્યા કે તને આજે છંછેડી, હવે ફરી તને એક અક્ષર પણ નહિ કહીએ. " લીલાવતી રોફ બંધ પગ અફાળી ત્યાંથી ચાલી ગઇ. મોહનદાસ તો આ સુધરેલુ નાટક જોઇ દિગ્મૂઢજ બની ગયો પોતાની આજ કાલની આણેલી પુત્ર–વધૂ આ શુ બોલી ગઇ એ ધનથી તેનુ મગજ ફરી ગયુ. તે બોલ્યો, " હવે કાઢયો સાર ? એ વંઠેલા હવે શું સુધરે ? મડમની પેઠે શીખંડ કરતાં તો જરી અચકાતીજ નથી. બસ થઈ ચૂકયુ ! "

" અરેરે ! તમે કહેતા હતા તેમજ છે. હરિ ! હરિ ! પૂર્વનાં આપણાં પાપ કે આ અવતારે આવાં નઠારાં છોકરાં મળ્યા. "

" અફસોસ ! નાદાન છોકરાં મ્હારી ઇઝત ડૂબાવવા બેઠા. નસિબ ! નસિબ ! ત્હારી પણ બલિહારી છે. હજાર પરસેવાનાં ટીપાં પાડીને એક રૂપિયો, એમ કરીને ભેગા કરેલા દસ લાખ

રૂપિયાનો તે ઉડાઉ છોકરાં ભૂકો કરી નાંખશે ! હાય રૂપિયા !"

"ભૂકો કરશે તો તેઓ ભીખારી થશે. આપણે તો હવે ચાર દિવસનાં મહેમાન છીએ. 'જે કરશે તે ભરશે' આપણે તો પેટે પાટા બાધીને તેમના માટે ઘણુએ ભેગું કર્યું છે પણ તેમનાથી સુખે ન ભોગવાય તેમાં આપણે શું કરીએ ?"

"પણ દેખતી આખે તે આવુ કેમ ખમાય ? હે પ્રભુ !"

રોજ આમ અફસોસ કરતાં તેઓ કાળ ગુજારવા લાગ્યા. મધમાખી મધનો સંચય કરે છે પણ તે તેનાથી ખવાતું નથી. જે પૈસો પેદા કરે છે તેનો તેનાથી ભાગ્યેજ ઉપયોગ થાય છે. પૈસાની ખરી કિમ્મત તેનો પેદા કરનાર સમજે છે, પણ તેનો ઉડાવનાર નથી સમજતો. પૂર્વના કોઇ પુણ્ય બળે તે પૈસાનો માલિક થાય છે, પણ આ ભવનાં પાપ બળે તે પૈસાનું સુખ તેનાથી લાંબો વખત રૂડી રીતે ભોગવાતુ નથી. ખોટે રસ્તે ને કુકર્મમાં તે પૈસો ખરચે છે ને તેથી આ ભવના પાપનો ભાર વધી થોડા વખતમાં તેની માલિકી નષ્ટ થાય છે.

પ્રકરણ ૧૫ મું.

સુશીલ સુશીલા.

"Silent and chaste she steals along,
* * With gentle yet prevailing force,
Intent upon her destined course,
Graceful and useful all she does,

Blessing and Blest where'er she goes,
Pure-bosomed as that watery glass,
And heaven reflected in her face."

(Wm. Cowper.)

પૂર્વના ભાગ્ય વિના સુજ્ઞ પત્ની સાંપડતી નથી. પુરુષને ઉભય લોકમાં તારનાર તે તારણીજ છે. તે જ્યાં જાય છે ત્યા પોતાના મંગળ હસ્તે મંગળ કાર્યો કરી મંગળ વર્તાવે છે તુટેલા જીગરને પ્રેમ-રેણુથી સાધે છે, પોતાના પ્રતાપે દુખીને સુખી કરે છે, મૂર્ખને ડાહ્યો કરે છે, રંકને ધનિક કરે છે, ને દુર્ભાગીને સુભાગી કરે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિની સાફલ્યતામાં પુરુષને સ્ત્રીની મદદની ખાસ આવશ્યકતા છે. પુરુષના હાથમાં આવેલું તે કલ્પતરૂ ને કામધેનુ છે. તે પારસમણિ છે, ચિન્તામણિ છે. તે પારસમણિના સ્પર્શથી લોહ સુવર્ણ બની જાય છે, અને ચિન્તામણિથી મનેચ્છા પૂર્ણ થાય છે. નિર્મળ પ્રેમનાં અસ્ખલિત ઝરણાથી તે પુરુષના હૃદય-વૃક્ષને સદા લીલુ ને પ્રફુલ્લ રાખે છે; પણ તે દિવ્ય રત્ન સંભાળવાની પુરુષમાં પ્રથમ યોગ્યતા હોવી જોઇએ, નહિ તો પૂર્વના મહા પુણ્યે સાંપડેલી કસ્તુરીનો તેના હાથે કાંદાના શાકમાં વઘાર થઇ જાય ને પ્રેમ-મણિ કીચડમાં રગદોળાય.

કૃષ્ણદાસના ભાગ્યબળે તે સુશીલા જેવી રતી-સુંદરીનો ભોક્તા થયો હતો. લગ્ન થતાં પહેલાંજ દમ્પતીનું તારા-મૈત્રિક

થએલું હોવાથી ને એક બીજા પ્રત્યે પ્રેમ-તંત્રથી જોડાયલાં હોવાથી તેમનો સંસાર સરળ રીતે ચાલતો હતો. શૃંગાર ને પ્રીતિ-રસનાં ઇંગ્રેજી ને સંસ્કૃત કાવ્યોના રસજ્ઞ અભ્યાસીઓએ સ્નેહ-સાગર ખળભળાવી મૂક્યો હતો. પતિ પત્ની બન્ને વિદ્વાન ને ગુણવાન હોવાથી તેમનો પ્રેમ કંઇ જુદોજ રંગ જમાવતો હતો. મનુષ્ય-કલ્પનામા જેટલું આવી શકે તેટલું પ્રેમ-સુખ તેઓ ભોગવતાં હતા. તેમના મંગળ સુખનો તાદૃષ્ય ચીતાર ચિતરવાને આ લેખકની લેખિની તદન અસમર્થ છે. પિયેરની સાહ્યબીમાં ઉછરેલી, છત્તર પલંગમાં મખમલની તળાઇપર સુતેલી, બત્રીસ પ્રકારના મીઠાં પકવાન જમેલી, દાસ દાસીના હાથે સેવાયલી, ઘોડાગાડીમાં ફરેલી, ભવ્ય મહેલમાં વસેલી, ને સુવાસિત પુષ્પોના મીઠા પગથી બ્હેકેલા બગીચામાં ભટકેલી સુશીલા, રંક પતિ-ગૃહની દરેક ચીજને પૂર્ણ પ્રેમથી ચાહતી હતી; પોતાની સ્થિતિમા પોતાને પૂર્ણ સુખી માનતી હતી. પોતાની ચાલુ સ્થિતિથી વધારે સુખી ને ઉત્તમ સ્થિતિની તેને મુદ્દલ વાંચ્છના નહોતી. ખરેખર સુશીલા સાધ્વી સ્ત્રીઓમાની એક હતી.

> "નાર જાકી પતિવરતા વોહી શાદ જગમેં,
> શાદ જગમે વોહી આબાદ જગમે.—નાર.
> નારી પતિવરતા જાકી, વાકો સુખ હય જીતેજી
> લંપપે હોગી ના ફરિયાદ જગમેં,—નાર.
> પાઇ જો કરકસા નારી જીતેજી નરક હય ભારીજી
> સમ્પત હો સારી બરબાદ જગમે.—નાર."

કૃષ્ણદાસના લગ્નમાં ઉમાગૌરીનું કેટલુંક પહ્યું મારવાડીને ત્યાં ત્રિકમદાસે ગીરવી મૂક્યું હતુ જે છોડાવી લાવવાને ત્રિકમદાસ

પાસે હાલ રૂપિયા નહોતા; વળી કૃષ્ણદાસના ભણવામાં **તેમને** કેટલોક ખર્ચ થઇ ગયો હતો. કૃષ્ણદાસે એકજ વર્ષમાં બે ચાંદ મેળવ્યા હતા—એક સુશીલા સુંદરીનો ને બીજો **યુનિવર્સીટી** તરફથી **બી. એ.** ની પરીક્ષા પહેલા વર્ગમાં પહેલે નંબરે માન સાથે પસાર કર્યાનો. સુશીલાનાં પગલાંએ કૃષ્ણદાસ પાસ થયો એમ ત્રિકમદાસ તથા ઉમાગૌરી માનતાં હતાં ને તે ખરૂંજ હતુ. હવે કૃષ્ણદાસ ઘેર **એમ. એ.** નો અભ્યાસ કરતો હતો. **એમ. એ.** માટે તેણે વેદાંતનો વિષય પસંદ કર્યો હતો. **બી. એ.** માં પણ સંસ્કૃત લઇનેજ પાસ થયો હતો. **બી. એ.** માં પાસ થયા પછી તેને મળતી સ્કોલરશીપ બંધ થઇ હતી મારવાડીને વ્યાજનો માસિક હપ્તો ભરવો, સુશીલાને ઓછું ન આવે તથા લોકમાં પોતાની કળા ન પડે તેવી રીતે ઘર ખરચ ચલાવવો, ને કૃષ્ણદાસના ભણવાનો ખર્ચ આપવો, એ સર્વ ખર્ચ ત્રિકમદાસને કંઇ નંદલાલના પગારમાથી થઇ શકે તેમ નહોતું. પાસે બીજું પણ કંઇ દ્રવ્ય ઉપાર્જનનું સાધન નહોતુ. ત્રિકમદાસ તથા ઉમાગૌરી તે માટે બહુ બહુ મુઝાવા લાગ્યાં. એક દિવસ તેઓ બન્ને એકાંતે બેસી પોતાની વર્તમાન સ્થિતિ સંબંધિ વાતચિત કરતાં હતાં તે વખતે સુશીલા જે પાસેની ઓરડીમાં બેસીને કંઇક કામ કરતી હતી તેના સાભળવામાં તે વાત આવી. પોતાને માટે વૃદ્ધ સાસુ સસરા આટલી મમતા ને કાળજી રાખે છે તેથી સંતોષ થયો, પણ પોતાના લગ્ન પૂરે તથા પતિને ભણવા પૂરે થયેલુ ખર્ચ અને ઘરની ચાલુ બારીક સ્થિતિ જાણી તેના મનમાં મહા ખેદ થયો. તેમના દુઃખમાં ભાગ પડાવવાને પોતે કોઇ પણ રીતે સમર્થ છે કે નહિ

લેનો તેણે આખો દિવસ એકલાં પડતાં વિચાર કર્યો, પણ તેમાં પોતે તેમને તદ્દન નિરૂપયોગી લાગી, તે ગરીબ ઘર ઉપર પોતાની જીંદગી મોટા બોજા સમાન તેને સમજાઈ. ચારે તરફ તેણે બહુ લાંબી નજર દોડાવી જોઇ, તેમ.થી આખર એક વિચાર સૂઝ્યો જે રાત્રે પતિ મળતાં અમલમાં મૂકવાનો ઠરાવ કર્યો.

રોજ રાત્રે જમ્યા પછી આઠ વાગ્યાથી સાડા નવ કે દસ વાગ્યા સુધી કૃષ્ણદાસ વાંચવા બેસતો હતો. સુશીલા ત્યાં સુધી ગૃહકાર્ય કરતી. ઘરમાં છૂટક ઘાટી (પાનીગો) રાખેલો હોવાથી બીજું પરચુરણ કામ સુશીલાને કરવું પડતું હતુ. ઘેર ઘાટી રાખવા માટે ત્રિકમદાસ તથા ઉમાગૌરી સુશીલાને બહુ બહુ કહેતાં હતાં પણ સુશીલા, " તેની મુદ્દલ જરૂર નથી. હુ સર્વ કરી લઇશ, " એવો જવાબ આપી તેમને શાત કરતી હતી. તે કુળ-દીપિકાની ઉમાગૌરીને બહુ દયા આવતી હતી તેથી ઘણી વખત સુશીલાના કામમાં મદદ કરવા દોડી જતી હતી, પણ સુશીલા તેને જરા પણ કામમા હાથ લગાડવા દેતી નહિ. ઘર-વ્યવહારની દેખરેખ રાખીને તથા પૂછવામા આવેલી બાબતનો યોગ્ય ખુલાસો આપી વૃદ્ધ સાસુને નિશ્ચિતપણે પ્રભુ ભજન કરવાને સુશીલા કહેતી હતી, પણ પોતાને ઘેર ગૃહસ્થ બાપની પુત્રી રોજ કામ કરીને શરીરના હાડકાં બહાર કાઢે તે વાત્સલ્ય સાસુથી ખમી શકાતું નહોતુ.

મોટા પુત્ર નદલાલની સ્ત્રી પ્રભાવતી અંગરખુ ને તડાકીદાર હતી. જમીને પગપર પગ ચઢાવી ગામ ગપાટા મારવામાં તે બહુજ હુશિયાર હતી. સુશીલા આવ્યા પછી ઘર કામમાં સ્હેજ પણ તે હાડકું નમાવતી નહોતી, તેમ સુશીલા જેઠાણીની મુદ્દલ ભુખી

પણ નહોતી. ઉમાગૌરીથી આ ખમી શકાતું નહિ. ઘણી વખત પ્રભાવતીની પક્ષ્ય માટે તેણે ઠપકો દીધો. પણ " શેઠની શીખામણ ઝાંપા સુધી. " " સુશીલા દેરાણી મને કામે અડકવા નથી દેતાં એટલે મ્હારો શો ઇલાજ, " એજ જવાબ તે સાસુને દેતી હતી. સુશીલાના સ્હોજથી તેના ઉપર સાસુ સસરાનો પૂર્ણ પક્ષપાત હતો. આથી પ્રભાવતી સુશીલા ઉપર દ્વેષે બળતી હતી. એક ઘરમાં બે સગા ભાઇને દ્વેષ હોય છે તો જુદા ઘરની બે સ્ત્રી વચ્ચે દ્વેષ કેમ ન હોય ? સુશીલા દ્વેષ શું ચીજ છે તે મુદ્દલ જાણતીજ નહોતી, પણ મૂર્ખ, અભણ ને તોછડી પ્રભાવતીમાં દ્વેષે સંપૂર્ણ વાસ કર્યો હતો. બીજી અભણ સ્ત્રીઓ માફક દેરાણીની નિંદા કરીને તેને હલકી પાડવામા જ તે સુખ માનતી હતી સુશીલા કામમાંથી પરવારી ગાતી, વગાડતી, કે વાંચતી તે તે ઝેરીલીથી સાંખી શકાતું નહોતું. સુશીલાની આંખમાં એવી અજબ શક્તિ રહેલી હતી કે તેની સમક્ષ તેને દુઃખ થાય એવો એક પણ ઉચ્ચાર પ્રભાવતીથી થતો નહોતો, પણ પૂંઠે પોતાનુ ધાર્યું કરતી હતી. સુશીલામાં નિંદા કરવા લાયક કંઇ પણ દુર્ગુણ નહોતા, પણ જેને કોઇ રીતે સામા માણસને વગોવવુ છે તે સાચા જુઠાની ભાગ્યેજ દરકાર રાખે છે. જેઠાણીની નિંદાખોર રીતભાતની વાત સુશીલાને કાને કેટલેક ઠેકાણેથી આવતી હતી, પણ તે વિષે કંઇ પણ તે મન ઉપર લેતી નહિ, તેમજ સાગર સરખું ગંભીર પેટ રાખીને સાસુ સસરા કે પતિ પાસે તે બાબતનો સ્હેજ પણ ઉચ્ચાર કરતી નહોતી. સુશીલાને પોતાની જેઠાણીની માફક બપોરના ચાલીમાં બેસી કે સગાં વહાલાને ત્યા જઇ પારકી કુથલી કરવાની મુદ્દલ ટેવ નહોતી. જમી પરવારી પોતાના ઓરડામાં જઇ કાંઇક વાંચવાની

ચોપડી લઇને બેસતી કે સારંગી લઇ એકાદ બે પદ લલકારતી. કેટલીક વખત સાસુને પણ ધર્મ જ્ઞાનનો વિષય વાંચી સંભળાવતી હતી. પુત્ર-વધૂના ઉચ્ચ જ્ઞાનથી ઉમાગૌરી મોહ પામી ગઇ હતી. પોતાના રંક પુત્રને રાજકન્યા મળ્યા માટે પરમાત્માના હજારો ગુણ રોજ ગાતી હતી.

નંદલાલથી પણ નાના ભાઇનું સુખ ખમી શકાતું નહોતું. આખો દિવસ પોતે મહેનત કરીને રૂપિયા કમાઇ લાવે છે ને ભાઇ ભણવામાં સર્વ ઉડાવે છે તથા ગૃહસ્થ ઘરની કન્યા સાથે સુખ-ચેન ને મોજ શોખમાં રહે છે તેથી તેને બહુજ બળતરા થતી હતી. માતા પિતા પાસે તેનાથી એક અક્ષર પણ તે વિષે બોલી શકાય તેમ નહોતું. એક વખત સ્હેજ માતા પાસે પોતાનું દુઃખ રડતા ઉમાગૌરીએ તેની સખત ઝાટકણી કાઢી નાંખી ને ફરી તે વિષે બોલશે તો તેના બાપને જણાવવાની ધમકી સુદ્ધાં દીધી. નંદલાલમાં મુદ્દલ પાણી નહોતું એટલે માતાના દાબથી તેજ વખતે દબાઇ ગયો. આખર સર્વ બળાપો રાતના પોતાની સ્ત્રી આગળ તેણે ખાલી કરવા માંડયો. પ્રભાવતી તથા યશોદા વચ્ચે ઝાઝો મેળ નહોતો પણ આ બાબતમાં બન્નેને ભાવતું આવવાથી બેનો મેળ બરાબર બાઝયો. પ્રભાવતીએ સુશીલા માટે પોતાનો બળાપો ખાલી કરવા માંડયો. બન્ને તેજદ્વેષી ને નિંદા-ખોરનો તાલ બરોબર જામ્યો.

કળીયુગના વખતમાં સગાંમાંથી સ્નેહ ગયેલો લોક કહે છે તે તદન સત્યજ વાત છે. હાલના વખતમાં ભાઇ કહ્યાથી ભાઇ નથી ને ભોજાઇ કહ્યાથી ભોજાઇ નથી. સર્વ કોઇ સ્વાર્થનુંજ સગું

છે. પોતાનો કંઇ પણ સ્વાર્થ ન હોય તોપણ કેટલાક મૂર્ખ ભાઇથી નાના ભાઇનું સુખ ખમી શકાતું નથી. પોતાના દુઃખે દુઃખી ને સામાના સુખે પણ દુ:ખી એવાં સગાં હાલના વખતમાં દૂર શોધવા જવાં પડે તેમ નથી. સૌથી પહેલામાં પહેલી ને મોટામાં મોટી દુષ્મનાવટ બે ભાઇઓ વચ્ચેજ થાય છે. આ બાબતમાં કેટલીક જગાએ અપવાદ પણ હોય છે.

યશોદા બાળવિધવા હોવાથી બાપને ત્યાંજ રહેતી હતી. મોટી ભાભીની સાથે સુશીલાની નિંદા કરવામાં તે સદા સામેલ થતી હતી. સાસરાનું સુખ પરવારેલી હોવાથી તે તરફનો તેને મુદ્દલ ધાક નહોતો. પિયરમાં સર્વ કામકાજ નાની ભાભી સુશીલા કરવાને સમર્થ હતી એટલે બે વખત ખાઇ પીને માતેલી સાંઢણી માફક પાડોશી કે સગાં વહાલાંના ઘર ગણતી ને ઠેકાણે ઠેકાણે નાના ભાઇ ભોજાઇને વગોવતી હતી. યશોદામાં દુર્વિકારે મુદ્દલ પ્રવેશ કર્યો નહોતો. તે જાતે ગુમાની હતી એટલે સર્વ સ્ત્રી પુરૂષને તુચ્છ ગણતી હતી, જો કે તે પૂર્ણ યુવાવસ્થામાં આવી ગઇ હતી ને પતિ–સુખથી તદ્દન વિમુખ હતી પણ પોતાની વિષયવાસનાને તેણે તદ્દન મૂળમાથીજ બાળી ભસ્મ કરી નાંખી હતી. પરપુરૂષ સામે તે વાઘણ માફક ડોળા કાઢતી ને કદી તેને પોતાના તરફ નમ્યુ નહોતી આપતી.

જેઠ જેઠાણી, સાસુ સસરા, નણંદ ને પોતાના પતિને હરેક રીતે પ્રસન્ન રાખવાને સુશીલા સદા તત્પર રહેતી હતી. કોઇને પણ પોતાનું ચાલતાં સુધી ઉણું પડવા દેતી નહિ. સામાને પ્રથમ સુખી કરી છેવટે પોતે સુખી થવાનો પ્રયત્ન કરતી હતી. તે સ્વાર્થ કરતાં પરમાર્થને વધારે ચાહતી હતી. આટલુ છતાં ઘરમાં " ગદ્ધે

ખાયા ખેત, નહિ પુણ્ય કે પાપ " તેવુંજ હતું. સુશીલાની દાઝ જાણનાર આખા ઘરમાં સાસુ, સસરો ને પતિ એ ત્રણજ હતાં.

સુશીલા શ્વશુરગૃહમાં હાલ સુખના શીખરે ચઢી હતી પણ તે સ્થિતિમાં તે સદા કાયમ રહેશે કે કોઇ પેટનો બળ્યો નીચ રાક્ષસ પોતાનો સ્વાર્થ સાધવા પ્રપંચબળે તેને દુઃખના દરિયામા ફેંકી દેશે તે તો પ્રભુ જાણે !

રાત્રે પરવારીને સુશીલા પતિ પાસે જઇ સ્હેજસાજ વિનોદ વાર્તા કરીને બોલી: " મ્હારા ઉપર તમને વિશ્વાસ હોય એમ મને નથી લાગતું. "

" સુશીલા ! એ શું બોલી ? ત્હારા ઉપર મ્હારો વિશ્વાસ નહિ ? આજે આ ભૂત વળી કયાંથી ભરાયુ ?

" હા, વિશ્વાસ નથીજ. "

" કારણ ? "

" તમે મ્હારાથી મુદ્દાની વાત છૂપાવી છે. "

" અરે એ તું શુ બોલે છે ? "

" હુ ખરૂજ બોલું છુ "

" ત્હારૂ ચિત્ત આજે ઠેકાણે મને નથી લાગતુ. ત્હારા ઉપર હુ અવિશ્વાસ રાખું તે બનેજ કેમ ? ત્હારાથી મ્હારે મુદ્દાની વાત શુ છૂપાવવાની છે ? "

" હા છે, ને તે વાત તમે છૂપાવી મને ઠગી છે. "

" એમ બનેજ કેમ ? "

" તે બન્યું ને મે આજે સ્વતઃ સાભળ્યું. તમે ને તમારા માતા પિતાએ મને હલકી ગણી છે. "

" આ બોલો શું મ્હારી સુશીલાના મોંમાંથી હું સાંભળું છું ?

હા ! હા ! પણ તું ભરમમાં જે બોલે છે તેથી મ્હારી ઉત્કંઠા વધી પડે છે માટે જે કંઇ હોય તે સ્પષ્ટ જણાવ."

"આપણા લગ્નમાં ને તમારા અભ્યાસમાં પિતાજીને દેવુ કરવું પડ્યું છે તે માટે માતાજીના દાગીના ગીરવી મૂકવા પડયા છે તે શુ ખરી વાત છે કે ?"

"હા ! હા ! પણ તેની તને કયાંથી–"

"ખબર મને પડીજ." સુશીલા વચમાં બોલી ઉઠી; "મે' તેમને પિતાજીની પાસે વાત કરતાં સાંભળ્યાં છે. જ્યારે માતાજીના દાગીના કામમાં આવ્યા ત્યારે મ્હારા કેમ ન આવે ? શુ હુ એવી કલંકિત છુ કે મ્હારા દાગીના કામમાં ન આવે ?"

"ત્હારામા કદી પણ કલંક આવેજ કેમ ? સૂર્યમાં શ્યામતા ને અમૃતમા કડવાશ હોયજ કેમ ? પણ ત્હારા દાગીનાની હાલ જરૂરજ નથી.'

"શું મ્હારા દાગીના કામમાં નહિ આવે ? તેમ છે તો હુ મરતી કેમ નથી ? તમે સર્વ માગનારના દેવાના દાબ તળે દબાયલા રહો ને હુ સોના રૂપાના ઝાંઝર ઝુમણા પહેરી લટકો કરી નફકરી મ્હાલુ તે કરતા બળ્યું આ જીવુ ! ધૂળ પડી આ જીતરમા ! લ્યો આ !" એમ કહી સપાટાબંધ સર્વ દાગીના ઉતારી પતિ પાસે મૂકવા માંડયા.

"શાણી ! આ ત્હારા સૌભાગ્ય અલંકાર છે તે શરીર ઉપર રહેવા દે. દેવાનું સૌ થઇ રહેશે."

"તમે પ્રત્યક્ષ છો તો પછી ધાતુના ખાલી ખખડતા સૌભાગ્ય–સૂચકની શી જરૂર છે ? તમે છો તે મ્હારે સર્વસ્વ છે. કૃત્રિમ

અલંકારની સાથે મ્હારે કંઇ પણ લાગતુ વળગતું નથી. તમારે દુઃખે દુઃખી, ને તમારે સુખે સુખી હુ છુ, માટે લો. "

" હાલ તો પહેર; સવારે પિતાજી જેમ કહેશે તેમ કરીશ. "

" તો હાલ આપની આજ્ઞા શિરપર ચઢાવી પહેરૂં છું, પણ પિતાજી નહિ માનશે તો ? "

" તો તે બાબતમાં હું લાચાર છું. "

" નહિ, તમારે મ્હારા તરફથી વકિલાત કરવી પડશે. મ્હારો પક્ષ તમારે પૂરવાર કરવો પડશે. '

" હુ મ્હારાથી બનતી રીતે કરીશ. "

" જો જો, હો઼ં, તમને મ્હારા સમ છે. મ્હારા પક્ષ માટે જબરી લઢત ચલાવજો. "

' પિતા સામે લઢવાનુ તુ કહે છે ? વાહવા ! સુશીલા તું પણ ખરો હો઼ં ! " કૃષ્ણદાસે હસતાં જણાવ્યું.

" અરે આડું શુ બોલો છો ? પિતાજી સામે તે કંઇ લઢાય ? એ તો મ્હારો જે વિચાર છે તે તેમને મ્હારા તરફથી પૂર્ણ આગ્રહપૂર્વક જણાવજો. "

" ઠીક; પણ વકિલાતની ફી ? "

" તે આપશું. "

" કયારે ? "

" યોગ્ય સમયે. "

" તે સમય કયારે આવશે વારૂ ? "

" તેના વખતે. અવસરનાં ગીત અવસરેજ ગવાશે. "

" ના, તેમ નહિ ચાલે, મ્હારૂં બીલ તો પ્રથમ ચૂકવવું પડશે. '

" લો ત્યારે પ્રથમ ચૂકવીશ, થયા રાજી ? "

" ત્યારે ચૂકવો હમણા. થાઓ તૈયાર. "

" એવું શું બોલો છો ? મને તો લજ્જા આવે છે. "

" આપણા લગ્ન થતાં પહેલાં લજ્જા નહોતી આવતી ? "

" ના. "

" કારણ ? "

" મ્હારા વિચારો તે વખતે પ્રેમથી સંપૂર્ણ પરિપક્વ થયા નહોતા. હું તે વખત અજ્ઞાન મુગ્ધા હતી. "

" લગ્ન થયા પછી પતિનો લજ્જા આવે તે તો મે આજજ ત્હારી પાસે સાભળ્યુ. "

" હવે એવી આડી વાત જવા દો, પણ કાલે જરૂર મ્હારા દાગીના લેવાનુ ઠરાવજો, નહિ તો તમારી સાથે રૂષણુ લઈશ "

" બીલ હમણા ચૂકવાય તો સર્વ થાય. "

" જુવો, જુવો, પેલો અદેખો ચદ્ર બારીમાંથી ડોકીઆં કરી આપણી ચેષ્ટા જુવે છે ! "

" ક્યાં છે ? ક્યાં છે ? ચાલ બારી પાસે ને બતાવ. "

" લો ચાલો બતાવુ " એમ કહી કોમળાંગીએ કોમળ હસ્ત પતિના વાસા ઉપર પ્રસારી પતિને આનંદથી બારી પાસે લઈ ગઈ. " લો જુવો જુવો! આપણને જોતાથી અર્ધ સંતાયલો નભમા પેલો દેખાય ? " સુશીલાએ હાથ લાંબો કરી આગળીના ટેરવે ચંદ્રને દેખાડતાં કહ્યું.

" હા, ખરો ! ખરો ! " એમ બોલી ચંદ્ર તરફ નિહાળતી પત્નીની ભૂલનો લાભ લઈ પ્રેમ-દાન દઈ દીધુ ને બોલી ઉઠ્યો, " ફતેહ ! બીલ ચૂકયું. "

"અરે આ શું કર્યું ?" સુશીલા ચમકીને પ્રેમાનંદમાં કૃત્રિમ ક્રોધ જણાવી બોલી.

"લાવણ્યતાની પીંછીથી તારા મુખારવિંદ ઉપર ચીતરાયલા આનંદનો લ્હાવો લીધો."

* * * *

પ્રકરણ ૧૬ મું.

યુવાની દિવાની.

" ક્યું જવાંની ખો રહે હો શાદમાંની કે લીયે,
પીરીમે રોયા કરોગે ઇસ જવાની કે લીયે.—ક્યું.
સુકતા હુયે જમ શજર ફેર વોહ હરા હોતા નહી,
વોહ કહાંની યેહ જવાની પીરે ફાંનીકે લીયે.—ક્યું.
આબે રફતા નેહેરમે ફેર લઓટ કર આતા નહી,
પા નહી સકતે ગુજસ્તા જીંદગાની કે લીયે.—ક્યું."

પાણીના રેલા માફક કાળ સપાટાબંધ વહી જાય છે. લીલાવતીનાં લગ્ન થયાંને ચાર વર્ષ વીતી ગયાં છે તે અરસામાં ઘણા પ્રકારના ફેરફાર તેનામાં થઈ ગયા છે. તેનું યુવાવસ્થા રૂપી ગુલાબ અર્ધ વિકસી પમરાટ પ્રસારી તનમનાટ કરી રહ્યું છે, પણ તેજ ગુલાબને વજ્ર કાંટા છે. લીલાવતીની યુવાની વિષથી પુર્ણું છે. "યુવાની દિવાની છે." યુવાનીના મદમાં અંધ

બનેલાં ઘણાં યુવાનો પોતાની જીંદગીપર પાણી ફેરવે છે. વિલાસને ખરૂં સુખ માની માયાની જાળમાં સંપૂર્ણ તેઓ લપટાઇ જાય છે. તેઓએ મોહ-મદિરા પીધેલો હોવાથી તેમને મોહ સિવાય કશું દેખાતુજ નથી માયાવી સુખ જે ઝાંઝવાંના નીર જેવું છે તે લેવા જતાં જીવન પર્યંત ભટકીને ખુવાર થાય છે જ્યારે ઘણી ઠોકરો વાગે છે ત્યારેજ તેમને પોતાના કાર્યનો પસ્તાવો થાય છે, પણ તે પસ્તાવો ઘર લાગ્યા પૂઠે કુવો ખોદાવવા જેવો નિરર્થક છે.

લીલાવતી પાશ્ચાત્ય ફેશનની શીશિયારીમા ફસી ગઇ છે. બોલવા ચાલવા, ઓઢવા પહેરવા, હરવા ફરવા, ખાવા પીવા ને સર્વમાં તેણે સુધારો દાખલ કરી દીધો છે. સાસુ સસરા જેવા પૂજ્ય વડિલની સામે હરેક બાબતમાં ઉદ્ધતપણે જવાબ દેવા માંડયા; તેમની સૂચના ને શીખામણને હસી કાઢવા લાગી ને આર્ય-ધર્મ પ્રનાલિકાને તોડી મનસ્વીપણે વર્તવા લાગી; પરપુરુષોની સાથે હસી બોલી હાથ મેળવવા લાગી, તેમની સાથે ઘોડાગાડીમા ફરવામાં હીણપદ ન જોવા લાગી, સુંદરદાસ જેવા લંપટ ને દુર્ગુણીની સાથે એકાંત સમાગમ શોધવા લાગી રંગીલદાસ પણ તેવોજ બની ગયો; તેને લીલાવતીની સ્પૃહા નહોતી તેમ લીલાવતીને તેની નહોતી. સુધરેલી રૂઢી પ્રમાણે સૌ પોતપોતાની મરજી પ્રમાણે વર્તવાને મુખત્યાર હતાં. પત્નીના કાર્યમાં પતિ, ને પતિના કાર્યમાં પત્ની કદી માથું મારતાં નહોતાં. રંગીલદાસને પારકા ખેતરનો પોંક મીઠો લાગ્યો હતો. તે રમ્ભાને પોતાનું તન, મન ને ધન સમજતો હતો. દિવસ ને રાત્રિમાં મળી રોજ ચાર પાંચ કલાક તેને ત્યાં પોતાની નોકરી ભરી આવતો હતો.

જુના વિચારનો કંજુસ મોહનદાસ રંગીલ ને લીલાની વર્તણુકથી તદ્દન કંટાળી ગયો. ઘણી વખતે તેમને ઠપકો દીધો, પહેરેલાં કપડાંભેર જુદાં કાઢવાની ધમકી આપી, ને વારસામાંથી બાતલ કરવાનું કહ્યું; પણ નિર્લજ્જો ઉપર તેની કંઇ પણ અસર ન થઇ. નંદકોર ઘણાજ તીખા સ્વભાવની હતી. નાક ઉપર માખ બેસે તો નાક કાપી નાખવાને તે આંચકો ખાય તેવી નહોતી. છોકરાના થતા ભવાડા તેનાથી સહન ન થયા. આખર કંટાળીને રંગીલદાસ તથા લીલાને થોડું ઘણું આપી જુદાં કાઢયાં. મા બાપ બીચારાં એમ સમજતાં હતાં કે જુદાં કાઢવાથી તેઓ સારે રસ્તે વળશે; પણ તે ધારણામાં તેઓ ઠગાયાં. રંગીલદાસ ને લીલા મૂળથીજ જુદાં રહેવાનું પસંદ કરતાં હતાં. જુદાં રહેવાથી તેમને માથેથી વડિલનો સ્હેજ પણ ધાક હતો તે જતો રહ્યો. ઘરમાં હવે ફક્ત બે જણ–' હુતો ને હુતી '. ન કોઈ કહેનાર કે કથનાર. રંગીલદાસ જમીને તાંજોરીની ઓફીસે જાય એટલે લીલા ઘેર ખાનગી ઓફીસ જમાવે. તેઓ પોતાની યુવાનીમાં એટલાં દિવાનાં બન્યાં હતાં કે તેમનાંમાંથી સારાસાર પારખવાની શક્તિ તદ્દન નષ્ટ થઈ ગઇ હતી તે સુધરેલાં દમ્પતીની વાત ઘેર ઘેર ચર્ચાવા લાગી. નંદકોરને તેની અસર ઘણીજ થઇ ગઇ ને તેનું મન અસ્વસ્થ થઇ ગયું તેની માનસિક વ્યગ્રતાએ શારીરિક વ્યાધિને પણ તેડી આણી. વૃદ્ધ નંદકોર ઉપર બન્નેએ સામટો હુમલો કર્યો ને તેમાં તેણે આખર દેહ છોડયો.

પ્રથમ મોહનદાસનું શરીર બગડયું હતું ત્યારે તેણે જે પોતાના પુત્રના લાભમાં વિલ કર્યું હતું તે ફેરવવા હાલ તેનો વિચાર થયો હતો, પણ તેને અમલમાં મૂકવાનો પ્રસંગ આવતો નહોતો. છોકરાંને

જુદાં કાઢતી વખતે મોહનદાસે જે કંઈ તેમને આપ્યું હતુ તે તેમણે દીવાળીઆકી કરી નાંખ્યું હતું ને રંગીલે ચાર પાંચ હજારનું ઉલટું દેવું કર્યું હતું. લીલાનું ખાનગી ખરચનું એક બે હજારનું દેવુ હશે તે તો જુદું. લીલાના દેવાની રંગીલને ખબર નહોતી.

રગીલ તથા લીલા હવે મોટી મુઝવણમાં આવી પડયાં. બાપ પાસે માગવા જવા જેવો સંબંધ હવે રહ્યો નહોતો, ને કંજુસ મોહનદાસ બળતામાં ઘી હોમી વંઠેલાં છોકરાને એક ફૂટી બદામ પણ પરખાવે તે તદન અશકય હતું. આખર ચોતરફથી ઘેરાઈ જવાથી લીલાવતી તથા સુદરદાસે રગીલને સમજાવી તેને મોહનદાસ પાસે મદદ માટે મોકલ્યો, પણ મોહનદાસને ત્યાથી ચોખ્ખું ઝાડુ પડયું. હવે ચિંતાનો પાર ન રહ્યો. લીલા, ઘર ખરચ માટે પોતાના દાગીના વેચી ભીખારી થાય તેમ નહોતું. આખર પોતાના પિતા રણછોડદાસને સમજાવી તેની મારફતે પતિને કોઇ લાયક નોકરીએ વળગાડવાનો લીલાવતીએ વિચાર કર્યો. લીલા રણછોડદાસની ઘણીજ માનીતી પુત્રી હતી, તેમાં કમળાએ આગ્રહ સાથે ટેકો આપ્યો એટલે રણછોડદાસ જમાઇ માટે નોકરીની શોધ કરવા લાગ્યા. ઓફીસો ને બેંકોમાં પોતાની લાગવગ ઘણી સારી હોવાથી તેમજ બેંકોના દરેક સાહેબ સાથે તેને ઘાડો પરિચય હોવાથી રંગીલદાસને મુંબઇ બેંકમાં એક સરાફની ખાલી પડેલી જગા ઉપર રૂપિયા સોના પગારે ગોઠવી દીધો. સાત કલાક સુધી સખત નોકરી કરવી પડતી હોવાથી તેમજ હાથ ઘણોજ ભીડમાં આવવાથી રમાને ત્યાં હવે રોજ જવાનું બંધ થયું. લીલાને ખાનગી ખરચ માટે હવે તેની મા તરફથી ખાનગી રીતે મદદ મળતી હતી.

સો રૂપિયામાંથી પોણોસો એંસી તો ઘર ખરચ માટે લીલાવતીને આપવા પડતા હતા, બાકીના વીસ પચીસમાં તેનો મહિનો નીકળે તેમ નહોતું એટલું વળી સારૂ હતુ કે તેને ઘરનું ભાડું આપવુ નહોતું પડતુ, કારણકે તે જે માળામાં રહેતો હતો તે તેના બાપનો હતો.

એક બે વખત રંગીલદાસ પોતાના પ્રિય મિત્ર સુદરદાસ પાસે પોતાનું દુઃખ રડયો પણ સુંદર પોતાના ખીસામાંથી એક દમડી પણ આપે તેમ નહોતો. રંગીલદાસની સાથે તે પણ પોતાનું દુ:ખ રડવા બેસી જતો હતો. આખર રંગીલદાસના માગનાર મારવાડીઓ અધીરા બની ગયા. દોઢ ને બે ટકાનું વ્યાજ ચઢાવી મૂળ રકમના સવાયા દોઢાનો હિસાબ કરી તેમણે રંગીલદાસ ઉપર વકિલ દ્વારા નોટીસો મોકલી. વકિલની નોટીસ જોઇને રંગીલદાસના હાંજા ગગડી ગયા. રૂપિયા ત્રણ દિવસમાં નહિ ભરાશે તો પોતાને કોર્ટમાં ઘસડાવું પડશે તે વિચારથી તે તદન શોકાતુર બની ગયો. તે વાત તેણે લીલાને જણાવી, પણ તે તેને તેમાંથી બચાવી શકે તેમ નહોતી.

સુધરેલાં છોકરાંના અયોગ્ય વર્તનથી મોહનદાસ તદન નિરાશ બની ગયો. જે પુત્ર માટે તેણે મહા પરિશ્રમ કરી દ્રવ્ય પેદા કર્યું હતું, જે પુત્રથી પોતાનું નામ અમર રહેવાની તે આશા રાખતો હતો, જે પુત્રથી પોતાનો તથા પોતાની ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થવાની અભિલાષા રાખતો હતો, જે પુત્રથી વૃદ્ધાવસ્થામાં પોતાની સેવા ચાકરી થવાની આશા રાખતો હતો, જે પુત્રથી નાતની શેઠાઇનો દરજ્જો જળવાઇ રહેવાની ઉમેદ બાંધતો હતો, ને જે પુત્રથી પોતાનું વાંઝિયામેણું ટળાયલું સમજતો હતો તેજ પુત્ર એક હિત-

શત્રુ નીવડયો-તેની ઝળકતી કીર્તિને ઝાખી પાડનાર નીકળ્યો આ બનાવથી કયા બાપને ખેદ નહિ થાય ? વિલમાંથી બાતલ કરવાની ધમકીથી ને જુદો રાખવાથી પણ તે ન સુધર્યો તેથી વાત્સલ્ય ભાવે ફરીથી પુત્રને ત્યા રાત્રે જઇ બે બોલ શીખામણના કહેવા ધાર્યા.

રાત્રિના આઠ વાગ્યાનો અમલ થયો છે. રંગીલદાસને ત્યા રંગીલદાસ, સુંદરદાસ ને લીલાવતી આનંદ કરી રહ્યાં છે. ત્રણે એકજ સ્વરૂપ હોવાથી તેમનામા મુદ્દલ ભિન્નતા નહોતી. ત્રણે યુવાન છૂટા વિચારના, ને એક બીજાના પરમ પ્રેમ-પાત્ર છે એટલે કોઇ પણ પ્રકારના અંકુશ વગર અત્યારે મનગમતી મોઝ માણી રહ્યા છે. દ્રાક્ષારસ માટે તે સુધરેલાને કોઇ પણ પ્રકારનો બાધ નહોતો. ટ્રેચર ને કેમ્પ કંપનીના કમ્પાઉન્ડરોને હાથે મિશ્રિત થયેલી વિલાયતી દવાના બાટલા જ્યારે મોટા ધર્મ-શાસ્ત્રીઓ ને ચુસ્ત વૈષ્ણવો પીએ છે ત્યારે દ્રાક્ષ જેવી ઉત્તમ વસ્તુનો રસ પીવામા કંઇ પણ નિષેધ છેજ નહિ એમ તેમની દલીલ હતી. અત્યારે તેઓ નીશામાં ચકચૂર બન્યાં હતાં, પણ ભાન રહિત મુદ્દલ નહોતા. એટલામાં નોકરે આવી મોહનદાસના આવવાના સમાચાર કહ્યા આ સમાચાર સાભળતાજ સર્વ એકદમ સ્તબ્ધ થઇ ગયા. એટલામા તો મોહનદાસ ત્યાં આવી પહોચ્યો ને તેમની પાસે ખુરસી ગોઠવી બેઠો. પણ તરતજ કંપારી ખાઇને પોતાની ખુરશી દૂર ખેંચી લીધી, કારણ તેમનુ મો વાસ મારતું હતુ. તેને બહુજ ગુસ્સો ઉપજ્યો પણ તે દબાવીને બોલ્યો.- " મ્હારાં છોકરાં ! હુ હાલ કેમ આવ્યો છું તેની તમને ખબર તો હશેજ ? "

" તમારા આવવાના કારણની અમને શુ ખબર હોય ? " રંગીલે કહ્યું.

"ત્યારે સાંભળો, હુ તમો બન્ને નાદાનને મ્હારી ફરજ સમજી શીખામણના બે બોલ કહેવા આવ્યો છુ "

" શાની શીખામણ દેવા અત્યારે આવ્યા છો વારૂ ? " લીલાએ ટંકારવાં પૂછ્યુ.

" તમારી નાદાનીની. "

" પણ અમે નાદાન નથી એટલે તમારી શીખામણની જરૂર નથી, સમજયા સસરાજી ? "

" હા હું સર્વ સમજી ચૂક્યો છું પણ તમારે બન્નેએ આ ઉદ્ધતાઇ છોડી દઇ સીધે રસ્તે ચાલવુ પડશે. "

" અમે તો સદા સીધેજ રસ્તે ચાલીએ છીએ. અમે અમારો સ્વાર્થ પૂરેપૂરો સમજીએ છીએ. " રગીલ બોલ્યો.

" જયારે તમે તમારો સ્વાર્થ સમજતાં હોત ત્યારે મ્હારે વળી શી વિટમ્બણા હોત ? આ નાદાન કૂતરાનો સગ છોડી દ્યો. "

" કાકા ! મને કયાં વચ્ચે વળી લેતા પડોછો ? હું તો ભાઇને સમજાવવા હમણાજ આવ્યો ને સારી રીતે ચાલવા સમજાવવા લાગ્યો તેટલામા તો તમે આવી પહોચ્યા. રંગીલને તથા લીલાવતીને સુધારવા માટે હું ઘણીજ મહેનત કરૂ છું. "

" હા, હા, હું સર્વ સમજું છુ. ત્હારીજ સોબતથી મ્હારા છોકરાં બગડયાં છે. "

" મને શીરપાવ તો ઠીક આપો છો મુરબ્બી ! પણ આગળ તમને મ્હારા બોલો યાદ આવશે. હું તદન નિર્દોષ છું. લોક તો ગમે તેમ બોલે. "

" ઠીક છે, ઠીક છે; વારૂ રંગીલ, મેં સાંભળ્યું છે કે તેં મારવાડીઓનું દેવું કર્યું છે ? "

" તદ્દન બનાવટી વાત. "

" ઓ કુળ અંગાર, જૂઠું શું બોલે છે ? દેવું કરીને પૈસો કાંકરાની માફક ઉડાવે છે. તમે બન્ને અનીતિને રસ્તે દોરવાયાં છો. હાય ! છોકરા, તું ત્હારી માને પેટ પથ્થર થઈ કેમ ન અવતર્યો ? રમા નાયકણુ સાથ સબંધ રાખતાં તને મુદ્દલ લાજ નથી આવતી ? "

" તમે મ્હારા ઉપર તદ્દન હડહડતાં જુઠા આળ મૂકો છો. તમારી પાસે તે માટે શા પુરાવા છે ? " રંગીલે પૂછ્યું.

" અરે ઓ નાદાન, નાપાક, તુ એવા નિર્લજ કાર્યના શાના પુરાવા માગે છે ? શરમ છે ! ધિક્કાર છે ! કાલે સાંજે મેં તને જાતેજ તેના ઘરમાં દાખલ થતાં જોયો છે. બોલ, હવે વધારે શું કહેવા માગે છે ? "

રંગીલ એકદમ શરમાઈ ગયો ને શું જવાબ દેવો તેનો વિચાર કરવા લાગ્યો. લીલા પણુ ચૂપજ થઇ ગઇ. સર્વ શાંત થઇ ગયાં. આખર થોડા વખત પછી ડોસાએ શાંતિ તોડી;—"લીલા ! ત્હારે માટે તો કંઈ હવે બોલવાનુંજ રહ્યું નથી. તેં ત્હારી, ત્હારા બાપની, ને મ્હારી સર્વની આબરૂ ઉપર પાણી ફેરવ્યું છે. તું ભણી છે પણુ ગણી નથી. તેં કેળવણીના નામને મોટું કલંક લગાડયું છે. ત્હારા દ્રષ્ટાંતથી ઘણાં માબાપ પોતાની કન્યા ને કેળવણી આપતાં અટકી જશે. તને વધારે સ્પષ્ટ રીતે કહેતાં હું વૃદ્ધ શરમાઉં છું. "

" તમારી બુદ્ધિ ઠેકાણે હોય તેમ મને મુદ્દલ લાગતું નથી. પણુ ટૂંકમાં તમને હુ જણાવું છું કે ફરીથી કદી પણુ અમારી બાબતમાં

માથું ન મારતા. તમે મ્હારા સસરા છો એટલે તમારા અપમાન ભરેલા શબ્દનો યોગ્ય બદલો લેતાં જરીક અચકાઉં છું."

"હા! હજી તો ત્હારે બદલો લેવાનો છે કેમ? જા, જા, બદલાવાળી! ત્હારા જેવી તો બહુ જોઇ છે પણ હવે તમે યાદ રાખજો કે મ્હારી પાસેથી તમને એક કોડી પણ મળવાની નથી. રંગીલ! ત્હારા નામનું પ્રથમ મે વિલ કર્યું છે તેથી ફુલાઇ ના જતો. હું હવે તે રદ કરી નવું ત્હારી વિરૂદ્ધ કરીશ. હુ હવે જોઉંછું કે પારકે પૈસે કયાં સુધી તમે તાગડધીન્ના કરો છો."

"અરે! પણ મેં તો કોઇનું એક અડધીનું પણ દેવું કર્યું નથી.—" એટલામા મુંબઇ બેકનો ઈંગ્રેજી મેનેજર, એકાઉન્ટન્ટ એદલજી ને બેંકનો સિપાઇ ત્યાં આવી પહોંચ્યા. સર્વ ચકીત થઈ ગયા.

"મી૦ રંગીલદાસ શરાફ!" સાહેબે શરૂ કર્યું.

રંગીલદાસ એકદમ ધોળો પૂણી જેવો થઇ ગયો. તેના પેટમાં મોટો ધ્રાસકો પડી ગયો. ચોરનું હૃદય ચોરજ હોય છે. સાહેબના આવવાનું કારણ તે સમજી ગયો. તેમનો કેમ આદર સત્કાર કરવો તે પણ ગભરાટમાં ન સૂજયું. મોહનદાસ પણ આ ત્રણેને આવેલા જોઈ મહા વિચારમાં પડી ગયો. તેઓ કોણ હશે ને કેમ આવ્યા હશે તેનો લીલા વિચાર કરવા લાગી. કોઇના મોંમાથી થોડીવાર સુધી એક અક્ષર પણ નીજ્યો નહિ. રંગીલ તો તદન નંખાઇજ ગયો હતો. આખર એદલજી બોલ્યો; "મી૦ રંગીલદાસ, બેંકના કામ સંબંધિ તમારી સાથે અમે કંઈ ખાનગી વાત કરવા માગીએ છીએ."

મોહનદાસને એદલજીના બોલવા ઉપરથી વહેમ પડી ગયો.

તે બોલ્યો; "મહેરબાન સાહેબ ! અહીં કોઇ પણ પારકું માણસ નથી. હું રંગીલનો બાપ મોહનદાસ છું, માટે લ્યો આ ખુરસી ઉપર બેસો, ને હરકત ના હોય તો નિરાતે વાતચીત કરો."

"ધેન આઇ ડોન્ટ સી એની ઓબજેકશન, મી૦ એદલજી !" સાહેબે એદલજી પ્રત્યે કહ્યુ એદલજીએ ડોકું હલાવ્યું ને બન્ને ખુરસી ઉપર બેઠા. મેનેજર જેનું નામ અન્ડરવુડ હતું ને જેને ગૂજરાતી સ્પષ્ટ રીતે બોલતાં આવડતુ હતું તે બોલ્યોઃ– "મી૦ રંગીલદાસ, અમે જણાવવાને ઘણાજ દીલગીર છીએ કે તમે બેંકમાંથી દશ હજાર રૂપિયા ઉચાપત કર્યા છે."

"શું દશ હજારની ઉચાપત કરી છે ? શુ ખરી વાત ?" મોહનદાસે આશ્ચર્યતામા ગભરાટથી પૂછયું

"હા, તદન ખરીજ વાત છે. એવી સીરીયસ મેટરનો ચાર્જ મૂકતાં પહેલાં અમે બહુજ બારીક તપાસ કરી છે, સમજ્યા સાહેબ ! ગો ઓન, મી૦ રંગીલદાસ ! તમે તે વિષે શું કહોછો ?"

રંગીલથી કઈ પણ જવાબ દેવાયો નહિ, પોતે તદન ફસાઈ ગયો હતો. તે જો કે ચોર હતો પણ હજી પકડો ચોર થયો નહોતો; તેનામાં ઝાઝી હિમ્મત નહોતી, તેનું હદય પોચુ હતું તેને પોતાની ભૂલનું ભાન થયું ને તે પસ્તાવા ને બ્હીવા લાગ્યો તેનાથી નીચેથી ઉચે મુદ્દલ જોઇ શકાયુ નહિ. લીલાવતી પણ નિસ્તેજ બની ગઇ. પતિની ચોરીની ભૂલ સસરા પાસે ઉઘાડી પડવાથી તેને શરમ આવી ગઇ.

"મી૦ રગીલદાસ, ! બોલો, તમે શું કહો છો ? કનફેસ યોર ફોરજરી, અધરવાઈઝ યુ વીલ બી પ્રોસીક્યુટેડ."

(તમારી લુચ્ચાઇ કબૂલ કરો, નહિ તો તમારા ઉપર કામ ચલાવવામાં આવશે) અન્ડરવુડે દમ કસીને જણાવ્યુ.

" માફ કરો, સાહેબ, હુ ભૂલ્યો, મેં રૂપિયા—"

" શું તેં રૂપિયા ચોર્યા છે ? હાય ! ઓ ચોર, ડામીજ છોકરા ! એ રૂપિયા કયા નાંખ્યા ? "

" મારવાડીના દેવામા. " રંગીલ શરમાતાં ધીમેથી બોલ્યો.

" પણ તમારે તે હમણાંજ ભરવા પડશે, નહિ તો તમારા ઉપર ક્રીમીનલ કેસ--"

" ના, ના, મુરબ્બી તેમ ન કરો. " રંગીલ વચમાં બોલી ઉઠ્યો, " મને માફ કરો, પણ મ્હારી પાસે કઇજ નથી. "

" હા મહેરબાન ! અમારી પાસે કઇજ નથી બીજી કોઇ જગાએથી સવડ કરી થોડા દિવસમાં ભરી દેઇશુ "

' ધેટ વોન્ટ ડુ. " (તેમ નહિ ચાલશે.) અન્ડરવુડ બોલ્યો, " ફકત તમારા ફાધર-ઈન-લો મી૦ રણછોડદાસની શરમને લીધે તમને પોલીસને નથી સોપ્યા. "

" પણ સાહેબો ! તે હવે કયાંથી ભરવાનો છે ? છોકરાં ભૂલ કરે તેની સજા તેના મા બાપનેજ થાય છે. ફકત મ્હારી ડૂબતી આબરૂ બચાવવાને ખાતર હું તે રૂપિયા હમણાંજ તમોને રોકડા ભરી આપીશ. પણ હવે આ વાત બીજા કોઇને મહેરબાની કરી ના જણાવશો. "

" નહિ, શેઠજી, તે વાત અમે સંદંતર ડાબી દેઇશું. મી૦ રંગીલદાસ, તમારી ડીઝઓનેસ્ટી માટે તમને કાલથી ડીસમીસ કરવામાં આવે છે. " અન્ડરવુડ બોલ્યો. રંગીલે કંઇ પણ પ્રત્યુત્તર ન વાળ્યો.

"રંગીલ ! કેમ, તું મને હમણાંજ કહેતો હતો કે દેવું નથી કર્યું ?" મોહનદાસે પૂછ્યું; "આ દેવું નહિ ત્યારે બીજું શું નીકળ્યું ? દેવું તો કર્યું પણ તેની સાથે ચોરી ને વિશ્વાસઘાત પણ કર્યો. ધિક્કાર છે ! શરમ છે ! ચોર નીમકહરામ ! ફરી ત્હારૂં મોઢું કોણ જોશે ? આ મુરબ્બી સાહેબોનો પાડ માન કે તને જેલમાં નથી મોકલતા, નહિ તો બે ચાર વરસ ઠોકાઇ જાત. હવે બધું ડહાપણ છોડી દઇને મ્હારા ભેગો કાલથી ત્હારી બૈરી સાથે આવીને રહે, સમજ્યો ? બોલ શું જવાબ દે છે ?"

"ઠીક છે, વિચાર કરીને ચોકસ ઠરાવ ઉપર આવીશું." રંગીલે જવાબ વાળ્યો.

"રંગીલ ! ત્હારાં કાળાં કરતુકોનો હાલ તો દસ હજાર રૂપિયા ઉપર જળ મૂકી ઢાંકપીછોડો કરૂં છું, પણ ફરીથી એક પાઇ માટે જેલમાં જવા દઇશ. કાલે સીધો સીધો મ્હારે ત્યાં રહેવા આવ ને કંઇક ઠેકાણે પડ."

"વારૂજી !" રંગીલે જમીન તરફ જોઇને જણાવ્યું. હજી તેનાથી ઉચે જોવાતુ નહોતુ.

"ચાલો સાહેબો ! મ્હારે બંગલે હું તમારા રૂપિયા ચૂકવી આપું છુ." મોહનદાસે કહ્યું.

"મી. રંગીલદાસ ! **ધીસ ઇઝ વેરી વેરી ડીસગ્રેસફુલ ટુ એ નોબલ બોર્ન લાઇક બી. ઓનેસ્ટ ઇન ફ્યુચર.**" (તમારા જેવા ઉમરાવને માટે આ ઘણુંજ શરમ ભરેલું છે. ભવિષ્યમાં પ્રમાણિક થજો.) અન્ડરવુડે રંગીલને કહ્યું. મોહનદાસ ત્રણેને લઇને ચાલી ગયો. મોહનદાસ તથા બેંકવાળાના ગયા

પછી લીલાવતી બોલી; " સુંદરદાસ ! આ તો પુરી કમ્બખ્તી આવી. ડોસો તો અમને બધાંને પોતાને ત્યાં આવી રહેવા કહે છે."

" કેમ, ભાઈ સુંદર ! ત્હારો શું વિચાર છે ? તે બાબતમાં મને તો કંઇ સુઝતું નથી. " રંગીલે પૂછ્યું.

" એમાં સુઝવાનું વળી શુ છે ? ગૂપચૂપ ત્યાં ઘુસી જાઓ, નહિ તો ચીંથરેહાલ થઇ ભુખે ટળવળી મરશો. કાલથી નોકરી પણ બંધ થઈ ગઇ છે. " સુદરે પ્રત્યુત્તર વાળ્યો.

" પણ તે કંજુસ બુઢિયાના ભેગું મ્હારાથી કેમ રહેવાશે ? હુ તેની દબાયલી કેમ રહી શકીશ ? " લીલાએ પૂછ્યું.

" પોતાનુ કાર્ય સાધવું હોય તો ગમે તેમ કરી રહેવુંજ પડે. ત્યાં નહિ જશો તો તમને એક પાઇ પણ આપ્યા વિના ડોસો સર્વ દોલત બીજે રસ્તે વાપરી નાંખશે કે ધર્માદા કરી દેશે; માટે હાલ તો મીઠું મીઠું બોલી તેને એવો તો સીસામાં ઉતારો કે તે તમનેજ દેખ્યાં કરે ને તે તમને પૂછીને પાણી પીએ; પછી આગળ જોઇ લેવાશે. "

" પણ એ દુઃખ વેઠીએ કયાં સુધી ? " લીલાએ પૂછ્યું.

" પૂરો સ્વાર્થ સરતા સુધી. " સુદરે જવાબ દીધો.

" પણ તે તો બીજાં દસ બાર વર્ષ જીવે ! "

" અરે પણ જીવે કયાંથી ? એકાદ બે વર્ષમાં બધી બાજી ખલાસ થઇ જશે. " સુંદરે જણાવ્યુ.

" હે ! શું ખરી વાત ! કેવી રીતે ? " રંગીલે અજાયબી-માં પૂછ્યું ! સુંદરે આમ તેમ જોઇ દમ્પતીના કાનમાં ધીમેથી ગુરૂ-મંત્ર મૂકયો, જે સાંભળી દમ્પતી હરખાઇ ફુલાઈ જવા લાગ્યાં.

“ વાહ, સુંદર ! ત્હારી અક્કલ બહુ ચાલે છે હોં ! ” રંગીલે હસ્તે ચહેરે મિત્રને જણાવ્યુ.

“ શું કરીએ ? કંઇક રસ્તો તો કાઢવો ને ? પણ ત્યાં ગયા પછી મ્હારાથી તમને વારવાર મળશે નહિ ”

“ તે તો ઘણુજ ખરાબ તમારા વગર તો અમે મૂઝઇ જઇએ. પણ તે બુઢિયાને સમજાવી આ જગા બેઠક ઉઠક માટે ચાલુ રાખશું ” લીલાએ કહ્યુ. લીલાનો વિચાર સર્વને પસંદ પડયો સુંદરદાસ તો આનંદથી ઉભરાઇ જવા લાગ્યો લીલાવતી તથા સુંદરદાસની આ ઘરમા બેઠક રાખવામા કંઇક મતલબ હતી, જ્યારે રગીલને વળી બીજી કંઇક પોતાની ખાનગી મતલબ હતી. રંગીલદાસ તથા લીલાવતી બીજા દિવસથી મોહનદાસને ત્યા રહેવા ગયા.

પ્રકરણ ૧૭ મું.

સુખના શિખર ઉપર.

નીતિ ધર્મને પંથે વિચરનારા, ખંતથી ઉદ્યમ કરનારા, ને વિપત્તિના વાવડાને વેઠનારા પુરુષો કોઇ પણ કાળે પોતાના કાર્યમાં ફતેહ મેળવે છેજ. કૃષ્ણદાસની બાબતમા પણ તેમજ બન્યુ છે. દ્રવ્ય સંબંધિ અસંખ્ય મુશિબતો વેઠી આખર **એમ એ.** ની પરીક્ષા પસાર કરી. તેનો વિચાર **એલ. એલ. બી.** મા પાસ થઇ વકિલાત કરવાનો હતો પણ ઘરની રંક અવસ્થાને લીધે પિતાના વિચારને માન આપી સરસ્વતીદેવીને છેલ્લા પ્રમાણ તેને કરવા પડયા ને દ્રવ્ય ઉપાર્જનનું સાધન શોધવુ પડયું.

ઈનકમટેક્ષ કલેકટરની ઓફીસમાં એક રૂપિયા દોઢસોના પગારની જગા ખાલી પડેલી હતી. કૃષ્ણદાસે તે માટે અરજી લખી મોકલી પોતે જે કાલેજમાં શીખતો હતો તેના પ્રિન્સીપાલ મી૦ શાર્પની તેના ઉપર સંપૂર્ણ કૃપા હતી, તેથી તેણે તે માટે એક ભલામણ પત્ર લખી પોતાના વિદ્વાન શિષ્ય પ્રત્યેની પોતાની કૃપાને પ્રત્યક્ષ સ્વરૂપમાં મૂકી કૃષ્ણદાસના ગુણ, દૈવની અનુકૂળતા, ને સાહેબની ભલામણથી તેને તે નોકરી મળી ગઈ ને કામ ઉપર તે જોડાઇ ગયો.

કૃષ્ણદાસને કોઈ કાર્યમાં કદી આળસ નહોતું. આજનું કામ કાલ ઉપર તે કદી મુલતવી રાખતો નહિં. આફિસમા રોજ વખતસર હાજર થતો ને સાંજે પોતાનું સર્વ કાર્ય સંપૂર્ણ થયા પછીજ ઘેર જતો. પોતાના કાર્યમાથી નિવૃત્તિ મળતાં તે પોતાના હેડ કલાર્કને પણ મદદ કરવા ચૂકતો નહિ કૃષ્ણદાસના રંક સ્વભાવ તથા કાર્યકૌશલ્યતાથી કલેકટર તથા હેડકલાર્ક ઘણાજ સંતુષ્ટ થયા. કેટલીક મહત્વની ગંભીર બાબતમાં કલેકટર કૃષ્ણદાસનો અભિપ્રાય લેવાને ચૂકતો નહોતો છ માસમા કૃષ્ણદાસનો પગાર વધીને પોણાબસો થયો ને બીજા છ માસમાં હેડકલાર્ક વૃદ્ધ થવાથી ફારેગ થતાં તે જગા ઉપર કૃષ્ણદાસને અઢીસેના પગારે એકટીંગ તરીકે નીમવામા આવ્યો. તે જગા માટે કૃષ્ણદાસ થોડા સમયમા લાયક જણાતાં તેને તે ઉપર કાયમ કરવામા આવ્યો ઈશ્વરની કૃતિ અદ્ભુત છે. જેના ઉપર તે જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે તેને સુખના શીખર ઉપર એકદમ ચઢાવી દે છે.

કૃષ્ણદાસ જોકે માનભરી નોકરી કરી મહિને અઢીસો રૂપિયા લાવતો હતો પણ તેની તેના મન ઉપર કંઈ પણ અસર થઈ ન-

હોતી. આફિસમાં સર્વની સાથે માંડીને છેક પોતાની નીચેના કલાર્ક પ્રત્યે ભાઇચારાના પ્રેમથી તે વર્તતો હતો, ને ઘરમાં પણ બધાની સાથે તેવીજ રીતે વર્તતો હતો સર્વને પ્રથમ સુખી થએલાં જોઈ પછી વધ્યું ઘટયું સુખ હોય તો પોતે ભોગવવાની અભિલાષા રાખતો હતો. મોટો ભાઇ નંદલાલ જે પોતાનાથી ઘણુંજ થોડું કમાતો હતો તેને પોતાના તરફથી કોઇ પણ રીતે ઓછુ ન આવે તેની પૂરતી સંભાળ રાખતો હતો. માબાપની સેવા પૂર્ણ પ્રેમથી તે કરતો હતો વિધવા બહેન યશોદાને કદી ઉણું પડવા દેતો નહિ. પણ સંસારનો રવૈયો જુદોજ હોય છે. ઘરમાં એક માણુસ ગમે તેટલુ કષ્ટ વેઠી, પોતાના સર્વ સુખનો ત્યાગ કરી સામાને સુખી કરવા પ્રયત્ન કરે પણ તે સુખ ભાગ્ય વિના ભોગવાતુ નથી. તેવાં તેજદૂષી મનુષ્યોથી તેની ચઢતી સહન થતી નથી. " તે કેમ ન આપે ? તે કોણ? તેને કોણે ભણાવ્યો ? " વગેરે વિચારોની ઘુમરી તેમના મગજમાં સદા રમતીજ હોય છે. વિધવા બહેન યશોદા ભાઇના ઉપર પોતાનો હકજ સમજતી હતી, એટલે પ્રીતિથી કે દયાથી પોતાનું પિયેરમાં પોષણ થાય છે તે નહોતી જાણતી નંદલાલ તથા તેની સ્ત્રી પ્રભાવતી તો કૃષ્ણદાસને ભણાવવામાં પોતાને પડેલા દુઃખનું વારંવાર ભજન કરતાં હતાં ને તેની ચઢતીના કારણ તરીકે પોતાનેજ ગણતાં હતાં. પણ તે મૂર્ખાને શું ખબર કે મનુષ્યના ભાગ્યોદયનો આધાર તેના પ્રારબ્ધ ને પુરુષાર્થ ઉપરજ રહે છે. બીજાં તો ફક્ત નિ-મિત્ત માત્ર છે.

કૃષ્ણદાસને તેના કાર્યમાં મદદ કરનારા તેના સરખાજ અ-પ્રતિમ ગુણવાળી સુંદરી મળી છે. બન્ને તદન નિરાભિમાની છે.

એક બીજાના પ્રેમમાં દૃઢ છે, ને ઘરનાં સર્વ ઉપર પ્રેમની નજરથી જોનારાં છે. સુજ્ઞ સુશીલાના મનમાં સ્વપ્ને પણ એવો વિચાર નહોતો આવ્યો કે પતિ એટલું બધું કમાય છે ને તે ઉપર ઘરનાં છાતીમાં વાગે તેવા વજ્ર તુલ્ય બોલ મારી મોજ ઉડાવે છે. અહા ! સુજ્ઞઆર્યા ! ત્હારી ઉચ્ચ કેળવણીના પ્રતાપે ગૃહ-તંત્ર તું કેવી સરળ રીતે ચલાવે છે ! તેં ગુજરાતી ને સસ્કૃતની સાથે ઇંગ્રેજી કેળવણી પણ સંપૂર્ણ લીધી છે, પણ તે ઇંગ્રેજી કેળવણીએ તને ઉન્મત્ત નથી બનાવી, કારણ તે કેળવણીને તેં કણક માફક કેળવી છે. તેં સમયને યોગ્ય સુધારો કર્યો છે, પણ તે સુધારાને કુધારાના રૂપમાં ફેરવી નથી નાખ્યો; પતિના પ્રીતિપાત્રો-પર પુરુષોની સાથે તુ સમાગમ રાખે છે પણ તે હદમાં રહીનેજ; તું તેમની સાથે અણુ-ઘટતી છૂટ કદી લેતી નથી, તેમ તેવી છૂટ લેવાને કદી પ્રસંગ પણ આપતી નથી. અહા ! પવિત્ર આર્યા ! શું ત્હારૂ મનોબળ ! શુ ત્હારી વ્યવહારકૌશલ્યતા ! શું ત્હારૂં ગૌરવ ! શુ ત્હારી બુદ્ધિ !

ત્રિકમદાસે સમયને અનુસરતો ઘરમા ફેરફાર કર્યો છે. કોઇ શેઠ શાહુકાર, દેશી કે ઇંગ્રેજી અધિકારી, કે કોઇ મિત્ર કૃષ્ણદાસને ઘરમાં મળવા આવે તે માટે તેણે એક દિવાનખાનુ માસિક રૂપિયા વીસના ભાડે લીધુ છે ને તેને સાધારણ સુધરેલી ઢબ પ્રમાણે ફરનીચરથી શણગાર્યું છે. તે દિવાનખાનાની આગલા ભાગની બારીઓ રાજ-માર્ગ ઉપર પડે છે ને ડાબા હાથ તરફની બારીઓ પણ ખુલ્લી જગ્યામાં પડતી હોવાથી હવા અજવાળું પુષ્કળ તેમાં આવે છે. કૃષ્ણદાસનો વિચાર પોતાની બેઠક માટે આટલો ખર્ચ કરવાનો નહોતો, પણ ઉમંગી પિતાએ પોતાની સ્વેચ્છાથી સર્વ કર્યું.

ઉપલા દિવાનખાનામાં કૃષ્ણદાસને રાત્રે સુવાનું પણ રાખ્યું હતું. બાજુની નાની ઓરડીમા નંદલાલ સુતો હતો. નદલાલ તથા પ્રભાતીને કૃષ્ણદાસ માટે બહુજ દ્વેષ આવતો હતો. પણ ત્રિકમદાસ તેમનું કંઈ સાભળતો નહિ

હાલ સુશીલા સુખને શીખરે ચઢી છે. પતિ-પ્રેમ તથા સુખી હાલતથી સુશીલાના શરીરમાથી ચિન્તા ઉડી ગઇ છે જેથી તેનું મુખ-કમળ સતેજ થઇ ગયુ છે. યુવાનીના પ્રવાહથી કાયા-વાડી સંપૂર્ણ ખીલી રહી છે ને કૃષ્ણદાસ જેવા વિલાસી ને રસજ્ઞ માળી માટે મગમગતી પમરાટ પ્રસારી દીધી છે.

રોજ સાંજે આફિસમાથી આવી કૃષ્ણદાસ દિવાનખાનામાં જઇ કપડાં ઉતારીને, જો સુશીલા ત્યા એકલી બેઠી હોય તો તેની સાથે સ્હેજસાજ પ્રેમ-વિનોદ કરી તેના કપોલ રસથી ભીજવીને પિતા પાસે જઈ વાતચીત કરવા બેસતો. રાત્રિના સાત સાડાસાત વાગે જમી પરવારી પોતાના દિવાનખાનામાં જઇ, કોઇ મળવા આવ્યુ હોય તો તેની સાથે વાતચીત કરવામાં, નહિ તો કોઇ સાહિત્યનું કે નવલકથાનું પુસ્તક વાંચવામા તે પ્રવૃત્ત થતો હતો. સર્વને સુવાડયા પછી સુશીલા સ્વામિને હેતને હિંદોળે હિંચવવા આવતી.

હાલ સુશીલા પ્રથમની શરમાળ મુગ્ધા નહોતી. પતિથી હવે કોઇ પણ વાતમાં તે લજવાતી નહોતી. તે હૃદય-પટ ઉકેલીને પતિ સાથે હવે વાતચીત કરતી હતી. પ્રેમઘેલી પ્રેમદા પતિની પાસે પ્રેમ-કેફ પી મસ્ત થઇને ફરતી હતી. લાવણ્યમયી લલના લાલને રીઝવવા માટે વિવિધ પ્રકારનાં લટકાં ચટકાં કરતી હતી વળી કેટલેક પ્રસંગે પતિની સાથે સંસારિક કે ધાર્મિક વિષય પણ ચર્ચતી હતી.

યુવાન દમ્પતી શૃંગાર ને સ્નેહના રસમા એટલાં તો તલ્લીન થઇ જતાં હતાં કે ઘણે વખતે પ્રેમ-વિનોદ કરતાં રાત્રિના અગીઆર બાર વાગી જતા પણ તેનું તેમને ભાન રહેતું નહિ વિયોગી પ્રેમીઓને ઘણા વખતે મળતા જેટલો ને જેવો આનદ થાય છે તેવો ને તેટલો આનદ તેમને રોજ થતો હતો. તેમનું જીવન પ્રેમમય હતું સુશીલા પતિવ્રતધારી હતી ને કૃષ્ણદાસ એક પત્નીવ્રતધારી હતો. તેમનો પ્રેમ અદ્ભુત ને અસ્ખલિત હતો. પ્રેમનું ખરૂં સુખ વિધિએ તેમના એકલાનાજ ભાગ્યમા મૂકી દીધુ હતુ. પતિ પત્નીનો વિશુદ્ધ પ્રેમ ને તે પણ યોગ્ય સમયે, યોગ્ય સ્થાને, ને યોગ્ય સામગ્રીથી અલંકૃત થયેલો ! આહા !

O happy love ! where love like this is found,
O heart-felt raptures ! bliss beyond compare,
I've paced much this weary, mortal round,
And sage experience bids me this declare;
If heaven a draught of heavenly pleasure spare,
One cordial in this melancholy vale,
'Tis when a youthful, loving modest pair,
In other's arms breath out the tender tale,
Beneath the milk-white thorn that scents the evening gale (Burus).

ઉપરના જેવા પ્રેમનો જે ભોક્તા થયો હશે તે કેવો ભાગ્યશાળી હશે ! સંસારમાં પતિ પત્ની વચ્ચેના સાચા પ્રેમ સમાન બીજું ઉત્તમ સુખ નથી, પણ તે તદ્દન સંપૂર્ણ મળે તો, નહિ તો તે ઉલટો દુ:ખદ છે.

ઇંદ્રાસન સુખ તુચ્છ ગણાતું, પ્રેમી જોડાં પાસેરે;
પ્રેમજીવન રસબોળ જણાતું, અવર સુખ ના યાચેરે.
પ્રેમમંદિરે પ્રેમપૂજારી, પ્રેમે પૂજા કરતાં રે;
પ્રેમપ્રસાદી પ્રીતે લઇને, પ્રેમદેવને સ્મરતારે.

જ્યારે કૃષ્ણદાસ કેટલીક વખતે જમીપરવારીને રાત્રે સાહેબને બંગલે કે બીજે ઠેકાણે જતો ત્યારે સુશીલા ગૃહકાર્યમાંથી નિવૃત્ત થઇ વૃદ્ધ સાસુ પાસે બેસતી હતી. તેમને ઉંઘવાનો સમય થતાં પોતાના શયનગૃહમાં જઇ તે કંઇક પુસ્તક વાંચતી કે પોતાની સારંગીને છેડતી.

આજે કૃષ્ણદાસ પોતાના સાહેબને બંગલે કંઇ જરૂરિયાત કામના પ્રસંગે ગયો છે. દસ વાગવા આવ્યા છે પણ હજી તે આવ્યો નથી ઘરમાં સર્વ નિદ્રામાં પડયાં છે, ફક્ત સુશીલા પતિની વાટ જોતી બારીએ બેસી રહી છે. એટલામાં સામેના વૃક્ષ ઉપર કોયલના ટહુકારા ઉપર તેનુ ધ્યાન ખેચાયુ. થોડીવારે સુશીલાએ સારંગી સાથે ગાવા માડયુ —

રાગ–આશાવરી.

કોયલડી કાં તું સતાવે.
ટહુકારે મનડું મુઝાવે, રીઝાવે, લોભાવેઃ—કાં તું.
વિરહિણી હુ રતિપતિ વિના, મદન અગનથી જળાવેઃ–કાં તું.
આમ્રડાળીએ કલરવ કરતી, સ્વાર્થી દયા નહિ આવેઃ–કાં તું.

એટલામાં કૃષ્ણદાસ ત્યા આવી પહોંચ્યો. પ્રિયાને ગાવામાં લીન થયેલી જોઇ ચોરની માફક પ્રિયાની પૂઠે આવીને ભરાઇ ગયો. ગાનમાં ગુલતાન બનેલી ગોરીને પતિ આવ્યાની ખબર ન પડી. તેણે તો આગળ ગાવાજ માંડયુંઃ—

રસની ઉલ્લાસી, પ્રેમની પ્યાસી, સુરતી સમય સ્મરાવેઃ—કાં તું.

છેલ્લી કડી એક ને બીજી વખત ગવાતા કૃષ્ણદાસે પૂર્ણ ઉમંગમાં આવી જઇ તે કિશોરીને એકદમ હૃદય સાથે દાબી દીધી. સારંગી બાજુ સરી પડી ને સુશીલા તરત ચમકી ઉઠી. પૂઠે નજર ફેરવતાં પતિને જોઇ હસ્તે વદને બોલી.—" એ તો ઓળખ્યા સલુણા ! "

" આજજ ઓળખ્યો કે ? " કૃષ્ણદાસે જોડેની ખુરસી ઉપર બેસતાં પૂછ્યું.

" આજ નહિ પણ સાત આઠ વર્ષથી ઓળખ્યા છે ને તેમાં પાંચ વર્ષથી તો પૂરા ઓળખ્યા છે. "

" તો તો જાણે ઠીક, પણ તુ ગાવામાં ઠીક ખીલી હતી હોં ! "

" પણ તમારા વિના બરોબર નહિ. "

' હવે તો પૂર્ણ ખીલીને ? "

" હા, નાથ ! કુમુદીની ચંદ્ર દર્શનેજ ખીલેછે. "

" ત્યારે ખીલો મ્હારી કુમુદીની. ચાલવા દયો તમારૂ મીઠું ગાણું."

" આજે રાત્રિ ઘણી ગઈ છે માટે કાલે. "

" અરે કાલની કોને ખબર છે ? જે ભોગવ્યું તે ખરૂં. "

" આપણે ભોગવવા સારૂ જીવવાનું છે ? "

" ના; તેમ તો નહિજ. જીવવા સારૂ ભોગવવાનું છે. "

" તેમ છો તો કાલે સુખ ભોગવવા જીવનની આજે ચિન્તા શાને કરવી ? "

" વાહ ! તું તો જબરી નીકળી ! મને પણ બાંધી લીધો !"

" તમને ન બાંધુ તો પછી છટકી ન જાઓ ? હૃદય પીંજરમાં

તમને તો પ્રેમ-કેદી કરીને બાંધ્યા છે તે આ ભવે તો છૂટવાના નથી, આવતા ભવમાં તો આપણો જેવો સંસ્કાર."

"પણ મને ખાવાનુ તો આપતી રહેજે નહિતો તારા પીંજરમાં હું ભુખે મરીશ, ને તેની હત્યા શિર ચોંટશે, સમજી કે શાણી ?"

"પ્રેમ-કેદી કરેલા મ્હારા પ્રેમી પોપટ ભૂખ્યા તે રાખીશ ? પ્રેમી-બીજ રોજ પ્રેમપુર્વક ધરોશ ને આગ્રહથી આરોગાવીશ."

"તો પ્રેમ—પોપટ પ્રેમે સ્વીકારશે, પણ પોપટની પાસે મેના જરી ગાય તો પોપટનો આત્મા અત્યાનંદ પામે."

"પ્રેમી પોપટની તેમ ઇચ્છા છે તો આ મેના તૈયાર છે."

"મ્હારી મધુરી મેના ! ચલવ ત્હેરો મીઠો મજુલ આલાપ ને રીઝવ ત્હારા પ્રેમી પોપટજીને પેલું ભ્રમરવાળુ ગાજે હો."

સુશીલાએ સારંગી હાથમા લઇને વગાડવાનું શરૂ કર્યું, સારંગીનો તાલ જામતા ગાવા માંડયુ —

ભોગી ભ્રમર થયો દૂર.
ત્યાગી ભ્રમરીનો સાચો પ્રેમ, દીલે નહિ રહેમ,
કાટા વાળા ક્રૂર-ભોગી.
મદ ભરેલી સરિતા માંહે, આવ્યું યૌવન-પૂર,
સાગર-પતિ ભેટવા પ્રેમે, દોડે આણી શર,
જોડી કમળ સંગ તે પ્રીત; ભૂલ્યો પ્રેમ-નીશે ખચીત,
થશે વિપરીત, ધારી લેજે ઉર. – ભોગી.

"અરે મદ ઘેલી ભ્રમરી, ગભરાતી નહિ, આ રહ્યો ત્હારો ભ્રમર. જો. જો" એમ કહેતા આનદમાં લથડીયાં ખાતા ને ગાનરસમાં ગુલતાન બનેલા પ્રેમી પોપટે મનહર મેનાની ભૂલનો લાભ લીધો ને તસ્ત પોકારી ઉઠયોઃ—"હવે તે ખરૂ સુખ."

"બસ આટલેથી તૃપ્ત થયા કે ?"

"અમૃતનો તે કંઈ અભાવ હોય ! अधिकस्य अधिकं फलम्."

"ત્યારે સુખેથી પૂર્ણ તૃપ્ત થાઓ, મ્હારા પ્રેમી પોપટજી !"

"ત્યારે એકાદ ભેગાભેગી બીજું પણ ચલાવો, મધુરી મેના !"

"શું ગાઉં ?"

"ત્હારી મરજીમાં આવે તે."

"મને તો હવે એકાદ નીતિ જ્ઞાનનું પદ ગાવાની ઇચ્છા છે."

"શૃગારની સાથે નીતિ જ્ઞાનનુ પદ શોભે કે ?"

"હા શોભેજ, શૃગારમાં નીતિ જ્ઞાનનો સમાવેશ થઇ જાય છે."

"તો સુખે સંભળાવ"

સુશીલાએ ગાવા માંડયું —

રાગ-આશાવરી દાદરો.

ઓળખરે આત્મા કાં અધા અભિમાને અટવાયેરે,
અભિમાને અટવાયેરે, હરિ ભજયે તરાયેરે.—ઓળખ.
કયાથી કયમ કારણું આવ્યો, કયાં જવા નિરધારેરે;
મનુષ્ય દેહનું સાર્થક શું છે, લેશ નહિ વિચારે રે.—ઓળખ.
માયા મોહની જગ જંજાળે, લક્ષણહીણુ લલચાયેરે;
આયુષ્ય અલ્પ પળે પડવાનું, ભરતી ઓટ પ્રમાણેરે:-ઓળખ.

"વાહવા ! શું પદમાં મીઠાશ છે ? શું તેમાં ગુપ્ત રહસ્ય રહેલું છે ? ખરૂ સુખ તો જ્ઞાનજ છે હોં."

"ને તે સુખ ગૃહસ્થાશ્રમમાં રહીને ભોગવાય છે."

"પણ તે સુખ તે આશ્રમમાં રહીને પ્રાપ્ત કરતાં ઘણીજ મુશ્કેલી નડે છે."

" મુશ્કેલી ફક્ત મનનીજ છે, મનનું મોળાપણું તેજ આત્મજ્ઞાન ને હરિ ભક્તિથી મનુષ્યને વિમુખ રાખે છે, જનક રાજા વૈદેહી થયા તે સંસારમાં રહીનેજ, ફક્ત **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ॥** "

(મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ તેનું મનજ છે.)

" બરાબર છે હો, તુ ઠીક શંકાનું સમાધાન કરેછે. "

" મ્હારાથી તે તમારી શંકાનું સમાધાન થઇ શકે ? તમે કયાં, હું કયાં ? કયાં રાજા ભોજ ને કયાં ગાગો તેલી ? કયાં વેદસંપન્ન શાસ્ત્રી ને કયાં અભણ અજ્ઞાની ? "

" વાહ મ્હારી સુશીલ ? ત્હારા સમાગમથી હું સસાર-સાગર તરી જઇશ, પણ આજે રાત્રિ ઘણી ગઈ છે, માટે હવે—"

" અરે થાય છે, સુવાનું તો નિત્ય છે; પણ હાં, મને એક વાત યાદ આવી. "

" તે શુ ? "

" પેલા બીચારા માણેકલાલનું હવે કંઈ ઠેકાણું પાડો તો સારૂં, ભાવનગરથી અહીં આવ્યાને આજકાલ કરતાં ત્રણ માસ થવા આવ્યા તો પણ બીચારો નોકરી વિના રખડયાં કરે છે. "

" હા, તેનુ કરવું તો જોઇએ. "

" પણ તમારી ઉંઘ કયાં ઉડેછે ! હા, હા, કરતાં કામમાં તે વાત વિસ્મૃત થઇ જાઓ છો, તમારી ઓફીસમાં કે બીજે ઠેકાણે પચીસ ત્રીસના પગારે ગોઠવી દયો, તે પ્રિવિયસમાં પણ પાસ થયેલો છે. "

" ચાલ તેનું કાલેજ કરૂં, મ્હારી ઓફીસમાં હાલ એક માણસની જરૂર છે, તો સાહેબને કહી ગોઠવી દઉં. "

" જરૂર જરૂર, જો ભૂલો તો મ્હારા સમ છે, પરોપકારનો બદલો પ્રભુ જરૂર આપશે. "

" તે પરોપકાર નથી પણ સ્વાર્થ છે—મ્હારી ફરજ છે, ને તે ફરજમાં બદલાની મને મુદ્દલ અપેક્ષા નથી, ઠીક ચાલો. "

માણેકલાલ ગરીબ માબાપનો પુત્ર છે. ત્રિકમદાસને ત્યાં નોકરી માટે આવી રહ્યો છે; પણ માણેકલાલનાં લક્ષણ સારાં નથી, પૈસા માટે તે પોતાના અનદાતાનું પણ ખુન કરવા ચૂકે તેવો નથી; વફાદારી ને પ્રમાણિકપણાને તે મુદ્દલ ઓળખતો નથી. નક્ષત્ર જેવો આ માણેકલાલ કોઇ વિશ્વામિત્ર જેવાનો સાગરીત બની હરિશ્ચંદ્ર જેવા સત્યવાન ને ધર્મજ્ઞ પુરુષને દુઃખના દરિયામાં પ્રસંગે ડુબાવી પણ દે, પણ સત્યનો બેલી તો શ્રીહરિ છેજ.

પ્રકરણ ૧૮ મું.

પિતૃ-વધ.

સંસારમાં સર્વત્ર સ્વાર્થની જાળ પથરાયેલી છે: સૌ સ્વાર્થનુંજ સગું છે. પુત્ર કહેવેથી પુત્ર નથી ભાઈ કહેવેથી ભાઇ નથી, પિતા કહેવેથી પિતા નથી, ને મિત્ર કહેવેથી મિત્ર નથી. પૈસા માટે પિતા પુત્રનો, પુત્ર પિતાનો, ભાઇ ભાઇનો, ને મિત્ર મિત્રનો વધ કરવા તૈયાર થાય છે. કહ્યું છે કે.—

રાગ-સિંધ ભૈરવી. લાવણી.

અજબ ખેલ હય દુનિયા જીસમેં ચાલ હમેશાં રંજકિ હય,
સચ પૂછો તો દુનિયાદારી યક બાજી શતરંજકિ હય
જો આગે અપને બયઠા હય વહી હય ખુદ દુશમન અપના,
રાહ દિખાનેવાલે હો જાતા હય યહાં રહ જન અપના.—સચ.

* * * * (લયલો નહાર)

પૈસાનો પ્રભાવ અવર્ણીય છે. જે પિતા પોતાના પુત્રને અપાર સંકટ વેઠી ઉછેરે છે, પાળે છે, ને તેના સુખ વાસ્તે પોતાનો જીવ આપવા તૈયાર થાય છે, તે વાત્સલ્ય પિતાનો તેનો પુત્ર પૈસાના લોભે વધ કરે—કગવે તો તેના જેવો કૃતઘ્ની, નિર્દય ને પાપી બીજો કોણ હશે ? લોભ માણસને ઉન્મત્ત બનાવી દે છે, સ્નેહ ને સગપણની પવિત્ર ગાંઠને પળમાં તોડી નાંખે છે, ને તેની જાળમાં જકડાયલાને આખર રૌરૌ નર્કનો અધિકારી કરી મૂકે છે. સર્વ પાપમાં પિતૃ-

વધનું પાપ ઘણુજ મોટું છે, તે પાપમાંથી મુક્ત થવા માટે કોઈ પણ શાસ્ત્રમાં પ્રાયશ્ચિત નથીજ. રઘુકુળદીપક રામચંદ્રજી, યયાતિ રાજાના નાના પુત્ર પૂરુ, ને બ્રાહ્મણ પુત્ર શ્રવણની પણ પિતૃ–ભક્તિ, ને આ આપણા રંગીલદાસની પણ પિતૃ–ભક્તિ ! બન્ને વચ્ચે કેટલો ફેર છે ?

મોહનદાસના કહેવાથી ને સુંદરદાસની સલાહથી રંગીલ તથા લીલા મોહનદાસના ભેગા આવીને રહ્યાં પિતાની સાથે રહેવાથી તેમને ઘણી પરાધીનતા ભોગવવી પડતી હતી. મનસ્વીપણે મ્હાલવાનું નહોતુ મળતુ મોહનદાસ જુના વિચારનો ને કંજુસ હતો જ્યારે રંગીલદાસ ને લીલા તદ્દન સુધારામા બ્હેકેલા ને ઉડાઉ હતાં, એટલે બીયા મહાદેવનો યોગ થાયજ નહિ, પણ ભવિષ્યના લાભ માટે હાજી હા કર્યા વિના તે સુધરેલનો છુટકો નહોતો. મોહનદાસનો સખત જાપતો તેમના ઉપર હતો છતા ઘણી વખત આડુ અવળું બહાનું કાઢી બેઠક માટે રાખેલા પોતાના જુના ઘરમાં લટાર મારી આવવાને તે ચૂકતાં નહોતા.

બાહ્યદ્રષ્ટિએ જોતાં મોહનદાસના અંકુષથી રંગીલ કંઈક હવે ઠેકાણે આવેલો લાગતો હતો. દુકાનમાં બાપની સાથે બેસી માથુ' મારતો હતો અને હર કોઇ રીતે પિતાનો વિશ્વાસ મેળવવા પ્રયત્ન કરતો હતો. લીલાએ પણ તેવીજ રીતે સમયાનુસાર પ્રપંચ આરંભ્યો હતો.

મોહનદાસને હવે પુત્ર તથા પુત્ર–વધુ તરફની ટાઢક વળી. હવે તે તેમને તદ્દન ડાહ્યા થએલાં સમજતો હતો. હેતસ્વી ભોળા પિતાને તેમના પ્રપંચની શું ખબર ? ભોળા સર્વને ભોળા જાણેછે; સદ્દગુણી સર્વને સદ્દગુણી માને છે; ને ચોર સર્વને ચોરજ સમજે છે.

મોહનદાસની અવસ્થા થવાથી તેની પ્રકૃતી દિનપર દિન લથડતી ચાલવા માંડી ને રોગે ઘર કર્યું. ઘણા ઘણા વૈદ્ય દાકતરોની દવા કરી પણ રોગ તો વધતોજ ચાલ્યો. આખર રંગીલદાસ તથા સુંદરદાસની ભલામણથી યશવંત ધોટીકર નામના એક પ્રખ્યાત હોંશિયાર દાકતરની દવા કરવા માંડી થોડા દિવસમાં ધોટીકર દાકતરની દવાથી ફેર માલૂમ પડ્યો મોહનદાસને ધોટીકર ઉપર પૂર્ણ આસ્થા બેસી ગઇ ને હંમેશ માટે તેની દવા ખાવાનો દૃઢ ઠરાવ કર્યો થોડા વખત પછી મોહનદાસની તબીયત પાછી બગડતી ચાલી દાકતરે, ખાવામાં કઇ ભારે પદાર્થ આવ્યો હશે એમ બહાનુ કાઢયુ ને દવા આપવા માંડી પણ તેથી કંઇ ફેર ન પડયો, આખર કંટાળીને મોહનદસે દવા બંધ કરવા વિચાર કર્યો પણ છોકરાંના આગ્રહ આગળ તેનું કંઇ ન ચાલ્યુ.

પ્રથમની બીમારી વખતે મોહનદાસે જે વિલ પોતાના પુત્રના લાભમાં કર્યું હતુ તેમા ફેરફાર કરવાની હવે મોહનદાસને જરૂર ન લાગી રંગીલદાસ ને લીલા મોહનદાસનુ મર્ણ પાસે આવતુ જોઇ અતરમાથી રાજી થતાં હતાં.

રાજકોટવાળા પ્રખ્યાત દાકતર મોતીચંદ જે મુબઇમાં કંઇ ખાનગી કામ પ્રસગે આવ્યા હતા તેણે પોતાનો મુકામ મોહનદાસને ત્યા કર્યો હતો. મોહનદાસ તથા મોતીચંદ વચ્ચે ઘણોજ સારો સંબંધ હતો. મોહનદાસની પ્રકૃતિ જોઇ મોતીચદને ઘણુંજ લાગી આવ્યુ. શુ રોગ છે, કયારથી લાગુ પડયો છે, કોની કોની દવા કરી ને હાલ કોની દવા ચાલેછે, વિગેરે સર્વ હકીકત ભલા દાકતરે પૂછી ને મોહનદાસે તેનો યોગ્ય જવાબ વાળ્યો. મોતીચંદ મોહનદાસની બાબતમા કંઇ પણ વધારે કરવા તદન અસમર્થ જણાયા.

એક પ્રસંગે મોહનદાસ તથા મોતીચંદ બપોરના વાત કરતા બેઠા છે, તેટલામાં દવા પીવાનો વખત થવાથી મોહનદાસે પોતાના હાથે દવાની શીશી લઇ ગલાસમાં દવા કાઢવા માંડી. મોતીચંદે સ્હેજ જીજ્ઞાસાથી તે દવાનું ગલાસ હાથમાં લઇ તપાસવા માંડયું. દવાને સુંઘી જોવાથી કંઇ બરોબર સમજણ ન પડી તેથી બે ત્રણ ટીપાં જીભ ઉપર મૂકયાં, તે મૂકતાંની સાથેજ દવા થુથુ કરી થુંકી નાંખી ને એકદમ બોલી ઉઠયો.—" આ શુ ? "

" કેમ શુ છે ? દાકતર સાહેબ ! આટલા કેમ ભરાઈ ગયા ? દવા બહુ કડવી લાગી ? "

" અરે કડવીની કયાં વાત કરોછો ? મને તેની અંદર-"

" શુ છે ? શુ છે ? "

" વહેમ છે. "

" હેં, દવામાં વહેમ ! શાનો ? "

" પછી, પણ આ દવા કેટલા દિવસથી તમને દાકતર આપે છે ? "

" લગભગ પંદરેક દિવસથી "

" તેની અસર તમારા ઉપર કેવી થાય છે ? "

" બહુજ માઠી, પીધા પછી આખે અધારાં આવે છે ને જીવ ગભરાય છે, ભુખ મુદ્દલ લાગતી નથી તો ઉંઘ આવવાની વાતજ શી ? હુ દિવસે દિવસે તદન નબળો પડતો જાઉ હુ; પણ આટલુ બધુ ચોકસ પૂછવાનો સબબ ? "

" હા, સબબ છે ને તેથીજ તમને પૂછુંછું, હાલ આ દવા ના પીતા; આ દવાનું હુ ખાનગી રીતે પ્રથક્કરણ (analysis) કરવા માગુંછું. "

"દવામાં તમને દગો લાગેછે ?"

"તે વિષે હાલ હુ કંઇ કહી શકું નહિ."

"નહિ, તમે ના કહો તો તમને મ્હારા સમ છે."

"મને માફ કરો. સર્વ હું તમને પાછળથી જણાવીશ. હાલ તો આ દવા હું મ્હારા એક મિત્ર દાકતરને ત્યાં લઇ જઉં છું ને ત્યા અમે બન્ને તેને તપાસીશુ, પછી તમને હું ખુલાસો કરીશ."

"વારૂ ત્યારે, જેમ તમારી મરજી પેલા કબાટમાં એકાદ ખાલી શીશી હશે, તેમા આ દવા લઇ જાઓ"

મોતીચદ દવા લઇને ચાલી ગયા, થોડીવારે લીલા તથા રગીલ ત્યા આવી પહોંચ્યા; તેમણે મોહનદાસને દવા પીધાનુ પૂછતાં તેણે હા કહી. રાત્રે મોતીચંદ પ્રથકકરણ કરીને પાછા ફર્યા ને દવામાં સોમલ હોવાનું મોહનદાસને ખનગી રીતે જણાવ્યુ. મોહનદાસે તે વાત તરત માટે સર્વથી ગુપ્તજ રાખી. પુત્ર માટે મનમાં બહુજ ખેદ થયો જેને તે હાલ સુધરી ડહ્યો થયેલો ને પિતૃધર્મપરાયણ સમજતો હતો તે જ્યારે પ્રાણ હરનારો ઝેરી નાગ નીકળ્યો ત્યારે તેના સતાપનો શું પાર રહ્યો હશે?

પુત્ર તથા પુત્ર-વધુના સર્વ ચરિત્ર મોહનદાસે પથારીમાં પડયાં પડયાં અનુભવી લીધાં. તેમની પૂઠે પોતાનું ખાનગી માણસ મૂકી તેમની દરેક હીલચાલ તપાસી લીધી પુરતા પ્રમાણમા મોહનદાસના શરીરમાં ઝેર ગયેલું હોવાથી હવે તેને જીવવની બહુજ થોડી આશા છે એમ જણાવી મોતીચંદ પોતાને ગામ ગયા.

મોહનદાસને શિર હવે મોટું સંકટ આવી પડયુ. દાક્તરની

દવા તેણે હવે પીવાની તદન બંધ કરી દીધી. વહેલો મોડો ઝેરની અસરથી પોતે મરશે ને તે પૂઠે દુરાચરણી છોકરા લાખની આબરૂ થોડા વખતમા કોડીની કરી નાખશે ને તમામ મિલકત કાકરા માફક બે ચાર માસમાં ફના કરી દેશે તેનો તેને બહુ બહુ વિચાર થયો. સરકારના ને આબરૂના ભયથી ઝેરની વાત કોઇને તેનાથી કહેવાય તેમ નહોતી, પોતાની જાંગ ઉઘાડતાં પોતાનેજ નીચુ જોવુ પડે તેમ હતું છોકરાંનાં કાળાં કૃત્યથી એનુ મન ભ્રમિત થવા લાગ્યુ, તેણે બહુ બહુ બારીકીથી શું કરવુ તેનો વિચાર કર્યો પણ કંઇ સુઝયુ નહિ, આખર ત્રિકમદાસની સલાહ લેવાનુ યોગ્ય વિચાર્યું. ત્રિકમદાસ તે પાપીઓના ફંદમાં ફસ્યો હોય તો ? આ વિચારે વળી તે ચમકયો પણ આખર દૃઢતા રાખી ત્રિકમદાસને કસોટી ઉપર ચઢાવવાનો ઠરાવ કર્યો. રંગીલ તથા લીલા બહાર ગયા હતા ત્યારે પોતાના ખાનગી માણસને મોકલી ત્રિકમદાસને દુકાનેથી ગુપ્ત રીતે બોલાવી મગાવ્યો. ત્રિકમદાસ આવ્યો ને તેને જોતાજ મોહનદાસની આંખમાંથી ખરખર આંસુ વહેવા માંડયાં ત્રિકમદાસ શેઠના રડવાનું કંઇ પણ કારણ કલ્પી શકયો નહિ, તે પાસે આવીને બોલ્યો—"શેઠજી આ શું ? કેમ અકળાવ છો ?"

"તું શું નથી જાણતો ?" મોહનદાસે પથારીમાથી મહા પ્રયાસે બેઠાં થતા ત્રિકમદાસ તરફ ગુસ્સાથી જોઇ પૂછયું

"શેઠજી, હું શું જાણું ? પણ આપને આજ અસુખ હોય એમ મને લાગે છે."

"હાં, હું સમજ્યો, તું પણ તેમની સાથે મળેલોજ છે. જા જા, મને પડી રહેવા દે."

"કોની સાથે મળેલો ?"

'તેમની સાથે: તે પાપીઓની સાથે." ક્રોધથી મોહનદાસે પોકાર્યું.

"પણ કોણ પાપી ? આપ આ શું બોલો છો ?"

"તે પાપી, તે. તે વઠેલા, ખુનીઓ ! સમજ્યો ?"

"શેઠજી ! તમારૂં ચિત્ત મને અસ્વસ્થ થયેલું લાગે છે."

"મ્હારૂ ચિત્ત તો સ્વસ્થ છે, ત્હારૂં રૂપાબાઇના લોભે અસ્વસ્થ હોય તો તું જાણે."

"મુરબ્બી શેઠ ! આમાંનું મને કંઇ સમજાતુ નથી."

"ત્યારે મને પહેલાં જણાવ કે પ્રથમનોજ તું મ્હારો વિશ્વાસુ ને પ્રમાણિક મુનીમ છે કે નહિ."

"શેઠ ! હુ પ્રથમના જેવોજ હાલ છું. હું હાલ મુદ્દલ બદલાયોજ નથી. આપનુ મેં લુણ ખાધું છે તે જીવ જતાં પણ હરામ નહિ કરૂં."

"સત્ય વચને ?"

"હા, સત્ય વચને."

"સાક્ષી ?"

"શ્રી હરિ"

"આપ કોલ."

"લ્યોજી. હુ સદા આપને પ્રમાણિક રહીશ તેનો આ હરિને હાજર જાણી મ્હારા બાપદાદાના નામથી કોલ આપુ છુ." ત્રિકમદાસે મોહનદાસના હાથમાં કોલ આપતાં કહ્યું.

"ત્યારે આવ, મ્હારા પ્રમાણિક મુનિમ ! મને ભેટ, મને બચાવ, મને ઊગાર; હુ ત્હારે શરણે છું." એટલું બોલી મોહનદાસ

તેને ગળે વળગી પડયો ને રડવા મંડયો. આ હૃદયભેદક બોલોથી ત્રિકમદાસની આંખમા પણ પાણી ભરાઇ આવ્યુ. બન્ને થોડીવાર સુધી એક બીજા પ્રત્યે જોઇ રહ્યા ને ત્યાં તદન શાંતિ પ્રસરી રહી. આખર ત્રિકમદાસે બોલવું શરૂ કર્યું —" શેઠજી ! મ્હારા ઉપર વિશ્વાસ રાખો. આપના મનમા જે કંઈ હોય તે મને નિર્ભયતાથી જણાવો. તમારા માટે મ્હારૂં માથું પણ આપવા હું તૈયાર છુ " આ ઉપરથી ત્રિકમદાસનો મોહનદાસને સંપૂર્ણ વિશ્વાસ બેઠો. તેણે ઝેર સબંધી સર્વ વૃતાંત મુનિમને સવિસ્તાર કહી સંભળાવ્યો, જે સાભળતા ત્રિકમદાસ તો તદન સડકજ થઇ ગયો.

"ત્યારે આ બાબતમાં હવે તમે શું કરવા ધારો છો ?" મુનિમે પૂછયુ."

"ખુનીઓને તેમના નીચ કાર્યનો યોગ્ય બદલો આપવાનુ હું ધારૂં છું "

"કેવી રીતે ?"

"નવુ વિલ તેમની વિરૂદ્ધમાં બનાવીને."

"પણ એટલા સખત થવુ તમને ન ઘટે."

"ત્યારે તુ પણ તેનામા સામેલ જણાય છે કેમ ?"

"ના જી, હું આપનોજ છું. વારૂં એમ કરો તો ?"

"શું કરૂં ?"

"ટ્રસ્ટીઓ નીમી સર્વ મિલકત તેમના કબજામાં સ્વાધીન કરો ને રંગીલ તદન ડાહ્યો થયેલો તેમની નજરમાં આવે ત્યારેજ તે મિલકત તેને સોંપવાનું ઠરાવો તો ?"

"શું હું મ્હારી મિલકતનો તેને વારસ ઠરાવું ?"

"શેઠજી ! છોરૂ કછોરૂ થાય પણ માબાપે ન થવું જોઇએ

વારસાથી દૂર થવાથી તે પુષ્કળ પસ્તાશે ને પછી થોડા વખતમાં સુધરી ઠેકાણે આવી જશે. ”

“ વારૂં ત્યારે, ત્હારી તેમ મરજી છે તો હું તેમ કરૂં છું. જા, પેલા માળામાંથી ગુમાનચંદ શેઠને હમણાંજ મ્હારા નામે બોલાવવા માણસ મોકલ ” ત્રિકમદાસે શેઠની આજ્ઞા તરત બજાવી. ગુમાનચંદ અત્યારે ઘરમા હોવાથી તરતજ ત્યા આવ્યા મોહનદાસે ઝેર સબધી તથા પુત્ર ને પુત્ર–વધુની વર્તણુક સબધી સર્વ વૃતાત તેને કહ્યો, ને નવું વિલ કરવા સબંધી તથા તેમા તેને એક ટ્રસ્ટી નીમવા સંબધી પોતાનો વિચાર તેને જણાવ્યો. કેટલીક રીકઝ઼ક કર્યા પછી ગુમાનચંદે પોતાની સમ્મતી આપી સર્વ નક્કી થતા મોહનદાસ ત્રિકમદાસ પ્રતિ બોલ્યોઃ—“ ત્રિકમદાસ ! પેલા ટેબલ ઉપરથી કાગળ ને ખડીયો કલમ લાવ ને હુ લખાવુ તેમ લખ. ”

ત્રિકમદાસે ખડીયો કલમ કાગળ આણીને શેઠે જેમ લખાવ્યું તેમ નવુ વિલ લખી નાખ્યુ. મોહનદાસે ધ્રુજતે હાથે તે ઉપર પોતાની સહી કરી ને ત્રિકમદાસે પોતાના દસ્કત કર્યા ને સાક્ષી કરાવી લેવાનુ બાકી રાખ્યુ. મોહનદાસની કુલ મિલ્કતના ટ્રસ્ટી ત્રિકમ દાસ તથા શેઠ ગુમાનચંદ તારાચદને નીમ્યા. બે ટ્રસ્ટીમાથી કોઇ પણ ગુજરી જાય તો જે હયાત હોય તે વહીવટ કરે ને હયાત રહેનાર ટ્રસ્ટીની નજરમાં આવે તો તે બીજો ટ્રસ્ટી નીમી શકે, એમ તેમાં ઠરાવ્યુ. રગીલ સુધર્યા પછી સર્વ મિલ્કત તેને સોપવાનુ તેમાં લખ્યું ને ત્યાસુધી ઘર ખરચ માટે તેને વરસે ફક્ત રૂપિયા બારસો આપવાના હતા. ત્રિકમદાસને રૂપિયા એક હજાર બક્ષિસ તરીકે આપવાના તેમાં લખ્યા. મોહનદાસના નામ પ્રમાણે ક્રિયા તથા ધર્મ–ખર્ચ ટ્રસ્ટીઓની ધ્યાનમા આવે તેટલો કરવાને તેમને સત્તા આપી.

વિલ લખવાનું કામ પૂરૂ થતાં રંગીલ, લીલા ને સુંદર બહારથી ત્યા આવી ચઢયાં, તેમને જોઇ ડોસો દાંત કચકચાવીને બોલ્યો:— "આ તમારા કૃત્યનો બદલો !"

"શાનો બદલો પિતાજી ?" રંગીલે આશ્ચર્યતાથી પૂછ્યુ.

"એ કુળાગાર કપુતો !" તમારા અધમ કૃત્યનો, તમારા પ્રપંચનો."

"તમે અમને સમજવામાં ભૂલ્યા છો ?"

"લુચ્ચા ! હજી પણ મને ઠગે છે ? તમે સર્વ લુચ્ચાં છો. શરમ છે ! ધિક્કાર છે ! તમે મને જેટલુ વીતાડયું છે તેટલુ ને તેથી હજાર ગણું તમને તમારાં છોકરા વીનાડે એવો મ્હારો શ્રાપ છે !" મોહદાસની આંખો બોલતાં થડકાઇ જવા લાગી

"સસરાજી ! આ શુ બોલો છો ? તમને ભ્રમણા થઈ છે." લીલાવંતી બોલી.

"હા, હા ! તારા જેવી ઘરમાં આવવાથી મને ભ્રમણાજ થઇ છે, પણ જો, જો, આ તમારાં કૃત્યનો બદલો." મોહનદાસ પાસે પડેલુ વિલ દેખાડતાં બોલ્યો. સર્વ અજાયબીમા ગરકાવ થઇ ગયાં. મોહનદાસ તદન ભાનરહીત બની ગયો ને બોલ્યો:—"બસ હવે મ્હારૂં વેર લેવાયું ! હું હવે શાંતિમાં મરીશ ! હા, એ ! મ્હારી નસો ખેંચાય છે ! હાય, તમે મ્હારો ઘાત–ઘા–ત–ક–કર્યો–છે–છે. હું મરૂં છું. જા–જાઉ છું–ન–તમને શ્રાપ દઉ–દ-ઉં–છુ, રા–રામ–" મોહનદાસ બોલતો બંધ પડી ગયો ને તેને ડચકીઆં આવવા લાગ્યાં. સર્વે ગભરાટમાં બોલ્યાં:—"હાય ! અફસોસ !"

— ૦૦૦ —

પ્રકરણ ૧૯ મું.

કાળો નાગ.

'ત્યારે શું તમે દુખી છો ?' એક યુવાન બાળાએ પોતાની પાસે બેઠેલા યુવકને પૂછ્યુ.

"હા, હું ઘણોજ દુઃખી છુ. મ્હારા જેવો દુખી ભાગ્યેજ બીજો આ દુનિયામાં હશે."

'તમને શાનુ દુખ છે વારૂં ?"

"સ્ત્રીનું."

"તો કોઇ સારી કન્યા સાથે લગ્નની પવિત્ર ગાંઠથી જોડાઇ જાઓ."

"હાલ તો કોઇ તેવી કન્યા મ્હારી નજરમાં નથી આવતી."

"શું બ્રહ્માને ઘેર તેનો તોટો પડયો છે ?"

"તોટો તો કંઇજ નથી પણ દૈવ અનુકુળ નથી. ઘણી મહેનત કરવા છતાં હાથમાં આવેલો કોળીઓ બીજો ઝુંટાવી ખાઈ જાય તો શું કરવું ?"

"તે ઝુંટાવવાનો બીજાને પ્રથમથીજ પ્રસંગ ન આવવા દેવો એજ ઉત્તમ છે. પણ તમારે મને આ સવાલ કેમ પૂછવો પડયો ?"

"કારણ પરત્વે."

"શું કારણ છે ?"

"તેની તમને ખબર છે એમ હું ધારૂંછું."

"તમારા બોલવામાં મને કંઇક ગંભીરતા જણાય છે."

"તેવુ કદાચીત હશે ખરૂ."

"મને તમારી વાત સ્પષ્ટ જણાવો તો સારૂં."

"ત્યારે ધારો કે મેં એક કન્યા માટે ઘણોજ પ્રયાસ કર્યો પણ તેને આખર બીજો પરણી ગયો તો તેની પાસેથી તે કન્યા પાછી લેવાનો મને હક ખરો કે નહિ ?"

"ના, પરણેલી સ્ત્રી તેના પતિનીજ. તમારે હવે તેની સાથે ભાઇ બહેનનો સંબંધ રહેલો છે."

"છટ્, છટ્ ! એ શું બોલો છો ?"

"હું સત્ય બોલુછું. તમારો પ્રયાસ કદાચીત અપૂર્ણ હશે અગર તે સ્ત્રી માટે કદાચીત તેને પરણનાર પુરુષ કરતાં તમે કેટલીક બાબતમાં ઉતરતા હશો ને તેથી તમારે નિરાશ થવુ પડયું હશે."

"હું તેનાથી કોઈ પણ રીતે ઉતરતો નથી, તેમજ મ્હારો પ્રયાસ અપૂર્ણ નહોતો. હું તે પરણનારથી હજાર દરજ્જે ગુણમાં ચઢતો છું."

"એમ હોય તો, તમને ચોખ્ખોજ અન્યાય મળ્યો છે." સુંદરી ભોળપણે બોલી.

"ખરેખર તેમજ થયું છે. દુનિયા નાસીપાસીથી તદન ભરેલી છે."

"ભાઇ ! તમારા માટે હું ઘણીજ દીલગીર છું."

"તમે મ્હારા પ્રત્યે હજુ પણ આવી સખત દીલસોજી ધરાવોછો તેથી મને કંઇક સંતોષ છે."

"વારૂ, પણ તમે કઇ બીના વિષે કહોછો ?" શંકાશીલ બનીને સુંદરીએ પૂછયું.

"તમારાથી શું અજાણ્યું છે ?"

"ના, હું તે વિષે કંઇ પણ જાણુતીજ નથી, માટે ફરીથી પૂછુંછું કે તે સ્ત્રી કોણ ?"

"તમે પોતેજ."

"હું પોતેજ ?"

"હા, સુશીલા ! તમે પોતેજ."

"સુંદરદાસ ! એ શું બોલો છો ?"

"હું સાચુંજ બોલું છું. તમારા પ્રત્યે મ્હારો પ્રેમ હજી જેવો ને તેવોજ છે."

"જુવો, ભાઇ ! હું પરણેલી સ્ત્રી છું, માટે તમારે મ્હારી સાથે આવી છુટથી ફરી વાત ન કરવી. જ્યાં વિધાતાએ મને વરાવી ત્યાં હું વરી છું, પ્રથમથીજ જો હું તમારા બોલવાનો ઉદ્દેશ કળી ગઇ હોત તો પહેલેથીજ વાત ટુકામા પતાવત; માટે ભાઇ, હુ તમારી બહેન છું ને તેજ સંબંધથી ભવિષ્યમાં મ્હારી સાથે વાત કરજો."

"સુશીલા ! મને માફ કરો, પણ આશાનો એકજ બોલ—ફકત એકજ બોલ—"

"નીતિને પંથે ચાલશો તો ધાર્યા કરતાં ઘણુ અધિક સુખ કોઇ પણ રસ્તે મેળવશો." સુશીલાએ સમજાવ્યું.

"શું મને મ્હારૂં સુખ મળશે ?"

"હા ભાઇ મળશે. કેમ નહિ મળે ? તે મળશેજ. પણુ જો નીતિને રસ્તે ચાલશો તો." સુશીલા નીતિ શબ્દ ઉપર વજન મૂકીને બોલી, "વારૂ ભાઇ ! હવે મને ઘરમાં કેટલુંક અગત્યનું કામ હોવાથી જાઉ છું, તમને કામ હોય તો બેસો, તમારા ભાઇ હમણા બહારથી આવશે."

એટલું બોલી સુંદરદાસના પ્રત્યુત્તરની રાહ જોયા વગર સમજુ સુશીલા એકદમ ત્યાંથી અંદર ચાલી ગઇ, તે સુદરદાસના બોલવાનો ભાવ તદન કળી ગઇ પણ તેના જેવા ઝેરી નાગને છંછેડવામા પોતાનો લાભ ન જોયો, ગોળે મરે તેને વિખે મારવાનું તેને યોગ્ય ન લાગ્યું. સુદરદાસ તો આશા—તરંગમાં ઉછળવા લાગ્યો અને પોતાનો પરિશ્રમ સફળ થતો જોઇ આનંદથી ઉભરાવા લાગ્યો. પણ,—

માળ મનસુબાના બાંધી, મગ્ન માનવ થાય છે,
આશા–નિરાશા ઉડી ખોમાં, અંધ ગોથાં ખાય છે;
મધુ–બુંદ માટે જીવ–ભમરો, અહી તહી અથડાય છે,
આશા–ધુમાડા કેરા પ્રેમે, કમળમાં સપડાય છે.

આજે રવિવાર હોવાથી બપોરના બે વાગ્યે સુંદરદાસ કૃષ્ણદાસને મળવા આવ્યો હતો, કૃષ્ણદાસ તથા ત્રિકમદાસ સાથે તેણે હવે સારો સબંધ કરી દીધો છે, સુશીલાની લાલચે સુંદરદાસ બીજે ત્રીજે દિવસે અહીં આવ્યા કરે છે, તેણે પોતાની મીઠી જીભથી આ બાપ દીકરાનો પ્રેમ જીતી લીધો છે, તેની પાછલી ચાલ માટે ત્રિકમદાસને સહેજ સંકોચ કોઈ કોઈ વખત આવતો પણ વળી “ ભેંશનાં શીંગડાં ભેંશને ભારે ” એમ સમજી મન વાળતો.

સુશીલા તથા સુંદર ઘરમાં ઘણી વખતે એકાંતમાં બેસી વાત કરતાં પણ સુશીલા કદી વાતમાં વિનય, વિવેક ને ધર્મથી અળગી થતી નહિ. પરપુરુષ સાથે મર્યાદામાં રહી સાધારણ વાતચિત કરતાં તે સંકોચ પામતી નહિ; તેનું હ્રદય તદન નિષ્કપટી છે. સુંદરદાસ સાથે તે તદન ભોળપણેજ વાતચીત કરતી, ને તેને ભાઈ જેવોજ ગણુતી હતી, જ્યારે સુદરદાસ, સુશીલા પોતાની

સાથે છુટથી વાતચિત કરે છે તેથી લોભી મન–કલ્પનાના વમળમાં અટવાયાં કરતો હતો.

સુશીલાના વિચારમાં ગોથાં ખાતો દિવાનખાનામાં બેઠેલો સુંદરદાસ કૃષ્ણુદાસના આવવાની રાહ જોયાં કરે છે, એટલામાં માણેકલાલ ત્યાં આવી ચઢયો. માણેકલાલ, કૃષ્ણુદાસની ભલામણુથી તેનીજ ઓફીસમાં માસિક રૂપિયા ત્રીસના પગારે કલાર્ક તરીકે નોકરી ઉપર ગોઠવાઈ ગયો હતો, ને હવે પાસેના માળામાં જુદી ઓરડી રાખીને રહેતો હતો.

માણેકલાલ તથા સુંદરદાસના ગુણુમાં કેટલીક બાબતમાં મળતાપણું હોવાથી બન્નેને સારી મિત્રતા બાઝી હતી; માણેકલાલ મુર્ખ, લોભી ને લુચ્ચો હતો, સાથે વિષયી પણુ હતો.

સુશીલાને જોઈ તેનુ મન ચળ્યું હતું પણુ તે તો તેનાં પગરખાં ઉચકવાને પણુ લાયક નહોતો.

કૃષ્ણુદાસના ઉપકારના બોજા તળે દબાયલો માણેકલાલ નિરૂપાયે નીચી ડોક રાખીને બેસી રહ્યો હતો; સુદરદાસને પોતાના મહાન્ કાર્યમાં માણેકલાલ જેવા સાગરીતની ખાસ જરૂર હતી ને માણેકલાલને ધનની જરૂર હતી એટલે બન્નેનો તાલ જલદી જામ્યો. માણેકલાલના લોભી ખવાસ તથા તેની સુશીલા પ્રત્યેની કુદ્રષ્ટિથી સુંદર તદન વાકેફ હતો. માણેકલાલને દિવાનખાનામાં આવતો જોઇને સુંદર બોલી ઉઠયોઃ—“ માણેકલાલ ! તું આવ્યો તે સારૂં થયું. ”

“ કેમ મ્હારૂં શું કામ પડયુ છે ? ”

“ ભાઈ ! તારૂં તો ઘણુંજ કામ છે,” સુંદરે ધીમે સાદે જણાવ્યું.

“ તો આ સેવક તૈયાર છે, ફકત હુકમની વાર છે. ”

“ પણુ તે તારાથી બનશે ? ”

" તમારૂં કામ શીર સાટે બજાવવા હું તૈયાર છું. "

" ખરેખર ? "

" હા, હા, હા. "

" આપ વચન. "

" હ્યો આ વચન છે, બોલો હવે. " માણેકલાલે વચન આપતાં કહ્યું

" પેલીને ફસાવવાનું, " સુંદરે કાનમાં કહ્યું.

" કોણ પેલી ? " માણેકલાલે ઉતાવળે પૂછ્યું.

અરે ધીમેથી બોલ યાર, નહિતો કાંજ્યું પીંજ્યું કપાસ થશે ને નાહક ખાસડા ખાવાં પડશે. "

" પણ કોણ પેલી ? " માણેકલાલે ધીરેથી પૂછ્યું.

" ત્હારી શેઠાણી, સુશીલા. "

" ભાઇ ! એ વિમાર માંડીજ વાળો; તેમાં કંઇ હ્હાણુ કાઢો તેમ નથી, બંદાએ પણ તમારા જેવો પ્રથમ પાસો નાંખ્યો હતો પણ ત્યાં નખ સરખો ખુપે તેમ ન લાગ્યું એટલે પછી વિચાર માડી વાળ્યો. "

" તમે વિચાર માંડી વાળ્યો તે તો ઠીક કર્યું. "

" કારણ ? "

" તમારૂં તે કામ માટે ગજુ નહિ. "

" એટલે ? "

" તમે પૈસે ખાલી. "

" ત્યારે હવે તમારી ઉમેદ રહી જતી હોય તો પૂરી કરો, તમે પણ દાવ માંડી જુવો. "

" દાવ તો માંડુ પણ તેમાં તારા જેવો બીરૂ જોઇએ તે ? "

" ઉંહું ! ઉહું ! મ્હારૂં તેમાં કામ નહિ નકામી મ્હારી નોકરી ખોઈ બેસું, " લાંબા જોડે ટુંકો જાય, મરે નહિ તો માંદો થાય, " તમે તમારૂં ફોડી લેજો, આપણે તો બંદા દુરથી ગમત જોઇશુ "

" એમ તે હવે ચાલે કે ? "

" નહિ ભાઇ, મને માફ કરો "

" પણ ત્હારી નોકરી નહિ જવા દઉં પછી કંઇ ? ત્હારી મહેનતનો હું નોકરીથી દસ ગણો બદલો આપીશ. "

" શું આપશો ? "

" રૂપિયા પાંચસો. "

" જમે કે ઉધાર ? "

" સુશીલા મળી કે જમે. "

" પછી ધોકો તો નહિ દયોને ? "

" તને ધોકો દઇને કયાં રહુ ? "

" પણ પ્રથમ થોડું ખટાવજો. "

" ઠીક છે, તને રાજી કરીશ. "

" બોલો ત્યારે શો હુકમ છે ? "

" હુકમ તો એ કે સુશીલા માટે કૃષ્ણદાસને વહેમ પડે તેવી રીતે ત્હારે આડોઅવળો આટો બાફવો. "

" ભાઇ, કામ તો ભારે છે હો ? "

" બસ આટલુંજ પાણી છે કે ? "

" પાણી તો ઘણુંએ છે. "

" પણ આટલેથી કંટાળ્યો તો આગળ કેમ ચાલશે ? "

" કંટાળેલો જરી નાસ્તો કરે એટલે આગળ ચાલે ખરો. "

" તેમ હોય તો જરી કરી લેજે."

" પણ તે માટે કંઇ મળે ત્યારે થાય ને ?"

" ઠીક છે. કાલે હું તને પાંચેક રૂપિયા આપીશ. પછી જેમ જેમ ત્હારૂ કામ તુ વધારશે તેમ તેમ તને આપતો રહીશ."

" તો તમારૂં કાર્ય ફતેહ થયેલુ સમજો."

" સાબાશ ! માણેકલાલ, તુ એક માણેક છે જે આજ સુધી ધૂળમાં દટાઇ રહ્યુ હતુ, હવે મ્હારા હાથમા આવ્યુ છે એટલે તેની કિમ્મત વધવાની "

" માણેકમા પાણી છે તો વધશે."

" પણ સાથે ઝવેરીના હાથમાં ચઢે તો ને ?"

" એ બધુ ભેગુંજ. ઠીક ત્યારે, કાલથી મારો તડાકો જોજો. પણ ચુપ, કોઇ આ તરફ આવે છે." બન્ને બોલતા બંધ થઇ ગયા ને તેટલામાં કૃષ્ણદાસ ત્યાં આવ્યો. કૃષ્ણદાસ તથા તેઓ આનંદથી પરચુરણ કામ કરવા લાગ્યા. કૃષ્ણદાસ તેમની સાથે પૂર્ણ છૂટથી વાતમાં ભાગ લેવા લાગ્યો તે બીચારાને તેમના નીચ પ્રપંચની શું ખબર ? વાતમા ને વાતમા પાંચ વાગ્યા, એટલામાં ત્રણેને વાસ્તે સુશીલા ચાહ લઇને આવી. પ્યાલા રકાબી ટેબલ ઉપર ગોઠવી પાન સોપારી તૈયાર કરી દીધાં. ખાલી થયેલા ચાહનાં વાસણ લઇને તે અંદર ચાલી ગઇ. ત્રણ જણ ચાહ પી પાન સો-પારી ખાઇને પગે ચાલતા ચોપાટી ઉપર ફરવા નીકળી પડયા. ત્યાંથી ફરીને સુંદર તથા માણેકલાલ પોતાને ઘેર ગયા ને કૃષ્ણ દાસ પોતાને ઘેર આવ્યો. રાતના શયન-ગૃહમાં સુંદરદાસ સંબંધ

વાત નીકળતાં સુશીલા બોલી—" પણ તે સુંદરદાસની રીતભાત મને હવે મુદ્દલ પસંદ નથી આવતી. "

" કેમ વારૂ ? " કૃષ્ણદાસે પૂછ્યું.

" તે હવે બોલવામાં બહુ બાયલાવેડા કરે છે ને હદ બહાર ચાલી જાય છે. "

" પણ તેણે તને કંઇ અપમાન લાગે તેવું કહ્યું હોય એમ હું નથી માનતો. "

" ના, તેવુ તો નહિ, પણ મને તેના સ્વભાવમાં ફેરફાર થયેલો જણાય છે. "

" શું ફેરફાર જણાય છે ? "

" તેની મને સમજ નથી પડતી પણ તેની ચિત્ત–વૃત્તિ હવે સ્વસ્થ નથી લાગતી તેથી તે આપણા ઘરમાં હવે થોડું આવે તો સારૂં. "

" મેં તો તેની સાથે આજે અર્ધો દિવસ વાતોમાં ગાળ્યો પણ મને તો તેવું કંઇ ન લાગ્યુ. "

" પણ મ્હારી સાથે તેના પ્રસંગમાં મને લાગ્યુ "

" જા, જા, તુ તો હવે બહુજ વહેમી બની ગઈ છે. સર્વનું ઓસડ છે પણ વહેમનું નથી; સુંદર તો આપણા ઘરના માણસ જેવો છે, તે જરા હસીને ત્હારી સાથે વાત કરતો હશે એટલે તને વહેમ પડી ગયો પણ તે હવે તદન સુધરી ગયો છે, ને ડાહ્યો થયો છે. "

" તેમ જો બન્યું હોય તો સારૂં, પણ મ્હારા વિચાર પ્રમાણે તે ઘરમાં થોડું આવે તો સારૂં. પ્રસંગે અનર્થ નીવડે. "

" પણ એવો વહેમ લાવવાનું સબળ કારણ ? "

" હું ઠીકજ કહું છું; પાણી પહેલાં પાળ બાંધવી સારી છે."

" પણ જ્યાં પાણી આવવાનો સંભવજ નથી ત્યાં પાળ બાંધવાની શી જરૂર છે ? જો તને વહેમ આવતો હોય તો તેની સાથે બહુ વાતચીત ન કરતી. "

" હું તો કંઇ કરૂં તેમ નથી પણ તેજ મ્હારી સાથે નકામાં ટાહેલાં કરવા મંડી જાય છે. તમારી સમ્મતી વિના તેને અપમાન લાગે તેવી તોછડી વર્તણુંક મ્હારાથી કેમ ચલાવાય ? "

" ના, ના, જોજે ભૂલેચૂકે તેમ કરતી. સુશીલ ! ત્હારા વિચારમાં હવે જરા વહેમની મેળવણી થઇ છે ખરી. "

" તમે જે માનો તે ખરૂં, પણ હુ તો તમને સાચુંજ કહુ છું."

" પણ હું તેમાનું કંઇ માનતો નથી. "

" પ્રસંગ આવે ત્યારે માનજો "

ભોળા કૃષ્ણદાસના મનમાં પત્નીની વાત ના ઉતરી સુંદરદાસની પોતાના ઉપર જુની મમતા હજી છે તે વાત સુશીલાએ સંકોચથી પતિને ન જણાવી. આખરે પોતાનું મન સ્થિર હશે તો કોઇનો પણ ભય રાખવાની જરૂર નથી, એમ સમજી મન વાળ્યું.

માણેકલાલ ને સુંદરદાસ એ બે ક્રૂર માછીઓએ પ્રપંચથી ગુંથેલી જાળ રંક માછલીને ફસાવવા ઉંડા ને છાછર પાણીમાં હવે પાથરવા માંડી, પણ તે માછલી ગરની લાલચે જાળમાં ફસાય તેમ નથી, તેમજ તે માછીઓ પ્રયત્ન કરવામાં પાછા હઠે તેમ પણ નથી; પરિણામ તેમાંથી શું આવે છે તે હવે જોવાનું છે.

પ્રકરણ ૨૦ મું.

સ્વાર્થનું સગપણ અને ચોપાટીની લ્હેર.

માત તાત સુત દારા ભગિની, ઋણ-પખીનો છે માળો,
લેણુ સાચુ દેણુ ખોટુ કરી પથે પળતાં ભાળો;
દુનિયાનો વ્યવહાર બજારૂ શાણા સમજી સભાળો,
સ્વાર્થતણુ સગપણ એક સાચુ આખો ખોલી નીહાળો.

ચૈત્રમાસ ઉતરવા આવ્યો છે મુબઈમા ગરમીની મોસમ હાલમાજ શરૂ થઇ છે, તોપણ પાછલી રાત્રે શિયાળાના જેવી સાધારણ ઠડી પડે છે ને રાત્રે પડતા ઝાકળથી તરૂવરો ન્હાઇ ધોઈ પવિત્ર ને સ્વચ્છ થાય છે વૃક્ષો નવ પલ્લવ વાગાથી શણગરાઇ લચી રહ્યાં છે ને પુષ્પ મડપો મીઠી પરિમળથી હવાને સુવાસિત અને સ્વચ્છ બનાવી રહ્યાં છે આકાશ નિર્મળ અને સ્વચ્છ રહે છે ને સાંજના કેટલીક વખત જરીના પટાવાળુ કેસરી કે ગુલાબી ચીર ઓઢીને મનહર દેખાવ ધારણ કરે છે.

સાંજના છનો અમલ થયો છે. ચાર પ્રહર સુધી લીધેલા અખંડ પરિશ્રમથી લાલચોળ બનેલા પ્રભાકર અસ્તાચળમાં નિવૃત્તિ શોધવાની તૈયારી કરતા જણાય છે. ચરનીરોડ ચોપાટી તરફ અત્યારે લોકનાં થોકે થોક વળ્યાં જાય છે. તેમાં વિશેષ ભાગ

યુવાનોનો છે. કેટલાંક યુવક યુવતીઓ ગાડીમાં અડોઅડ બેસી આખે રસ્તે આનંદથી પ્રેમ–ક્રીડા કરતાં ને કોઇની લેશ પણ પરવા રાખ્યા વિના મલકાતાં ચાલ્યાં જાય છે, તો કેટલાક જોડાં પગે ચાલવામાં આનંદ માની ગુપ્ત ગોષ્ટી કરતાં વહ્યાં જાય છે, જ્યારે આયાઓ પોતાનાં શેઠનાં છોકરાને હવા ખાવા હાથ ગાડીમાં લઇને જતી જણાય છે.

મનહર મુબઇને વધારે આકર્ષક ને સુંદર બનાવનાર ચોપાટીનો ભાગ મુખ્ય છે. મુબઇની તવગર, હોંસીલી, ને શોખીલી પ્રજાથી તે ભાગ સાંજના ગાજી રહે છે. ચોપાટીનો ભાગ કુદરતી રીતે રળિયામણો બનેલો છે. પશ્ચિમ તરફ અરબી સમુદ્ર ઘુઘવાટા કરી રહ્યો છે ને પોતાનાં ક્ષણભંગુર મોજાંથી મગ્ન થઈ ડોલે છે. એક બાજુ વાલકેશ્વરનો છેડો ને સામેની બાજુ કોલાબાનો છેડો ભૂશિરની માફક દરિયામા લાંબે સુધી વહ્યો ગયો છે તેથી વચલો દરિયાનો ભાગ નાના અખાત જેવો થઈ રહ્યો છે દરિયામા આવતા જતાં વહાણનુ દરિયામા રહેલા ખડકોથી રક્ષણ કરવાને બાંધેલો કોલાબાની દીવાદાંડીનો કીર્તિસ્થંભ ફરતી રોશનીથી ઝાંખો પ્રકાશિત થઈ રહ્યો છે. સામે સાગર તરફ નજર નાખતાં નભ ને સાગરના જોડાણની પાળથી આપણી દ્રષ્ટિનો અંત આવી જાય છે ને તે પાળ ઉપર સોનેરી રંગનો તેજસ્વી અર્ધ ગોળો જળમાં ડોકું બહાર રાખીને પોઢેલા તેજસ્વી બાળક જેવો સુદર લાગે છે. આ દ્રષ્ટિમર્યાદની પાળ ઉપરથી આપણને સ્વાભાવિક રીતે જ્ઞાન થાય છે કે આ સૃષ્ટિનો પણ અંત છે ને તે અંતને છેડે સર્વ તેજના તેજ અવિનાશિ અનંત બ્રહ્મ બાળકરૂપે અખંડ પ્રકાશે છે.

શેહેરમાંથી આવતાં ક્વિન્સરોડ પસાર કર્યો કે **બી. બી. સી. આઇ.** રેલવેનું **ક્રોસિંગ** પસાર કરવુ પડે છે. તે પસાર કર-

વાને પુલ બાંધ્યો છે ને વાહન માટે રેલવે લાઇનની બન્ને બાજુ દરવાજા પણ રાખ્યા છે. પાંચ દસ મીનીટને અંતરે લોકલ ટ્રેનો જતી આવતી જણાય છે. રેલવે ક્રોસિંગ પસાર કર્યું કે ચોપાટી આવે છે, ત્યાં થોડા થોડા અંતરે વિશ્રંતી લેવા માટે બાંકડાં નાંખેલાં છે. સાંજના ભરાતા મેળાના પ્રમાણમાં નાંખેલાં બાંકડાં ઘણાંજ થોડાં હોવાથી ઘણા લોકો દરિયાની પાળનો કે રેતીનો આશરો શોધે છે.

ચોપાટીથી વાલુકેશ્વરની બાજુએ જતાં બાજુમાં **વિલ્સન કોલેજ** આવે છે તે છોડીને થોડે આગળ વધ્યા કે શ્રી બાણુ-લનાથના દેહેરાનું શિખર દેખાય છે. દેહેરૂ ડુંગર ઉપર ઉચે આવેલુ છે. દેહેરા ઉપર જવાના રસ્તાની જોડેજ **હેન્ગીંગ ગાર્ડન** ઉપર ચઢવાનો રસ્તો જણાય છે કેટલાક લોક ચોપાટીથી ફરીને **હેન્ગીંગ ગાર્ડન** ઉપર જાય છે, કેટલાક શીવભક્ત બાણુલનાથના પગથીઆં ગણવા માડે છે, તો કેટલાક વાલુકેશ્વરના નાકાથી ચર્ની-રોડ સુધી બે ત્રણ આંટા મારીને શરીરને તંદુરસ્ત બનાવે છે. વળી કેટલાક હિંદુ ને જરથોસ્તી આસ્તિકો દરિયાના છેક કિનારા ઉપર સાગર દેવતાની એક ચિત્તે સ્તુતિ કરવામાં નિમગ્ન થયેલા જણાય છે.

ચોપાટીનો સાંજનો દેખાવ એક મેળા જેવો થઇ રહે છે. કેટલાક જુવાનીઆ હવા ખાવા, તો કેટલાક કુદરતી લીલાનું અવ-લોકન કરી મનને આનંદ આપવા, તો કેટલાક ફક્ત લ્હેર કરવા માટે ચોપાટી ઉપર આવે છે. ચોપાટી ઉપરની સુદર લીલાની લ્હેજત બીજી સર્વ કોમ કરતાં પારસી કોમ વધારે ભોગવતી જણાય છે. ઘણા પારસી જુવાનીઆ ઇસ્કી ફાંકડા બની માથે ટર્કી કે બેંગલોર કેપ કે ફેટો અડાવી દઇ હાથમાં રૂપેરી મુઠની ઝીણી

ફેન્સી સોટી પકડી પહેરેલાં પીળાં કે કાળાં વારનીશ બુટનો, ચમચમ ચાલી રોફ દેખાડતા, ચારે તરફ નજર નાંખતા, મોઢું મલકાવતા, ને મિત્રની સાથે હાથ મેળવી છાની રીતે હસીને ગુપ્ત ગોષ્ટી કરતા આમતેમ આંટાં ફેરા મારી વખત પૂરો કરે છે. તે જુવાનીઆ ચોપાટી ઉપર લટાર મારતી વખતે ખાનગી વાતચિત કરવામાં એટલા તો ગુલતાન બની જાય છે કે સામે આવતી અબળાઓને ચાલવાની જગ્યા આપવાની પણ દરકાર કરતા નથી. કેટલાક તો જાણી જોઇને સામે આવતી અબળા ઉપર અથડાવાનો પ્રયત્ન કરે છે ને તે બીચારીઓને ભર્યા માણસમાં ગભરાવી મૂકે છે. આંખે સોનેરી કેસનાં આઇગ્લાસ ચઢાવી, હૃદયનો ભાગ સ્પષ્ટ દેખાય તેવી રીતે સાડીનો છેડો દૂર રાખી, હાથમાં નાજુક છત્રી ધરી, પહેરેલાં ઇંગ્લીશ બુટની એડીથી ખડખડ અવાજ કરતી, યુવાનીના મદમા આમતેમ ડોલાં ખાતી, ને સરખી સાહેલી સાથે પરણ્યાં કુંવારાની વાતો કરતી, સોળે શણુગારમાં સજ થઇને ધણીને શોધવા નીકળેલી અવિવાહીત તારૂણિઓનાં નેત્ર–કટાક્ષ ગમે તેવા મોહજીત ને ઠરેલ મનવાળાના હૃદયને ભેદી નાખે છે. વિલ્સન કૅાલેજ તરફ ખૂણાના બાંક ઉપર બેઠેલી પ્રેમઘેલી યુવતીઓ પોતાના પ્રેમપાત્ર સાથે પ્રેમવિનોદ કરવા તલ્પી રહેલી જણાય છે. કોઇની દ્રષ્ટિએ પોતે પડે તે ભયથી ક્ષોભ પામી સર્વના વેરાવાની રાહ જોતી બેસી રહી આખર મનવાંછના પૂર્ણ કરી સાગર દેવની સમક્ષ પ્રેમ–કોલ દઇ ઘર તરફ જાય છે. ભમતી કુલટાઓ પ્રેમી જોડાંની મુલાકાત કરાવી આપી બે પૈસાની પ્રાપ્તિ થતાં મલકાતી છલકાવતી ઘર તરફ સીધાવે છે.

કેટલાક શેઠીયાના વઠેલા છોકરા જેઓ ભાડુતી સ્ત્રીની શોધમાં ત્યાં આવે છે તેઓને પણ ત્યાં થોડીક તેવી સ્ત્રીની ગાડીઓ જણાય છે.

આ વખતે એક ભાડુતી વિકટોરીયામાં બેસી બે યુવતીઓ તે તરફ આવતી જણાઈ. તેમની ઉમ્મર સરખીજ જણાય છે. એક યુવતી તદન પારસણ જેવી છે જ્યારે બીજી હિંદુ જેવી જણાય છે. બન્ને ગાડીમાથી ઉતરી ને તરતજ ખાલી પડેલા એક બાંક ઉપર ગોઠવાઈ ગઈ તેમને ધસડાઇને જતાં સ્ત્રી પુરુષો તેમને માટે તરેહવાર અટકળો કરવા લાગ્યા, તેટલામાં બે ચાર વંઠેલા પારસી જુવાનીઆ ત્યાથી વાતો કરતા પસાર થવા લાગ્યા. તેમાંનો એક કે જેનુ નામ અદી હતું તે બોલ્યો.– "અરે પેસુ ! પેલી સફેત સારીવાળી કોણ છેરે ? મે તો તેને કેદેબી જોઇચ નથી."

"યાર ! છે તો હુસ્નપરી, સું તેની બ્યુટી છે ? પન તે કોઈ ખાનદાન ઘેરની હોસે એમ હુ માનુચ" પેસુએ જણાવ્યુ.

"પન તેની સાથે બીજી છે તે તો કોઈ હિંદુ છે." ત્રીજો કે જેનું નામ બરજોર હતુ તેણે ઉમેર્યું.

"ત્યારે વરી એ સું ગોટાળો નીકલીગો ? પારસી લેડીને હિન્દુ લેડી સાથે ફ્રેન્ડસીપ ?" પેસુએ અજાયબીમાં પૂછ્યું

"હોય બી ખરી બાવા. પન તે હિન્દુ તે ગુલચહેરની ટયુટર હોસે." અદીએ ખુલાસો કર્યો

"સું પારસી ટયુટરનો ટોટો પરીયો તે હિન્દુ ટયુટર રાખે ? હમ્બગ ! ગમે તેમ હોય પન બન્ને છે તો સબ્જપરી." બરજોર મોં મલકાવીને બોલ્યો. "શું તેનું નુર ! શું તેની બદન ! અજબ !"

"હાં, ગજબ ! બરજોર ! હું સમજીયો, ત્હારૂં દિલ તે તરફ લાગીયુચ; પન જોઇ વિચારીને કામ કરજે નહિતો પસ્તાસે. આખના ચાળા કરતાં અદી બોલ્યો.

"એમાં શું જોવાનું બલીયું છે ? પન પહેલાં આપણે તપાસ તો કરીએ કે એ પરી છે કોન ?" બરજોર બોલ્યો.

"તેનો કરવીજ. તે પારસી લેડી કેઠે અદરાયા વિનની હોય ને તનેજ સીલેકટ કરી લે તો ' " અદીએ કહ્યુ.

"કેવું સારૂં !" બરજોર હર્ષથી બોલ્યો.

"પન તે ભુખરી બારસ હોસે તો ?" પેસુએ પૂછ્યુ

"તો તો આપુણને નહિ કામની રીત તો બા પહેલી, પન એક વખત જરી લવ તો થવાદે, પછી તેમ જણાસે તો શાદી કરવાના અખારા કરી જવસ સમજ્યોને ?" બરજોર બોલી ઉઠયો.

"તે પેલા નવરોજી શાપુરજી ચીનાઇની તો દુકતી નહિ હોય ?" પેસુએ પૂછ્યુ.

"હા, તેમ હોએ ખરૂ. તે તેના બાવાની સાથે ચીનથી હાલમાં અહીં આવી હોય તો આપણે સું જાનીએ ?" બરજોરે જવાબ વાળ્યો.

"અરે ! પણ તેની તો દુકતી પરનેલી છે, પેલા રૂસ્તમ પાલમકોટ સાથે." અદીએ ખુલાસો કર્યો. એટલામાં સામેથી આવતા બીજા બે ત્રણ તેમના ઓળખીતા પારસી તેમને મળ્યા એટલે તે વાત ત્યાથીજ અટકી પડી.

હવે આપણે બાક ઉપર બેઠેલી પેલી બે તારૂણિઓની વાતચિત જરી સાંભળીએ. જોકે તેઓ ઘણીજ ધીમેથી વાત કરે છે તોપણ તેમની વાત સાંભળવામા આપણા તીવ્ર કાંન પાછા નહિજ પડે.

પેલી પારસણ જેવી હતી તે બોલી, "પણ હવે તો તું કંઈ મા ઉપર લે તો વધારે સારૂં."

" હું લઇને શું કરૂં ? મને ત્હારા માટે ઘણુંજ લાગે છે પણ મ્હારો ઉપાય નથી."

" મ્હારા સઘળા સુખની આશા ફક્ત ત્હારા ઉપરજ રહેલી છે, ડીયર "

" હું પરતંત્ર છું. મ્હારા હાથમાં કંઇપણ ઉપાય હોત તો ત્હારા માટે કામે લગાડયા વિના રહેતજ નહિ."

" જ્યારે તુ હવે સુખી થઈ છે ત્યારે મને સુખી જોવા તને ઇચ્છા નથી થતી ?"

" ના કેમ થાય ? પણ સર્વ બાજી મ્હારા સસરાના હાથમાં છે. હવે તેમાં મ્હારૂં શુ ચાલે ?"

" મ્હારા તરફથી તું તેમને કહે તો બધુ ચાલે ત્હારા સસરાના મુખનું તુ પાન છે. તે ત્હારો બોલ ઉથામે તેમ હું નથી ધારતી."

" તે બધું ખરૂ, પણ આ બાબતમાં મ્હારૂં તે નહિ માને."

" ત્યારે શુ ત્હારા તરફથી મ્હારે સુખી થવાની આશા ઉપર સદાને માટે પાણી મૂકવુ, એમજ ?"

" તને શો જવાબ આપવો તે હું સમજી શકતી નથી."

" બસ થઈ રહ્યુ ! તું સ્વાર્થી છે. ત્હારી વાત ત્હારા સસરા માનશે કે નહિ તે શંકાથી મ્હારા સુખની સોકઠી તું આગળ ચલાવતી નથી. દુનિયા સ્વાર્થની સગી છે. કોણ કોનું સગું છે ?"

" તું મ્હારા ઉપર એટલી બધી શું કરવા ગુસ્સે થાય છે ? તને એમ લાગે છે તો મ્હારા સસરાને ત્હારા માટે કહીશ ને તે ખુબ આગ્રહપુર્વક; પછી તો તારૂં પ્રારબ્ધ !"

" વાહ ! મ્હારી બહેન ! ત્હારો શો પાડ માનું ? જરૂર

એટલું કાર્ય કરજે ને અમને સુખમા મૂકજે, ત્હારા બનેવી પ્રથમ-ના કરતાં હવે કેટલા બધા સુધરી ગયા છે ?"

"ઠીક છે, જરૂર હું ત્હારે માટે ભલામણ કરીશ"

"બહેન હજો તો ત્હારા જેવીજ હજો. છતે પૈસે અમે કેટલા વખતથી નિર્ધનતા ભોગવીએ છીએ ? અમે કેટલાં બધાં સંકટ વેઠીએ છીએ તેનો તું ત્હારા સસરાને સંપૂર્ણ ચિતાર આપજે. કદાપિ તહારૂં ન માને તો મ્હારા બનેવી મારફતે તેમને કહેવરાવજે."

"ત્હારે હવે મને વધારે કહેવાની જરૂર નથી, કોઇ પણ રીતે તમે સુખી થાઓ એટલુજ હું ઇચ્છુ છુ, પણ મ્હોટી બહેન તરીકેની મ્હારી ફરજ સમજી તને ચેતાવુ છુ કે દોલત હાથમાં આવે તો તેનો રૂડી રીતે વ્યય કરજે ! વધારે તને શુ કહુ ?"

"એ બાબતમાં હવે કશુ કહેવુ પડે તેમ નથી. ટપલા ખાઇને હવે અમારી બુદ્ધિ ઠેકાણે આવી ગઇ છે."

"ઠીક ત્યારે ! તમારે માટે હુ જરૂર બનતું કરીશ. હવે બહેન, ઘર તરફ આપણે ચાલીશું ? સંધ્યાકાળ પડવા આવી ને ત્હારા બનેવીને ઓફિસમાંથી આવવાનો સમય છે."

"હા ચાલો ઉઠીએ." એમ બોલી બન્ને ઉઠીને ગાડીમાં બેસી ચાલી ગયા.

પ્રિય વાંચક ! ઉપલી વાતચિત ઉપરથી તેં સારી રીતે જાણ્યું હશે કે પારસણના પોશાકમાં સજ થએલી આપણી લીલાવતી ને હિંદુ પોશાકવાળી આપણી સુશીલા—વાર્તાની નાયિકાઓ હતી.

લીલા ઉપરથી સુંદરદાસનું ચિત્ત ઉતરીને હાલમાં સુશીલા ઉપર ચોટી રહ્યું છે. મનુષ્ય પ્રકૃતિ સદા એકજ પ્રકારના ભોગ ઉપર અભિલાષા રાખતી નથી. લીલાવતી સાથેનો સુંદરનો કંઇ પણ સબંધ જોકે તૂટયો નથી, પણ કંઇક નવું ભોગવવા તેને ઇચ્છા પ્રદીપ્ત થઈ છે. તે ઇચ્છા એ કારણથી થઈ છે. પોતાને હલકો ગણી રણછોડદાસ સમક્ષ પોતાના દુર્ગુણ પ્રત્યક્ષ કરી પોતાની સાથે ન પરણતા સુશીલાએ બીજા સાથે પરણી પોતાની આશા ધૂળ-ધાણી કરી પોતાને વાંઢો રાખી રખડાવ્યો, તે વેરની આગ તેના શરીરમાં પ્રથમથીજ ગુપ્ત રીતે ધુંધવાઈ રહી હતી ને હાલ તે સળગવા માંડી હતી. કૃષ્ણદાસ પોતાની કાર્ય-સિદ્ધિમાં આડો આવ્યો તેના ઉપર પણ વેર લેવાનો વિચાર હતો, જેથી કોઇ પણ રીતે સુશીલાને ફસાવી તે દમ્પતીનો આકડો નીચો નમાવી પોતાનો બોલ ઉપર રાખવા તે ધારતો હતો બીજુ હાલ તેની નજરમાં લીલા કરતાં સુશીલાનું લાવણ્ય વધારે મોહક લાગતું હતું. લીલાવતી કરતાં સુશીલાને હરેક વાતે તે ચઢીઆતી ગણતો હતો. પોતાના પહેલા ગુપ્ત હેતુથી લીલાવતીને તેણે સીસામાં ઉતારી હતી. લીલા-વતી તથા સુશીલા વચ્ચેનો પ્રથમનો અણબનાવ દૂર થઈ ગાઢો સંબંધ થાય ને સુશીલા લીલાવતીને ત્યાં વારંવાર જતી આવતી થાય એમ તે કરવા માગતો હતો ને એ માટેની યોજના તેણે શોધી કાઢી હતી.

મોહનદાસની તમામ દોલત હાલમાં ત્રિકમદાસ એકલાના સ્વા-ધિનમાં હતી, કારણ બીજો ટ્રસ્ટી ગુમાનચંદ મોહનદાસના મરણ બાદ બીજેજ વર્ષે ગુજરી ગયો હતો. લીલાવતી તથા સુશીલા વચ્ચેનો પૂર્વનો ખટરાગ દૂર થઇ હાલમાં તેમની વચ્ચે ગાઢો સંબંધ હતો.

સુશીલાદ્વારા ત્રિકમદાસને સમજાવી દોલત કબજામાં મળશે એમ સુંદરદાસે લીલા તથા રંગીલદાસના મનમાં પાકું ઠસાવી દીધું હતુ. બીજું લીલાને એમ પણ તેણે સમજાવ્યુ હતુ કે તેને પોતાની સાથના સંબંધ માટે વગોવનર તેની બહેન સુશીલાજ મુખ્ય હતી. આથી પણ પ્રસંગ મળ્યે પોતાના ભેગી પોતાની મોટી બહેન સુશીલાને પોતાના સુંદરદાસની સાથે અનીતિના ખાડામાં રગદોળાયલી જોવાને લીલાવતી ઉત્સુક હતી.

સુંદરદાસ જોકે ત્રિકમદાસને ત્યાં વારંવાર જતો આવતો હતો પણ ત્યાં તેનું કંઈ પણ કારસ્તાન ફાવતું નહોતું. તેણે એક બે પ્રસંગે સુશીલાની પાસે હલકી વાત છેડવા માંડી હતી પણ સુશીલાનું વલણ જોઇ તેણે ઉંધી પાઘડી બાંધી હતી. તોપણ સુશીલાને તેની ચલ માટે તેજ વખતથી કંઈક વહેમ ભરાયો હતો જે વાત આપણે અગાઉ જાણી ચૂક્યા છીએ. આથી કરી સુશીલા સુંદરદાસ સાથેના એકાંતના છટકામાં કદી આવતીજ નહોતી.

મોટી સાળી પોતાને ત્યાં બીજે ત્રીજે આવેછે તેના કારણમાં રંગીલદાસ વારસા સિવાય કંઇ પણ જાણતો નહોતો. સુંદર ને લીલા તેને પોતાની ગુપ્ત વાત કહે તેવાં કાચાં પણ નહોતાં.

સુશીલા તે તદન સુશીલજ હતી. બન્ને બહેનો પરણ્યા પછી તરતજ સૌ સૌને સાસરે ગઇ હતી. પૈસાના મદમાં છકેલી લીલા, રંક પતિને પરણેલી પોતાની સાવકી બહેન સામે જોતાં અભડાઇ જતી હતી. માબાપની માનીતી લીલાવતી અવારનવાર પિયરમાં મહાલતી હતી પણ કમળા તથા રણછોડદાસ કોઈ પણ સુશીલાને માડ માંડ પિયરમાં આવવાને પણ કહાવતું નહિ. કમળાની સાથે મહા યુદ્ધ કરી રણછોડદાસે એક બે વખતે સુશીલાને

તેડવા માણુસ મોકલ્યું હતું પણ તે વખતે કેટલાક અણધાર્યા એવા સંયોગ આવી ચઢ્યા કે તેનાથી પિતાના આમંત્રણને માન આપી શકાયું નહિ એટલે પછો કમળા ચઢી વાગી ને રણછોડદાસને તે નિર્દોષ સુશીલાના અભિમાન માટે ઉંધું ચતુ સમજાવી ભંભેર્યો, આથી રણછોડદાસ નવિના મતમાં ભળી ગયો. ફરી કોઈ સુશીલાને પિયરમાં બોલાવે કે ચલાવે ! માતા વિનાનું પિયર સુનુંજ ! રસ્તે લીલાવતી સુશીલાને મળે તો આડું જોઇ ચાલી જાય પણ ખબર સરખીએ પૂછે નહિ. સુશીલા મહા સમજુ હોવાથી સર્વ સમજતી હતી. સાસરીના ઘરની હકની સૂળી સારી પણ પિયરની બાદશાહી ભૂડી એમ તે બરોબર જાણતી હતી.

" માન નહિ આદર નહિ, નહિ નેનોમેં નેહ,
ઇસ ઘર મત જાઇએ, મર કંચન વરસે મેહ. "

જ્યારે લીલાવતીને સુશીલાની ગરજ પડી ત્યારે લીલાવતીએ તેને મસ્કો લગાડવા માડ્યો. સુશીલા તદન ભોળીજ હતી એટલે પૂર્વની ગઇ ગુજરી બાજુ મૂકી બહેનને ત્યાં જવા આવવા લાગી ને તે પ્રપંચી માટે આંસુડાનાં બે ટીપા ભોળે ભાવે તેના ભેગી નીગાળવા લાગી.

ચોપાટી ઉપર સુશીલાએ લીલાવતીને જે વચન આપ્યું હતું તે તેણે પાળ્યુ. રાત્રે વાળુ કરી પરવાર્યા પછી સસરા પ્રત્યે બોલી.—' સસરાજી, હવે મ્હારી નાની બહેનને સુખી કરો તો કેવુ સારૂં ! "

" ત્હારી બહેન સુખીજ છે, તેને શું દુઃખ છે ? "

" પૈસાનું. "

" તે હું કયાંથી આપું ? તું પણ ઠીક પરમાર્થ કરવા નીકળી છે ? "

" હું તેના સસરાની મિલકત તેને સોંપવા કહું છું જે તમારા કબજામાં છે. "

" પણ હાલ તે મ્હારથી સોંપી શકાય તેમ નથી. "

" કારણ ? "

" ત્હારાં બહેન બનેવી હજી તે સભાળવાને લાયક થયાં નથી."

" પ્રથમનાથી તેઓ ઘણાંજ ડાહ્યાં થઇ ગયાં છે. "

" કદાચિત વારસો લેવા પુરતાં ડાહ્યાં થયાં હેય તો કોણ જાણે ! "

" વડિલ, હવે તેમને સુખી કરો તો સારૂં; તેમને કેટલી અડચણ પડે છે. "

" અડચણ પડે છે તો ગાડી ઘોડા, અત્તર ગુલાબ ને નાટક પીંઠાંવાળા ઓછું કમાશે "

" એવું ન બોલો, સસરાજી ! ગમે તેમ પણ તે મહારી નાની બહેન છે. "

" ને તેથીજ તું તેની ભલામણ કરવા આવી હઇશ ? "

" હું શું કરૂં ? મ્હારે તેમ કર્યા વિના છુટકોજ નથી. તમારા કાર્યમાં મ્હારે માથું ન મારવું જોઈએ પણ બહેનના સ્વાર્થ સુખ આગળ લાચાર છુ ! સગપણ તેમ કરવા મને લલચાવે છે. "

" ને ન્યાય મને તેમ ન કરવા સમજાવે છે. સુશીલા ! તું તેમની સોબતથી દૂરજ રહેજે; ત્હારી બહેનની ત્હારા પ્રત્યે સ્વાર્થ-નીજ સગાઈ છે. વખત આવ્યેથી હું સર્વ તેમને સોપી દઇશ પણ હાલ તો નહિ. હાલ સોપવાનો વિચાર હોત તો પ્રથમથીજ ના સોપત ? જા સુઈ જા. "

" ત્યારે— "

" એજ જવાબ. હું મહારી ફરજ સમજું છું. મ્હારા મરનાર શેઠના આશયને માન આપવું જોઇએ. ત્હારી બીજી કોઇ માગણી હોત તો હું જરૂર કબુલ રાખત પણ આ—નહિ બને. "

"ઠીક, જેમ આપની મરજી !" એટલું બોલી વીલે મોઢે સુશીલા ચાલી ગઈ. રાત્રે પતિને તે વાત જણાવી ને સસરાને કહેવા માટે ભલામણ કરી, બીજે દિવસે કૃષ્ણદાસે પિતાને બહુ બહુ સમજાવ્યો પણ ત્રિકમદાસે માન્યું નહિ.

બન્ને બહેનો પુનઃ મળતાં લીલાવતીએ નિરાશા ભર્યો જવાબ સાંભળ્યો, પણ સુશીલાને તેણે પ્રયત્ન ચાલુ રાખવાને કહ્યું. લીલાને ત્યાં સુશીલાની અવર જવર ચાલુજ રહી.

પ્રકરણ ૨૧ મું.

નીચનું નીચ કાવતરૂં.

दुर्जन प्रियवादी च नैतद्विश्वास कारणम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ॥
सर्पः क्रूरः खलः क्रूरः सर्पात्क्रूरतरः खलः ।
मंत्रौषधिवशः सर्पः खल केन निवार्यते ॥

મેઘરાજા પોતાનો પ્રભાવ આ સૃષ્ટિ-જનને પૂર્ણ દેખાડી પોતાના રાજનગરમાં શાંતિ માટે હમણાજ વિચરી ગયા છે. તેમના પ્રભાવથી જમીન હરિયાળી થઈ રહી છે. પુષ્પ-રોપા તથા તરુવરો નિર્મળ જળથી ન્હાઈ ધોઈ સ્વચ્છ દર્પણ સરખા દીપી રહ્યા છે ને કંઈક શેષ રહેલા જળને ધીરે ધીરે ટપકાવી

તેમની નીચે થઈ પસાર થતા જનોને મેઘરાજાની અતુલ્ય કૃપાનું ભાન કરાવે છે; ગુલાબ, ગુલ્લાલા, મુચ્કંદ, ને મોગરા મગમગાટ કરી રહ્યા છે; આકળા ચાતકો પણી પીધા પછી પણ પિયુ પિયુ બોલી વિરહિણીનાં મન વિહ્વળ કરી મૂકે છે, દાદૂરો સરવરમાં ને ગટરોમાં ડેહુ ડેહુ કરી રહ્યા છે, જ્યારે મરાળ સરવર તટે બૂમો પાડયા કરે છે. ગીરીશૃંગ ઉપર મયુરોએ કળા કરી થન થન નૃત્ય આરંભ્યુ છે, ને કાળી કોયલડીઓ આમ્ર વૃક્ષ ઉપર બેસી ગાનમાં મગ્ન બની રહી છે. સુખદ્ ઠંડો પવન મંદ મંદ વાય છે. મેઘરાજાનો પરાજય કરનાર સૂર્યરાજે પોતાનો અમલ શરૂ કરવા માડયો છે. સાંજના પાંચ વાગ્યા છે. બે કલાકના અંધકાર તોફાન પછી તપના સૂર્યનારાયણ ભગવાનના દર્શન થવાથી અકળાયલા ઉદ્યમી જનો પોતાના કાર્યધંધે દેડાદોડ કરી રહ્યા છે.

આ સમયે આપણી વાર્તાનો નાયક રંગીલદાસ પોતાના પૂર્વના જુદા ખાનગી ઘરમાં ઇઝીચેરપર પડયો પડયો "સરસ્વતીચંદ્ર" ના પહેલાં ભાગનાં પાના આમતેમ ઉથલાવ્યાં કરે છે. વાંચવામાં અત્યારે તેનુ લક્ષ મુદ્દલ લાગેલુ નથી કેટલીકવાર પુસ્તક પાસેના ટેબલપર નાંખી બે ત્રણ મિનીટ સુધી ઉંડા વિચારમાં ઊતરી જાય છે; વળી કંઇક મન સાથે બબડી પુન પુસ્તક હાથમાં ધરે છે પણ મન બીજી બાજુ પ્રવૃત્ત થયેલું હોવાથી વાચવામાં રસ લેતું નથી. તેની પત્ની લીલાવતી પોતાની સહીવર પદ્માને ત્યા બે વાગ્યાની ગઈ છે પણ વરસાદ પડવાથી હજી ત્યાંથી પાછી ફરી નથી, તેથી રંગીલદાસને વાતચિત કરવાનું હાલ ઘરમાં કોઇ પણ પાત્ર નથી. એટલામાં કમ્પાઉન્ડ પાસે સુસવાટાબંધ દોડતી આવતી ગાડી એકદમ

અટકી પડી. રંગીલદાસે સ્હેજ જીજ્ઞાસાથી બારી વાટે કમ્પાઉન્ડમાં નજર નાંખી તો સુદરદાસને તેમાથી ઉતરી પોતાના ઘરમા આવતો જોયો. સુંદરદાસને જોઇ તેને ફ પારી છૂટી, મ્હોડું બગડયું ને મનમાં કંઇક બબડતો ઇંઝીચેરપર વાંચવાનો ઢોગ કરી હાથમાં વાર્તાની ચોપડી લઇને પડયો. એટલામાં ત્યાં સુંદરદાસ આવ્યો ને પાસે પડેલી ખુરસી ઉપર બેસીને બોલ્યો—"કેમ રંગીલ ! શુ વાચે છે ?"

"કોણ સુદર ? અત્યારે કંઈ આ તરફ ભૂલો પડયો શુ ?"

"હા, પણ આ છેલ્લીજ વારનો ભૂલો પડયો છુ. ફરીથી નહિ પડવા માટે સભાળ રાખીશ."

"એમ કેમ બોલે છે ?"

"હુ જે માટે આવ્યો છુ તે મ્હારે તને ટુકમાંજ જણાવી દેવું જોઇએ."

"એવું તે શું છે ?"

"રંગીલ ! તારે ને મ્હારે અત્યારથી છેલ્લી સલામ છે. સ્હેજ પણ વિખવાદ વિના મિત્રના ઘણા વખત સુધી નભી છે, આપણે સાથે બેસી ઘણી લ્હેર કરી છે પણ જે મોઢે પાન ચાવ્યાં તેજ મોઢે કોલસા ચાવવા ન પડે તે સારૂં કહેવાય. લીલાવતીના સંબંધમા તને મ્હારા ઉપર શક પડે છે પણ તે શક કેવી રીતે દૂર કરવો તે હું મુતૃલ સમજી શકતો નથી. મ્હારે લીધે તમો દમ્પતી વચ્ચે કોઇ પ્રકારનો કલહ ન થાય તેમ હુ ઇચ્છું છુ તેથી મ્હારે માટે ઉત્તમ રસ્તો હવે એટલોજ રહ્યો છે કે આ ઘરની ફરી મુલાકાત ન લેવી, ને તેજ કહેવા માટે હું અત્યારે આવ્યો છું નાક ઉપર માખ બેસે તો નાક કાપી નાખું તેવો હું ટેકીલો છું. મ્હારી સાથના સંબંધનો

તેં ખોટો અર્થ કર્યો તો ભલે ! તેમ કરવા તું મુખત્યાર છે. મ્હારે તે વિષે હાલ કંઇ બોલવું તદન નિરર્થક છે, પણ વખત આવે તારી ભૂલ તને સમજાશે ને મ્હારા બોલ યાદ આવશે; ઠીક, સુખી રહે !" એટલું બોલી સુંદરદાસે ત્યાંથી ઉઠવા માંડયુ. રંગીલદાસ સુંદર-દાસનુ બોલવુ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો, તેણે હાથ વતી સુંદરને બેસવાની સાન કરી જે સુંદરે કબુલ રાખી. એક બે મિનીટ સુધી કોઇ બોલ્યુ નહિ આખર રંગીલદાસે શરૂ કર્યું—"સુંદર ! તારા માટે મને વહેમ પડવાની વાત તને કોણે જણાવી ?"

"જણાવે કોણ ?" મેં પરમદિવસે રાત્રે નવ વાગ્યે સ્વત. સાંભળી, તે વખતે જ્યારે હું અહીં આવ્યો ત્યારે તમો દમ્પતી વચ્ચે મ્હારા વિષે થતી તકરાર મેં સાંભળી ને તેથી વધારે સાંભ-ળવાની જીજ્ઞાસાથી બારણા પૂંઠે છુપાઇને મે મ્હારી ઇચ્છા લાચારી-થી તૃપ્ત કરી, જેથી મ્હારૂં મન ઘણુંજ ખીન્ન થયું. તમને મળ્યા વિના હું ગુપ ચૂપ તરતજ ઘેર ચાલી ગયો, ઘેર ગયા પછી મ્હારા મનની સ્થિતિ શું થઇ છે તે મ્હારૂ મનજ જાણે છે." સુંદર અટકી પડયો.

સુંદરદાસ સંબંધિ થયેલી તકરારની વાત કદાચિત લીલાવતી-એ સુંદરને જણાવી હોય એમ રંગીલદાસને શરૂઆતમાં શક ગયો હતો પણ સુંદર તરફનો ખુલાસો સાંભળતાં તે શક દૂર થયો. રંગીલની મુઝવણ વધી પડી સુંદરદાસને કોઇ પણ રીતે તે માઠુ લગાડવા ઇચ્છતો નહોતો, કારણ તે સારી રીતે જાણતો હતો કે પોતાના લાભની સર્વ બાજી તેનીજ મદદથી તે જીતી શકે તેમ હતું; પોતાની પત્નીના સંબંધમાં સુંદરદાસ ઉપર વગર વિચારે વહેમ આણ્યો તે માટે તેને હવે પસ્તાવો થવા લાગ્યો.

સુંદરદાસ બહાર ગમે તેવો હોય પણ પોતાના જેવા પ્રિય મિત્રના ઘરમાં અયોગ્ય વર્તન કદી નજ કરે એમ તેને હવે પ્રત્યક્ષ સમજાયું. તેના માટે પોતાની પત્નીના સંબંધમાં જે હલકું મત બેઠું હતું તે ખસી જઇ તેને માટે ઉંચુ મત બેઠું ને એકદમ સુંદરનો હાથ પકડી ગદ્‌ગદ્ કંઠે બોલ્યો — " ભાઇ, મને માફ કર મેં તમો બન્નેને મોટું અપમાન કર્યું છે જે માટે હું ઘણોજ દિલગીર છુ, તને સમજવામા મેં ઘણીજ મોટી ભૂલ કરી છે ને તે મટે હું તારી ખરા અંતકરણથી માફી માગું છુ "

" કંઇ નહિ, રંગીલ ! ત્હારી ભૂલ તું કબુલ કરે છે તો હું તને તે માટે માફ કરૂં છુ, પણ તને હુ પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છુ કે તારી સ્ત્રી શુદ્ધ આચરણવાળી છે; જુના વિચારના મૂર્ખ, દ્વેષી લોકો આપણ જેવા સુધરેલા માટે ગમે તેમ બોલે, પણ તે ઉપર લક્ષ ન આપતો, નહિતો તારો સંસાર ક્ષણમા તું વણસાડી મૂકશે ને અતે દુખી થશે."

" ખરેખર ! તેવા લોકોનુ મેં સાભળ્યુ તેથીજ આ પરિણામ આવ્યું છે. તેવા જુના વિચારવાળાને એકદમ **બોયકોટ** કરવા જોઇએ, જ્યા સુધી તેવા હશે ત્યા સુધી તે આપણને સુખે બેસવા નહિ દે."

" અરે ! તું તો હજી તદન ગાડોજ છે. હાથીની પુઠે ઘણાં કુતરાં ભસે છે, તેથી શું હાથી તેમના કરતાં હલકો ઠરે છે ? જો ભાઈ ! દુનિયા તો દોરંગી છે તેનું જો સાંભળીએ તો ઘર છોડી સાધુ થવાનો સમય આવે." એટલામાં લીલાવતી બહારથી ત્યાં આવી પહોંચી; બન્ને મિત્રોને બેઠેલા જોઈ સુંદરદાસ સાથે આંખ

મેળવી પાછી ફરવા લાગી પણ તેટલામાંજ રંગીલ બોલી ઉઠયો, " કેમ પાછાં ચાલ્યાં ? "

" પરાયા પુરુષ બેઠા હોય ત્યાં મ્હારાથી ન અવાય. " લીલાએ પ્રત્યુત્તર દઇ ચાલવા માંડયું.

" તમે જાઓ તો મ્હારા સમ છે. " રંગીલ મોટે સાદે બોલ્યો.

" લો આ આવી, બોલો શી આજ્ઞા છે ? "

" એજ કે અહી બેસો આ ખુરશી ઉપર. " પોતાની પાસે ખાલી પડેલી ખુરશી દેખાડતાં રંગીલ બોલ્યો.

" પરપુરુષ સમીપ ખુરસી ઉપર બેસવાનો મ્હારો ધર્મ નથી, મને જવા દો. "

" નહિ જવાય, મેં તમો બન્નેને ઘણુજ અપમાન કર્યું છે. પણ તે માટેની મ્હારી ભૂલ કબુલ કરૂં છું. તમારા જેવી એક પતિ પરાયણ સાધ્વી, ને સદા આનંદી સ્ત્રીની વર્તણુક ઉપર મ્હે જે નિર્લજ હુમલો કર્યો છે, તે માટે તમારા તરફથી શુ મને ક્ષમા નહિ મળશે ? સુંદરે તો માફી બક્ષી, હવે તમારી માફીની ઇચ્છા છે "

" મ્હારા મનમાં તમારા માટે હલકો વિચાર બેઠોજ નથી. તમારી ખરી કિંવા ખોટી આજ્ઞા માનવી તે મ્હારો ધર્મ છે. તમે મ્હારા શિરછત્ર છો. કોઈ પણ રીતે તમારા મનને સતોષ થાય તેમ વર્તવાને હુ સદા બંધાયલી છું. "

" ભાઇ સુંદર ! હવે તુ આંમને સમજાવ. "

" લીલાવતી ! બેસો, બેસો, એમ તે થાય કે ? કોઇના ભમાવ્યાથી જરી તેમનું મન ભમ્યું હશે પણ હવે તે ઠેકાણે આવ્યું છે. " સુંદર તથા લીલાવતીનો અરસ્પરસ દ્રષ્ટિ-રાગ થતાં બન્ને

મલકાવા લાગ્યાં સુદરદાસની યુકિતથી લીલાવતીની મુખ-મુદ્રા પ્રફુલ્લ થઇ ગઇ ત્રણે સાથે બેઠાં ને પૂર્વ પેઠે પૂર્ણ છૂટથી વાતચિત કરવા લાગ્યાં.

પિતાનો વારસો સ્વાધિનમાં મેળવવા માટે રંગીલદાસ તથા લીલાવતી તરફથી સુદરદાસ તથા સુશીલા મારફતે ત્રિકમદાસને બહુ બહુ વખત કહેવરાવવામા આવ્યુ પણ તે વૃદ્ધ વફાદાર મુનિમ એકનો બે ન થયો સુશીલાએ પોતાના પતિદ્વારા બહેન બનેવી માટે ભલામણ કરાવી પણ ત્રિકમદાસ પોતાના નિશ્ચયમા અડગ રહ્યા આખર રંગીલ ને લીલાવતીના ચારે હાથ હેઠા પડયા.

બાપોતી મિલકત રગીલદાસને સોપાવાના કામ માટે કૃષ્ણદાસને મળવા સુંદરદાસ તેની ઓફિસમા વારંવાર જતો હતો, તેથી કૃષ્ણદાસનો ઉપરી સાહેબ ગુડવિન સુદરદાસને કૃષ્ણદાસનો સ્નેહી ધારતો હતો.

ગુડવિન, ઓફિસમાં છૂટતાં ગાડીમા બેસી રોજ ગીરગામને રસ્તે થઈ ચોપાટીને વાલુકેશ્વર પોતાને બંગલે જતો હતો. સાહેબને હિંદુ સગીત ઉપર ઘણીજ પ્રીતિ હતી. ગીરગામ રોડ ઉપરથી સાહેબને પસાર થવાનો ને તે રસ્તા ઉપર રહેતી રમા તાજોરીનો ગાવાનો વખત લગભગ સાથેજ હતો. નાયકાના મધુર ગાયનથી સાહેબનું મન ભેદાતુ ને તે ગાણુ સાભળવા મન વારંવાર લલચાતુ હતુ, પણ પોતે મોટો અમલદાર હોવાથી દેશી નાયકાને ત્યાં જવામા હિણુપદ ધારતો હતો.

સરિયામ રસ્તા ઉપર નાયકાનું ગાયન સાંભળવા માટે પોતાની ગાડી થોભાવવી એ લોક લજ્જાથી તેને ઠીક લાગતુ નહોતું, તો-

પણ નાયકાનો માળો આવતા ગાડી ઘણીજ ધીરી ધીરી ચલાવરાવતો હતો.

મનુષ્યની લાંબા કાળની ઇચ્છા કોઇ પણ દિવસે પૂર્ણ થાય છે તે નિર્વિવાદ છે. નાયકાના ઘર આગળથી પસાર થતા સાહેબે ચાર પાંચ વખત નાયકાને ત્યા સુંદરદાસને જતો જોયો હતો ને તે દ્વારા પોતાનો હેતુ સિદ્ધ થવાનો ધારતો હતો, તેથી તે મળતા તેની સાથે તે સબંધી વાત કરવાનો ઠરાવ કર્યો.

એક વખત રમાના ઘર આગળથી પસાર થતી વખતે સુંદરદાસને રમાના ઘરમાથી બહાર નીકળતા ગુડવિને જોયો તેને જોતાજ સાહેબે ગાડી થોભાવી ને હાથની ઇશારતથી સુંદરને પાસે બોલાવ્યો. ગુડવિનને પરિચયથી ગૂજરાતી બોલનાં આવડતુ હતુ તેથી તેજ ભાષામાં બોલ્યો, "તમે મને પીછાનતા હો એમ હું માનું છુ."

"હાજી, આપ મ્હારા મિત્ર મી૦ કૃષ્ણદાસના ઉપરી છો."

"બરોબર છે. તમારે ને મી૦ કૃષ્ણદાસને સારી ફ્રેન્ડશિપ છે ખરી ?"

"હાજી હું કામ પ્રસંગે તેમને મળવા ઓફિસમાં આવુછું."

"તથીજ તમને મેં ઓળખ્યા. ઠીક, તમારી સાથે હુ કંઇક વાત કરવાનો વિચાર રાખુ છુ માટે હાલ જો તમે ફ્રી હો તો ગાડીમાં બેસી જાઓ રસ્તે આપણે વાતચિત કરીશુ ને પછી મ્હારી ગાડી તમને ઘેર પુગાડવા મોકલીશ."

"હુ હાલ તદન ફ્રીજ છું."

"ઠીક ત્યારે, આવી જાઓ મ્હારી સાથે." સુંદર તરતજ ગાડીમાં ચઢી બેઠા ને ગાડી દોડવા માંડી. આખે રસ્તે ગુડવિને ગાનારી નાયકાના સંબંધિ તમામ હકીકત સુંદરને પૂછી જેનો સુંદરે

યોગ્ય ખુલાસો કર્યો. તે નાયકાને પોતાને બંગલે એકાદ વખત ગાવા તેડી લાવવા **ગુડવિને** પોતાની ઇચ્છા સુંદરદાસને જણાવી જે પૂર્ણ કરવાનુ સુદરે માથે લીધું **ગુડવિનને** બગલે ચાહ પાણી થયા પછી અરસપરસ હથ મેળવી બન્ને નવા મિત્ર છૂટા પડયા, સુદરદાસ ગુડવિનની ગાડીમા બેસી પોતાને ઘેર ચાલી ગયો.

રમા નાયકાના બ્હાને સુંદરદાસ ગુડવિનનો પ્રિય ખાનગી મિત્ર થઇ પડયો. ને રમા ત્રીજે ચોથે દિવસે ગુડવિનને બગલે ગાવાને જવા આવવા લાગી રમા ને સુંદરદાસના વિકાળ પઝામાં ગોરો વાઘ શિયાળ સરખો નરમ બની ગયો

ગુડવિન રંડાયલો હતો તેની ઉમ્મર પીસ્તાળીશેક વર્ષની હતી. તેની મરનાર સ્ત્રી પોતાની પૂઠે યાદગીરીમા એક પુત્રી મૂકી ગઇ હતી, જેનુ નામ **જુલિયા** હતું, **જુલિયાનું** વય હાલમા સત્તર વર્ષનું હતુ હજી તે અવિવાહિત હતી. **જુલિયાએ** આટલી નાની ઉમ્મરમા ઘણુ જ્ઞાન સપાદન કર્યું હતુ. **જુલિયા** હસમુખી, આનદી, વિદ્વાન્, ને પ્રેમાળ હતી કૃષ્ણદાસ ગુડવિનને બગલે ઘણી વખતે જતો હતો તેમાંથી તેના અનુપમ ઇંગ્રેજી સાહિત્ય જ્ઞાનની છાપ **જુલિયા** ઉપર સજડ બેસી ગઈ. **જુલિયાને** ગૂજરાતી ભાષા શીખવાનો ઘણા વખતથી વિચાર હતો પણ તે અમલમાં મૂકી શકાયો નહોતો. **જુલિયાને** કૃષ્ણદાસ પસેથી ગૂજરાતી ભાષા શીખવાનો વિચાર થયો ને બીજે ત્રીજે રાતના કલાક બએ કલાક શીખવવા આવવા પિતા મારફતે કૃષ્ણદાસને કહેવરાવ્યુ. કૃષ્ણદાસે ઉપરીની માગણી ઘણીજ માન સાથે સ્વીકારી ને **જુલિયાને** શીખવવા આવવા લાગ્યો. **જુલિયા** ઘણીજ છૂટા વિચારની હતી, તે પ્રેમની પૂતળી હતી; કૃષ્ણદાસની વિદ્વતાથી તેના ઉપર

જુલિયાની મમતા સજ્જડ ચોટી ગઇ. ગુરૂ શિષ્ય પૂર્ણ છૂટથી થોડા વખતમાં એક બીજા સાથે વાદ વિવાદમા ઉતરી પડવા લાગ્યાં; બન્ને વચ્ચે ધાડી પ્રીતિ બાઝી ગઇ ત્રાહિત માણસ તેમના હસવા બોલવા ઉપરથી કદાચિત ખોટી કલ્પના કરી શકે પણ તેઓ બન્ને અદ્યાપિ નિર્વિકારી હતાં બન્ને વચ્ચે અદ્ભુત પ્રેમ જામ્યો હતો પણ તે પ્રેમમાં કામ-વિકારની છાટ નહોતી જુલિયાનું લલિત લાવણ્ય ઘણુંજ મોહક હતુ, તેના શિર ઉપરના ચળકતા રેશમ જેવા સુંવાળા સોનેરી વાળના જુલ્ફાથી તેની ખુબસુરતીમા કંઇ ઓરજ જમાવટ થઈ હતી, તેની અર્ધ વિકસેલી ગુલાબ કળી તરફ કદાચિત કૃષ્ણદાસ જેવા ભોગી ભ્રમરનું મન લોભાય તો તેમા કંઇ પણ નવાઇ નથી, કારણ ગુરૂ શિષ્યા બન્ને પ્રેમી છે.

ત્રિકમદાસ સીધી રીતે સમજે તેમ આખર સુંદરદાસને નહિ લાગવાથી બીજી યુક્તિદ્વારા તેની હઠ છોડાવવાનો સુંદરે વિચાર કર્યો. કૃષ્ણદાસ નોકરીથી દૂર થઇ ઘેર બેસે ને ત્રિકમદાસનો હાથ ભાડમાં આવી પડે તોજ રંગીલદાસનો હેતુ પાર પડે એમ તેને લાગ્યુ. સુંદરદાસનો વિચાર એક બહારે બે પક્ષી પાડવાનો હતો; એક સુશીલા ને બીજુ ત્રિકમદાસ પક્ષી.

નીચની યુક્તિ કદી પણ ઉચ્ચ હોતી નથી નીચ મનુષ્ય સદા નીચ યુક્તિથી પોતાનુ કાર્ય સફળ કરે છે, પણ ઉચ્ચ મનુષ્ય ગમે તેટલી મુસિબતો વેઠી આખર ઉચ્ચ યુક્તિથી પોતાના કાર્યમાં જય મેળવે છે. રંગીલદાસને ઘેર જઇ જ્યારે સુંદરે પોતાના મનમા ઘોળાતો વિચાર જણાવ્યો ત્યારે સુંદરદાસની અદ્ભુત યુક્તિ માટે તે દમ્પતીના હર્ષ વિષે શુ પૂછવુ ? દમ્પતીને ગળે સુંદરની વાત ઉતરી ગઇ ને પોતાના સ્વાર્થ માટે ન્હાની બહેન

લીલા, પોતાની મ્હોટી બહેન સુશીલાના ભાગ્યનુ પાનું ફેરવવા તૈયાર થઇ મનુષ્યનુ સુખ પરવારવા બેસે છે ત્યારે તેની વિરૂદ્ધ કોઇ પણ ઠેકાણેથી અણધાર્યો સયોગ આવી પડે છે ને ચઢતીનુ શિખર પડતીના ખાડામા પળમા તૂટી પડે છે. સુશીલાની કર્મ-રેખા હવે બદલાવાની થઇ હતી-તેના સુભાગ્યનુ સફેત પાનુ ફરીને દુર્ભાગ્યનુ કાળું પાનુ ઉઘડવાનુ હતુ ! ભાવિ પ્રબળ છે ! !

પ્રકરણ ૨૨ મું.

ગોળી બહાર.

રાજા કરતાં મંત્રિનુ કાર્ય ઘણુંજ જોખમભર્યું છે. રાજ્ય-વહિવટમા કોઇની નાની કે મોટી ચૂક માટે મંત્રિનેજ જોખમદાર ગણવામા આવે છે. જગતમા સર્વત્ર વિશ્વાસે વહાણુ ચાલે છે. નામદાર ઇંગ્રેજ શાહેનશાહ ઇંગ્લાડમા બેઠા બેઠા આપણા દેશ ઉપર હકુમત ચલાવે છે, તે પણ પોતાના મુખ્ય અમલદારોનેજ આધારે. તાબાના માણસો ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકયા વિના એકલે હાથે કંઈ પણ કાર્ય થઇ શકતુ નથી. કૃષ્ણદાસ ઈનકમટેક્ષ કલેકટરની ઓફિસમાં હેડકલાર્ક હતો. હેડકલાર્કને માથે દરેક ઓફિસમાં કામનો ઘણોજ બોજો હોય છે, આથી દરેક નાની મોટી બાબત ઉપર તેનાથી લક્ષ દેઈ શકાતું નથી ને પોતાના તાબાના માણસો ઉપર તેને વિશ્વાસ મૂકવાની જરૂર પડે છે. કૃષ્ણદાસ પોતે પ્રમાણિક

હતો તેથી લાચ રૂશવત આપી ખોટાનુ ખરૂ કરાવનારા લુચ્ચાઓનું તેની પાસે કંઇ પણ ચાલતુ નહોતુ. કૃષ્ણદાસના હાથ નીચેના લાચીઆ કલાર્કો પોતાની કમાણી ઓછી થવાથી કૃષ્ણદાસને હજારો શ્રાપો રોજ આપતા હતા, ને તેના પગલા ઓફિસમાંથી ટળેલા જોવાને ઘણાજ ઉત્સુક હતા. ઓફિસના સર્વ લાચીઆ કલાર્કનો સરદાર આપણો માણેકલાલ બન્યો હતો. માણેકલાલમાં વફાદારીનુ એક બુંદ પણ નહોતુ. તે પૈસાનો પૂજારી હતો, ને તેથી સુન્દરદાસ સાથે સામેલ થયો હતો. નોકરોના પ્રપંચથી થતી ગફલતથી કૃષ્ણદાસને હાથે લોકોને થયેલા ગેરઇન્સાફથી તેના ઉપર આફતનુ વાદળ ચઢી આવ્યુ.

કૃષ્ણદાસની ઓફિસના પોતાના જેવા કેટલા નીચ કલાર્કની સુંદરે મિત્રાઇ કરી દીધી હતી. માણેકલાલ ને બીજા બે કલાર્કે મળી કૃષ્ણદાસને ઓફિસમાંથી કઢાવવાનો નિશ્ચય કર્યો ને ભોળા કૃષ્ણદાસની ભૂલનો લાભ લઇ તેને ભૂલથાપ ખવરાવી દીધી. આ ભૂલોથી જે લોકોને અન્યાય મળ્યો હતો તેમણે શોર મચાવી મૂક્યો વર્ષે પાચ હજારની આવકવાળા ઉપર જ્યારે દસ હજારની આવકના હિસાબે ને દસવાળા ઉપર વિસ હજારના હીસાબે બીલ આવ્યા ત્યારે તેઓ ઘણા ગભરાઇ ગયા તેમણે તે માટે ઓફિસમાં જઇ ખટપટ કરી પણ કંઇ વળ્યુ નહિ ઓફિસના કલાર્કો કૃષ્ણદાસને નામે કર ભરનારા પાસેથી ખુલ્લી રીતે લાચ માગવા લાગ્યા જે તેમણે આપી નહિ. આખર તેમણે કલેકટરને અરજીઓ કરવાનો ઠરાવ કર્યો સુંદરે તેમને વાર ચઢાવી ને કૃષ્ણદાસની વિરૂદ્ધ કલેકટર ઉપર ચારે બાજુથી અરજીઓ કરાવી તેને લાંચીઆ તરીકે જાહેર કરાવરાવ્યો.

કૃષ્ણદાસના પ્રમાણિકપણા માટે **ગુડવિન**ને સંપૂર્ણ વિશ્વાસ હતો. પોતાના પ્રમાણિક, વિદ્વાન **હેડકલાર્ક**ની વિરૂદ્ધ આવેલી અરજીઓ જ્યારે તેણે જોઇ ત્યારે તેની અજાયબીનો પાર ન રહ્યો સાહેબે ફરીથી અરજદારોની બાબત સ્વત તપાસી જોઇ તો કૃષ્ણદાસની ભૂલો ખુલ્લી માલૂમ પડી. કૃષ્ણદાસે આમ ખોટું કેમ કર્યું હશે તેનો તેણે બહુ બહુ વિચાર કર્યો પણ કશો ભેદ ન જણાયો. **જુલિયાને** કૃષ્ણદાસની અયોગ્ય વર્તણુક સંબંધિ વાત કરી તેને દુખી કરવાનું ભલા પિતાએ યોગ્ય ન વિચાર્યું, કારણ તે જાણતો હતો કે તેના ઉપર **જુલિયાની** મમતા અથાગ હતી. કૃષ્ણદાસની ચાલ માટે **ગુડવિનના** મનમા હજારો તર્ક વિતર્ક થવા લાગ્યા. કૃષ્ણદાસને તે બાબતમાં પૂછતાં તેણે તે સંબધિ પોતાનું અજ્ઞાનપણું દર્શાવ્યુ. નોટીસો, બિલ ને ઠરાવ લખનાર **કલાર્કોને** પૂછતાં તેમણે કૃષ્ણદાસના હુકમ પ્રમાણે લખ્યાનું જણાવ્યુ. કૃષ્ણદાસે **કલાર્કો** ઉપર વિશ્વાસ રાખી સહી ખેંચી હતી ને **ગુડવિને** કૃષ્ણદાસની સહી જોતા આંખો મીચી પીછું ફેરવ્યું હતુ. **ગુડવિન** હવે ચોતરફથી મુઝવણમાં આવી પડયો. **કલાર્કોને** સારી રીતે સંતુષ્ટ કરનાર કર ભરનારાઓના કરમા લગભગ અર્ધો ઘટાડો કર્યાની વાત પણ નારાજ થયેલા અરજી કરનારાઓએ પોતાની અરજીઓમાં નામ નિશાન સાથે દર્શાવી હતી. ધીરે ધીરે આ બાબતનો જાતે તપાસ કરવાનો ગુડવિને ઠરાવ કર્યો, ને તરત મટે તે વાત કર ભરનારને ઇન્સાફ આપી પતાવી દીધી. સાહેબના મનમા કૃષ્ણદાસ માટે સજડ શકા ચોટી ગઇ, ને કોઇ રીતે કૃષ્ણદાસના વર્તનનુ બારીકીથી અવલોકન કરવા ઇચ્છા થઇ. આ કાર્યમાં સુંદરદાસ તરફથી મદદ મળવાની તેણે આશા રાખી, એટલામાં બીજું કૌતક જાગ્યું

રમા તથા **ગુડવિન** વચ્ચેની સગિત સંબધિ મિત્રતાએ હાલમા જુદુંજ રૂપ ધારણ કર્યું હતુ રમાનો મીઠો સરોદ, મગમગતા ખીલેલા ગુલાબ પુષ્પ સરખી તેની યુવાની, તેનુ અપ્રતિમ લાવણ્ય, તેની તીરછી નજર, તેના હાવભાવ ને નાજુક નખરાં વિગેરેથી પીસ્તાળીસ વર્ષના સાહેબના શરીરમાથી બુઝાયલો કામાગ્નિ ફરીથી સળગી ઉઠયો હતો. સુંદરદાસની શીખવણીથી દ્રવ્યની લાલચે રમાએ સાહેબને પતિત કરવાની જાળ બીછાવી ને સાહેબનો સાચો પ્રેમ ટુંક સમયમાં મેળવી લીધો. **જુલિયાને** આ નવી બાબતની કંઈ ખબર નહોતી; તે પ્રેમ-ઘેલી માછલી વિદ્યાપ્રેમ-નીરમાં કૃષ્ણદાસ સાથેજ ડૂબકાં ખાતી હતી.

સુદરદાસની શીખવણીથી રમાએ **ગુડવિન** પાસે સ્ત્રી-ચરિત્ર શરૂ કર્યું. રમા હાલમાં રોજ સાહેબને બગલે રાત્રે આવતી પણ છેલ્લા ત્રણ ચાર દિવસથી તેનું હસવુ બોલવુ ને ગાવુ સાહેબને નિરસ લાગતું હતુ. રમામા પ્રથમના જેવો પ્રેમ તેને ન લાગ્યો. આખર સાહેબને ધીરજ ન રહી. તેણે રમાને એક દિવસે પૂછ્યુ; "રમા, **ડીયર**! છેલ્લા ત્રણ ચાર દિવસથી તુ દિલગીર કેમ રહે છે?"

"કંઇજ નહિ. સ્હેજજ." નીચી નજરે જોઇ મૃદુ સ્વરે રમાએ પ્રત્યુત્તર વાળ્યો.

"પણ ત્હારા મનમાં કંઇક છે ખરૂં."

"તમે જેમ માનો તેમ."

"પણ તે મને નહિ કહેશે?"

"તમને કહેવાય તેમ નથી."

"એટલે?"

"બસ એમજ."

" કારણ ? "

" તમો ગોરા લોકનો શો વિશ્વાસ ? "

" તને મ્હારો વિશ્વાસ નથી ? "

" વિશ્વાસ છે પણ તમેજ તે ભગ કરશો. "

" ત્યારે તું મને બીજા જેવો સમજી મ્હારાથી જુદાઇ જાણે છે, કેમ ? "

" ફક્ત આજ બાબતમાં. "

" શુ તે ત્હારી ખાનગી વાત છે ? "

" ખાનગી નહિ, પણ તેવીજ. "

" એનો શુ અર્થ ? "

" તમે જે સમજો તે. "

" રમા ! માય લવ ! મને ન ઉડાવ. બોલ તને શું દુખ છે ? શુ કોઈ વસ્તુની જરૂર છે કે કોઇએ ત્હારૂ અપમાન કીધુ છે ? "

" અફસોસ ! "

" ત્હારા ચહેરા ઉપરથી ત્હારૂ કોઇએ અપમાન કર્યુ હોય તેમ મને લાગે છે. "

" હાય ! અપમાન ! ને તે પણ નિર્લજ ! પણ તે વાત કહેવામાં કંઇ સાર નથી. મહેરબાની કરી ફરી તે વિષે ન પૂછતા. "

" નહિ, મને કહે, મ્હારે તે જાણવી છે. ત્હારૂં ઉતરેલુ મોં જોઇ હું બહુ ગભરાઉં છુ. "

" ત્યારે ધારો કે તમારા કોઇ માણસે મ્હારૂં અપમાન કર્યુ છે. "

" હજી પણ ધારવાનુ રહ્યુ ? પણ તે કોણે કર્યુ ? "

" તે પૂછી તમે શું કરવા માગો છો ? "

" તેના ઉપર બનતી રીતે કીનો લેવા. "

" સાહેબ, મહેરબાન ! તે વાત બનવી અશક્ય છે. મનના વિચાર મનમા રહી જશે ને થુંકેલુ ગળવુ પડશે. "

" તેમ કદી નહિ બનશે " **ગુડવિને** પગ અફળતાં કહ્યું. બોલ તે કોણ છે ? "

" તમારૂ વહાલુ "

" મ્હારૂ વહાલુ ? કોણ **જુલિયા** ? "

" ધારો કે તેજ છે તો પછી ? "

ગુડવિન ક્ષણભર વિચારમા પડી ગયો. શું જવાબ રમાને દેવો તે ન સુઝ્યો. પોતે બોલથી બંધાઇ ગયો હતો તેની મખ–મુદ્રા ઉપરથી રમા તેની મુઝવણુ કળી ગઇ ને બોલી, " કેમ ? હવે ઠંડા કેમ બની ગયા ? હુ તમને શું કહેતી હતી ? પણ મુઝાતા નહિ. **જુલિયાએ** મને અપમાન કર્યું છે એમ મેં કયારે સ્પષ્ટ કહ્યું છે ? મેં તો તેનુ નામ તમને ધારવાને કહી તમારી કસોટી કરી જોઈ " હવે જરા **ગુડવિન**ના પગમાં જોર આવ્યુ, તેની ચિંતા દૂર થઇ ને તે બોલ્યો, " પણ ત્યારે બીજુ મ્હારૂ વહાલુ કોણ ? "

' હું તેજ કહું છુ. "

" કહે ત્યારે. "

" કૃષ્ણ—"

" હેં ! કૃષ્ણદાસ ! "

" હા, તેજ. "

" તું ભૂલતી તો નથી ? "

" હુ નથી ભૂલતી ને જીવતા સુધી નહિ ભૂલું. "

" પણ મને હવે જણાવ કે તેણે તને કેવી રીતનું અપમાન કર્યું છે. "

" હજી વધારે જાણવાની ઇચ્છા છે ? "

" હા, છે. ત્હારા બોલવાથી મ્હારી જીજ્ઞાસા વધારે ઉશ્કેરાય છે. "

" ત્યારે તમારા પ્રેમ–પાત્રનાં યશોગાન સાંભળી સંતોષ પામો. તેણે તેના શેઠની માશુક ઉપર કુદ્રષ્ટિ––"

" શુ ખરીવાત ? '

' હા, હા, હા "

" તેની કુદ્રષ્ટિ થયેલી તેં કેમ જાણી ? "

" શુ હું સ્ત્રી નથી ? કામ–શાસ્ત્ર નથી ભણી ? મે પ્રેમ–ગ્રંથ નથી જોયા ? "

" પણ તેં તેની દ્રષ્ટિનો ખોટો અર્થ કર્યો હશે તો ? "

" દ્રષ્ટિનો ખોટો અર્થ કરેલો તમે કદાચિત ધારો પણ તેના ગંદા મુખમાથી સરેલુ ને મ્હારે કાને પડેલુ નીચ વાકય તો ખોટુ નાજ હોય ને ? "

" ના, તેમ હોય તો હું લાચાર છું ! "

" વધારે ખાત્રી કરવી હોય તો સુંદરદાસને બહુજ સંભાળથી પૂછજો. તે તેનો મિત્ર છે માટે તરત તો ખરૂ નહિજ કહે, પણ યુક્તિથી કામ લેશો તો ખાત્રી કરશો, નહિતો ભરમે ભૂલાવો ખાશો. "

" ડારલીંગ ! હું ત્હારો વર્ડે વર્ડ માનું છું. મને તે છોકરા ઉપર હવે વધારે વહેમ પડતો જાય છે. ઓફિસમાં પણ તેની

વિરૂદ્ધ ઘણી તકરારો આવી હતી ને હજી આવ્યાંજ જાય છે, પણ પેલો સુંદરદાસ આવ્યો.' સાહેબે આગળીવતી સુંદરને દેખાડતાં કહ્યુ.

" ત્યારે હુ આ હોલમા છૂપાઇ જઉછુ, તમે તેને પૂછી જોજો હું હોઇશ તો તે નહિ માનશે." એટલુ બોલી તનમ ાાટ કરતી તીજોરી પાસેના ઓરડામા પેસી ગઇ. સુદરદાસ આવ્યો, તેને જોતજ ગુડવિન બોલ્યો–"ફિવેન કમ મી૦ સુદરદાસ !"

"થેંક્યુ, મી. ગુડવિન" એટલું બોલી સુદરે ગુડવિન સાથે હથ મેળવ્યો ને બન્નેએ ખુરસી ઉપર બેઠક લીધી.

"મી૦ સુદરદાસ ! મ્હારે તમને એક વાત પૂછવી છે."

"બેલાશક પૂછો"

' તમે તેનો ખરો જવાબ આપશો ?"

"હુ જેટલું જાણતો હોઈશ તે તદન ખરૂજ કહીશ. બોલો શું વાત છે ?"

"તમારા ફ્રેન્ડ માટે તમારો શુ મત છે ?"

"મ્હારા કયા ફ્રેન્ડ માટે તમે પૂછોછો ?"

"કૃષ્ણદાસ."

"તમ તેની કેરેક્ટરથી હજી અજ્ઞાન હો તેમ હું નથી ધારતો"

"પણ હુ તેની મોરલ કેરેક્ટર વિષે પૂછુંછુ."

"તે વિષે મને ન પૂછતા તમારી મેળેજ તમે તપાસી લેજો."

"એમ કેમ ?"

"હું હવે શુ કહુ ?"

"મી૦ સુંદરદાસ ! આ ઉપરથી તમારો મ્હારા ઉપર લવ હોય એમ મને નથી લાગતું."

"તે બાબતમા આપણા લગ્નનો કંઇ સવાલજ નથી."

"ત્યારે મને તે વિષે ખુલાસો નહિ કરવાનું કારણ ?"

"મિત્રની મિત્રે એબ ન ઉઘાડવી તે"

"શું તેની કેરેકટરમાં કઇ એબ છે ?"

"આજે મને આ બાબતમા આટલું તમારે કેમ પૂછવુ પડે છે ?"

"કઇક કારણ છે."

"ને તે ?"

"પછી કહીશ. પણ જો મને તમે સાચી રીતે ચાહતા હો તો મ્હારા સવાલનો બરોબર જવાબ આપો હુ પણ તમારો એક ફ્રેન્ડ છુ નો ફ્રેન્ડ પાસે કઈ પણ છૂપુ ન રખાય તે તમે જાણતાજ હશો."

"તમે મને ચારે બાજુથી બાધો લો છો"

"તેથીજ તમારે હવે કહેવુ પડશે."

"લાચાર ! ભાવે અભાવે કહેવું પડશે"

"બોલો ત્યારે"

"હું શુ કહુ ? માણસની બુદ્ધિ ચળીત છે જર, જોરૂ અને જમીનથી પ્રમાણિક માણસ પળમાં અપ્રમાણિક બને છે, કનક, કામિની દેખી મોટા મુનિવર ચળે છે તો ક્ષુલ્લક પ્રાણીનો શો હિસાબ ? કૃષ્ણરામ માટે તેમજ–ઓહ !"

"બસ ! હુ સર્વ સમજ્યો. રમા ઉપર તેની બદદાનત થઈ તે તમારા બોલવાથી પુરવાર થાય છે."

"હા ! હા ! હા !"

" નહિ, સાચું કહો "

" દિલગીર છુ. અફસોસ! તે તદ્દન ખરી વાત છે. હે પ્રભુ! હું તેનું ભવિષ્ય બૂગાડવા--"

" ઓ લુચ્ચા કૃષ્ણા! તેં મને ઘા કર્યો યાદ રાખજે કે હવે ત્હારી ખબર લઉં છુ હુ તને સાચો ધારતો હતો પણ તું લાચી-ઓ ને વ્યભિચારી નીકળ્યો. રમા! રમા! આવ, મ્હારી તમામ ખાત્રી થઇ ગઇ છે. " રમા ત્યા દોડતી આવી ને ગુડવિનને ગળે હાથ નાંખી તેના મો સામું હસતે મ્હેરે જોતી પાસેની ખુરસી ઉપર બેસી ગઇ

" અરે રમા! તમે અહી કયાથી ? " સુંદરે પૂછ્યુ.

" તે અહીજ હતી ને તમને આવતા જોઇ કૃષ્ણદાસ વિષે મ્હારી ખાત્રી કરાવી આપવા અદર છૂપાઇ રહી હતી " ગુડવિને ખુલાસો કર્યો. " પણ તે હવે મ્હારી ઓફિસ કે મ્હારા ઘરમા ન જોઇએ "

" ઓફિસનું તો જાણે સમજ્યા, પણ ઘરમાથી તેને પ્રથમ દૂર કરજો, નહિતો વળી કઇક નવો વરઘોડો કરશે, પણ મહેરબાની કરી ઓફિસમાથી તેને કાઢશો તે મ્હારો મિત્ર છે તેથી એટલું હુ તમારી પાસે માગી લઉં છુ "

" પણ 'નવો વરઘોડો' એ શુ ? " ગુડવિને પૂછ્યું

' હા, કઇક તેવુજ. "

" એટલે ? "

' હુ શુ કહુ ? વેરી સોરી! વેરી સોરી! "

" આ શો બધો ભેદ છે તે હુ મુદ્દલ સમજી શકતો નથી. મને હવે આ ભેદમાથી તમે બન્ને બહાર કાઢો ને બચાવો બોલ

રમા ડીયર ! 'નવો વરઘોડો' આ સુંદરદાસ કહે છે તે શું બન્યો છે વળી ?"

"પણ તમારે તે બાબતમાં એટલા ઉંડા ઉતરવાની કંઇજ જરૂર નથી. અમારા ઉપર વિશ્વાસ આવતો હોય તો અમારૂં માનીને તેને ઘરમાં આવતો અટકાવજો " રમા બોલી

'પણ નહિ, મને તે કારણ ખુલ્લું જણાવ. મ્હારે તે ખાસ જાણવાની જરૂર છે '

રમાએ આખર સાહેબને ધીમે સાદે સર્વ ભરમ ખુલ્લી રીતે જણાવી દીધો જે સાંભળતા સાહેબ વેત વેત ખુરસી ઉપરથી ઉછળવા લાગ્યો ને વેરના અગ્નિથી બળવા લાગ્યો તેની આંખો લાલ કેસર જેવી બની ગઇ ને તે એક વિકાળ ઝનુની સિંહ બની ગયો. ખુરસી ઉપરથી તે કુદકો મારતા પોકારી ઉઠયો, " માય ઇજ્જત દોલત ! ઓહ ! વેન્જન્સ ! કીનો ! બસ !!"

*　　　*　　　*　　　*

ઉપરનો બનાવ બન્યા પછી ત્રીજે દિવસે રાત્રે ઉપલા બંગલાના એક ખંડમાં કૃષ્ણદાસ જુલિયાને શીખવતો હતો શીખવતાં શીખવતા ગુરૂ અને શિષ્યા હાસ્ય વિનોદ, ટોળટપ્પા ઉપર ચઢી ગયા. તેમના દરેક બોલ પ્રેમથી પૂર્ણ હતા તેમના હાવભાવ ને ચેનચાળા પ્રીતિથી પ્રફુલ્લ થયેલા હતા. તેઓ જોકે બહુ ઉતાવળથી નહોતા બોલતાં તોપણ કેટલીક વખતે તેમના હસવાનો અવાજ પાસેના હોલમાં સહેલાઇથી જઇ શકતો હતો. બન્ને અત્યારે તદ્દન નિર્ભય હતા કારણ તેમને ભય રાખવાનું મુદ્દલ કારણ નહોતું. રોમિયો જુલિયટમાંથી જુલિયા તેમની વચ્ચેના પ્રેમનો ભાગ વાચતી હતી ને કૃષ્ણદાસ તેને તે ભાગ

સમજાવતો હતો. દુરથી જોનાર અત્યારે તેમને **રોમિયો જુલિયટ**-ના ભાગ ભજવતાં માની લે તેમાં કઇજ ખોટું નહોતું. કમળ-પત્ર સરખા નાજુક હસ્તે કૃષ્ણદાસની હડપચી પકડી હસ્તે વદને પ્રેમાળ **જુલિયા** મોટેથી બોલી, "પણ આ —

"My true love is grown to such excess,
I cannot sum up half my sum of wealth"

એટલામા બાજુમાથી રિવોલ્વર ફુટવાનો ઓચિતો અવાજ આવ્યો; **જુલિયા** લોહી લુવાણ થઇને જમીન ઉપર તરફડીયા મારતી પડી, કૃષ્ણદાસ ગભરાટથી પોકાની ઉઠયો, "ખુન! ખુન!" એક ક્ષણમા ત્રણ ચાર જણ ત્યાં દોડી આવ્યા!!

* * * *

પ્રકરણ ૨૩ મું.

રેલવે મુસાફરી.

ચાલુ જમાનાની નવાઈઓમા રેલવે ટ્રેન પણ એક અગત્યનો ભાગ ભજવે છે. તેની મદદથી સેંકડો માઇલ દૂર એક સ્થળેથી બીજા સ્થળે થોડા કલાકમા સુખથી જઈ શકાય છે પ્રથમ જયારે આ દેશમા રેલવેનુ સાધન નહોતું ત્યારે એક ગામથી બીજે ગામ જવાને ઘણીજ વિટમ્બણા પડતી હતી. તે વખતે બળદ ગાડા, ઉંટ, ઘોડા ઇત્યાદિ વાહનનો આધાર લેવો પડતો હતો, અથવા પગે મુસાફરી કરવી પડતી હતી. આ કારણથી મુસાફરી ઘણા દિવસ લબાતી હતી. રસ્તા પણ તે વખતે ઘણુજ કફોડા,

ઢાળ ટેકરાવાળા, ને હિંસક પ્રાણીથી વસવાટ થયેલા હોવાથી મુ-સાફરોને પોતાના જાન માલ માટે ઘણીજ ચિંતા રહેતી હતી ચોર, લુટારા ને ફાંસિયા વિગેરે જુલ્મી લોકનો અમલ ઠેકાણે ઠેકાણે પૂર્ણ જામેનો હતો દ્રવ્યના લોભે હજારો નિર્દોષ મુસાફરોના ગળા તે લોકો રહેંશી નાખતા હતા. મુસાફરોના રક્ષણ માટે દેશી રાજા તરફથી બદોબસ્ત રાખવામા શિથીલતા હતી, પણ હાલ નામદાર ઇગ્રેજ સરકારના અમલમા તે પોડા સર્વારો દૂર થઇ ગઇ છે, ને રહેજ-સાજ અપવાદ સિવાય લોકો હજારો રૂપિયાનુ જોખમ સાથે લઇને મુસાફરી કરે છે

બી. બી. એન્ડ સી. આઈ રેલવેનું મુખ્ય ને છેલ્લુ મથક કોલાબા (મુંબઇ) સ્ટેશન છે. ત્યાથી રાતના નવ વાગે ઉપડેલો મેલ બીજે દિવસ સવારે આઠ વાગે અમદાવાદ થઇ વિરમગામ જઇ અટકે છે

રાત્રિના પાણા નવનો અમલ થયો છે: કોલાબા સ્ટેશન ઉપરથી મેલ ટ્રેન ઉપડવાની તેયારી કરી રહી છે કોલાબાનું ભવ્ય સ્ટેશન **ઇલેક્ટ્રીકલાઇટથી** જળહળી રહ્યુ છે માથે પોટલાં ને પેટીઓ લઇને પોર્ટરો પોતાના ઉતરૂ શેઠો સાથે દોડાદોડ કરી રહ્યા છે. કેટલાક ઉતારૂ ટીકીટ કઢાવી ડબાનુ ખાલી ખાનુ શોધી નિરાતે બે-સવા વાસ્તે હાથમા ગાસડાં પોટલા લઇને આમ તેમ આંટા માર્યા કરે છે ચાર્ચીઆ સિપાઇઓ ને ટીકીટ-ઇન્સપેકટરના ત્રાસથી કં-ટાળેલા ઉતારૂ દરવાજા સુધી આવીને પાછા સર્વ સામાન લઇને તે જોખાવવા બબડતા પણ ગાડી ઉપડી જવાની બ્હીકથી દોડતા કાટા તરફ જાય છે ફળવાળા પાન્ડુરગો ને મેમણો હાથમાં ફળની છાબડી લઈ સતરાં, મોસંબી, સફરચંદ ને મસ્કતી દાડમની બુમો મારતા

ગાડીની પ્રદક્ષણા કરી રહ્યા છે. એટલામા બે હિંદુ ગૃહસ્થો ને એક હિંદુ સ્ત્રી, બે પોર્ટરો પાસે પોતાનો સામાન ઉપડાવી તથા થોડો પુટકળ સામાન પોતાના ભટ ચાકરના હાથમા આપી એક સેકન્ડ કલાસના ડબામા બેઠકાઇ ગયા; ભટ તથા ચાકર બાજુના ડબામા બેઠા. મજુરો પોતાની મજુરી ચૂકવી લઇ બીજા ગ્રાહકની શોધમા ઉભી પૂછડીએ ત્યાથી નાઠા. ત્રણે ઉતારૂ ગાડીમા ઠરી ઠામ થયા ને આણેલા બીછાના પાથરી દીધાં એ ઉતારૂમા એક વૃદ્ધ હતો, બીજો પાત્રિસેક વર્ષનો યુવાન હતો, ને હિંદુ સ્ત્રી પણ યુવાનના જેટલીજ ઉમ્મરની હતી તે સ્ત્રીનો પહેરવેષ હિંદુ સ્ત્રી કરતા પારસી સ્ત્રીને વધારે મળતો આવતો હતો. વૃદ્ધના મોઢા ઉપર અવસ્થાને લીધે થોડી ઘણી કરચલી પડેલી હતી માથાના તથા મુછોના વાળ તદન સફેત પુણી જેવા થઈ ગયા હતા. મુંબઇના અસલી શેઠીઆની માફક પારસી ફેશનના કાનછેરીઆ બહાર સ્પષ્ટ દેખાય તેવી સભાળથી માથા ઉપર કાળુ ઉભુ ખોખું તેણે પહેર્યુ હતુ ને શરીર ઉપર ચાઇના સીલ્કનો કળીઓવાળો ઢીલો ડગલો પહેરી દીધો હતો. યુવકના શરીરનો વર્ણ ફૂલ ગુલાબી હતો. મુખ-મુદ્રા ઘણીજ મોહક પણ ખુની હતી, ચાહેરો ભરાવદાર ને તેજસ્વી હતો. આખો મોટી, અણીઆળી પણ કાળી વિકાળ ને તીવ્ર હતી. શરીરનો બાંધો મજબૂત હતો. તેનું આખું શરીર યુવાનીના લોહીથી ભરેલુ હતું. કાળાં કોટ પાટલુન પહેરી માથા ઉપર કાળી ટોપી તેણે અડાવી દીધી હતી, પણ પહેરેલા નેકટાઇ કોલર ને ખોસેલા ફ્લાવર-બટનથી તે તદન ઇગ્રેજ ગૃહસ્થ જેવો લાગતો હતો. યુવાન અબળાના શરીરની કાતિ ઘણી તેજસ્વી ને ચિત્તાકર્ષક હતી. ધન યૌવનના મદથી શરીર સ્થુળ ધાટનુ હતુ, તેની મૃગલીના સરખી આંખો યુવા-વસ્થાની

ખુમારી ને જાદુથી ભરેલી જણાતી હતી. તેના કાનમાં સફેત પાણીદાર હિરાની એક એક ચુનીનાં કર્ણ-ફૂલ ચળકારા મારી રહ્યાં હતા. કોટમા પાંચ સેરની મુકતામાળા પહેરી હતી. નાકમા પહેરેલી સફેત હિરાની બારીક નથની પૂર્ણિમાની પહેલી રાત્રિના શશિ સમાન શોભતી હતી. હસ્ત-કમળ-દંડ ઉપર મોતી જડીત સુવર્ણની બંગડીઓ તેણે પહેરી દીધી હતી. રેશમી કાળી કોર દીધેલી સફેત ગાજની સાડી ને તેજ રંગની સફેત લાબી બોયની ચોળીથી તેની ખુબસુરતીમા વિશેષ વધારો થતો હતો. સ્ટેશન ઉપર તેને જોનાર પુરુષો તેનુ પુન દર્શન કરવાને તેના ડબા તરફ ધસડાઇને આવતા હતા ને તે કોણ હશે તે જાણવા માટે ઉંડા વિચારમાં ઉતરી જતા, અથવા તો પોતાના મિત્રો સાથે તે વિષે મસલત ચલાવતા હતા. તે ગૌરીએ સ્ટોકીંગ પહેરી તે ઉપર ઉંચી એડીનાં ઇગ્લીશ કાળા શુઝ પહેર્યા હતાં ને આખે ચસ્માં પણ ચઢાવ્યાં હતા.

ટ્રેન ઉપાડવાનો પહેલો ઘંટ વાગ્યો, એટલામાં બે હિંદુઓ એક પોર્ટરને માથે લોખંડની ટ્રંક ઉપડાવીને દોડતા તે તરફ આવવા લાગ્યા, ને આમ તેમ જરી જોઇને ઉપર જણાવેલા ત્રણ ઉતારૂવાળા ખાનામાંજ બેસી ગયા. તે નવા હિંદુના આવનાથી વૃદ્ધ તથા યુવતિના મન ઉપર સ્હેજ કચવાટ થયો પણ તે થોડીજ પળનો હતો; બીજો ઘંટ થયો ને ગાર્ડ તરફથી **સીગનલ** મળતાં મેલ ઉપડયો.

પ્રથમના ત્રણ ઉતારૂ એક બીજાના કાનમાં પેસી ગુમ પુસ કરવા લાગ્યાં પણ ચર્ચગેટ સ્ટેશન આવતાં શાંત પડયાં. ચર્ચગેટથી મેલ ઉપડીને ચર્નીરોડ થઇ ગ્રાંન્ટરોડ આવી પહોચ્યો ગ્રાંટરોડ ઉપર ગીરદીનુ શું પૂછવાનુ ! ત્યાંનો તે વખતનો દેખાવ એક નાના મેળા જેવો લાગતો હતો. " એ આવજો— સર્વને બોલાવજો.

તરત કાગળ લખજો, હોશિયાર રહેજો " વિગેરે, પોતાનાં સગાં કે સાથીથી છૂટા પડતી વખતે વળાવવા આવનારના અવાજોથી સ્ટેશન ગાજી રહ્યું હતું. આન્ટરોડ ગાડી પા કલાક થોભી પણ તેટલો વખત ઉતારૂની ધમાલ તો ચાલુજ હતી, આખર સર્વ શાંત પડ્યું ને ગાડી ત્યાંથી આગળ વધી. કેટલાક વખત પછી વૃદ્ધે પેલા નવા બે ઉતારૂને ઉદ્દેશીને પૂછ્યુ –" આપ જ્ઞાતે વણિક હશો ? "

" હાજી ! અમે શ્રાવક વાણીયા છીએ, " બેમાંથી વડાએ ખુલાસો કર્યો.

" કયા સુધી જવા વિચાર છે ? "

" અમારે વીશનગરે જવુ છે પણ વચમાં જરી કામ હોવાથી ભરૂચ ઉતરવા વિચાર છે. "

" શું વેપાર ધધો કરો છો ? " વૃદ્ધે પૂછ્યુ. સુંદરીનું આ સવાલ સાભળતા પાકી આવ્યું, તેણે વૃદ્ધ સામે ક્રોધથી આખ મારી પણ વૃદ્ધ કંઇ સમજ્યો નહિ.

" જી, સુતરનો ધધો કરીએ છીએ "

" તો તો સારૂ, પણ દુકાન ક્યાં આગળ રાખી છે ? "

" તેની તમારે એટલી બધી પરપૂછ શાને કરવી જોઇએ ? " સ્ત્રી વચમા બોલી ઉઠી

" તમે ધંધાની બાબતમાં શું સમજો ? "

" જી, અમારી તાબાકાટે શુતરની દુકાન છે. "

" ઓહો ! ત્યારે તો તમે મોટા વેપારી છો કેમ ? " યુવ આશ્ચર્યતાથી પૂછ્યું.

" ત્યારે તો આપણને ઠીક સોબત મળી ગઇ હો ભાઇ ! " વૃદ્ધે યુવાન પ્રતિ જણાવ્યું.

"અમારે પણ તમારા જેવા શેઠીયાનાં દર્શનથી મ્હોટો લાભ થશે."

"ભાઇ એ તો બધુ અરસપરસ છે, પણ આ બહેન આપના—"

"મીસીસ છે ?" વૃદ્ધે પૂરૂ કર્યું.

"હેં ! માશીશ ! પણ માશી કે માશીશ ?" નવો મ્હોટો ઉતારૂ બોલ્યો

"અરે માશી કે માશીશ નહિ પણ મીસીસ—બૈરી." સુંદરી ફફડી ઉઠી.

"હાં, હવે અમે સમજ્યા, ને ભાઇ ! તમે આ મુરબ્બિ શેઠ-ના કોણ થાઓ ?" નવા ઉતારૂમાથી નાનો બોલ્યો

"હુ તેમનો દૂરનો સગો થાઉ છુ." પ્રથમના તરૂણે ખુલાસો કર્યો

"તમારૂં સુતરનું બીઝનેસ હાલ કેમ ચાલે છે ?" વૃદ્ધે પૂછ્યું.

"શેઠ ! તે તો આપ જાણોજ છો ને ?, પણ હાલમા પેલી સ્વદેશી હીલચાલ જાગી છે એટલે જરા ગામઠી શુતરનો ભાવ પૂછા-વા માડયો છે."

"પણ એ તમારી ગાંડી હીલચાલ લાબો વખત ટકવાની નથી." સુદરી વચમા ઉમેરાઈ.

"એ તો થાય તે ખરૂં. ગમે તેમ પણ તેમાં અંતે તો દેશને લાભ થશેજ."

"અરે તેમા લાભ શાનો થવાનો છે ! નકામા પડેલા વ-કીલો ને મોટા મોટા બારિસ્ટરો છોને મોટી સભા ભરીને ભાષણ રાત ને દિવસ આપ્યાં કરે ને કપાળ કૂટ્યા કરે પણ વિલાયતી માલ વગર કોઇને ચાલનારજ નથી." વૃદ્ધ દમ કસીને બોલ્યો.

" મુરબ્બિ ! તેમાં અમને કંઇ ગમ ના પડે, અમે તો તમારા જેવા જે કહે તે સાંભળીએ "

" અરે શેઠ ! એવું નકામું કોઇનું સાંભળવામાં ટાઇમ ના ખોતા. ચૂપ ચૂપ વેપારજ કર્યા જજો. " તે સ્ત્રી બોલી.

" વાહ જી ! તમારી વાત સત્તર આનાની છે. " એટલામા પહેલી મરકીના વખતનું પ્રખ્યાત જુલમી પાલણપુરનું સ્ટેશન આવતા ગાડી અટકી ને ઉપલી વાર્તાનો છેડો આવી ગયો

આ વખતે ગ્રિષ્મ ઋતુ ચાલતી હોવાથી ગરમી વિશેષ પડતી હતી, તેમા અત્યારે પવન પણ મુદ્દલ નહોતો આપણા ત્રણે ઉતારૂએ અગાઉથી ચેતીને પોતાના પાસે એક ડઝન સોડા લેમનની બાટલી ને પાચ સાત રતલ આઇસ લઇ લીધુ હતું. તારણીના કહેવાથી આપણા યુવાને સર્વને સોડા આઇસ પાયા ને પોતે પણ પીધુ, ને તેટલામા ટ્રેન પાલણપુરથી આગળ વધી ને સર્વ જણ પોત પોતાના બીછાનામા આડા થયા

ટ્રેન જ્યારે આબુરોડ સ્ટેશને આવી ત્યારે વૃદ્ધ જાગી ઉઠયો પણ તેની આખ ઉંઘથી તદ્દન ઘેરાયલી હતી. મહા પ્રયાસે આંખો ચોળીને સચેત થયો ને ખાનામા નજર પડતા ફક્ત પોતાના બે સાથીને ઉંઘતા જોયા ને નવા આવેલા પેલા બે વેપારી ના જણાયા. તેણે તરતજ પોતાની ઉંઘતી સ્ત્રી તથા પેલા યુવકને ઢંઢોળી મહા પ્રયાસે ઉઠાડયા ને તેમને પેલા બે નવા માટે પૂછ્યુ પણ તેમણે તે વિષે પોતાનુ અજ્ઞાનપણું જાહેર કર્યું

" તેઓ તો વિસનગર જવાના હતા ને ? " વૃદ્ધે સવાલ કર્યો.

" પણ તેઓ ભરૂચ ઉતરવાનુ કહેતા હતા તે ભૂલી ગયા કે ? " સ્ત્રીએ પ્રત્યુત્તર વાળ્યો.

" હા, બરોબર છે ! પણ તેમણે ભરૂચ ઉતરતી વખતે આપણને સભ્યતાને ખાતર જરી જણાવ્યુ સરખુએ નહિ ! "

" આપણને ઉઠવા જેવા વગર જણાવ્યે ઉતરી પડયા હશે. " સુંદરીએ ખુલાસો કર્યો. " ભલા બિચારા ! "

" હું પણ તેમજ ધારૂ છુ " યુવક ઉમેર્યું

" બરોબર તેમજ થયેલું. " સંતોષ પામતા વૃદ્ધ બોલ્યો

આપણા ત્રણ ઉતારૂ બીજે દિવસે સાંજે ભાવનગર પહોચ્યાં. ભાવનગર ઈ સ ૧૭૪૨ મા સ્થપાયુ છે હાલ તે મુંબાઇનુ એક બચ્ચુ ગણાય છે ત્યા હજારો જાતના વેપાર રોજગાર ચાલે છે ભાવનગર એક ગોહેલ રજપુત રાજાની રાજધાની છે ને કાઠીઆડમા તે પહેલી પંક્તિનુ દરિયાઇ મથક છે રેલવે સાથે તેનુ જોડાણ થવાથી ત્યા વેપાર પૂર ઝપાટથી ને સારા પાયા ઉપર ચાલે છે મુંબાઇના કેટલાક મોટા શ્રીમંત વેપારીઓ મૂળ ત્યાનાજ વતની છે, ભાવનગરને આબાદ કરવા પૂઠે હાલના મહારાણાશ્રી ભાવસિંહજી બાહાદુર તન મન ને ધનનો ભોગ પૂર્ણ ઉદારતાથી આપે છે. તેઓ એક કાલેજ કેળવાયલા ને વિદ્યાવિલાસી નરેન્દ્ર છે. રાજ્યનાં સર્વ કાર્ય તેઓ જાતેજ તપાસે છે રૈયતનું કોઇ પણ રીતે ભલુ કરવામા તેઓ સદા ખંતથી મચ્યા રહે છે. દિવાની, ફોજદારી, વિગેરે ન્યાય મંદિરો, હાઇસ્કુલ, દવાખાના, ને રાજમહેલો વિગેરે ભવ્ય મકાનોથી શાહેરનો દેખાવ રમણીય લાગે છે. હવા ખાવા માટે પણ જાહેર બાગ બગીચાની ગોઠવણ સારી રાખી છે. ભાવનગરમાં જકાત નહિ હોવાથી તે વેપારમા થોડા વખતમા વધી ગયું છે. રાજ્યની વાર્ષિક ઉપજ આશરે ચાળીસ લાખ રૂપિયાની ગણાય છે. રાજ્યની મુખ્ય નિકાસ અનાજ, નીમક ને રૂ છે. ત્યાં તાંબા પીત્તળના વાસણ, ભરત ને કોતરકામ, ગાલીચા, કાપડ ને તેલ

કાઢવાનો ઉદ્યોગ પણુ ઘણો સારો ચાલે છે. શહેરની બાંધણી ઉત્તમ પ્રકારની છે ને રસ્તા વસ્તીના પ્રમાણુમાં સારી હાલતમા છે. દરિયા ઉપર ગોદી સારી છે. હાલ વિલાયતી માલને કારણે બેસાડે તેવો ઘણા પ્રકારો માલ ત્યા બને છે, પણુ આ સર્વ માહારાજા-શ્રીનેજ આભારી છે.

આપણા વૃદ્ધ ઉતારૂએ અગાઉથી પત્ર લખેલો હોવાથી ત્યાંના તેના માણસે આખું ઘર વળાવી ઝુડાવી સાફસુફ કરાવ્યુ હતુ. મુબાઇવાળા શેઠ શેઠાણીને મળવા સ્ટેશન ઉપર લગભગ સો માણસ આવ્યુ હતુ, જેમા રાજ્યના કેટલાક મોટા અધિકારી પણુ હતા. સ્ટેશન ઉપરથી સ્હરઘસ ઘેર પહોંચ્યું. મળવા આવનારનો દરેડો પડયો ને ખબર અંતર પુછવા માંડી એક બે કલાકમાં સર્વ શાંત થઈ ગયુ. સર્વ લોક વેરાઈ ગયુ ને હવે ફકત ઘરમાં બે ચાર નીકટના સગાજ બેઠેલાં હતા.

"ચાલો હવે ! જોખમ સંભાળી ત્રિજોરીમા મૂકી દઇએ," વૃદ્ધ કહ્યુ.

"તેની અત્યારથી તમને શું ઉતાવળ આવી છે ?" શેઠાણીએ છણકો કરતા જણાવ્યુ.

"પણુ મૂકી દઈએ એટલે નિરાંત."

"તેને કોણુ ખાઇ જવાનુ હતું ? ધણુએ મૂકાશે. આ સગાં બેઠાં છે તે તમારે માટે કેવો વિચાર બાધશે ?"

"તે તો આપણાં પાસેનાં સગાં છે એટલે તેમની કઇ હરકત નહિ. લો, ચાલો, મગાવો તમારી ને મ્હારી દ્રકો."

"તમારો નેચર એવોજ રહ્યો. રામા ! રામા ! રામા !" શેઠાણીએ રામા ધાટીને બુમ પાડવા માંડી.

"જી !" રામે આવીને જવાબ દીધો.

"તો દાન ટ્રંક અહીં આણરે" સુંદરીએ રામાને આજ્ઞા કરી. રામો બતાવેલી બે ટ્રંકો ખુણામાંથી ઉચકી લાવ્યો ને શેઠ શેઠાણી પાસે મૂકી અંદર ચાલ્યો ગયો. તેટલામાં આપણો પેલો યુવક પણ શેઠ સામે આવીને ગોઠવાયો.

શેઠ શેઠાણીએ પોતપોતાની ટ્રંકો ઉઘાડવા માંડી. શેઠાણીની ટ્રંકમાં રૂપિયા ચાળીસ હજારના દાગીના હતા ને શેઠની ટ્રંકમાં વીસ હજાર રોકડા (નોટ, ગીની ને રોકડા રૂપીઆ) હતા. બન્નેએ ટ્રંકો સાથે ઉઘાડી તેમાં મૂકેલા નાના કેશ-બોક્સ બહાર કાઢીને તે ઉઘાડ્યા. પોતાના બોક્સ ઉઘાડતાંની સાથેજ બન્ને ગભરાટમાં પોકારી ઉઠ્યા, "હેં ! આ શું !"

સુંદરી બોલી, "હાય લુંટાયા ! નખ્ખોદ !"

* * * *

પ્રિય વાચક ! વાર્તાનો પ્રથમ ભાગ તે પુર્ણ કર્યો, પણ તેટલાથી આપણો સંબંધ પૂર્ણ થયો ન સમજતો. હજી ત્હારે ઘણા અદ્ભુત ભેદોમાં મ્હારી સાથે ઉતરવાનું બાકી છે. ભેદ પ્રપંચની જાગતી દોરીઓ હમણાંજ સુરગ્યા ક્રૂર સાહસિકો ગુંથવા માંડે છે. તે જાળ કેવી અટપટી રીતે ગુંથાય છે, નિર્દોષ પંખીડાને ફસાવી આખર કેવી રીતે તેમને જોઈતી ઉકેલી જાય છે, રુધિરમાં રગદોળાયલી પ્રેમી જુલિયાની હકિકત, રંગીલી રમાનો દિલનો દોર દમામ, અને ડિગ્નારનો ગગબ' લાઇનો પ્રભાવ જાણવા માટે વાર્તાના બીજા ભાગ પ્રતિ દૃષ્ટિ દોડાવજે.

પ્રથમ ભાગ સમાપ્ત